સંતો ! સદા સ્વરૂપે રહેવું



શ્રી પ્રિયદર્શન

વિ. સં. ૨૦૫૪, પોષ મહિનામાં શ્રી કલિકુંડતીર્થ ધોળકામાં ગચ્છાધિપતિ સિદ્ધાન્તદિવાકર પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં** અપાયેલી

પૂજ્ય સાધુ-સાધ્વીજીના સંયમજીવનમાં ઉપયોગી પ્રેરણાદાયી ૨૦ વાચનાઓ

વાચના-દાતા

ન્યાયવિશારદ પરમ ગીતાર્થ સ્વ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય **આચાર્યશ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ**

: પ્રકાશક :

શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ

કંબોઈનગર પાસે, મહેસાણા-૩૮૪૦૦૧

ફોન : ૦૨૭૬૨ - ૫૦૬૪૮

પહેલી આવૃત્તિ

ઓગસ્ટ : ૧૯૯૯

શ્રાવણ સુદ : ૧૨, ૨૦૫૫

પ્રત : ૨૦૦૦

મૂલ્ય : ૩૦-૦૦ રૂપિયા

ટાઈપ સેટિંગ

દેવરાજ ગ્રાફિક્સ

અમદાવાદ - ૯

મુદ્રક

ચંદ્રિકા પ્રિન્ટરી

અમદાવાદ - ૧

સંતો ! સદા સ્વરૂપે રહેવું !

૨૦ વાચનાઓનો
સંગ્રહ

આ પુસ્તક ખાસ પૂજ્ય સાધુ-મુનિરાજો તથા પૂજ્ય સાધ્વીજી માટે જ તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તક તેમના માટે જ છે. તેઓ વારંવાર આ વાચનાઓનું અવગાહન કરતાં રહેશે તો તેમને અપૂર્વ શાન્તિ-સમતા ને પ્રસન્નતાનો અનુભવ થશે.

: વાચનાદાતા :

પૂજ્ય આચાર્યશ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી

: અવતરણકાર :

મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી

જેમના આત્મહિત માટે આ
વાચનાઓ આપવામાં આવી છે
તે સર્વે પૂજ્ય મુનિરાજોને
તથા સાધ્વીજી મહારાજોને

સમર્પણ

પ્રવેશક

કુમારી સુનંદાની દીક્ષાના પ્રસંગે કલિકુંડ-તીર્થમાં જવાનું થયું હતું ત્યારે મારી કલ્પના ન હતી કે મારે ત્યાં સો-સવાસો પૂજ્ય સાધુ-સાધ્વીજીને રોજ વાચનાઓ આપવી પડશે ! મારું સ્વાસ્થ્ય પ્રતિકૂળ હતું અને સાધુ-સાધ્વીજીને ઉપદેશ આપવાની મારી યોગ્યતા અંગે હું સાશંક હતો ! પરંતુ અમારા ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજીએ જતાંની સાથે જ આજ્ઞા કરી દીધી કે 'તમારે રોજ સાધુ-સાધ્વીજીને જીવનોપયોગી વાતોની વાચનાઓ આપવાની છે !'

અને વાચનાઓ-૨૦ અપાઈ ગઈ ! મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી એ વાચનાઓ લખતા રહ્યા ! એટલે સંગ્રહ થઈ ગયો ! પછીથી એમણે એ સંગ્રહ મને આપ્યો... 'આ વાચનાઓ છપાય, પુસ્તક તૈયાર થાય તો ઘણાંબધાં સાધુ-સાધ્વીજીને ઉપયોગી બને-' આવું સૂચન અનેક પ્રબુદ્ધ સાધુપુરુષોનું આવવા માંડ્યું હતું...

તે છતાંય એક વર્ષ મોડું થયું ! વચ્ચે 'સંવાદ' લખાઈ ગયું અને પ્રાયઃ 'મયણા' પણ લખાઈ ગયું !

વાચનાઓમાં સુધારા કર્યા છે અને વધારા પણ કર્યા છે ! કંઈક કાઢી નાખ્યું છે, કંઈક નવું ઉમેરી પણ દીધું છે ! મારા પરમ મિત્ર સમા વિદ્વાન આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ બધી વાચનાઓ વાંચી ગયા છે ને એમણે પ્રસ્તાવના પણ લખી આપી છે... એટલે બધાને ઉપયોગી તો થશે જ !

અનેક રોગોએ આ શરીરને ઘેરી લીધું છે ! છતાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતની નિરંતર વરસતી કૃપાના બળે, મારા સહવર્તી મુનિવરો પદ્મરત્ન અને ભદ્રબાહુની સ્નેહ-મમતાભરી અવિરત સેવાની હૂંફમાં, સુશ્રાવક અશોકભાઈ કાપડિયા ને દેવીબેનની નિરંતર લાગણીસભર વૈયાવચ્ચ અને પ્રેરણાથી,

અને મહેશભાઈ-વીણાબેન, નયનભાઈ-શિલ્પી તથા અમરીશભાઈ-રીટા... વગેરેની સ્નેહસભર ભક્તિના બળે... આ બધું લખાઈ ગયું છે !

ડૉ. કિરીટભાઈ શાહ તથા ડૉ. લલિતભાઈ ચોક્સીની કાળજીભરી નિઃસ્વાર્થ સેવા ક્યારેય ભુલાશે નહીં.

હું જાણું છું... ઘણી ઊણપો રહી ગઈ છે... ઘણી ત્રુટીઓ રહી ગઈ છે... પરંતુ સાધુ-સંતો તો દયાળુ હોય છે. તેઓ મને ક્ષમા આપશે. જરૂર મારી ભૂલોને માફ કરશે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો પ્રત્યે પ્રેમથી અને પ્રમોદભાવથી બોલેલું હતું... તે જ ભાવથી લખેલું છે... આમાંનો એકાદ શબ્દ પણ કોઈના આત્માની ઉન્નતિમાં નિમિત્ત બનશે... તો હું મારી જાતને ધન્ય સમજીશ.

જય વીતરાગ !

૬૫-૬૬ બી, શ્યામલ-૩/એ
અમદાવાદ : ૧૫
૮-૮-૯૯

ભદ્રગુપ્તસૂરિ

જીવનને અજવાળતી વાચના

વર્તમાનકાલનાં સાધુ-સાધ્વીજી મહારાજ સમક્ષ તેઓના પ્રશ્નોને ધ્યાનમાં રાખી હિતશિક્ષા સ્વરૂપ શ્રી કલિકુંડ તીર્થમાં વાચના આપવામાં આવી હતી, એ વાચનાઓનો આ સંગ્રહ છે.

તે-તે દેશકાળના અલગ અલગ પ્રશ્નો હોય છે અને તે રહેવાના ! અને તેનો ઉપાય કે ઉકેલ પણ શોધવાનો હોય છે. તે ઉપાયનું દિગ્દર્શન અહીં મિત્રભાવે કરાવવામાં આવ્યું છે.

કથનશૈલીના ત્રણ પ્રકાર હોય છે : પ્રભુસંમિત વચન, મિત્રસંમિત વચન અને કાન્તાસંમિત વચન. ગુજરાતી કવિતાનો ઉપયોગ કરીને કહેવું હોય તો કવિ નર્મદની પંક્તિ છે કે **"યા હોમ કરીને પડો ફત્તે છે આગે."** આ પ્રભુસંમિત વચન છે.

"હિત કહ્યું શુણે નહીં તે બધિર સરખો જાણવો." આ પંક્તિ મિત્રસંમિત વચનની છે. તો

"રે પંખીડાં સુખથી ચણજો ગીત વા કાંઈ ગાજો,
શાને આવાં મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો ?
પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું
ના ના કો'દિ તમ શરીરને કાંઈ હાનિ કરું છું."

આ કવિ કલાપીની પંક્તિ કાંતાસંમિત વચનથી ભરેલી છે. પ્રભુમાં આજ્ઞા છે, મિત્રમાં સલાહ છે, કાંતામાં કોમળ ભલામણ છે.

અહીં જે કાંઈ કહેવાયું છે તે બધું મિત્રની ભૂમિકાથી કહેવાયું છે. પોતાને કહેવાનું બધું કહીને છેલ્લે 'વિચારજો' એમ કહે છે. કશું લાદતા નથી માટે જ કદાચ તે વધુ અસરકારક આપણને લાગે છે - સ્પર્શે છે. અહીં કેટકેટલા વિષયોને આવરી લીધા છે ! સ્વ અને પર બન્ને માટે

મુનિએ/સાધ્વીજીએ કેવી રીતે, ક્યારે વર્તવું તે અહીં વિશદતાથી સમજાવ્યું છે. જ્ઞાનોપાસના માટે અહીં વધુ ભાર છે.

અંગત અનુભવોની પૃષ્ઠભૂમિ ઉપર થયેલા વક્તવ્યમાં એક નિજી પ્રાણનો ધબકાર સાંભળવા મળે છે. તેઓશ્રીને સ્પર્શી ગયેલા, ગમી ગયેલા 'પ્રશમરતિ', 'જ્ઞાનસાર' અને 'શાંતસુધારસ' જેવા ગ્રન્થોની પ્રસાદી આપણને અનાયાસે મળી છે, તેટલું જ વાગોળીએ તો પણ આપણી મૂડી બની જાય.

'પ્રશમરતિ' તેમને બોધના ખજાના જેવો લાગે છે. વારંવાર તેની કારિકાઓ ભાવરૂપે આમાં જોવા મળે છે. જીવન જીવવાનો ઉત્સાહ જ્યારે લથડવા માંડે ત્યારે તેને ઘટતો અટકાવવાના સચોટ ઉપાયો તેઓએ ચીંધ્યા છે. આ બધા ઉપાયો અનુભવના દ્રાવણમાં રસાઈને આવ્યા છે. એક કિંમતી સલાહ ગાંઠે બાંધવા જેવી છે : સોળમી વાચનામાં છેલ્લે તેઓશ્રી **એક અગત્યની વાત** એમ કહીને જે શિખામણ આપે છે કે "જ્યારે જ્યારે મન ખોટા વિકલ્પો કરવા માંડે, ખોટા વિચારનો વંટોળ ઊઠે ત્યારે એક એવા જ્ઞાની પુરુષનું માર્ગદર્શન લેવું ! એમની આગળ આપણું મન ખુલ્લું કરી નાખવું. ત્યાંથી આપણને સાચું માર્ગદર્શન મળે, પ્રેરણા મળે, પ્રોત્સાહન મળે., સંયમજીવન જીવવાનું નવું બળ મળે આવું એક સ્થાન તો રાખવું જ જોઈએ."

આ બહુ જ લાભ કરે તેવી શિખામણ છે. મેઘકુમાર મુનિ આ કારણે જ ઊગરી ગયા.

મુમુક્ષુ સુનંદાબહેન અને પછી સાધ્વીજી શ્રી સંયમપૂર્ણાશ્રીજીને કેન્દ્રમાં રાખીને અપાયેલી હિતશિક્ષા પણ સર્વને ઉપયોગી અને ઉપકારક છે. 'પ્રશમરતિ' ગ્રન્થના વિવિધ ભાવો તેઓશ્રીએ આત્મસાત્ કર્યા છે. આવા ચારપાંચ ગ્રન્થોના શબ્દ-ઉપવનમાં તેઓનું મન સતત રમમાણ રહેતું હોય તેમ લાગે છે. અનુપ્રેક્ષા અને ચિંતન ગ્રન્થકારના આશયને સમજવામાં જરૂરી છે. અહીં પાને પાને તેનાં દર્શન થાય છે. કેટલીક ઉપમાઓ પણ સચોટ પ્રયોજાઈ છે. અગિયારમી વાચનામાં ક્રોધને ભસતા કૂતરા જેવો અને માન-માયા ને લોભને હડકાયા કૂતરા જેવો કહીને વાત સોંસરી ઉતારી

દીધી છે. સ્વભાવને સુધારવાની અને સમભાવ વધારવાની વાત માર્મિક રીતે કહેવાઈ છે. તો "વ્યાખ્યાન કેવી રીતે આપશો ?" એવા વિષયમાં પણ તેમને પોતાના દીર્ઘકાળ સુધીના, અનેક દેશમાં વિચરીને પ્રાપ્ત થયેલા અનુભવના નવનીતને આપણી સમક્ષ ધરી દીધું છે. વક્તાની ત્રીજી વિશેષતા પ્રિયભાષિતા (વાચના : ૧૮) એ બાબતમાં તેઓશ્રીએ એક સોનેરી વાત જણાવી છે.

"શ્રાવક-શ્રાવિકાઓ જિનશાસનનાં છે, ચતુર્વિધ સંઘમાં છે, એમની આશાતના સાધુ-સાધ્વીએ પણ નથી કરવાની. ભલે એ શ્રાવક-શ્રાવિકામાં સેંકડો દોષ રહેલા હોય... બકુશ અને કુશીલનું ચારિત્ર પાળનારા આપણે શ્રાવક-શ્રાવિકાને ખુલ્લી રીતે વ્યાખ્યાનમાં ઉતારી પાડીએ એ કેટલું અનુચિત છે. (ઉચિત છે ?) વિચારજો."

આવા ઘણા મનનીય ગદ્યખંડ અહીં પાને પાને પથરાયેલા છે. થોડા બતાવ્યા, બાકી વાચક માટે રાખું છું. એટલું જ નહીં, આવી આવી ઘણી વાતો - સંયમજીવનમાં જરૂરી હોય તેવી અને બીજે ઠેકાણેથી જલદી ન મળે તેવી વાતો અને તે પણ સાંભળવી-વાંચવી ગમે તેવી મધુર શૈલીમાં આપણને અહીં મળી છે.

એ જ રીતે બારમી વાચનામાં ભાષાજ્ઞાન અંગેનું નોંધપાત્ર નિરીક્ષણ જાણવા મળે છે અને તે પછી તેઓએ જે ટકોર કરી છે તે પણ મહત્ત્વની છે. આપણી ગુજરાતી ભાષા પણ બરાબર નથી. આમ સંસ્કૃત-પ્રાકૃતનાં વ્યાકરણ ભણ્યાં હોઈએ, છતાં એક ગુજરાતીમાં પોસ્ટકાર્ડ લખ્યો હોય તો તેમાં ચારપાંચ જોડણીની ભૂલો નીકળ્યા વિના ન રહે. આમાં અજ્ઞાન છે તેના કરતાં વધુ તો તેના પ્રત્યેની - શુદ્ધ લેખન પ્રત્યેની - બેદરકારી વધુ કારણભૂત છે. એટલે એ બાબતમાં ધ્યાન આપીને એ ભૂલ સુધારી લેવા જેવી છે, કાળજી રાખવા જેવી છે.

એ જ રીતે હિન્દી ભાષાનું જ્ઞાન પણ આજે જરૂરી છે. સાધુ ભલો હોય

પણ ભોટ ન હોવો જોઈએ. જ્ઞાન-ઉપાસના દ્વારા સમજદારીને વિકસાવવાની છે. તે નથી આવતી ત્યાં સંકુચિતતાનાં દર્શન થાય છે.

ઇર્ષ્યા અને નિંદાએ આપણા સત્ત્વને ફોલી ખાધું છે. વર્તમાન સાધુજીવનમાં બીજી ઘણી અનુકૂળતા વધી છે, પણ અંતરંગ મૈત્રીભાવ અને પ્રમોદભાવ ઘણા ઘટ્યા છે. એક તો ગુણદર્શન જ ઓછું થાય અને ગુણદર્શન થયા પછી તેનું કથન તો ભાગ્યે જ થાય છે. તેની સામી બાજુએ પરદોષદર્શન તુર્ત થાય અને તેનાથીયે વધુ ઝડપથી દોષકથન થાય છે. તેથી આપણા ચહેરા ઉપર પ્રેમ, પ્રમોદભાવ અને પ્રસન્નતાની ઝલક સતત ફરકતી રહેવી જોઈએ તે દેખાતી નથી તેનું કદાચ આ કારણ હશે.

શ્રી વજ્રસ્વામીજીના શિષ્યોની વાત આવે છે ત્યાં તેમનાં વિશેષણોમાં ૧. सर्वे द्युतिशालिनः २. सर्वे मधुराकाराः ३. सर्वे विकसन्मुखाः ४. सर्वे प्रियंवदाः ५. सर्वे करुणारससागराः ६. सर्वे समताभाजः ७. सर्वेऽपि ममतोज्झिताः (परिशिष्टपर्व) આવાં સાત વિશેષણો દ્વારા શ્રમણનું જે ચિત્ર ઊપસે છે તે કેટલું મનહર, મનભર અને મનોરમ છે ! આવા ચહેરા જોવા માટે આંખ તલસે છે. અને હું માનું છું કે આચાર્યશ્રી ભદ્રગુપ્તસૂરિજી મહારાજને પણ આ જ કહેવું છે. તેઓ પણ આવું જ કાંઈક ઝંખે છે એમ માનું છું.

'સંતો ! સદા સ્વરૂપે રહેવું' એ વાચનાસંગ્રહના વાચનાદાતા આચાર્ય મહારાજશ્રી વિજયભદ્રગુપ્તસૂરિજી મહારાજને મારા પ્રત્યે ખૂબ સ્નેહ છે અને તેઓ આવી ગંભીર માંદગીમાં પણ શ્રુત-સાહિત્યની ઉપાસનામાં મગ્ન રહે છે તે જોઈ હું પણ પુલકિત થાઉં છું. શ્રુતોપાસનાનું ફળ તેઓ પામ્યા છે. તેમના મારા પ્રત્યેના સ્નેહને વશ થઈને જ આ લખવાનું સ્વીકાર્યું. બાકી તેઓ તો સિદ્ધહસ્ત લેખક છે, સિદ્ધ વક્તા છે. તેમના પુસ્તકને કોઈની પ્રસ્તાવનાની જરૂર જ નથી.

પણ ના પાડવી મને ન ગમી તેથી આટલું લખ્યું. હા, એક લોભ હતો.

આ નિમિત્ત છે વાચના વાંચવા મળશે અને તેથી આ વાચના વાંચી શક્યો. નવું અજવાળું મેળવી શક્યો. જેથી જે થયું તે મારા માટે સારું થયું. આવાં સારાં નિમિત્તોને સ્વીકારવામાં લાભ છે, તેવું મને અનુભવે લાગ્યું છે. તેવું જ આ પુસ્તક જેમના પણ કરકમળમાં આવે તેઓ આના વાચન દ્વારા એવા લાભને પામે તેવી શુભકામના સાથે વિરમું છું.

શ્રી નેમિ-અમૃત-દેવ હેમચન્દ્ર સૂરિશિશુ

પ્રદ્યુમ્નસૂરિ

ગુરુપૂર્ણિમા
વિ.સં. ૨૦૫૫
ઓપેરા જૈન ઉપાશ્રય
અમદાવાદ-૭

પ્રકાશકની વાત

શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ તરફથી વિશેષરૂપે પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબ માટે પ્રસ્તુત પુસ્તક 'સંતો સદા સ્વરૂપે રહેવું' પ્રકાશિત કરતાં અમને આનંદ થાય છે.

આ પુસ્તક એટલે પૂજ્ય **આચાર્યદેવશ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ** સાહેબે કલિકુંડ તીર્થ-ધોળકા ખાતે તા. ૧૩ જાન્યુ. ૧૯૯૮થી ૩ ફેબ્રુઆરી ૧૯૯૮ દરમ્યાન શતાધિક પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજને આપેલી વાચનાઓનું સંવર્દ્ધિત સંકલન.

આ પહેલા પૂજ્ય ગુરુદેવની વાચના પ્રસાદીરૂપે

'સંયમ રંગ લાગ્યો,' 'સંયમ કબ હી મિલે,' 'સંયમસાધના' પુસ્તકો પ્રકાશિત થયાં છે અને શ્રમણ-શ્રમણીવર્ગમાં લોકપ્રિય બન્યાં છે.

પ્રસ્તુત પ્રકાશનમાં **શ્રી પીંડવાડા જૈન સંઘનો** ઉલ્લેખનીય આર્થિક સહયોગ અમને સાંપડ્યો છે જે બદલ અમારું ટ્રસ્ટ સંઘનું ઋણી છે.

અસ્વસ્થતાની આંધી વચ્ચે પણ પૂજ્ય ગુરુદેવે જીવનને સ્વસ્થ, સહજ અને સ્વચ્છ બનાવે એવી વાતો સમજાવી છે, સંભળાવી છે, સર્જી છે. આ માટે આપણે સહુ એમના ઋણી રહીશું.

જે કોઈ પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોને સ્વાધ્યાયાર્થે આ પુસ્તકનો ખપ હોય તો તેઓ અમને અવશ્ય જણાવે અમે સબહુમાન આ પુસ્તક એઓને મોકલીશું. ચતુર્વિધ સંઘના આધારસ્તંભ જેવા પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજના સંયમ જીવનની સાધનામાં થોડી ઘણી પળો પણ જો પ્રસન્નતા અને પ્રફુલ્લિતતાની ખીલી ઉઠશે તો આ પ્રયાસ સાર્થક નીવડશે.

મહેસાણા — **ટ્રસ્ટીગણ**

અષાઢી અમાવસ્યા — શ્રી વિ. ક. પ્ર. ટ્રસ્ટ

વિ.સં. ૨૦૫૫

વાચના પહેલી

ઇચ્છાઓ-અપેક્ષાઓ ત્યાગો

क्व धनानि क्व मित्राणि क्व मे विषयदस्यवः ।
क्व शास्त्रं क्व च विज्ञानं, यदा मे गलिता स्पृहा ॥

જ્યારે મારી ઇચ્છા જ મરી ગઈ પછી ધન ક્યાં ? મિત્ર ક્યાં ? અને વિષયરૂપ લૂંટારા ક્યાં ? ક્યાં શાસ્ત્રો કે ક્યાં વિજ્ઞાન ? (ધન આદિનું કોઈ પ્રયોજન નથી.)

रमते तृषितो धनश्रिया, रमते कामसुखेन बालिशः ।
रमते प्रशमेन सज्जनः, परिभोगान् परिभूय विद्या ॥

તૃષ્ણાવાન મનુષ્યનું મન ધન-સંપત્તિમાં, મૂર્ખ માણસનું મન કામસુખમાં રમે છે. સજ્જન પુરુષો જ્ઞાન દ્વારા ભોગેચ્છાઓને જીતીને શાન્તિમાં રમે છે.

इच्छा हु आगाससमा अणंतिया ।

ઇચ્છાઓ આકાશના જેવી અનંત છે.

- ઉત્તરાધ્યયન સૂત્ર

कामा दुरतिकम्मा ।

કામનાઓનો પાર પામવો ઘણો મુશ્કેલ છે.

- આચારાંગ સૂત્ર

ઇચ્છાઓથી પાપ થાય છે. ઇચ્છાઓથી દુઃખ જન્મે છે. ઇચ્છાઓને દૂર કરવાથી પાપ દૂર થાય છે. પાપ દૂર થવાથી દુઃખ દૂર થાય છે.

આજે મારે જે વાત કહેવી છે એ વાત અતરંગ છે. આપણે સામાન્ય રીતે બે પ્રકારે જીવીએ છીએ. એક બાહ્ય પ્રકાર અને બીજો અંતરંગ પ્રકાર. બાહ્ય પ્રકારમાં આપણે આપણા અહમ્‌ની અનુકૂળતા પ્રમાણે સંબંધો બાંધીએ છીએ અને છોડીએ છીએ. મોટા ભાગનું જીવન આ બાંધછોડમાં જ જતું હોય છે. આ વાત આપણે પછી કરવાની છે. બહારની સમસ્યાઓ આપણને એટલી નડતી નથી, કારણ કે આપણો સંઘ, આપણું જિનશાસન આપણી બધી જ બાહ્ય જરૂરિયાતો પૂરી પાડે છે. ગોચરી, પાણી, વસ્ત્ર, પાત્ર અને ઔષધ વગેરેની ચિંતાઓ આપણે કરવી પડતી નથી.

આપણી ચિંતાઓ છે માનસિક. સમસ્યાઓ છે મનની. ઉલઝનો છે મનની... ત્રાસ છે માનસિક. આ માનસિક વ્યથાઓ વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી પૂરી કરનારને સતાવે છે તેમ ઘણાંબધાં શાસ્ત્રોનું અધ્યયન કરનારને પણ સતાવે છે. ઘણાં વ્રત-નિયમો કરનારને આ પીડા છે અને ધર્મના ઉપદેશો આપનારા પ્રવચનકારોની પણ આ વ્યથા છે. તેમને આંતરિક પ્રશ્નો છે. ઉકેલ મળતો નથી. મૂંઝવણો વધતી જાય છે. પરિણામે જીવનનો ઉલ્લાસ મરી પરવારે છે. નિરાશામાં જીવન ડૂબી જાય છે. આત્માના વિસ્મરણની ખાઈમાં ખોવાઈ જાય છે. જીવતેજીવ જેમને અમર થઈ જવાના મોહ હતા તેઓ ક્યાંય ફેંકાઈ ગયા છે.

માટે જીવનનો ઉલ્લાસ અખંડ રહેવો જોઈએ. અતિ દુર્લભ મનુષ્યજીવન આપણને મળ્યું છે. એમાંય શ્રેષ્ઠ સંયમ જીવન મળ્યું છે. માણસ શ્રેષ્ઠ વસ્તુ પામે એટલે એને આનંદ થાય. ઉલ્લાસ વધે. દિન-પ્રિતિદિન ઉલ્લાસ વૃદ્ધિ પામે. જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ હોય તો જીવન જીવવાની મજા આવે.

જીવન પ્રત્યેનો અભિગમ કેવો છે, એ જ મોટી વાત છે. જ્યારે આપણે

બીજાઓ જોડે દુષ્ટતા આચરીએ છીએ ત્યારે મૂળ તો આપણા જ પ્રત્યે દુષ્ટ હોઈએ છીએ. એટલે આપણે આપણી ઘણી ભાવનાઓને વેડફી નાંખીએ છીએ. આપણે વાતવાતમાં અકળાઈ ઊઠીએ છીએ. આપણને નશો છે આપણા અહમ્‌નાં પ્રતિબિંબો જોવાનો. પ્રતિબિંબોની દુનિયા માયાવી હોય છે. મોટા ભાગનું જીવન તો મૃગજળમાં માછલાં પકડવાની પ્રવૃત્તિમાં રોકાયેલું હોય છે. આવી પ્રવૃત્તિ હતાશા, થાક ને કંટાળો આપે છે.

પછી આપણને આપણાં કામ કરવામાં મજા નથી આવતી. કર્તવ્યોના પાલનમાં પણ ભૂલો થઈ જતી હોય છે. કેમ આવું બને છે ? સંસારમાં મજા નહોતી આવતી માટે તો સંયમ લીધું ! સંયમજીવનમાં મજા નહીં આવે તો શું કરીશું ? મજા ક્યારે આવે ? સદૈવ ઉલ્લાસ રહે... મન પ્રફુલ્લિત રહે, એવી કોઈ જડીબુટ્ટી પ્રાપ્ત કરી લેવી જોઈએ. નહીંતર ક્યારેક આપઘાત કરી નાખવાનો વિચાર આવી જશે !

આપણે સમજીએ છીએ કે આપણે કર્મોથી બંધાયેલા છીએ. કર્મોના વિચિત્ર ઉદયો અનુસાર પરિસ્થિતિઓ બદલાતી રહે. અનુકૂળ પરિસ્થિતિ પ્રતિકૂળ બની જાય, પ્રતિકૂળ સંયોગો અનુકૂળ બની જાય ! આપણે બંને સ્થિતિમાં સમભાવમાં રહીએ... આત્માનંદમાં રહીએ, એવું નિર્માણ આપણા વ્યક્તિત્વનું કરવાનું છે. આપણે પરિસ્થિતિને આધીન નહીં બનવાનું ! પરિસ્થિતિ આપણને આધીન રહે ! કારણ કે આપણે અજ્ઞાની નથી. ચારિત્રી અજ્ઞાની ન હોય. ચારિત્રી જ્ઞાની હોય.

જ્ઞાનના પ્રકાશમાં જો આંતરનિરીક્ષણ કરીશું તો આપણને આપણી બધી આંતરિક સમસ્યાઓનું કારણ સમજાઈ જશે. મને એ કારણ સમજાયું છે 'પર-સાપેક્ષતા.' આપણે ત્રણ પ્રકારની અપેક્ષાઓ પકડીને જીવન જીવી રહ્યા છીએ અને એ અપેક્ષાઓ જ આપણને દુઃખી કરી રહી છે. પ્રશ્નો ઊભા કરી રહી છે. સમસ્યાઓ સર્જી રહી છે.

* સ્વજન-પરિજનો તરફની અપેક્ષાઓ
* વૈભવ-સંપત્તિ તરફથી અપેક્ષાઓ
* શારીરિક અપેક્ષાઓ

''આપણા મહર્ષિઓએ કહ્યું છે : 'सावेक्खो बुड्ड्ई, निरवेक्खो तरइ ।' સાપેક્ષ ડૂબે છે, નિરપેક્ષ તરી જાય છે. ભવસાગરમાં ડૂબી જવાની વાત તો પછીની છે. સાપેક્ષ સાધુ શોકસાગરમાં ડૂબી જાય છે ! કષાયોના સાગરમાં ડૂબી જાય છે. એટલે સર્વપ્રથમ તો સાધુએ આ સંકલ્પ કરવો પડે કે મારે ડૂબવું નથી, તરવું છે ! ઉલ્લાસથી તરવું છે !

તરનારાઓનો તરવરાટ ને થનગનાટ તમે જોયો છે ? તરવાની રેસ થતી હોય છે... ક્યારેક જોઈ હોય તો ખબર પડે કે તરનારનો તરવરાટ કેવો હોય છે ! આપણે પણ ભવસાગર તરવા માટે ઝંપલાવ્યું છે ને ? આપણો તરવરાટ જરાય ઓછો ન થવો જોઈએ. તો જ તરીને પાર ઊતરી શકીશું, નહીંતર વચ્ચે જ ડૂબી મરીશું.

મનની બધી જ મૂંઝવણોનું કારણ અપેક્ષાઓ છે, આ વાત નક્કી છે. એમાં સર્વ પ્રથમ આપણે સ્વજન-પરિજનોનો તો આપણે ત્યાગ કરીને દીક્ષા લીધી છે ! સાચી વાત છે. પરંતુ દીક્ષા લીધા પછી નવા સ્વજન-પરિજનો બનાવ્યા નથી ? શું આ જીવનમાં આપણે આપણા કોઈને માન્યા નથી ? જેમને આપણે આપણા માન્યા તે જ સ્વજનો, તે જ પરિજનો !

* આપણા સાધુઓ-શિષ્યો
* આપણી સાધ્વીઓ-શિષ્યાઓ
* આપણા શ્રાવકો.....
* આપણી શ્રાવિકાઓ....!

જાણતાં-અજાણતાં સબંધોના તાણાવાણા ગુંથાઈ ગયા છે ! અને

એડ્રેસબુકમાં એ નામો અંકિત થઈ ગયાં હોય છે. આ બધાં તરફથી જુદા જુદા પ્રકારની અપેક્ષાઓનાં લિસ્ટ પણ તૈયાર હોય છે.

ગુરુને શિષ્યો તરફથી ઘણી અપેક્ષાઓ હોય છે તો શિષ્યોને ગુરુ તરફથી ઘણી અપેક્ષાઓ રહેતી હોય છે. જ્યારે અપેક્ષાઓની પૂર્તિ નથી થતી ત્યારે અરતિ થાય છે, રોષ આવે છે, દ્વેષ સળગે છે. અને અપેક્ષાની પૂર્તિ થાય છે ત્યારે રતિ થાય છે: રાગ થાય છે. હર્ષના ફુવારા ઊડે છે ! વિરક્તિની-વૈરાગ્યની પળો ક્યારે અનુભવાય છે ? જાણે વિરક્તિ વરાળ બનીને ઊડી ગઈ છે....

સાધ્વીજી પાસેથી પણ આપણને ઘણી અપેક્ષાઓ હોય છે. એમાંય આ આપણી સાધ્વીઓ છે, એટલે એમણે આપણાં આટલાં કામ તો કરવાં જ જોઈએ ! ન કરે તો તિરસ્કાર... ને અણગમો. સંબંધોમાં તિરાડો પડે છે. એવી રીતે સાધ્વીઓને સાધુઓ તરફથી પણ અપેક્ષાઓ હોય છે. એ અપેક્ષાઓ પૂરી ન થાય તો મનમાં સંક્લેશ ! વાણીમાં કર્કશતા અને વ્યવહારમાં બરછટતા ! વાતવાતમાં અપેક્ષાઓનો ખળભળાટ સંભળાયા કરે.

એવી જ રીતે આપણાં માનેલાં-સ્થાપેલાં શ્રાવક-શ્રાવિકાઓ તરફથી પણ આપણને અપેક્ષાઓ હોય છે. આપણાં ઘણાંબધાં કામકાજ એમને કરવાનાં હોય છે. એમાં ખામી આવે એટલે મન બગડે છે ને વાણી બગડે છે. બધું બરાબર ચાલે છે તે ગૃહસ્થ - પરિચય ગાઢ બને છે ને એમાંથી રાગના વિવિધ વિકારો કૂદી નીકળે છે ! જ્ઞાનદૃષ્ટિ ખૂલે તો જ એ વિકારો દેખાય.

આપણે એમ ઇચ્છીએ છીએ કે બીજા બધાએ આપણી અપેક્ષાઓ પૂરી કરવી જોઈએ, પરંતુ આપણે બીજાઓની કેટલી અપેક્ષાઓ પૂરી કરીએ છીએ ? બીજાઓ તરફનાં કર્તવ્યોનું પાલન કેટલું કરીએ છીએ ?

* ગુરુજનો તરફનાં કર્તવ્યો બજાવીએ છીએ ?

* ગ્લાન-બીમાર તરફનાં કર્તવ્યોનું પાલન કરીએ છીએ ?

* જ્ઞાની તથા અભ્યાગતો તરફનાં ઉચિત કર્તવ્યો પાળીએ છીએ ?

* શ્રાવક-શ્રાવિકા તરફનાં કર્તવ્યોનું પાલન કરીએ છીએ ?

યાદ રાખો કે કર્તવ્યપાલન કરવા માટે માણસમાં સમયની સૂઝ જોઈએ, આવડત જોઈએ અને શારીરિક-વાચિક શક્તિ જોઈએ. આ તો આપણી વાત છે. ગૃહસ્થ પાસે તો ધનની શકિત પણ જોઈએ. આપણી અપેક્ષાઓ પૂરી કરવા માટે ગૃહસ્થની આર્થિક સધ્ધરતા અને ઉદારતા હોવી આવશ્યક હોય છે.

બીજી અપેક્ષા આપણને આ ગૃહસ્થના વૈભવની હોય છે ! આપણને શ્રીમંત ભક્ત ગમે છે ! ધીમંત ન હોય તો ચાલે, શ્રીમંત તો જોઈએ જ. કારણ કે આપણી જાહોજલાલી શ્રીમંત ભક્તોને આભારી હોય છે ! આપણે જેને શાસન-પ્રભાવનાનાં કાર્યો કહીએ છીએ એવાં સંઘયાત્રા, ઉપધાન, અંજનશલાકા-પ્રતિષ્ઠા વગેરે આપણી યશકીર્તિની અને પ્રસિદ્ધિની વાસનાને પોષનારાં તો નથી બની જતાંને ? આંતરનિરીક્ષણ જરૂરી છે. 'મારી નિશ્રામાં એવો ભવ્યાતિભવ્ય ધર્મ-મહોત્સવ થવો જોઈએ કે જે બીજે ક્યાંય ન થયો હોય ! - આવી મનોવૃત્તિ આપણા પુણ્યકર્મના બંધનમાં ખલેલ પહોંચાડે છે. ખેર, એ વાત પછી કરીએ. જે ગૃહસ્થ દ્વારા ઉત્સવો-મહોત્સવો કે પ્રભાવનાઓ કરાવવાની હોય છે, તેમને ખુશ રાખવા માટે આપણે શું શું કરીએ છીએ ?

* એમના આરંભ-સમારંભને પરિગ્રહની પ્રશંસા !

* એમનો વેપાર સારો ચાલે તે માટે આશીર્વાદરૂપે વાસક્ષેપ, મંત્ર... તંત્ર... વગેરે આપવાનું.

* એમની પ્રશંસા કરવાની.

એ શ્રીમંતોની હામાં હા મિલાવવાની !

એની અનીતિ... એનો અન્યાય... એની અપ્રામાણિકતાને નજરઅંદાજ કરવાની !

એની ભૂલો નહીં બતાવવાની !

એની પ્રશંસા-પ્રશસ્તિ કરવાની ?

એક વૈભવની અપેક્ષા આપણને આપણી સાધુજીવનની કેટલી મર્યાદાઓનો ભંગ કરાવે છે, તેનો ગંભીરતાથી વિચાર કર્યો છે ? કરવો જ પડશે. શ્રીમંતોની ચાપલૂસી તો કરવાની બંધ જ કરી દેવી જોઈએ. હા, તેમને પ્રેમથી એમના ધનનો સદુપયોગ કરવાનું સાચું માર્ગદર્શન આપી શકાય, તે પણ આપણે નિર્લેપ રહીને માર્ગદર્શન આપવાનું !

'મારા વધુ ને વધુ શ્રીમંત ભક્તો હોવા જોઈએ,' આવી કોઈ અપેક્ષા મનમાં દૃઢ નથી થઈ ગઈને ? અને 'એ ભક્તો મારા જ રહેવા જોઈએ. બીજા કોઈ આચાર્ય મ.ના કે સાધુના ભક્ત ન બની જવા જોઈએ.' આવો વિચાર નથી આવતો ને ? નહીંતર પછી ઇર્ષ્યાની આગ લાગી જશે હૃદયમાં !

શ્રીમંતો પરિગ્રહનું પાપ છોડીને પુણ્યકર્મ કમાય, આવી ઉદાત્ત ભાવના આપણે ભાવી શકીએ. તે માટે એમને પ્રેરણા-પ્રોત્સાહન આપી શકીએ. પણ આ કામ દરેક સાધુ ન કરી શકે. આ કામ ગીતાર્થ સાધુ કરી શકે ! એટલે ગીતાર્થ બનવું બહુ જરૂરી છે. આજે તો આપણે જાણે પૂર્ણાર્થ બનીને જીવી રહ્યા છીએ ! ઉત્સર્ગ-અપવાદમાર્ગનું શાસ્ત્રીય જ્ઞાન જોઈએ. નિશ્ચય-વ્યવહારનયોનું જ્ઞાન જોઈએ. એને અનુરૂપ જીવન-વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

વૈભવોની અપેક્ષા છોડવી જ પડશે. તે માટે શ્રીમંત ભક્તોની અપેક્ષાઓ છોડવી પડશે.

ત્રીજી અપેક્ષા છે શરીરની. સંયમસાધનામાં શરીરની-ઇન્દ્રિયોની અપેક્ષાઓ

રહેવાની જ અને રહે છે. આપણે આપણી આસપાસના શબ્દો સાંભળીએ છીએ. જોઈએ છીએ... સ્પર્શીએ છીએ. સ્વાદ કરીએ છીએ અને બોલીએ છીએ. આ બધી જ પ્રવૃત્તિઓ સાપેક્ષ રહેલી હોય છે. પગથી વિહારો કરીએ છીએ. મસ્તકથી જ્ઞાન-ધ્યાનાદિ કરીએ છીએ. હાથોથી સંયમની વિવિધ ક્રિયાઓ કરીએ છીએ.

શરીરના એકે-એક અંગ પાસેથી આપણી અપેક્ષાઓ હોય છે. પણ ક્યારેક શરીર ગ્લાન બને છે, અશક્ત કે બીમાર પડે છે ત્યારે ઘણીબધી અપેક્ષાઓ પૂરી નથી થતી. ત્યારે મન રઘવાયું બની જાય છે ! અશાન્ત બની જાય છે !

* મારા પગ ચાલતા નથી... વિહાર કેવી રીતે કરીશ ?

* આંખે દેખાતું નથી... કેવી રીતે વાંચીશ ? ભણીશ ? ચાલીશ ?

* કાન સાંભળતા નથી...

* હાથને લકવા થઈ ગયો છે.. હાથ લબડી ગયો છે...

* મગજ બહેર મારી ગયું છે...

આપણને આવા બધા પ્રશ્નો નડતા હોય છે. ત્યારે સહવર્તી અને સાથીદારોની અપેક્ષા વધી જાય છે. અને આ સ્થિતિને અનુલક્ષીને જ ગ્લાન સેવાને ઉત્કૃષ્ટ સેવા તીર્થંકરોએ કહી છે. છતાં આપણાં પાપકર્મનો ઉદય હોય તો આપણા માનેલા શિષ્યો કે ભક્તો આપણી સેવા ન કરે ! દૂર ભાગે ! ત્યારે આપણે મનમાં જરાય દુઃખ નહીં લાવવાનું !

ત્યાં આત્માનું એકત્વ આત્મસાત્ કરી દીનતાને દૂર રાખી સમત્વને જીવનમાં જીવવાનું છે ! પાપકર્મના ઉદયમાં પોતાના ગણાતા પણ દૂર થઈ જાય ! એટલે એ વાતનો શોક-સંતાપ નહીં કરવાનો.

કાયાથી જ્યારે સંયમ આરાધના ઓછી થાય ત્યારે મનથી સંયમ આરાધના વધારી દેવાની ! પછી દોડવાનું નથી, ઠરવાનું છે ! પછી ભણવાનું નથી,

ભણેલું વાગોળવાનું છે ! પછી બહાર નથી જોવાનું. આપણી ભીતરમાં જોવાનું છે ! પછી ભલે અશક્ત કાયા બાહ્ય ધર્માનુષ્ઠાનો ન કરી શકે, મનથી આત્માના શુદ્ધ સ્વરૂપની રમણતા કરવાની છે. નિશ્ચયનયથી આત્માને સમજીને એના ગુણાત્મક ધ્યાનમાં લીનતા પ્રાપ્ત કરવાની.

ભલેને સ્વજનો મોં ફેરવી દે, ભક્તો આપણને ભૂલી જાય, પરિજનો આપણને વિસારી દે... શરીર રોગોથી ઘેરાઈ જાય અને સેવા કરનાર કોઈ પાસે હોય કે ન હોય, તમે તમારી આંતરિક સાધનામાં પરોવાઈ જઈ શકો. કોઈ સહાયક સાધુ મળી જાય, ન મળે તો ભલે, કોઈ ગૃહસ્થને રાખી લેવાય... એની વ્યવસ્થા થઈ જાય, પણ પ્રસન્નતાપૂર્વક જીવવાનું ! ઉદાસ નથી થવાનું ! ઉદ્વિગ્ન નથી થવાનું !

જે કોઈ પરિસ્થિતિ હોય એની સહજપણે સ્વીકૃતિ કરીએ એ જ જીવન. જીવનમાં બધું જ સ્વીકાર્ય હોવું જોઈએ. જેવો આપણે અસ્વીકાર કરીએ છીએ ત્યારે આપણે જીવનનો દ્રોહ કરતા હોઈએ છીએ. જીવનનો દ્રોહ એટલા માટે કરીએ છીએ કે આપણે આપણા મોહમાં ત્રિવિધ મોહમાં પડેલા છીએ. આપણો મોહ એટલે મારું કે મારી આસપાસનું જગત મારા કહ્યા મુજબ ચાલવું જોઈએ. મારી સાચી-ખોટી ઇચ્છાઓ એ જાણે સર્વસ્વ અને આ ઇચ્છાઓનું વર્ચસ્વ. આવા સ્વનું અનુસંધાન સર્વ સાથે ન થાય ત્યારે વિસંવાદ સર્જાય અને આપણા જીવનમાં અરાજકતા અને ઘોંઘાટ હોય ! સંગીતનું નામોનિશાન નહીં હોય.

આપણે અહમ્, ફાંકો અને ફિશિયારીને તિલાંજલિ આપી શકીએ ? ન આપીએ તો પણ જીવનનું વહેણ તો વહ્યા કરશે. અને આપણે એને કાંઠે પણ તૃપ્તિના ઘૂંટડા વિના તરસ્યા ને તરસ્યા મરી જઈશું ! જન્મ અને મરણની વચ્ચે જીવન એક નદીની જેમ સતત વહ્યા કરે છે. સંયમજીવનના એ પવિત્ર નીરમાં જેટલા નાહી લેવું હોય તેટલું મન મૂકીને નાહી લો. નદી તો વહેતી જ રહેવાની છે !

હવે એક છેલ્લી વાત કહીને આજની વાચના પૂર્ણ કરીશું.

આજની મુખ્ય વાત છે અપેક્ષાઓથી મનને મુક્ત રાખવાની. મનના અધ્યવસાયો વર્ધમાન હોય છે, હીયમાન હોય છે ને અવ્યવસ્થિત પણ હોય છે. આપણે ચઢતા પરિણામ, ચઢતા અધ્યવસાય રાખવાનો પ્રયત્ન કરવાનો છે. તે માટે આપણે આપણો આંતરઉત્સાહ અખંડ રાખવાનો. એને ખંડિત નહીં થવા દેવાનો. ઉત્સાહને ખંડિત કરનારાં બે તત્ત્વો હોય છે : કડવા શબ્દો અને અનુચિત વ્યવહાર.

આ બે વાતો આપણે તો વર્જ્ય જ ગણવાની. વાણીમાં કડવાશ નહીં રાખવાની ને વ્યવહારમાં ઔચિત્ય જાળવવાનું. બીજાઓ આપણી સાથે કડવા શબ્દોથી કે અનુચિત વ્યવહારથી પેશ આવે... ત્યારે મૌન રહેવું. સ્વસ્થ રહેવું કે ત્યાંથી ખસી જવું. કડવા શબ્દો ગળી જવાની પ્રેક્ટિસ કરવાની ! અનુચિત વ્યવહારને નિભાવી લેવાની આવડત કેળવી લેવાની ! આ અશક્ય નથી. તમે સહુ તો જ્ઞાની ને તપસ્વી છો, ત્યાગી અને સંયમી છો, તમારા માટે શું અશક્ય છે ? એક વાત યાદ રાખજો. મનને ઉલ્લસિત રાખજો.

આજે બસ, આટલું જ !

સાપેક્ષ જીવ ડૂબે છે,
નિરપેક્ષ જીવ તરી જાય છે !

Twin-sisters are longing and tears.
ઇચ્છાઓ-અપેક્ષાઓ અને આંસુ જોડિયા-બહેનો છે !

Desire is poverty.
ઇચ્છા-અપેક્ષા દરિદ્રતા છે.

The will of man is by his reason swayed
મનુષ્યની ઇચ્છા એનાં વિવેક દ્વારા નિયંત્રિત થાય છે.

- શેક્સપિયર

we look before and after
And pine for what is not.

આપણે ભૂતકાળ અને ભવિષ્યકાળને જોઈએ છીએ
અને જે નથી તેની કામના-અપેક્ષા રાખીએ છીએ !

सावेवखो बुड्ड्ई !

'સાપેક્ષ જીવ ડૂબે છે. ભવસાગરમાં ડૂબે છે.'

આ જિનવચન છે. આપણે આ જિનવચન પર અનુપ્રેક્ષા કરી રહ્યા છીએ. અપેક્ષાઓમાંથી ક્યારેક અનર્થોની પરંપરા શરૂ થઈ જતી હોય છે. પછી એનો જલદી અંત જ નથી આવતો હોતો. વિચિત્રતા તો એ હોય છે કે ડૂબવા છતાં તેને લાગે છે કે તે તરે છે. ભ્રમણમાં રમણ થાય છે.

આજે હું તમને કેટલાંક અર્વાચીન ને કેટલાંક પ્રાચીન દૃષ્ટાંત આપીને અપેક્ષાઓનાં તોફાનોની વાતો કરીશ. પહેલાં મુંબઈની વાત કરું. ઘણાં વર્ષો પૂર્વે મુંબઈમાં અમારું ચોમાસુ હતું. ચાતુર્માસમાં એક બહેને માસખમણ કરેલું. શ્રીમંત ઘરની શ્રાવિકા હતી. આપણો સામાજિક કહો કે ધાર્મિક કહો - એવો રિવાજ હોય છે કે આવી મોટી કોઈ તપશ્ચર્યા કરી હોય એટલે વરઘોડો કાઢવાનો ! જમણવાર કરવાનો ! પૂજા ભણાવવાની કે એવી કોઈ મોટી પ્રભાવના કરવાની ! પેલાં બહેનની પણ એવી ઇચ્છા જાગી. ઇચ્છા સારી હતી. પણ પતિ માને તો ને ! પતિને વાત કરી. પતિએ ના પાડી. મારે તારી તપશ્ચર્યાની કોઈ ઉજવણી કરવી નથી. શ્રાવિકા નિરાશ થઈ ગઈ. એ બોલી ગઈ. મેં માસખમણ ન કર્યું હોત તો સારું હતું.. મેં એને સમજાવ્યું - આવું ન વિચારો. તમે તપશ્ચર્યા કરીને તો કર્મોનો નાશ કર્યો છે. પાપોનો નાશ કરવા તપ કર્યો છે. ભલે તમારા પતિ તપનો ઉત્સવ ન કરે... તમે મનમાં જરાય ઓછું ન લાવો. 'મારા તપની ઉજવણી થવી જોઈએ' આવી અપેક્ષા ન રાખો.

પરંતુ અપેક્ષાની પ્રબલ ચુંગાલમાંથી છૂટવું આપણાં સાધુ-સાધ્વી માટે પણ સરળ નથી તો પછી ગૃહસ્થ માટે તો કેટલું મુશ્કેલ ? જો કે પછીથી એ

બહેનના પતિએ, પત્નીની તપશ્ચર્યા નિમિત્તે હોસ્પિટલમાં સારું દાન આપેલું અને વરઘોડો પણ કાઢેલો... પરંતુ એ બહેન તપશ્ચર્યાનું જે શ્રેષ્ઠ ફળ કર્મનિર્જરા પામવાનું હતું તે ન પામી શક્યાં.

આવો જ બીજો પ્રસંગ કહું છું. એક સાધ્વીજીએ વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી પૂરી કરી હતી. તેમની અપેક્ષા હતી કે ૧૦૦મી ઓળીના પારણાનો ઉત્સવ ભવ્ય થવો જોઈએ. એમની અપેક્ષા મુજબનો મહોત્સવ થવાની શક્યતા ન હતી. એટલે તેઓ ખૂબ જ નારાજ હતાં. ૧૦૦ ઓળીની આરાધના જીવનમાં પૂર્ણ થઈ. એ વાતનો આનંદ ન હતો. એ આનંદ તેઓ માણી ન શક્યાં, ઉત્સવ ન થયો. ઇચ્છા મુજબનો ઉત્સવ ન થયો એનું દુઃખ અનુભવતાં રહ્યાં. જીવનમાં થયેલી ઉગ્ર અને દીર્ઘ તપશ્ચર્યાની અનુમોદના કરી વિપુલ કર્મનિર્જરા ન કરી શક્યાં, પુણ્યબંધને નિકાચિત પણ ન કરી શક્યાં. આ અપેક્ષાના પાપે બન્યું.

ત્રીજો પ્રસંગ છે એક મુનિરાજનો. તેમણે માસખમણ કર્યું હતું. એ વર્ષોમાં માસખમણની તપશ્ચર્યા ઓછી થતી હતી. માસખમણની મહત્તા ઘણી હતી. મુનિરાજના મનમાં અપેક્ષા જાગી... માસખમણના પારણાનો ભવ્ય ઉત્સવ ઊજવાવો જોઈએ. તેમણે એમના ગુરુને વાત કરી. ગુરુદેવે સ્થાનિક સંઘના આગેવાનોને વાત કરી. મહોત્સવ કરવાનું નક્કી થયું. એના માટે ટીપ કરી ફંડ ભેગું કર્યું. ઉત્સવ થયો... પરંતુ તપસ્વી મુનિરાજની અપેક્ષા પૂરી ન થઈ ! એમને મહોત્સવ સાદો લાગ્યો... સંઘના આગેવાનોને ઠપકોય આપ્યો. સંઘમાં વાતાવરણ બગડ્યું. તપશ્ચર્યાની અનુમોદના દૂર રહી. મુનિરાજની નિંદા થઈ.

હું હંમેશા મારી પાસે આવનારાં સાધુ-સાધ્વીજીને કહું છું કે તમે અપેક્ષાઓ ઓછી કરો. સાધુ-સાધ્વી તરફથી અપેક્ષાઓ ઓછી રાખો. શ્રાવક-શ્રાવિકાઓ તરફથી અપેક્ષાઓ ઓછી રાખો. જે અપેક્ષાઓ રાખો તેના માટે આગ્રહ ન રાખો. આગ્રહપૂર્ણ અપેક્ષા ક્યારેક પરલોક પણ બગાડી મૂકે છે !

ખંધક સૂરિજીને શું થયું હતું ? પાલકે ખંધકસૂરિજીના ૪૯૯ શિષ્યોને ઘાણીમાં પીસી નાખ્યા હતા. છેલ્લા એક બાલમુનિ બાકી હતા. આચાર્યદેવને બાલમુનિ પર અપાર વાત્સલ્ય હતું. હું બાલમુનિને ઘાણીમાં પીસાતા નહીં જોઈ શકું. એટલે તેમણે પાલકને કહ્યું - 'પહેલાં મને તું ઘાણીમાં પીસી નાખ પછી બાલમુનિને તું ઘાણીમાં નાખજે...' પણ પાલકે આચાર્યદેવની વાત ન માની. તેને તો આચાર્યને વધારે દુ:ખી કરવા હતા ને ! બાલમુનિ તો ઘાણીમાં કૂદી પડ્યા. આચાર્યદેવે તેમને ભવ્ય આરાધના કરાવી.. તેઓ મુક્તિ પામી ગયા, પણ આચાર્યદેવ સ્વયં કષાયભાવમાં લપટાઈને સંસારમાં ભૂલા પડી ગયા.. દેવ થયા... અને પછીથી અવધિજ્ઞાનથી પૂર્વભવ જોઈને... આવીને નગર સળગાવી દીધું હતું... કષાયપરવશ બન્યા પછી ભૂલોની પરંપરા સર્જાય છે. અપેક્ષાઓમાંથી કષાયપરવશતા સહજ રીતે પ્રગટતી હોય છે.

આ બધી વાતો આપણે અપેક્ષાઓમાંથી જન્મતા અનર્થોની કરી. હવે નિરપેક્ષતાના વિશિષ્ટ લાભોની વાત કરીએ.

તમે શ્રી ચંડરુદ્રાચાર્યના શિષ્યની વાર્તા જાણો છો. આપણે એ વાર્તા શાસ્ત્રોમાં વાંચીએ છીએ ને વ્યાખ્યાનોમાં કહીએ છીએ. એ યુવાને ચંડરુદ્રાચાર્યાજી પાસે વૈરાગ્યથી દીક્ષા નહોતી લીધી... લાંબો વિચાર કરીને પણ દીક્ષા નહોતી લીધી. હસતાં... હસતાં... મજાક કરતાં કરતાં દીક્ષા લીધી હતી... પણ દીક્ષા લીધા પછી, ગુરુમહારાજ પ્રત્યે એના મનમાં પૂર્ણ શ્રદ્ધા જાગી હશે. પોતાના સ્વજનો ગુરુદેવને હેરાન ન કરે, દુ:ખ ન આપે, માટે રાત્રે ગુરુ મ.ને ખભે બેસાડીને એણે વિહાર કર્યો હતો. અંધારામાં ખાડા-ટેકરાવાળા રસ્તે એ ચાલ્યો હતો. અથડાતો-કુટાતો ચાલતો હતો. ખભા પર બેઠેલા ગુરુ ગુસ્સે થઈને કડવા શબ્દો બોલે છે ને પછી માથે દંડ-પ્રહાર કરે છે, છતાં એ શિષ્ય ગુરુમહારાજ પ્રત્યે જરાય કષાય કરતો નથી. એના ચિત્તમાં જરાય આર્ત્તધ્યાન આવતું નથી ! એ ધર્મધ્યાનમાં જ રહે છે. માથેથી લોહી વહે છે. મનમાં ધર્મધ્યાન વહે છે, કારણ કે એ

શિષ્યના મનમાં ગુરુ તરફ એવી કોઈ અપેક્ષા જ ન હતી. ગુરુમહારાજે આવું ન બોલવું જોઈએ. કે આવી રીતે મારવું ન જોઈએ... આવા કોઈ જ વિકલ્પ ન હતા ! માટે ધર્મધ્યાનમાં લીન બનીને શુક્લધ્યાનમાં પ્રવેશી ગયા. પૂર્ણ જ્ઞાની બની ગયા... પછી તો ચંડરુદ્રાચાર્ય પણ પશ્ચાત્તાપ કરીને કેવળજ્ઞાની બને છે. વાત મહત્ત્વની છે નિરપેક્ષ વૃત્તિની. નિરપેક્ષ આત્મા ભવસાગર તરી જાય છે.

આપણે આપણી ઇચ્છાઓ... આવશ્યકતાઓ વધારી નાખી છે. ઠુકરાવી દેવી પડશે એ બધી ઇચ્છાઓને. ઇચ્છાઓથી આપણે કૃપણ બનીએ છીએ. આપણી ઇચ્છાઓનો અંત જ નથી આવતો. અને ઇચ્છાઓ પૂર્ણ કરવાની દોડધામમાં આત્માની પૂર્ણતા પામવાની વાત જ વિસરાઈ જાય છે. કારણ કે આત્માની પૂર્ણતા પામવા માટે તો એ બધી બાહ્ય ઇચ્છાઓનો ત્યાગ કરવો પડે છે.

'पूर्यन्ते येन कृपणाः तदुपेक्षैव पूर्णता ।'

કૃપણો જેનાથી પૂર્ણતા માને છે, તેની ઉપેક્ષા કરવાથી જ આત્માની પૂર્ણતા પ્રાપ્ત થાય છે. એટલે 'મારે આ જોઈએ.. પેલું જોઈએ' એ વાત ભૂલી જવાની અને 'મારે આ ન જોઈએ ! મારે આ ન જોઈએ... મારે કંઈ ના જોઈએ !' આ ન જોઈએની વાતે કેવો ચમત્કાર સર્જી દીધો હતો ?

ઊંચે આકાશમાં દોરી પર ઇલાયચીકુમાર નાચી રહ્યો હતો. નાચતાં નાચતાં રાત વીતી ગઈ હતી. પ્રભાત પ્રગટ્યું હતું. પાસેની હવેલીમાં ઇલાયચીકુમારની દૃષ્ટિ પડે છે. એક નવયૌવના સુંદર સ્ત્રી હાથમાં મીઠાઈનો થાળ લઈ, મુનિરાજને કહે છે - 'લો.' મુનિરાજ નીચી દૃષ્ટિએ ના પાડે છે. સ્ત્રી ખૂબ આગ્રહ કરે છે. મુનિરાજ એની સામે પણ નથી જોતા. આ દૃશ્યે ઇલાયચીકુમારના મોહાંધ બનેલા હૃદયને ઢંઢોળ્યું. હું જે નટી પર મોહિત થયો છું એના કરતાંય વધારે સુંદર સ્ત્રી ઊભી છે સામે, છતાં આ મુનિરાજ એની સામે પણ નથી જોતા. કેવો સંયમ ! ઇલાયચીકુમારની દોરડા ઉપર

નાચતાં નાચતાં વિચારધારા બદલાઈ ગઈ હતી.. ધર્મધ્યાન લાગી ગયું હતું... ને તેમાંથી શુક્લધ્યાન પ્રગટી ગયું હતું. ઇલાયચીકુમાર કેવળજ્ઞાની બની ગયા હતા.

જો કદાચ પેલા મુનિરાજે પેલી સુંદર સ્ત્રી સામે જોયું હોત અને મીઠાઈ વહોરી લીધી હોત તો ઇલાયચીકુમારના જીવનમાં આવો ચમત્કાર ન સર્જાયો હોત. આત્મદ્રવ્યનું ઉપાદાન પાક્યું હોય અને આવું કોઈ ઉત્તમ નિમિત્ત મળી જાય તો કામ થઈ જાય. એક વ્યક્તિની નિરપેક્ષવૃત્તિ બીજી વ્યક્તિની ઉન્નતિનું કારણ બની જાય છે.

આપણે સાધુ-સાધ્વી છીએ. લોકો આપણી તરફ જોતા હોય છે. એટલે આપણું જીવન, આપણો વ્યવહાર એવો હોવો જોઈએ કે જોનાર ધર્મ જ પામે. સારી પ્રેરણા જ પામે.

અમારી આઠ-દશ યુવાનોની દીક્ષાઓ થઈ હતી ત્યારે અમારા પૂ. ગુરુદેવશ્રીના નાના ભાઈ પદ્મવિજયજી મહારાજ હતા. સારા જ્ઞાની હતા. અમને બધા નવા સાધુઓને સંયમજીવનની સારી તાલીમ આપતા હતા. *ગોચરી વહોરતાં તેમણે શિખવાડ્યું હતું ! તેઓ ગોચરી વખતે સાથે આવતા.* અમે ગોચરી વહોરતા, તેઓ ચુપચાપ જોયા કરતા. રસ્તામાં પણ કંઈ કહેતા નહીં. ઉપાશ્રયમાં આવ્યા પછી વાત કરતા. પહેલાં તો અમારી પ્રશંસા જ કરે ! પેલા ઘરે તમે મીઠાઈ મળતી હતી છતાં ન વહોરી, સારું કર્યું... પેલા ઘરે ભાઈએ લાઇટ કરી... ને તમે ન વહોર્યું... પેલા ઘરે તમે લુખ્ખી રોટલી પણ પ્રમાણસર જ વહોરી, સારું કર્યું... આ રીતે કહીને પછી જ્યાં જ્યાં અમારી ભૂલો થઈ હોય તે બતાવતા ! પહેલાં પ્રશંસા કરતા, પછી ભૂલો બતાવતા. માર્ગદર્શન સુંદર આપતા. તેઓ કહેતા કે ગોચરીમાં ગમતી ને ખપતી વસ્તુ મળતી હોય, વહોરાવનાર ભાવથી વહોરાવે એમ હોય છતાં પહેલાં તો લેવાની ના જ પાડવાની ! દાતા આગ્રહ કરે તો પછી લાલસા વિના વહોરાવાનું. પ્રિય વસ્તુ જોઈને આંખો નાચી ઊઠવી ન જોઈએ.

કેટલું વહોરવું, શું વહોરવું, કેવી રીતે વહોરવું... વગેરે વાતો સારી

રીતે સમજાવતા. ગોચરીના ૪૨ દોષોની સ્પષ્ટ સમજણ આપતા. માંડલીના પાંચ દોષો પણ સમજાવતા. રાગ-દ્વેષ કર્યા વિના ગોચરી વાપરવાની વારંવાર પ્રેરણા આપતા. તેઓ ગોચરી લેવા જનાર સાધુને ગોચરી-ગીતાર્થ બનાવવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ પ્રબલ સંયમજીવન જીવનારા હતા અને સંયમજીવનનું શ્રેષ્ઠ પાલન કરવાના આગ્રહી હતી.

મનુષ્યજીવનમાં શ્રેષ્ઠ સંયમજીવન છે. સંયમજીવનમાં પુરુષાર્થને પ્રધાનતા આપો. કારણો તો પાંચ છે, પરંતુ પુરુષાર્થને પહેલું સ્થાન આપો. તે માટે મહામુનિ નંદિષેણનું ભવ્ય દૃષ્ટાંત આંખ સામે રાખો. તેઓ મગધદેશના રાજકુમાર હતા. ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી વૈરાગી બન્યા હતા અને દીક્ષા લેવા તત્પર બન્યા હતા.

પરંતુ શાસનદેવે નંદિષેણને કહ્યું, 'નંદિષેણ, તું દીક્ષા ન લે. તારાં ભોગાવલી કર્મો બાકી છે. તારે સંસારનાં વૈષયિક સુખો ભોગવવાં જ પડશે. માટે સંસારમાં જ રહે.' પરંતુ નંદિષેણનો વૈરાગ્ય જ્વલંત હતો. વીર્યોલ્લાસ અપૂર્વ હતો. સંયમધર્મનો પુરુષાર્થ કરી લેવાની અદમ્ય અભિલાષા પ્રગટી ગઈ હતી. દેવની વાણી સાંભળીને નંદિષેણ પોતાના સંકલ્પમાં ઢીલા ન પડ્યા. તેમણે દેવને કહ્યું : 'હે દેવેશ, એ કર્મો મારું કંઈ બગાડી નહીં શકે. મારા માથે ભગવાન મહાવીર છે. હું કર્મોને કચડી નાખીશ.' તેમનો ઉત્સાહ બેવડાયો. તેઓ ભગવાન મહાવીર પાસે ગયા. પ્રભુને વિનંતિ કરી : 'ભગવન્, મને ચારિત્રધર્મ આપી આ ભવસાગરથી તારો...' ત્યારે ભગવંતે કહેલું : 'નંદિષેણ, તારાં એવાં કર્મો ઉદયમાં આવવાનાં છે કે જે કર્મોના ઉદયથી તારે સંસારનાં સુખો ભોગવવાં પડશે.' ત્યારે નંદિષેણે પ્રભુનાં ચરણોમાં પડીને શું કહેલું ! 'ભગવંત, હવે મેં આપનું શરણ લીધું છે. હવે કર્મોને હું કચડી નાખીશ. કર્મોને પરવશ હું નહીં બનું.' પ્રભુ તો પૂર્ણ જ્ઞાની હતા. નંદિષેણનું ભવિષ્ય જોતા હતા. જાણતા હતા. તેઓ મૌન રહ્યા. નંદિષેણે દીક્ષા લીધી.

દીક્ષા લીધા પછી નંદિષેણ મુનિ કર્મોના ઉદયો સામે કેવી રીતે ઝઝૂમ્યા છે, તેની કથા રોમાંચક છે. આપણા કાયર હૃદયને થથરાવી નાખે તેવી

હૃદયદ્રાવક છે. વ્યથાપૂર્ણ કથા છે. મોહના ઉછાળા જ્યારે આવ્યા ત્યારે 'કોઈપણ ભોગે મોહને.. રાગને પરવશ નથી બનવું.' આ સંકલ્પ સાથે તેમણે ઘોર, વીર અને ઉગ્ર તપ કર્યો.. પર્વતના શિખર પરથી ઝંપાપાત કરી જીવન સમાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો, પણ દેવે તેમને બચાવી લીધા.. આત્મઘાત કરવાના કોઈ ઉપાય દેવે કારગત ન થવા દીધો.. કર્મોના ઉદયની સામે નંદિષેણ પ્રબળ પુરુષાર્થથી ઝઝૂમ્યા. તપ - ત્યાગથી, જ્ઞાન અને ધ્યાનથી.. બીજા અનેક ઉપાયોથી..

છેવટે ભૂલથી ભિક્ષા માટે વેશ્યાને ત્યાં જઈ ચઢ્યા, ને ત્યાં એમનું પતન થયું.. છતાં ત્યાંય જાગતા રહ્યા હતા ! વેશ્યાને ત્યાં આવનારા ૧૦ પુરુષોને રોજ નંદિષેણ ધર્મોપદેશ આપી વૈરાગી બનાવતા અને ભગવાન મહાવીર પાસે મોકલી સાધુ બનાવતા હતા ! ૧૦ને પ્રતિબોધ પમાડ્યા પછી જ મોઢામાં પાણી નાખતા હતા.

આપણી વાત છે સંયમધર્મમાં પુરુષાર્થ ફોરવવાની. નિરપેક્ષ વૃત્તિવાળા બનીને સંયમધર્મની આરાધનામાં પુરુષાર્થશીલ બનવાનું છે. કર્મોના ઉદયોને ઝટ પરવશ નહીં બની જવાનું.

૧. કયાં કર્મો આપણને વધુ સતાવે છે ?

૨. કયા દોષો આપણામાં ઘર કરીને રહ્યા છે ?

આ નિરીક્ષણ કરતા રહીએ અને તે તે કર્મોનો ક્ષય કરવાના ઉપાયો અજમાવતા રહીએ, તે તે દોષોને દૂર કરવા પ્રયત્નશીલ બન્યા છીએ. તપ-ત્યાગ અને જ્ઞાન-ધ્યાનના ઉપાયો તો છે જ. એ તો કરતા જ રહેવાના. તદુપરાંત એક શ્રેષ્ઠ ઉપાયની આજે વાત કરીને વાચના પૂર્ણ કરીશ.

એ ઉપાય છે પરામાત્મા પ્રત્યેની શ્રદ્ધા, શરણાગતિ અને સમર્પણ.

પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા પ્રેમમૂલા હોવી જોઈએ. એટલે ચાર શુભ અનુષ્ઠાનોમાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરજીએ પહેલું અનુષ્ઠાન પ્રીતિ-અનુષ્ઠાન

બતાવ્યું છે ! ભક્તિ-અનુષ્ઠાન પછી, પહેલું પ્રીતિ-અનુષ્ઠાન છે. પ્રીતિ એટલે પ્રેમ ! નિરપેક્ષ પ્રેમ ! જ્યાં નિરપેક્ષ પ્રેમ હોય ત્યાં આપવાનું જ મન થાય. આવું કંઈક કહી શકાય પ્રભુને-

મારું મન ચાહે છે કે તને કંઈક આપું.. ભલેને તને એની જરૂર ન હોય ! જ્યારે મને તારાં દર્શન થયાં, અંધારામાં ગાઢ નિર્જન વનમાં તું એકલો એકલો ફરતો હતો ત્યારે તારા માર્ગમાં એક દીવો પ્રગટાવવાની મને ઇચ્છા થઈ હતી... ભલેને તને એની કશી જરૂર ન હોય !

મેં જોયું કે બજારમાં માણસો તને ગાળો દે છે, તારા શરીર પર ધૂળ-કાંકરી ઉડાડે છે, છતાં આવા અપમાનના મારગ વચ્ચે પોતાના સૂરમાં નિમગ્ન એવી તારી વીણા નિત્ય બજી રહી છે, તે વખતે તારી ડોકમાં વરણમાળા પહેરાવવાની મને ઇચ્છા થઈ હતી, ભલેને તને એની કશી જરૂર ન હોય !

લોકોનાં ટોળેટોળાં આવે છે અને વિધવિધ ભાષાઓમાં વિધવિધ કલરવ કરી તારી સ્તુતિનાં સ્તોત્રો રચે છે. ભિક્ષા આપવા તારા દ્વારે વારંવાર આઘાત કરે છે, તે વખતે મને ઇચ્છા થઈ કે વિના મૂલ્યે મને તારાં ચરણોમાં દઈ દઉં, ભલેને તને એની કશી જરૂર ન હોય !

આપણી પાસે આવા કોઈ હૃદયના ભાવો છે, એ પ્રભુને સમર્પિત કરવાના છે. આપણો પ્રેમ આપણને વારંવાર પ્રભુ પાસે લઈ જાય છે. પ્રભુનું ભાવસાંનિધ્ય કર્મોનો નાશ કરવામાં અને દોષોનો ક્ષય કરવામાં અણમોલ ઉપાય છે.

આપણો પરમાત્મપ્રેમ સાચો હશે, નિરપેક્ષ હશે તો તે નિરંતર વૃદ્ધિ પામશે. પ્રેમનો સ્વભાવ વધવાનો છે. આ પ્રેમને સમજવા મહાન શ્રાવિકા સુલસાને યાદ કરીએ ! સુલસાનો ભગવાન મહાવીર પ્રત્યેનો પ્રેમ કેવો વર્ધમાન હતો ! વર્ધમાન પરનો પ્રેમ વર્ધમાન હતો. જ્યારે ભગવાને અંબડ

પરિવ્રાજકની સાથે સુલસાને ધર્મલાભ કહેવરાવ્યા ત્યારે અંબડને આશ્ચર્ય થયું હતું. સુલસાના પ્રભુપ્રેમની પરીક્ષા લેવાનું તેણે નક્કી કર્યું ને રાજગૃહી પહોંચીને તેણે પરીક્ષા પણ લીધી. કથા આપણે જાણીએ છીએ. પણ એક વાત કદાચ તમારા ધ્યાનમાં નહીં આવી હોય ! જ્યારે અંબડે સુલસાને પૂછ્યું કે 'દેવી ! બ્રહ્મા, વિષ્ણુ ને મહેશને જોવા તું ન આવી તે તો સમજાય એવી વાત છે. પણ તીર્થંકરના રૂપને જોવા પણ તું ન આવી તે વાત ન સમજાણી.' ત્યારે સુલસાએ કહેલું : 'હે દેવાનુપ્રિય, ભગવાન મહાવીર તો હમણાં ચંપામાં વિચરે છે. પ્રભુ જો રાજગૃહીમાં પધાર્યા હોય તો મને રોમાંચ થયા વિના રહે નહીં ! તીર્થંકર પધાર્યાનું પડોશીઓ પાસેથી સાંભળ્યા પછી મને રોમાંચ થયો નહીં ! તેથી હું આવી નહીં.' સુલસાનો ભગવાન પ્રત્યેનો આ અગાધ પ્રેમ જોઈને અંબડ થીજી જ ગયો. 'ખરેખર, ભગવાને આ શ્રાવિકાને ધર્મલાભ કહેવરાવ્યા છે તે યથાર્થ છે.' અંબડે સુલસાને કહ્યું : 'સુલસા, ભગવાન મહાવીરદેવે તને ધર્મલાભ કહેવરાવ્યા છે !' આ સાંભળીને સુલસાના રોમરોમ ખીલી ઊઠ્યાં. તેનું મુખ લાલ-લાલ થઈ ગયું. જે દિશામાં પ્રભુ વિચરતા હતા તે દિશામાં ૭-૮ પગલાં આગળ જઈને પ્રભુને ત્રણ ખમાસમણ દે છે.. સ્તુતિ કરે છે. અંબડ પરિવ્રાજક સુલસાના પ્રભુપ્રેમ પર વારી ગયો.

આપણી શી સ્થિતિ છે ? પ્રભુ આપણને વારંવાર યાદ આવી જાય કે યાદ કરવા પડે ? પ્રેમ હશે તો યાદ આવી જ જવાના... અને પ્રેમ નહીં હોય તો જરૂર પડે યાદ કરવાના. ખેર, આપણને નડતાં કર્મોના નાશ માટે અને દોષોના ક્ષય માટે પણ વારંવાર આપણે પરમાત્મા પાસે જઈએ ! ભાવાત્મક ભૂમિકાએ સાત રાજલોક ઉપર સિદ્ધશિલા પર બિરાજિત તીર્થંકર ભગવંતોને મળી શકીએ.. મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવંતોને વંદી શકીએ, સ્તવી શકીએ.

ક્યારેય વિશેષ પરિસ્થિતિમાં, વિકટ સ્થિતિમાં પણ પ્રભુનું સાંનિધ્ય મેળવી શકાય. હમણાં ગયા પર્યુષણાની વાત છે. સુરતમાં મારા એક પરિચિત પરિવારની છોકરીએ માસખમણ કર્યું. છોકરી પંદર વર્ષની અને ઉપવાસ

ત્રીસ ! ત્રીસમા ઉપવાસની રાત્રિમાં બે વાગ્યે તે ઊઠી. તેના દેરાસરમાં ગઈ. દેરાસરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો ફોટો હતો. તે ફોટો તેણે લીધો. ફોટો માથે લગાવી, છાતીસરસો ચાંપીને સૂઈ ગઈ. છોકરીના પિતાએ આ બધું બરાબર જોયું.

સવારે જાગીને એ છોકરી એના પિતાને કહે છે : 'પપ્પા, મારે ૩૦ ઉપવાસ થઈ ગયા. હવે બીજા પંદર ઉપવાસ કરવા છે.' પિતાએ કહ્યું : 'બેટી, પણ તું કરી શકીશ એટલા ઉપવાસ ?' છોકરી કહે છે : 'પપ્પા, હું ક્યાં કરવાની છું ? મારા શંખેશ્વર ભગવાન કરાવશે !'

'સાચી વાત છે બેટી, તને શંખેશ્વર ભગવાન સાથે પ્રેમ થઈ ગયો છે...' એના પિતાએ કહ્યું.

'હા, પપ્પા, તેઓ જ મને કહે છે કે તું બીજા ૧૫ ઉપવાસ કર. થઈ જશે.'

એ છોકરી ૪૪મા ઉપવાસના દિવસે પ્રભુની આગળ ખંજરી લઈને નાચી હતી ! એની માતાએ એને બેસાડી દીધી... સર્વત્ર આનંદ-મંગલ વરતાઈ ગયું.

આ રીતે નિરપેક્ષ વૃત્તિ, સંયમધર્મમાં પ્રબળ પુરુષાર્થ અને તે માટે પરમાત્મા સાથે પ્રીતિ બાંધવી... આટલી વાતો આપણે કરી. આ વાતો પર ચિંતન-મનન કરજો. આજે બસ, આટલું જ.

જીવનને જીવી તું જાણ !

यस्मिन् श्रुतिपथं प्राप्ते दृष्टे स्मृतिमुपागते ।
आनन्दं यान्ति भूतानि जीवितं तस्य शोभते ॥

જેનું વૃતાન્ત સાંભળીને તથા જેનું સ્મરણ કરવાથી જીવોને આનંદ થાય, એનું જીવન શોભે છે !

संबुज्झह किंन बुज्झह
संबोही खलु पेच्च दुल्लहा ।
णो हुवणमंति राइयो
नो सुलभं पुणरावि जीवियं ॥

આ જ જીવનમાં કંઈ સમજ ! કેમ સમજતો નથી ? મર્યા પછી પરલોકમાં બોધિની પ્રાપ્તિ થવી કઠિન છે. જેવી રીતે વીતેલી રાતો પાછી નથી આવતી તેવી રીતે ચાલી ગયેલું મનુષ્યજીવન ફરી હાથ નથી આવતું !

स जीवति गुणा यस्य धर्मो यस्य स जीवति ।
गुणधर्म - विहीनो यो निष्फलं तस्य जीवनम् ॥

જે ગુણવાન છે તે જ જીવે છે ! જે ધાર્મિક છે તે જ જીવે છે ! જેઓ ગુણહીન ને ધર્મહીન છે તેમનું જીવન નિષ્ફળ છે.

જીવન જીવવું અને જીવન જીવી જાણવું - આ બે વાત વચ્ચે ઘણું અંતર છે. નિર્ણય આપણે જ કરવાનો છે કે જીવવા ખાતર જીવીએ છીએ કે જીવન જીવી જાણવું છે ! જીવવા ખાતર જીવવું શ્વાસોચ્છ્વાસ લેવા-મૂકવા, એ તો સર્વસાધારણ જીવન છે. એવા જીવનનો કોઈ વિશેષ અર્થ નથી. આપણે આપણા સાધુજીવનમાં સવારે ઊઠીએ ને રાત્રે સંથારો કરીએ ત્યાં સુધીના દૈનિક જીવનનું વિહંગાવલોકન કરીએ તો ખબર પડે કે જીવન જીવવા ખાતર જીવીએ છીએ કે જીવી જાણીએ છીએ.

સવારે ઊઠ્યા. ઊઠતાં જ શ્રી નવકારમંત્રનું સ્મરણ કરીએ છીએ ને ? એ સ્મરણ વખતે પ્રમાદ કે અપ્રમાદ ? પ્રમાદ કે જાગૃતિ ?

પછી પ્રતિક્રમણ કરીએ છીએ. એ પ્રતિક્રમણમાં ઉપયોગ રહે કે અનુપયોગ ? મનોયોગ પ્રતિક્રમણમાં જોડાયેલો રહેને ? ક્રિયા બેઠાં બેઠાં કે ઊભા રહીને કરીએ ?

તે પછી પડિલેહણની ક્રિયા. પચાસ બોલ બોલીને વ્યવસ્થિત રીતે પડિલેહણ કરીએ ને ? કે કપડાં ઊંચા-નીચાં કરીને કામ પતાવી દઈએ ? હૃદયમાં જીવદયાનો ભાવ ઉલ્લસિત થાય ખરો ?

તે પછી દેરાસરે જઈએ છીએ. પ્રભુનાં દર્શન કરીએ છીએ. શું પ્રભુની દૃષ્ટિમાં આપણી દૃષ્ટિ મળે છે ? જ્યાં પ્રેમ હોય ત્યાં આંખો મળે ! સ્તુતિ-પ્રાર્થના બોલીને ચૈત્યવંદન કરવા માટે ઇરિયાવહિયા-સૂત્ર બોલીએ છીએ. એક લોગ્ગસનો કાઉસસગ્ગ કરીને ઉપર લોગસ્સ બોલીએ છીએ. એમાં છેલ્લું પદ આવે છે 'સિદ્ધા સિદ્ધિં મમ દિસન્તુ' એ બોલતાં ઉપયોગ રહે છે ? કઈ સિદ્ધિ ગમે છે ? સિદ્ધશિલાવાળી સિદ્ધિ કે કોઈ સુવર્ણસિદ્ધિ ?

દેરાસરેથી આવ્યા પછી જો નવકારશીનું પચ્ચક્ખાણ હોય તો પચ્ચક્ખાણ

પાળીને જે કંઈ ગરમ-ગરમ ગમતું ભાવતું આવ્યું હોય તેને ન્યાય આપીએ છીએ. ક્યારેક એમાં ખોટો સમય પણ પસાર થઈ જતો હોય છે. ઠંડા-ગરમનો વલોપાત થતો હોય છે.

તે પછી કંઈક ભણવા બેસીએ છીએ. પુસ્તક-નોટ-પેન સાથે થોડી રમત કરી લઈએ છીએ... એટલામાં કોઈ ભક્તો કે સ્વજનો આવી જાય એટલે પુસ્તક બાજુમાં મૂકી એમની સાથે મનગમતી વાતો કરી દિલ બહેલાવીએ છીએ.

વાતોમાં ને વાતોમાં 'પોરિસી'નો સમય આવી જાય એટલે પોરિસી ભણાવી પાત્રપડિલેહણ કરીએ છીએ. એ પાત્રપડિલેહણમાં જીવદયાનો ઉપયોગ રહે છે ખરો ? કે પછી પૂંજણી પાત્રાં ઉપર ફરે અને આંખો ચારે દિશામાં ફરે ?

વળી પાછા બીજાં કામકાજ કરીએ, ત્યાં ગોચરી જવાનો સમય થઈ જાય. ગોચરી લાવવામાં ૪૨ દોષોને ટાળવાની સાવધાની-જાગૃતિ ખરી ? લોકોને ધર્મ પમાડવાની ભાવના ખરી ? ગોચરી લાવ્યા પછી મુકામમાં કોણ ગ્લાન સાધુ છે ? કોણ તપસ્વી સાધુ છે ? કોણ બાલ મુનિ છે ? કોણ અભ્યાગત મુનિ છે ? વગેરે વિચાર કરીને પછી જ ગોચરી વાપરવા બેસીએ ને ? ગોચરી કરતાં રાગ-દ્વેષ ન થઈ જાય, નિંદા-પ્રશંસા ન થઈ જાય, એની સાવધાની રાખીએ ખરા ? ના રે ના...

તમે વિચારો. આપણી સમગ્ર દિનચર્યા કેવી અસ્તવ્યસ્ત અને નિરસ બની ગયેલી છે ? ગોચરી કર્યા પછી થોડો ૧-૨ કલાક આરામ કરવાનો... ! પછી બે-ચાર સાધુ ભેગા થઈએ તો અલકમલકની વાતો કરવાની. કોઈની નિંદા-પ્રશંસા કરવાની... વળી કોઈ અભ્યાસ ચાલતો હોય કે વાચના અપાતી હોય તો ત્યાં બેસવાનું. થોડું ભણી લીધું કે પાછું પડિલેહણ કરવાનું. જેમ તેમ પડિલેહણ પતાવીને વડીલ સાધુઓને વંદન કરવાનાં. વડીલ મુનિવરો

પ્રત્યે પૂજ્યભાવ હોય કે ન હોય, જાણે ટેક્સ ચૂકવતા હોઈએ તેમ વિધિપૂર્વક કે અવિધિથી વંદન કરી દેવાનું ! કોઈ શુભ ભાવ નહીં કે ભક્તિ નહીં.

પછી સાંજનું પ્રતિક્રમણ કરીએ છીએ. બેઠાં કે ઊભા ઊભા ? ઉપયોગથી કે અનુપયોગથી ? પાપોનો પશ્ચાત્તાપ થાય છે ખરો ? કહોને કે અમે પાપ કરતાં જ નથી ! અમે સાધુ-સાધ્વી છીએ. અમારે પાપ કરવાનાં જ ન હોય ! તો પછી દૈવસિક મિચ્છામિ દુક્કડં શાના દઈએ છીએ ? दुच्चिंतिअ दुब्भासिय दुच्चिट्ठियं શું છે ? ખોટા વિચારો, ખરાબ વાણી અને દુષ્ટ ચેષ્ટિત - એનો મિચ્છામિ દુક્કડં દઈએ છીએ ને ? એ વખતે દિવસભરમાં કરેલા ખોટા વિચારો, ખરાબ વાણી ને ખરાબ વર્તન યાદ આવે છે ?

પ્રતિક્રમણ પછી સૂત્ર સ્વાધ્યાય કરવાનો હોય છે. એક પ્રહર સ્વાધ્યાય કરીને પછી 'સંથારાપોરસી' ભણાવીએ છીએ. 'સંથારાપોરસી'ની ગાથાઓ સ્વસ્થતાપૂર્વક - ઉપયોગપૂર્વક બોલાય છે ખરી ? કે પછી ઝોકાં આવતાં હોય ને ગાથાઓ બોલાયે જતી હોય ? જલદી જલદી પોરસી ભણાવીને સૂઈ જવાનું !

આવું જ જો જીવન જીવવું હોય કે જે જીવનમાં ઉત્સાહનો ધબકાર નથી કે પરિષહોના પડકારો ઝીલવાની વાત નથી.. તો આવા ઓઘા તો અનંતવાર લીધા ને મૂક્યા... બધું વ્યર્થ ગયું છે.

* આપણી મોટામાં મોટી બે ભૂલો મને સમજાય છે.
* પહેલી ભૂલ છે આત્માની વિસ્મૃતિ.
* બીજી ભૂલ છે, જ્યાં જવાનું હતું તે મોક્ષની વિસ્મૃતિ.

બીજી ભાષામાં કહીએ તો અશુદ્ધ આત્મા ભુલાયો છે ને વિશુદ્ધ આત્મા પણ ભુલાયો છે. આત્મા જ ભુલાઈ ગયો છે. તમે વિચારો - સવારથી રાત્રે સૂઈ જઈએ છીએ ત્યાં સુધીમાં આત્માનું સ્મરણ ક્યાં રહે છે ? આત્માનું ધ્યાન ક્યાં થાય છે ? જે આપણે સ્વયં છીએ... એ આત્મા જ ભુલાઈ ગયો

आ. श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर

છે ! કંપનીની મૂળ મૂડી ખતમ થઈ જાય તો કંપની કેટલી ચાલે ? ઉઠમણું થઈ જાય ને ? એમ આપણી મૂળ મૂડી 'આત્મા' છે. આત્મા ખોવાઈ જાય તો આપણું ઉઠમણું થઈ જાય.

આપણે આત્માને ભૂલ્યા, આત્માની શુદ્ધિને ભૂલ્યા, આત્માની સિદ્ધિને ભૂલ્યા અને પ્રસિદ્ધિની પાછળ પાગલ બન્યા. આપણે પ્રસિદ્ધ બનવું છે અને આપણે ત્યાં અત્યારે પ્રસિદ્ધ થવાનો માર્ગ છે વ્યાખ્યાનનો. ખૂબ સરસ જોશભર્યું વ્યાખ્યાન આપે તેનું વ્યાખ્યાન વખણાય. તે વ્યાખ્યાતા પ્રસિદ્ધ થાય ને પૂજાય. એટલે શાસ્ત્રોના અધ્યયનનું લક્ષ પણ વ્યાખ્યાન બની ગયું.

વ્યાખ્યાન એટલે ધર્મકથા. 'ધર્મકથા' ક્યારે કરી શકાય ? પહેલાં સદ્‌ગુરુ પાસેથી સૂત્રવાચના લેવાની છે. પછી શંકા-સમાધાન કરવાનાં છે. ત્યાર બાદ નિઃશંક બનેલા સૂત્ર-અર્થનું પરાવર્તન કરી સ્મૃતિમાં ભરવાનું છે. તે પછી એ સૂત્રાર્થની અનુપ્રેક્ષા કરવાની છે. અર્થાત્ ચિંતન-મનન કરવાનું છે. જિનવચનોનું ચિંતન-મનન કર્યા પછી ધર્મકથા કરી શકાય. આપણે જિનવચનો પર ચિંતન-મનન કરીએ છીએ ખરા ? ના, વ્યાખ્યાન વાંચવાનું હોય એટલે છાપાં સાપ્તાહિકો અને માસિકપત્રો વાંચવાનાં.

પ્રશ્ન : એમાંથી લોકોને નવું નવું આપી શકાય ને ?

ઉત્તર : જિનવચનોના આધારે નવું નવું તત્ત્વજ્ઞાન ન આપી શકાય ? શું જિનવચનો જૂનાં થઈ ગયાં ? જીર્ણ થઈ ગયાં ? જે વક્તાઓ એવું માને છે તેઓ સ્વયં જીર્ણ થઈ જતા હોય છે. જિનવચનો તો સદૈવ તાજગીભર્યાં હોય છે. નિત્ય નૂતન હોય છે. પ્રત્યેક કાળે... તેતે સમયે બધું તત્ત્વજ્ઞાન તાજગીભરેલું જ હોય છે. જિનવચન ક્યારેય કરમાયેલું કે મુરઝાયેલું હોતું નથી. અલ્પજ્ઞ ને અલ્પ બુદ્ધિવાળા માણસો કાં તો જિનવચનને સમજતા નથી કે જિનવચનો પર શ્રદ્ધા નથી, માટે ચિંતન-મનન નથી, અનુપ્રેક્ષા નથી. આપણને એની જરૂર પણ નથી લાગતી.

પ્રશ્ન : જરૂર પદ અને પ્રતિષ્ઠાની લાગે છે !

ઉત્તર : હા, પદ જોઈએ છે. પદથી સ્ટેટસ વધતું લાગે છે. પદ માટે

શિષ્ય જોઈએ ! શિષ્ય મેળવવા બીજાં પ્રપંચોમાં પડવાનું અને એ બધાં પ્રપંચમાં ભવનિર્વેદ-સંસાર વૈરાગ્ય ક્યાં રહે ? ભવનિર્વેદ નહીં હોય તો ભવયાત્રામાં ભટકી જવાના. આપણે યોગની પહેલી દૃષ્ટિમાં પણ સ્થાન નહીં પામીએ. યોગદૃષ્ટિમાં નહીં, ઓઘદૃષ્ટિમાં નંબર લાગશે. ભલે કપડાં સાધુનાં પહેર્યાં હોય.

પદનો, પ્રતિષ્ઠાનો, પ્રસિદ્ધિનો મોહ ખતરનાક હોય છે. येन केन प्रकारेण प्रसिद्धो भवेत । ગમે તે રીતે પ્રસિદ્ધિ મેળવવી છે. પદ માટે શિષ્ય જોઈએ. શિષ્ય સીધેસીધો ન મળતો હોય તો પૈસાથી ખરીદવાનો. પૈસા માટે શ્રીમંત ભક્તો જોઈએ. શ્રીમંત ભક્તો બનાવવા માટે મંત્ર, તંત્ર અને જ્યોતિષનો સહારો લેવાનો ! પછી બહિર્ભાવનું તાંડવનૃત્ય ચાલુ થઈ જાય છે. શ્રમણજીવન છિન્નભિન્ન થઈ જાય છે. જીવન જિવાઈ જાય છે, પણ શ્રમણજીવન જીવી જાણવાનું બાકી રહી જાય છે. મન, વચન, કાયાના યોગો અસ્થિર, ચંચળ બની જાય છે. અસ્થિરતા - ચંચળતામાં ચારિત્ર નથી રહેતું.

'જ્ઞાનસાર'માં ચારિત્રની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે -

चारित्रं स्थिरतारुपमतः सिद्धेष्वपीष्यते ।
यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ।।

યોગની સ્થિરતારૂપ ચારિત્ર છે. એ હેતુથી સિદ્ધિને વિષે પણ ચારિત્ર કહેલું છે. માટે હે શ્રમણો ! આ જ સ્થિરતાની પરિપૂર્ણ સિદ્ધિ માટે અવશ્ય પ્રયત્ન કરો.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે કરેલી 'ચારિત્ર'ની આ વ્યાખ્યાને જરા વિસ્તારથી વિચારીએ.

જે સાધક આત્માનું અંતિમ લક્ષ્ય સિદ્ધ બનવાનું છે, એણે પોતાની સમગ્ર સાધનાના કેન્દ્રસ્થાને 'સ્થિરતા'ને રાખવી જોઈએ. તે માટે તેણે ત્રણે યોગોને ક્રમશઃ સ્થિર કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તેમાંય સર્વપ્રથમ

પાપપ્રવૃત્તિઓમાંથી કાયાને, વાણીને અને મનને પાછાં ખેંચી લેવાં જોઈએ. પાપપ્રવૃત્તિમાં ચાલી રહેલી મન-વચન-કાયાની અસ્થિરતાને દૂર કરવા માટે પુણ્યપ્રવૃત્તિમાં મન-વચન-કાયાને પ્રવૃત્તિશીલ બનાવવાં જોઈએ, અલબત્ત, પુણ્યપ્રવૃત્તિમાં પણ વાસ્તવિક આત્મસ્વરૂપની રમણતારૂપ સ્થિરતા નથી. ત્યાં પણ કાયાથી પુણ્યકાર્યો માટે દોડધામ, વાણીથી પુણ્યનો ઉપદેશ અને મનથી પુણ્યપ્રવૃત્તિના મનોરથો, યોજનાઓ વગેરે કરવું પડે છે. અંતે તેમાં પણ આત્મપ્રદેશો અસ્થિર બને છે, પરંતુ તે અનિવાર્ય છે. પાપપ્રવૃત્તિમાંથી મુક્ત થવા માટે પુણ્યપ્રવૃત્તિઓ સિવાય બીજો કોઈ માર્ગ નથી, જેમ ફુગ્ગામાંથી વાયુ કાઢી નાખવા માટે પાણી ભરવું પડે છે તેમ.

'પુણ્યપ્રવૃત્તિમાં પણ અસ્થિરતા છે, બાહ્યભાવ છે, માટે તે પણ ન કરવી જોઈએ,' જો આમ માનીશું તો અનાદિકાળથી પાપપ્રવૃત્તિમાં ટેવાયેલો આત્મા એકદમ પાપપ્રવૃત્તિ છોડી નહીં શકે. સીધો જ એ આત્મસ્વરૂપની રમણતામાં ચોવીસ કલાક પસાર નહીં કરી શકે. એ તો પાપપ્રવૃત્તિમાં રચ્યોપચ્યો રહેવાનો. માટે સાધકે તો પાપપ્રવૃત્તિઓમાંથી મુક્ત થઈ પુણ્યપ્રવૃત્તિમાં પરોવાયેલા રહી, વિશુદ્ધ આત્મસ્વરૂપમાં રમણતારૂપ સ્થિરતાનું લક્ષ્ય રાખી જીવન જીવી જાણવાનું છે.

વ્યાખ્યાન આપવાનું કર્તવ્ય બધા સાધુઓનું નથી હોતું. સમુદાયમાં એક-બે સાધુઓ જ વ્યાખ્યાન આપનારા હોય. વ્યાખ્યાન આપનાર સાધુમાં વચનલબ્ધિ હોવી જરૂરી હોય છે. આદેય નામકર્મ પણ જોઈએ. સુસ્વર નામકર્મ અને યશ:કીર્તિ-નામકર્મ જો સાથે જ ઉદયમાં હોય તો જિનવચનો લોકોને ખૂબ સારી રીતે પમાડી શકાય.

પહેલી વાત એ યાદ રાખવાની છે કે લોકો આધિ-વ્યાધિ અને ઉપાધિથી ત્રસ્ત છે. ભીતરથી બહુ દુ:ખી છે. તેમને અનેક ચિંતાઓ પજવે છે. કષાયો પીડે છે. આપણા હૃદયમાં એમના પ્રત્યે કરુણા હોવી જોઈએ. ભાવકરુણા વહેતી રહેવી જોઈએ. 'મારી પાસે ધર્મકથા શ્રવણ કરવા આવનારા જીવોને હું આર્ત્તધ્યાનમાંથી ધર્મધ્યાનમાં લઈ જાઉં. ઉન્માર્ગથી પાછા વાળી સન્માર્ગે-પ્રભુના માર્ગે લઈ જાઉં. અશુભ ભાવોમાંથી શુભ ભાવોમાં પ્રવર્તાવું.'

બીજી વાત એ યાદ રાખવાની છે કે આપણે ભાષણ કરનાર નથી. આપણે 'વ્યાખ્યાન' કરનારા છીએ. જિનવચનોની વ્યાખ્યા કરવાની છે. એટલે કે જિનવચનોને સરળ ભાષામાં લોકોને સમજાવવાનાં છે. એના અર્થ, ભાવાર્થ અને રહસ્યાર્થ કહેવાના છે. 'વ્યાખ્યા' કરતા રહેવાનું છે. 'ભાષણ'માં તો માત્ર બોલવાની વાત છે. 'भाष' ધાતુ ઉપરથી ભાષણ શબ્દ બન્યો છે. 'भाष' ધાતુનો અર્થ છે બોલવું. આપણે ગમે તેમ બોલવાનું નથી. જિનવચનોની વ્યાખ્યા સ્યાદ્વાદ શૈલીથી કરવાની છે. અનેકાન્ત દૃષ્ટિથી કરવાની છે.

મહત્ત્વની વાત છે ભાવકરુણાની. 'परदुःखविनाशिनी करूणा ।' 'હું બીજા જીવોનાં દુઃખો દૂર કરું, બીજા જીવોને શાંતિ આપું, શાતા આપું.' એક ક્ષણ પણ બીજા જીવને તમે શાતા-શાન્તિ પમાડો છો તો દેવલોકનું એક સાગરોપમ કાળનું સુખ તમે પામો છો. પાર્શ્વકુમારે એક નાગને શ્રી નવકારમંત્ર સંભળાવ્યો. નાગે માત્ર એ મંત્રના શબ્દો જ સાંભળ્યા. તેને શાતા મળી. મૃત્યુ સમયે શુભ ભાવ આવી ગયો. મરીને ધરણેન્દ્ર દેવ બન્યો. કેવી વંડરફૂલ વાત છે ! એક હિંસક પ્રાણીને પણ જો કરુણાથી દેવ બનાવી શકાય તો આપણી પાસે આવનારા તો અહિંસક ને દયાવાન લોકો હોય છે. આપણે તેમને દેવ નહીં, તો સાચાં ને સારાં શ્રાવક-શ્રાવિકા બનાવી ન શકીએ ? એ માટે ભાષણ નહીં પણ વ્યાખ્યાન કરવું પડશે. ધર્મકથા કરવી પડશે. ધર્મકથામાં ક્યારેય હલકું મનોરંજન ન કરો. હલકી કક્ષાનાં ઉદાહરણ ન આપો. હલકા પ્રકારના કટાક્ષ ન કરો. સેક્સની વાતો ન કરો. દેશકથા, રાજકથા કે સ્ત્રીકથા ન કરો.

આપણે ઉચ્ચતમ જિનશાસનનાં સાધુ-સાધ્વી છીએ. આપણે આપણી કક્ષાથી નીચે નથી ઊતરવાનું. આપણે બાવા-જોગી-સંન્યાસી નથી. આપણે સમિતિ-ગુપ્તિના ધારક સાધુ-શ્રમણ છીએ. માટે બોલવામાં ખૂબ જ કાળજી રાખવાની છે. આપણી વાણી સાંભળવા આવનાર જીવાત્માને શાતા, સ્વસ્થતા અને આત્મસમાધિ મળે, જીવન જીવવાનું સુંદર માર્ગદર્શન મળે, એ રીતે જ

બોલવાનું છે. તમે તત્ત્વજ્ઞાનની - ફિલોસોફીની વાતો પણ એવી રીતે રજૂ કરો કે સાંભળનારને સરળતાથી સમજાઈ જાય. એવી કથાઓનાં દૃષ્ટાંતોના માધ્યમથી વાતો સમજાવી શકાય. પ્રાચીન કથાઓ ઢગલાબંધ છે અને અર્વાચીન કથાઓ પણ પાર વિનાની છે. તે તે વાતને અનુરૂપ કથા કહેવી જોઈએ.

યાદ રાખો. વ્યાખ્યાનમાં શ્રોતાઓની મોટી સંખ્યાની અપેક્ષા ન રાખો. હા, વધુ ને વધુ લોકો ધર્મતત્ત્વને પામે એવી ભાવના જરૂર રાખવાની. અને પ્રબળ પુણ્યના ઉદયથી અને સુંદર ક્ષયોપશમના પ્રભાવે હજારો લોકો તમારા વ્યખ્યાનમાં ઉમટવા લાગે ત્યારે પ્રસિદ્ધિનો મોહ કે લૌકિક માનૈષણા સતાવી ન જાય તે માટે જાગ્રત રહેજો. પ્રસિદ્ધિ તમને સામાજિક પ્રાણી બનાવી દેશે. લોકો તમને પાંચ મિનિટ માટે પણ એકાંત નહીં આપે. તમારું જ્ઞાન-ધ્યાન ને અધ્યયન બંધ થઈ જશે.

તમે થોડાં શાસ્ત્રો ભણ્યા. તમે સંસ્કૃત-પ્રાકૃત ભાષા ભણ્યા. ન્યાયના ને વ્યાકરણના ગ્રંથો ભણ્યા. તમને બોલતાં આવડી ગયું. તમે સારા વક્તારૂપે પ્રસિદ્ધ થઈ ગયા. તમારા ૫૦/૧૦૦ શ્રીમંત ભક્તો થઈ ગયા.. એટલા માત્રથી આ સાધુજીવનની સાર્થકતા નથી, કે આરાધનાની પૂર્ણાહુતિ નથી. આપણે જ્ઞાનમાંથી ધ્યાનમાં જવાનું છે. આત્મધ્યાનમાં જવાનું છે. ધ્યાન તરફ આપણું ધ્યાન જ ગયું નથી. પેલું 'સ્થિરતારૂપ ચારિત્ર' ધ્યાનના માર્ગે જ પ્રાપ્ત થાય છે.

* મારે પરદ્રવ્યમાંથી સ્વદ્રવ્યમાં આવવું છે.
* મારે બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં આવવું છે.
* મારે અશુદ્ધમાંથી પરમ વિશુદ્ધ બનવું છે.

આવું કાંઈક આપણે સ્વંય નક્કી કરવું પડશે. ધ્યાનના માર્ગે ચાલવાનો આપણે સંકલ્પ કરવો પડશે. જે ધ્યાન-પ્રક્રિયામાં આપણું મન લાગી જાય એ ધ્યાનમાં મનને પરોવી દેવાનું. આ ધ્યાન અંગે જે સમજણ મેળવવી જરૂરી હોય તે સમજણ મેળવી લેવી જોઈએ. બધી માનસિક અકળામણો અને

વિમાસણો દૂર થઈ જશે. ઘણીબધી ઇચ્છાઓ, અપેક્ષાઓ ને કામનાઓમાંથી સહજતાથી છુટકારો થઈ જશે. આત્મભાવ નિર્મળ થશે. જીવન જીવવાની મજા આવશે. બાકી ગતાનુગતિક જીવન જીવવાનો કોઈ અર્થ નથી.

એક મહત્ત્વની વાત કહેવી છે. જ્ઞાન-ધ્યાનમાં લોકસંપર્ક ખૂબ જ બાધક ને ઘાતક હોય છે. એટલે અમારા દાદા ગુરુદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા લોકસંપર્કના સખત વિરોધી હતા. તેમણે તો પોતાના દીર્ઘ જીવનકાળમાં પોતાના અંગત ગણાય એવાં કોઈ ભક્તો બનાવ્યા જ ન હતા. તેઓ ગૃહસ્થો સાથે ઓછામાં ઓછી વાતો કરતા. ખપ પૂરતી જ વાતો કરતા. પોતાની નિશ્રામાં રહેલા સાધુઓને પણ લોકસંપર્કથી દૂર રાખતા હતા. તો જ તેઓ અનેક સાધુઓને ન્યાય, વ્યાકરણ, પ્રકરણો, કર્મગ્રંથ, કમ્મપયડી અને આગમગ્રંથોનું અધ્યયન કરાવી શક્યા. સારા વિદ્વાન સાધુઓ તૈયાર કર્યા.

વિ.સં. ૨૦૦૭-૮માં ૧૦-૧૫ યુવાનોની દીક્ષા અમારા પૂ. ગુરુદેવ પાસે થઈ હતી. અમારું પહેલું જ ચોમાસું મુંબઈ-લાલબાગમાં હતું. મારી દીક્ષા ભાગીને થયેલી. સંસારી સ્વજનો રિસાયેલાં હતાં. બધાં મુંબઈમાં જ ! કોઈ જ ઉપાશ્રયમાં મળવા કે વંદન કરવા ન આવે. એક વર્ષ સુધી આમ ચાલ્યું. પછી દાદા ગુરુદેવે મને મારા સંસારી ઘરે ગોચરી લેવા મોકલ્યો. હું ગયો. પછી તો સંસારી સ્વજનો આવતા જતા થઈ ગયા. પણ અધ્યયનના સમયે તેઓ આવતા તો પૂજ્ય દાદા ગુરુદેવશ્રી પ્રેમથી કહેતા - 'તમારે તમારા મહારાજને ભણવા દેવા છે કે અભ્યાસમાં વિક્ષેપ કરવો છે ? અત્યારે તમે વંદન કરવા જશો તો એમના અભ્યાસમાં વિક્ષેપ પડશે.' અમારાં સંસારી ભાઈ-ભાભી સમજદાર હતાં. જરાય નારાજ થયા વિના પાછાં ગયાં.

આમેય અમારી દીક્ષા પછી લગભગ ૬-૭ વર્ષ સુધી સવારથી સાંજ સુધી અભ્યાસ જ ચાલતો હતો. રાત્રે પણ ૧૧-૧૨ વાગ્યા સુધી સ્વાધ્યાય કરતા હતા. કોઈ જ લોકસંપર્ક નહીં, સ્વજનસંપર્ક નહીં, પત્રવ્યવહાર નહીં. પૂજ્ય દાદા ગુરુદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની છત્રછાયા હતી

અને પૂજ્ય ગુરુદેવશ્રીનું સુંદર પ્રશાસન હતું. પૂજ્ય પદ્મવિજયજી મહારાજનું પ્રેમભર્યું માર્ગદર્શન હતું.

વિ. સં. ૨૦૦૬થી ૨૦૧૦ સુધીમાં ઘણી દીક્ષાઓ થઈ હતી. અમે ૫૦-૬૦ સાધુઓ સાથે વિહાર કરતા હતા. જુદા જુદા ગામના સંઘો પોત-પોતાના ગામમાં ચાતુર્માસ કરાવવા, વિનંતી કરવા પૂજ્ય આચાર્યદેવ પાસે આવતા. ૫૦-૬૦ સાધુઓને જોઈને તેમને આશા બંધાતી કે 'બે-ત્રણ મુનિરાજ તો આપણને ચોમાસા માટે મળશે.' તેઓ ખૂબ આગ્રહભરી વિનંતી કરતા ત્યારે પૂજ્ય સાહેબજી કહેતા – 'તમારે જ્ઞાની-ધ્યાની સંયમી સાધુઓ જોઈએ છે ને ?' સંઘના આગેવાનો કહેતા - હા જી સાહેબ ! અમારે એવા જ સારા સાધુઓ જોઈએ. 'તો પછી થોડાં વર્ષ રાહ જુઓ. અત્યારે આ બધા સાધુઓને તૈયાર કરવામાં આવે છે. ચાર-પાંચ વર્ષમાં આ બધા સારા તૈયાર થઈ જશે.'

તેઓએ નવા ૨૫ સાધુઓને તૈયાર કર્યા હતા. આજે એ બધા સાધુઓ એ પરમ ઉપકારી ગુરુદેવોને કૃતજ્ઞભાવે યાદ કરે છે.

લોકસંપર્કથી બચવા અને જ્ઞાન-ધ્યાનમાં લીન બનવા માટે મારા અનુભવ મુજબ ગુજરાત કરતાં રાજસ્થાન વધારે અનુકૂળ ક્ષેત્ર છે. રાજસ્થાનનાં ગામ-નગરોમાં લોકોની ઉપાશ્રયોમાં અવર-જવર ઓછી - નહિવત્ ! તમે સવારથી સાંજ સુધી ભણ્યા જ કરો... વાંચન કર્યા જ કરો. કોઈ અવરોધ નહીં.. હું લાગલગાટ ત્રણ વર્ષ રાજસ્થાનમાં રહ્યો હતો. ઘણું વાંચ્યું હતું ને ઘણું લખ્યું હતું. વ્યાખ્યાનના સમયે વ્યાખ્યાન પણ આપતો હતો.

આજની આપણી મહત્ત્વની વાત છે જીવન જીવી જાણવાની. તે માટે ઘણી વાતો આજે કરી છે. વિચારજો એ બધી વાતોને. આજે બસ, આટલું જ.

ધર્મકથા/વ્યાખ્યાન

[આજે વાચનામાં વ્યાખ્યાન અંગે વાત કરી છે, તે અંગે થોડું શાસ્ત્રીય માર્ગદર્શન આપી દેવું ઉચિત લાગે છે. તેથી અહીં 'પ્રશમરતિ' ગ્રંથના આધારે લખ્યું છે.]

आक्षेपणीं विक्षेपणीं विमार्गबाधन-समर्थ-विन्यासाम् ।
श्रोतृजन-श्रोत्रमनः प्रसादजननी यथा जननीम् ।। १८२ ।।
संवेदनीं च निर्वेदनीं च धर्म्यां कथां सदा कुर्यात् ।
स्त्री-भक्तचौरजनपदकथाश्च दूरात् परित्याज्या : ।। १८३ ।।

હે મોક્ષમાર્ગના પથિકો, સંસાર પ્રત્યેના વૈરાગ્યને તમારે સદૈવ વર્ધમાન રાખવો હોય, અવિચ્છિન્ન રાખવો હોય, તત્ત્વજ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવી હોય, તત્ત્વજ્ઞાનના અતલ ઊંડાણમાં ડૂબકીઓ મારવી હોય અને તમારા સમ્યગ્દર્શનને સુદૃઢ તથા ઉજ્જ્વલ બનાવવું હોય તો પ્રતિદિન ધર્મકથા કરતા રહો.

ધર્મકથાની ભાષા એવી જોઈએ કે શ્રોતાઓનાં કાન અને મન ઉલ્લસિત બને. ધર્મોપદેશ કર્ણપ્રિય જોઈએ. મનને પ્રફુલ્લિત કરનાર જોઈએ. એક માતા પોતાનાં બાળકોને જેટલા પ્રેમથી અને વાત્સલ્યથી વાતો કહે એટલા પ્રેમથી, એનાથીય વધારે વાત્સલ્યથી તમારે ધર્મોપદેશ આપવાનો છે. તમારી વાણીમાં કટુતા કે કર્કશતા ન આવી જવી જોઈએ. શ્રોતાઓને એ પ્રતીતિ થવી જોઈએ કે અમારા પ્રત્યે અપાર કરુણા અને વાત્સલ્ય ધરાવીને, અમારા હિત માટે આ મહાત્મા અમને ધર્મોપદેશ આપે છે.

ધર્મોપદેશના મુખ્ય ચાર પ્રકાર છે :

૧. આક્ષેપણી ધર્મકથા   ૨. વિક્ષેપણી ધર્મકથા

૩. સંવેદની ધર્મકથા   ૪. નિર્વેદની ધર્મકથા

ધર્મોપદેશ આપતાં ખૂબ કાળજી, ચીવટ અને જાગૃતિ રાખવાની છે. સંસારમાં રહેલા જીવોને મોક્ષમાર્ગ તરફ આકર્ષવા, એ માર્ગે ચઢાવવા, ચલાવવા અને એમના આંતર ઉત્સાહને ટકાવી રાખવા મુનિજનો ઉપરની ચાર ધર્મકથા કરતા રહે.

આક્ષેપણી-ધર્મકથા :

તમારે શ્રોતાઓની અભિરુચિ સમજવી જોઈએ. જો શ્રોતાઓ વીર રસને પસંદ કરતા હોય તો તમારે ધર્મકથાનો પ્રારંભ કોઈ વીરરસપોષક કથાથી કરવો જોઈએ. જો શ્રોતાઓનો સમૂહ શ્રૃંગારરસ કે અદ્ભુત રસની અભિરુચિવાળો હોય તો તમારે તેને રસના પ્રવાહમાં શ્રોતાઓને લઈ જવા જોઈએ, કે જેથી તેઓ આળસ, કંટાળો અને થાક ખંખેરીને તમારી તરફ અભિમુખ બની જાય. તમારી કથામાં-ધર્મોપદેશમાં તેમની રસવૃત્તિ જાગ્રત થાય. આક્ષેપણનો અર્થ છે આવર્જન ! શ્રોતાઓને સર્વપ્રથમ આવર્જિત-આકર્ષિત કરવા જોઈએ.

વિક્ષેપણી-ધર્મકથા :

શ્રોતાઓ જ્યારે તમારી વાણીના પ્રવાહમાં વહેવા લાગે ત્યારે તમે વૈષયિક સુખોની નિઃસારતાનું, વૈષયિક સુખ-ભોગનાં દારુણ પરિણામનું અને સંસાર-પરિભ્રમણની દુઃખદાયિતાનું એવું વર્ણન કરજો કે શ્રોતાઓનાં હૈયાં હચમચી ઊઠે. વૈષયિક સુખો પ્રત્યે તીવ્ર વૈરાગ્યભાવ જન્મી જાય.

એવી રીતે, તે તે કાળમાં પ્રવર્તતા ઉન્માર્ગોનું એવું કલાત્મક રીતે ખંડન કરવું જોઈએ કે શ્રોતાઓના હૃદયમાંથી ઉન્માર્ગોનો રાગ ધોવાઈ જાય અને સન્માર્ગનો પક્ષપાત સ્થાપિત થઈ જાય. 'આ ધર્મકથાકાર મુનિરાજ પોતાના ધર્મના પક્ષપાતી છે અને અન્ય ધર્મોના નિંદક છે', આવો દુર્ભાવ શ્રોતાઓના હૃદયમાં ન આવી જાય એ રીતે 'વિક્ષેપણી' ધર્મકથા કરવાની છે. મિથ્યા વૈષયિક સુખોની સ્પૃહાને વિક્ષિપ્ત કરી નાખનારી, મિથ્યા ઉન્માર્ગોના આકર્ષણને વિક્ષિપ્ત કરી નાખનારી ધર્મકથા વિક્ષેપણી કહેવાય.

આ વિક્ષેપણી-ધર્મકથા કરતાં તમારા હૈયે શ્રોતાઓ પ્રત્યે માતાના જેવું વાત્સલ્ય જોઈએ. તમે અર્થ-સ્પૃહા અને કામલાલસાનું ધારદાર શબ્દોમાં ખંડન કરતા હો, છતાં શ્રોતાઓને તમારી વાણીમાં માતૃવાણીનો પ્રેમાળ

રણકો સાંભળવા મળે, તેમના કાનોને ગમી જાય અને એમના મનને આહ્‌લાદિત કરી જાય, એવી વાણીમાં ધર્મોપદેશ આપવાનો છે. સાથે સાથે વક્તાના હૃદયમાં વૈરાગ્યભાવ વૃદ્ધિ પામતો જાય, તત્ત્વબોધ સ્પષ્ટ અને ઊંડો બનતો જાય, શુભ ભાવોમાં ભરતી આવતી જાય, આ માટે ધર્મકથા કરવાની છે, માત્ર જનમનોરંજન કરવા માટે નહીં. વક્તાની પોતાની વૈષયિક સુખોમાં અનાસક્તિ વધતી હોય અને જિનવચનો આત્મસાત્ થતાં જાય, એ રીતે ધર્મકથા કરતા રહે.

સંવેદની ધર્મકથા :

શ્રોતાઓને વાસ્તવિક દુઃખોથી પરિચિત કરીને, ભયનું સંવેદન કરાવે તે સંવેદની ધર્મકથા કહેવાય.

સંસારની ચાર ગતિ છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. આ ચારમાંથી એકેય ગતિમાં સુખ નથી, શાન્તિ નથી. નર્યું દુઃખ ભરેલું છે સંસારની એકેએક ગતિમાં.

* નરકગતિમાં જીવોને ઘોરાતિઘોર વેદનાઓ સહેવી પડે છે. ભયાનક ગરમી અને અસહ્ય ઠંડી ! નિરંતર શરીરનાં છેદન-ભેદન ! નિરંતર વેદના જ વેદના. એક ક્ષણ પણ વેદના વિનાની પસાર ન થાય. આવી રીતે ઓછામાં ઓછાં દસ હજાર વર્ષ તો પસાર કરવાં જ પડે ! ઘોર હિંસા, તીવ્ર રૌદ્રધ્યાન આદિ કરવાથી નરકગતિમાં જન્મવું પડે છે.

* તિર્યંચયોનિમાં (પશુ-પક્ષી આદિ) પણ ઠંડી, ગરમી, ક્ષુધા, તૃષા, વાહન-તાડન-દમન-છેદન આદિ દુઃખોનો પાર નથી હોતો. પરવશપણે, પરાધીનપણે જીવનપર્યંત ઘોર ત્રાસ સહવાના હોય છે.

* મનુષ્યગતિમાં તો પ્રત્યક્ષ જોઈ શકાય છે દુઃખો અને વેદનાઓ. કોઈને અંધાપો છે, કોઈ લંગડા છે, કોઈ બહેરા છે, કોઈ ગાંડા છે, કોઈ જડ છે. અસંખ્ય રોગોથી પીડાતા, કણસતા કરોડો માનવો છે. જેઓને શારીરિક

દુ:ખો નથી તેઓ માનસિક અનેક દુ:ખો ભોગવતા હોય છે. પ્રિય-અપ્રિયના સંયોગ-વિયોગની ચિંતાઓ, નિર્ધનતા-દરિદ્રતાના વલોપાતો, શત્રુભય, રાજભય, આદિ ભયોનો ફફડાટ.. આ બધામાં ક્યાં છે સુખ ? ક્યાં છે શાન્તિ ?

* દેવગતિમાં પણ દુ:ખો હોય છે. તે દુ:ખો માનસિક હોય છે. મનમાં દુ:ખોની પીડાનો પાર નથી હોતો. બીજા દેવોનો વિશેષ વૈભવ જોઈને મન બળે છે. મોટા દેવોની આજ્ઞાથી અશ્વ, મયૂર, બળદ આદિ પશુઓનાં રૂપ કરવાં પડે છે. તેથી દુ:ખી થાય છે. દેવગતિનું આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્ય કે તિર્યંચના ભવમાં જવું પડે છે. તેની કલ્પના પણ દેવોને દુ:ખી કરે છે.

સંવેદની ધર્મકથા કરતાં શ્રોતાઓને સંસારથી વિરક્ત બનાવી દો. ચાર ગતિમાં ક્યાય સાચું શાશ્વત સુખ નથી, અનન્ત-શાશ્વત સુખ માત્ર મોક્ષમાં જ હોય છે. આ વાત શ્રોતાઓના દિલ-દિમાગમાં સારી રીતે દૃઢ કરી દો. ચાર ગતિનાં દુ:ખોની કલ્પના આવે અને માણસ ધ્રૂજી ઊઠે. ઊંડો વિચાર કરતો થઈ જાય. વૈષયિક સુખોમાં રાચવા-માચવાનું બંધ થઈ જાય.

નિર્વેદની ધર્મકથા :

એવી ધર્મકથા કરવાની કે શ્રોતાઓ પાંચ ઇન્દ્રિયોના વિષયોપભોગમાં અનાસક્ત બની જાય. બહાર સારા અને સુંદર દેખાતા વિષયોમાં તેમને ઉદ્વેગ ઉત્પન્ન થાય.

* વૈષયિક સુખો અલ્પકાલીન છે.
* વૈષયિક સુખોપભોગથી ક્યારે પણ તૃપ્તિ ન થાય.
* સ્ત્રીનો દેહ અનેક અશુચિ દ્રવ્યોથી ભરેલો છે.
* શરીરમાં ખણજ આવે, ને માણસ ખણી નાખે છે, ખણતાં તો આનંદ થાય છે પણ પછી બળતરા ઊઠે છે, તેમ મોહના ઉદયથી જીવાત્મા મૈથુન સેવી લે છે, પરંતુ પછી વાસનાની ઘોર બળતરા ઊઠતી હોય છે.

* સર્વે અનર્થોનું મૂળ મૈથુન સંજ્ઞા છે

* મૈથુન સેવનથી વીર્યહાનિ થાય છે, તેથી શરીરમાં અનેક રોગ જન્મે છે.

આ રીતે ચાર પ્રકારની ધર્મકથાઓ કરવાની છે. તેનાથી સ્વપરનો વૈરાગ્ય વૃદ્ધિ પામે છે. તત્ત્વબોધ સ્પષ્ટ થાય છે અને સંસારનાં પ્રપંચોથી બચી જવાય છે.

એક સાવધાની રાખવાની છે - વિકથાઓ કરવાથી દૂર રહેજો.

૧. સ્ત્રીકથા　　૨. ભોજનકથા

૩. ચોરકથા　　૪. દેશકથા

આ ચાર પ્રકારની વિકથાઓ, વિકૃતિઓને પોષનારી કથાઓ ક્યારેય નહીં કરવાની. સ્ત્રીઓનાં રૂપ-યૌવન-લાવણ્ય-વેષ-ભાષા-ચાલ ઇત્યાદિનાં વર્ણન નહીં કરવાનાં. ભોજન અંગેની વાતો અર્થાત્, ભોજ્ય અને પેય પદાર્થોની ચર્ચા નહીં કરવાની. ચોર લોકો આવી રીતે ધાડ પાડે છે; આવી રીતે તાળાં તોડે છે, ચોરીનો માલ આવી રીતે છુપાવે છે - વગેરે ચર્ચા નહીં કરવાની.

દેશકથા : આ દેશમાં ઘઉં વધારે થાય છે, આ દેશમાં ચોખા ખૂબ થાય છે, અમુક દેશમાં દૂધ નથી મળતું, આ દેશના શાસકો સારા છે, અમુક દેશના શાસકો ખરાબ છે - આવી વ્યર્થ વાતો ન કરવી જોઈએ.

જે મુમુક્ષુઓને વૈરાગ્યના મહાપંથે પ્રયાણ કરીને વીતરાગતા પ્રાપ્ત કરવી છે, તે મુમુક્ષોઓએ ધર્મકથા કરવામાં તત્પર રહેવું જોઈએ.

લોકવિરુદ્ધનો ત્યાગ કરો

लोकः खलु आधारः सर्वेषां ब्रह्मधारीणां यस्मात् ।
तस्माद् लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ॥

જે જનસમાજની નિશ્રામાં સર્વે સંયમી સ્ત્રી-પુરુષોને જીવન જીવવાનું છે, એ જનસમાજની ઉપેક્ષા ન જ કરાય. ચારિત્રધર્મની આરાધના કરનારાં સાધુ-સાધ્વીએ જનસમાજનું જ્ઞાનદૃષ્ટિથી મૂલ્યાંકન કરવાનું છે. એમણે સમજવાનું છે કે અમારી સંયમયાત્રાનો આધાર જનસમાજ છે. આમ સમજીને જનસમાજની રુચિ-અરુચિનો ખ્યાલ રાખવાનો છે. જેમ સાધુ લોકોને અપ્રિય આચરણ ન કરે, તેમ પોતાના સાધુજીવનની મર્યાદાઓનું યથાર્થ પાલન કરે.

– પ્રશમરતિ

देहो ना साधनको लोकाधीनानि साधनान्यस्य ।
सद्धर्मानुपरोधात्तस्माल्लोपकोऽभित्रमनीयः ॥१३२॥

સાધન વિના શરીર નથી અને સાધનો લોકાધીન છે. માટે સદ્ધર્મને અવિરુદ્ધ લોકનું અનુસરણ કરવું જોઈએ. જો સાધુ જનસમાજની અવગણના કરે તો એ જનસમાજ સાધુનો દ્વેષી-વિરોધી બની જાય. પછી એ સમાજ પાસેથી પોતાના શરીર માટેનાં સાધનો આહાર-ઉપકરણ-આવાસ પ્રાપ્ત ન થાય. તેથી શરીર રોગી કે અશક્ત બની જાય. એવું શરીર સંયમધર્મના પાલનમાં ઉપયોગી ન બને. તેથી સંયમધર્મની આરાધના અશક્ય બની જાય.

– પ્રશમરતિ

જ્યારે આપણે સમૂહમાં નગરના રાજમાર્ગો પરથી પસાર થઈએ છીએ, વરઘોડો હોય, રથયાત્રા હોય, ત્યારે આપણે ત્યાં એક પદ્ધતિ કે રિવાજ છે કે જિનશાસનનો જય બોલાવાય છે. કોઈ એક ભાઈ બોલાવે ને બીજા લોકો તેને ઝીલે.

જિનશાસનનો જય બોલનારા જિનશાસનને સમજે છે ખરા ? જય બોલે છે, પરંતુ જિનશાસનને ઓળખનારા ઘણા ઓછા લોકો છે. જિનશાસન વિશ્વનું તારણહાર એક અપૂર્વ તત્ત્વ છે. દુઃખોથી જીવોને મુક્ત કરનારું છે. સર્વ જીવોને સુખ આપનારું છે. સર્વ જીવોનું હિત કરનારું છે. આવા જિનશાસનનો જય હો એમ બોલવાનું છે. શાસન તો જય પામેલું જ છે, એ જયવંત જ છે. આપણે જય પમાડનારા કોણ ? આ વાત ખાસ સમજવાની છે.

જિનશાસન ચતુર્વિધ સંઘમાં રહેલું છે. જિનશાસન દ્વાદશાંગીમાં રહેલું છે. એ શાસનની આપણાથી કોઈ આશાતના-વિરાધના ન થઈ જાય અને એની પ્રભાવના કઈ કઈ રીતે થઈ શકે, એના ઉપાયો વિચારવા જોઈએ. આપણે જિનશાસનને આત્મસાત્ કરવાનું છે. આપણે એટલે કે સાધુ-સાધ્વીએ. આપણે જિનશાસનનો ગણવેશ-યુનિફોર્મ ધારણ કરેલો છે. શ્રાવક-શ્રાવિકા તો દેશ-કાળ મુજબ વસ્ત્રોમાં ફેરફાર કરે, આપણો યુનિફોર્મ એકસરખો વ્હાઇટ. વ્હાઇટ - શ્વેત વસ્ત્રો જે જુએ તો સમજી જાય કે આ જૈન સાધુ-સાધ્વી છે.

આપણાથી જિનશાસનની વિરાધના ન થઈ જાય. વિરાધનાથી કેવી રીતે બચવું ? જાણતાં-અજાણતાં વિરાધના ન કરી બેસીએ એની પૂરી કાળજી રાખવાની છે. આપણું બોલવાનું, ચાલવાનું, પરઠવવાનું, બીજા લોકો સાથેનો વ્યવહાર... વગેરે એવાં હોવાં જોઈએ કે આપણા ધર્મ પ્રત્યે, શાસન પ્રત્યે જૈન-અજૈનને નફરત ન થઈ જાય. અભાવ, અરુચિ-અણગમો ન થાય. સંસારમાં અજ્ઞાની જીવો જ ઘણા હોય. આપણા જ્ઞાની પુરુષોએ

એમની ખૂબ કાળજી રાખી છે. તે લોકો અધર્મ ન પામે, સાધુ-સાધ્વી પ્રત્યે નફરત કરનારા ન બને, એની કાળજી રાખવાની છે.

આપણા જીવનની બે પ્રવૃત્તિઓ અંગે આજે વિચારણા કરવાની છે. અત્યારે આ કાળે આ બે પ્રવૃત્તિઓ પ્રજામાં આપણા પ્રત્યે ઘૃણા ઉપજાવનારી બની છે. એ બે પ્રવૃત્તિઓમાં પહેલી પ્રવૃત્તિ છે સ્થંડિલની અને બીજી માત્રુ પરઠવવાની. પહેલાં આપણે સ્થંડિલ ભૂમિ અંગે વિચારીએ.

શાસ્ત્રોમાં જેવી સ્થંડિલ ભૂમિનાં વર્ણન આવે છે, એવી સ્થંડિલ ભૂમિ હવે નગરોમાં મળે જ નહીં, ગામડાંઓમાં પણ મળતી નથી. ખેતરોમાં હવે ખેડૂતોએ ઘર બાંધવા માંડ્યાં. એટલે ખેતરોમાં પણ સ્થંડિલ જઈ શકાય નહીં. અને ખેતર માલિકીનું હોય તો એના માલિકની રજા વિના ખેતરમાં પ્રવેશ કરાય નહીં. જો પ્રવેશ કરો તો મોટી આફત આવે. અમે પૂનામાં ચાતુર્માસ હતા ત્યારે એક મુનિરાજ આવી જ રીતે કોઈના ખેતરમાં સ્થંડિલ બેસી ગયા હતા. ખેડૂતે આવીને મહારાજને પકડ્યા. એમનો દાંડો, ઓઘો, કામળી ને કપડો લઈ લીધાં... સારું થયું કે ચોલપટ્ટો કાઢી ન લીધો. સાથે સાથે મહારાજની પાસે જ કરેલો સ્થંડિલ-મળ ઉપડાવીને બહાર ફેંકાવ્યો.

કેટલાંક સાધુ-સાધ્વી વહેલી સવારે જ્યારે માર્ગો સૂના હોય છે ત્યારે કોઈના બંગલાની બહાર સ્થંડિલ કરી આવે છે તો કોઈ રોડના કિનારે બેસી આવે છે, પરંતુ બંગલાવાળા કે માર્ગ પરથી અચાનક પસાર થનારા ગાડીવાળાઓ આ રીતે સ્થંડિલ બેઠેલા સાધુ-સાધ્વીને જુએ છે ને તેમના મનમાં ઘૃણા ઉત્પન્ન થાય છે. તેઓ આપણી નિંદા કરે છે અને આ રીતે સાધુ-સાધ્વીની નિંદા કરી જે પાપકર્મ તેઓ બાંધે, તેમાં પેલા ગમે ત્યાં સ્થંડિલ બેસી જનારાં સાધુ-સાધ્વી નિમિત્ત - કારણ - બને છે. પાપના ભાગી બને છે. એમનું બોધિબીજ કદાચ બળી જાય.

કેટલાંક સાધુ-સાધ્વી પ્યાલામાં-ટબમાં સ્થંડિલ કરીને પછી બહાર પરઠવવા જાય છે. હવે પહેલાંની જેમ ગામ બહાર ઉકરડા રહ્યા નથી. હવે તો મ્યુનિસિપાલિટીનાં મોટાં પીપ ક્યાંક ક્યાંક કચરાથી ભરેલાં પડેલાં હોય છે.

પણ સાધુ-સાધ્વી એમાં તો સ્થંડિલ નહીં જ નાખે... એ કોઈ બંગલા કે ઘરની બહાર ચોખ્ખી જગામાં નાખશે, કારણ કે સંયમવિરાધના ન થવી જોઈએ એવી એમની સમજણ હોય છે.

પરંતુ પ્રવચન-વિરાધના ન થવી જોઈએ, આ વાત સાધુ-સાધ્વીને સમજાવવામાં નથી આવતી. સંયમવિરાધનાના પાપ કરતાં આત્મવિરાધનાનું પાપ મોટું છે ને આત્મવિરાધનાના પાપ કરતાં શાસનવિરાધનાનું પાપ મોટું છે. ભલે સંયમવિરાધના કે આત્મવિરાધના થાય, પરંતુ શાસનવિરાધના તો ન જ થવી જોઈએ. એટલે કે આપણી એવી કોઈ પણ પ્રવૃત્તિ ન હોવી જોઈએ કે દુનિયાના લોકો જિનશાસનની - જૈનધર્મની નિંદા કરનારા બને, એમને જૈન સાધુ-સાધ્વી પ્રત્યે નફરત પેદા થાય.

એટલે એવી કોઈ જગાએ સ્થંડિલ ન જાઓ, અશુચિ ન ફેંકો કે જેથી લોકોને અણગમો થાય. આ કાળજી રાખવાની છે. એટલે ગામની બહાર સ્થંડિલ ભૂમિ ન મળતી હોય તો વાડામાં સ્થંડિલ જવાની વ્યવસ્થા કરવામાં આવે છે. પરંતુ હવે તો ભંગી લોકો પણ મેલું નહીં ઉપાડે. કાયદો આવ્યો છે. કોઈ માણસ પાસે મેલું ઉપડાવવાનું નહીં. પછી શું કરશો ? વાડા સાફ જ નહીં થાય તો ? આ પ્રશ્ન ગંભીરતાથી વિચારવો પડે એમ છે. સ્થંડિલ જવું અનિવાર્ય છે. હજુ ભોજન વિના ચલાવી શકાય પરંતુ સ્થંડિલને રોકી ન શકાય. વરસતા વરસાદમાં પણ સ્થંડિલ જવાની છૂટ આપવામાં આવી છે.

સો વાતની એક વાત છે. એવી રીતે સ્થંડિલ જવાનું કે કોઈ માણસને આપણા પ્રત્યે દ્વેષ, અણગમો કે અભાવ ન જાગે. કદાચ તમને સંયમમાં દોષ લાગે છે તો આલોચના-પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરી લેજો, પરંતુ શાસનવિરાધનામાં નિમિત્ત ન બનશો. જેમ ગોચરી-પાણીમાં અનિવાર્યરૂપે આધાકર્મી વગેરે દોષોનું સેવન શરૂ થઈ ગયું છે ને ? એમાં પાણી તો લગભગ બધે જ આપણા માટે બને છે, ઊકળે છે, ને આપણે લઈએ છીએ. સાંજની મોટા ભાગની ગોચરી આધાકર્મી કે મિશ્રદોષ વગેરે દોષોવાળી થઈ ગઈ છે.

વિહારોમાં રસોડાં ચાલે છે. ત્યાં તો શુદ્ધ આધાકર્મી જ ગોચરી લઈએ છીએ. આધાકર્મ વગેરે દોષોનું સેવન કરનારને સામાન્ય પ્રાયશ્ચિત્ત નથી આવતું, મોટું પ્રાયશ્ચિત્ત આવે છે. પણ દેશ-કાળ બદલાયા છે. એ મુજબ ગોચરી વગેરેમાં, ઉપાશ્રયમાં, વસ્ત્ર-પાત્રમાં સંયમવિરાધના આપણે સહજતાથી સ્વીકારી લીધી છે. એક માત્ર સ્થંડિલ અને માત્રુના વિષયમાં જ સંયમવિરાધનાનો ભય ઊભો રહેલો છે.

આપણે વહેલી સવારે ચાર-પાંચ વાગે વિહાર કરીએ છીએ. શું આપણે ઇર્યા સમિતિ પાળી શકીએ છીએ ? જીવદયાનો ભાવ અખંડ રહ્યો છે ? ત્યાં સંયમવિરાધના યાદ નથી આવતી. માત્રુ બાથરૂમમાં પરઠવતાં સંયમવિરાધના લાગે છે એટલે રાજમાર્ગ પર જઈને માત્રુ પરઠવે છે. પોળની વચ્ચે ચોકમાં જઈને માત્રુ પરઠવવાનું. રાજમાર્ગો પરથી કેટલા ને કેવા માણસો પસાર થતા હોય છે ? તેઓ જુએ કે આ જૈન સાધુ કે સાધ્વી રોડ પર પેશાબ નાખે છે, તો કેવો દુર્ભાવ પેદા થાય ? હવે લોકો પણ કોઈ બહાર રસ્તાની કિનારે પેશાબ કરવા બેસતા નથી. એ લોકો બાથરૂમમાં કે મુતરડીઓમાં જઈને પેશાબ કરે છે.

અમે ઇન્દોરમાં ચાતુર્માસ હતા ત્યારની વાત છે. અમે તો નવા બનેલા શાન્તિનગરના ઉપાશ્રયમાં હતા, પરંતુ સાધ્વીજીનો ઉપાશ્રય મુખ્ય બજારમાં છે. રોડ ૮૦ ફૂટથી વધારે પહોળો હશે. લોકોની સતત અવરજવર. ત્યાં રોડ ઉપર સાધ્વીજી માત્રુ પરઠવે અને ડોલો ભરીભરીને કાપનું પાણી પણ પરઠવે. એમને ઘણાં શ્રાવક-શ્રાવિકાઓએ ના પણ પાડી. પણ સાધ્વીજી માને ખરાં ? રોડ પર પાણી જલદી સુકાઈ જાય... એમાં જીવોત્પત્તિ ન થાય, આ દૃષ્ટિથી પરઠવતાં રહ્યાં. લોકોનો અભાવ વધતો ગયો. પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ. છેવટે ત્યાંથી સાધ્વીજીને વિહાર કરાવવો પડ્યો. લોકોમાં ઘણી નિંદા થઈ.

ઘણાં વર્ષો પૂર્વે અમે મુંબઈ ઘાટકોપરમાં દેરાસર લેનના ઉપાશ્રયમાં રહેલા હતા - સ્વ. દાદા ગુરુદેવની સાથે. અમે લગભગ ૫૦ સાધુ હોઈશું.

માત્રુ પરઠવવાની બીજી કોઈ જગા ન હતી. દેરાસરના કમ્પાઉન્ડની બહાર રોડ પર જ માત્રુ પરઠવવા જતા હતા. રોડ પણ માત્ર ૧૦-૧૨ ફૂટ પહોળો હતો. અને એ જ રોડ પર આગળ ખ્રિસ્તીઓનું ચર્ચ આવેલું છે. એટલે સાંજે પ્રેયરના સમયે એ માર્ગ પરથી અનેક ક્રિશ્ચિયન સ્ત્રી-પુરુષો પસાર થતાં. અમે લોકો તો આંખો મીંચીને માત્રુ પરઠવતા ત્યાં એક દિવસ એક ખ્રિસ્તી સ્ત્રીએ એની સાથેના પુરુષને કહ્યું - આ જૈન સાધુઓ કેવા ગંદા છે ? યુરીન રસ્તા પર નાખે છે ? આ લોકોનો ધર્મ કેવો ?

મેં આ શબ્દો કાનોકાન સાંભળ્યા. જઈને પૂજ્ય દાદા ગુરુદેવને વાત કરી. તરત જ પૂજ્ય ગુરુદેવે ઉપાશ્રયના ટ્રસ્ટીઓને બોલાવીને માત્રુ પરઠવવાની, ઉપાશ્રયના કમ્પાઉન્ડમાં જ, એક બાજુ કુંડી બનાવીને વ્યવસ્થા કરાવી. અલબત્, કુંડીમાં જલદી પાણી-પેશાબ સુકાય નહીં; પરંતુ એ સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. અમે ત્યાં રહ્યા ત્યાં સુધી કુંડીમાં જ પરઠવતા રહ્યા.

લોકો અધર્મ પામવા ન જોઈએ. ધર્મની નિંદા ન થવી જોઈએ. શાસનવિરાધના મોટું પાપ છે, આ વાત ખ્યાલમાં રહેવી જોઈએ.

હમણાં અમદાવાદમાં સોસાયટીઓમાં લોકો સાધુ-સાધ્વી માટે ફ્લૅટ આપતા નથી. વિરોધ કરે છે. કારણ કે સાધુ-સાધ્વી ગંદકી ફેલાવતાં હોય છે. લોકોને ગંદકી પસંદ નથી. ખરેખર તો આપણાથી લોકવિરુદ્ધ કોઈ વ્યવહાર થાય જ નહીં. જિનેશ્વરોની આજ્ઞા છે કે લોકવિરુદ્ધ પ્રવૃત્તિ ન કરવી. બધા સંયમીઓનો-સાધુ-સાધ્વીનો આધાર જ લોકો છે. એ લોકોને નારાજ કરે કેમ ચાલે ?

लोकः खलु आधारः सर्वेषां ब्रह्मचारीणां ।
तस्माद् लोगविरुद्धं धर्मविरुद्धं च सत्याज्यम् ।।

લોકવિરુદ્ધનો ત્યાગ તો જયવીયરાયસૂત્રમાં પણ માગીએ છીએ ને ? लोग विरुद्धच्चाओ અને આચરણ લોકવિરુદ્ધ કરીએ છીએ. એનું પરિણામ ખરાબ આવે છે.

વિ. સં. ૨૦૧૪ની પ્રાય: વાત છે. અમે અમદાવાદથી ખભાત તરફ વિહાર કર્યો હતો. પ્રાય: ૬-૭ સાધુ હતા. પહેલો જ મુકામ અમદાવાદની બહાર જમાલપુરમાં હતો. એ વખતે જમાલપુરમાં આણંદજી કલ્યાણજીના બ્લોક બંધાયેલા ન હતા. દેરાસર કે ઉપાશ્રય બન્યા ન હતા. અમને ખબર હતી કે એક ભાઈ પોતાના બ્લોકમાં સાધુ-સાધ્વીને ઊતરવાની જગા આપે છે. અમે ત્યાં ગયા. પેલા ભાઈને અમે કહ્યું અમારે ચાર-છ કલાક રોકાવું છે. સાંજે ચાર-પાંચ વાગ્યે તો અમે વિહાર કરવાના છીએ. એ ભાઈએ અમને જગા આપવાની ના પાડી, એ વાતનું દુ:ખ નહોતું થયું, પરંતુ જે કારણ બતાવ્યું તેથી ઘણું દુ:ખ થયું હતું.

આગલા જ દિવસે એક સાધ્વીજીએ એ ભાઈ સાથે ઝઘડો કર્યો હતો. તેથી એ ભાઈએ હવે કોઈ સાધુ-સાધ્વીને મારા બ્લોકમાં નહીં ઉતારું, તેવો નિર્ણય કર્યો હતો. એ ભાઈએ જે ભાષામાં વાત કરી હતી, તે ખરેખર દુ:ખ કરનારી હતી. અમે તો પછી બીજી જગામાં ઊતર્યા હતા. પરંતુ આ રીતે લોકો સાથે ઝઘડા કરવાથી વસતી દુર્લભ કરવાનું પાપ થઈ જતું હોય છે. આ મોટું પાપ છે. તમને લોકોને આ વાત સમજાશે ખરી ?

કોઈનીય સાથે દુર્વ્યવહાર નથી કરવાનો. આચાર્ય ભગવંત આર્ય સુહસ્તિના બે ગીતાર્થ સાધુઓને માર્ગ પર ભિખારી મળી ગયો. એણે કહ્યું - તમને જે ભિક્ષા મળી છે એમાંથી મને થોડી આપો. હું ખૂબ ભૂખ્યો છું. પેલા સાધુઓએ એને હડધૂત ન કર્યો કે સ્પષ્ટ ના પણ ન પાડી. એની સામે કરુણાથી ભરેલી આંખે જોયું અને મધ જેવા મધુર શબ્દોમાં કહ્યું - ભાઈ, આ ભિક્ષા અમે અમારા ગુરુદેવની આજ્ઞાથી લઈ જઈએ છીએ. એટલે ગુરુદેવની આજ્ઞા વિના આપી ન શકીએ. તું અમારી સાથે અમારા ગુરુદેવ પાસે ચાલ. તેમને યોગ્ય લાગશે તો તને આપશે.

પેલો ભિખારી સાધુઓની પાછળ પાછળ એમના સ્થાને ગયો. આચાર્ય દેવ આર્ય સુહસ્તિને ભિખારીએ ભોજન આપવા પ્રાર્થના કરી. આચાર્યદેવ વિશિષ્ટ જ્ઞાની હતા. એમણે ભિખારીના આત્માનું ભવિષ્ય જોયું. જ્ઞાનના

પ્રકાશમાં એ આત્માનું ઉજ્જ્વલ ભવિષ્ય દેખાયું. તરત જ ભિખારીને દીક્ષા આપી સાધુનો વેશ પહેરાવી ખાવા માટે બેસાડી દીધો. પેટ ભરીને ખવડાવ્યું. એ જ રાત્રે એ નવા સાધુના પેટમાં શૂળ ઉત્પન્ન થયું. આચાર્યદેવે સુંદર ધર્મઆરાધના કરાવી. એનું મસ્તક પોતાના ખોળામાં લઈ અંતિમ નિર્યામણા કરાવી. ભિખારીમાંથી સાધુ બનેલા એ આત્મામાં આચાર્યદેવ પ્રત્યે અપૂર્વ પ્રેમ જાગી ગયો. આચાર્યદેવ એના હૃદયમાં વસી ગયા. તેનું મૃત્યુ થયું અને એ જ આત્મા મગધદેશના રાજા કુણાલનો પુત્ર સમ્રાટ સંપ્રતિ બન્યો હતો.

પોતાના મહેલના ઝરૂખામાં બેઠેલા સંપ્રતિ રાજાએ એક દિવસ રાજમાર્ગ પરથી પસાર થતા આચાર્ય સુહસ્તિને જોયા. જોતાં જ રોમાંચ થયો. હર્ષ થયો. મેં આ ગુરુદેવને ક્યાંક જોયેલા છે - એના મનમાં ઊહાપોહ થયો અને પૂર્વજન્મ યાદ આવી ગયો. અહો, આ તો મારા ઉપકારી ગુરુદેવ છે. હું તો ભિખારી હતો. મને ખૂબ પ્રેમથી આમણે ભોજન આપ્યું હતું. મારા પર અપાર દયા કરીને મારા મૃત્યુ સમયે મને સમતા-સમાધિ આપી હતી. પૂર્વજન્મમાં બાંધેલો પ્રેમસંબંધ જાગ્રત થયો. સંપ્રતિ મહેલમાંથી ઊતરી રાજમાર્ગ પર આવ્યો. ગુરુદેવનાં ચરણોમાં ઢળી પડ્યો... ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો :

'ગુરુદેવ' મને ઓળખ્યો ? હું આપનો શિષ્ય...'

આર્ય સુહસ્તિએ જ્ઞાનના પ્રકાશમાં જોયું. 'ઓહો, આ તો એ ભિક્ષુકમાંથી બનાવેલો સાધુ કાળધર્મ પામીને આ સમ્રાટ સંપ્રતિ બન્યો છે.'

સંપ્રતિએ તો સુહસ્તિના ચરણે પોતાનું સામ્રાજ્ય ધરી દીધું હતું, કારણ કે સાચો પ્રેમ હતો. પ્રેમ હંમેશાં આપવાની ભાવના પેદા કરે છે. જેના પ્રત્યે પ્રેમ થાય તેને કંઈક આપવાનું મન થાય. આપીને મન રાજી થાય.

પરમાત્મા પ્રત્યે પ્રેમ છે, માટે આપણે ભક્તિભાવ સમર્પિત કરીએ છીએ.

સાધુ-સાધ્વી પ્રત્યે પ્રેમ છે માટે તેમની સેવા, ભક્તિ વૈયાવચ્ચ કરી આનંદિત થઈએ છીએ. સાધુ-સાધ્વી પ્રત્યે ગચ્છભેદ વિના, સમુદાયભેદ

વિના પ્રેમ હોવો જરૂરી છે. મૈત્રીભાવના હોવી જરૂરી છે. એમના સુખનો ને હિતનો જ વિચાર કરવાનો છે.

ગામમાં એક જ ઉપાશ્રય હોય. આપણે ઉપાશ્રયમાં ઊતર્યા હોઈએ ને તે પછી બીજા સમુદાયના કે બીજા ગચ્છના સાધુ આવે તો આપણે તેમને પ્રેમથી વેલકમ કરવા જોઈએ. તેમને ઊતરવાની જગા આપવી જોઈએ. સાંકડે-માંકડે પણ બેસાડી દેવા જોઈએ. અહીં જગા નથી, બીજે જાઓ... આવો જવાબ ન અપાય. એવી રીતે અભ્યાગત સાધુઓને ગોચરી-પાણીની પણ વિનંતી કરવી જોઈએ. એ લે કે ન લે, એમની મરજી. આપણે ઓફર કરવી જોઈએ.

આ સદ્‌વ્યવહાર છે. સારો આચાર છે. આ જ આપણી શોભા છે. જિનશાસનનો જય બોલનારા આપણે, જિનશાસનના સાધુ-સાધ્વીને ચાહી ન શકાય ? એમની સાથે સારો વ્યવહાર કરી ન શકીએ ? અરે, સાધુ-સાધ્વી જ નહીં, જિનશાસનનાં શ્રાવક-શ્રાવિકા સાથે પણ આપણે પ્રેમભર્યો વ્યવહાર રાખવાનો છે. એમની પણ આશાતના નથી કરવાની. એમની સાથે દુર્વ્યવહાર નથી કરવાનો.

એક લક્ષ્ય નિશ્ચિત કરો - કોઈ જીવ અધર્મ પામે એવું આચરણ મારે નથી કરવાનું કે એવું વચન મારે નથી બોલવાનું... શું શું કરવાથી લોકો અધર્મ પામે છે, આપણા પ્રત્યે દુર્ભાવવાળા બને છે, એટલું તો તમે સમજી શકો છો ને ? તમે સહુ ધીમંત છો. બુદ્ધિશાળી છો. ત્યાગી ને તપસ્વી છો. સંયમી ને ચારિત્રવંત છો. તમે તમારા સ્વભાવનું થોડું પરિવર્તન કરો તો કામ થઈ જાય. જિનશાસનનો જયજયકાર થઈ જાય.

મને તો આર્ય સુહસ્તિના પેલા બે મુનિરાજો ખૂબ ગમી ગયા ! ભિખારીએ એમની પાસે ભોજન-ભિક્ષા માગી, તો એ મુનિરાજોએ એને તરછોડ્યો નહીં ! એને ગુરુદેવ પાસે લઈ આવ્યા ! તો ગુરુદેવે એને દીક્ષા આપી... અંતિમ આરાધના કરાવી... એ ભિક્ષુકના હૃદયમાં જિનશાસન સ્થાપિત કરી દીધું ! બીજા જન્મમાં એ મહાન આત્મા જિનશાસનનો મહાન પ્રભાવક

બન્યો. સવાલાખ જિનમંદિરો બંધાવ્યાં અને સવા કરોડ જિનમૂર્તિઓ ભરાવી. ભારતમાં દૂર દૂર જૈન ધર્મનો પ્રચાર-પસાર કર્યો.

કોઈ જીવાત્માનો અનાદર નથી કરવાનો. કોઈ જીવાત્મા અધર્મ ન પામી જાય એની કાળજી રાખવાની છે. એ માટે આજે થોડી મહત્ત્વની વાતો કહી છે. સ્થંડિલ અને માત્રુ પરઠવવા અંગે કહેલી વાતો ધ્યાનમાં લેજો, નહીંતર બોધિ દુર્લભ થઈ જશે. ભવાંતરમાં ધર્મપ્રાપ્તિ નહીં થાય. ભટકી જઈશું. આ ભીષણ સંસારમાં સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયા એટલે મુક્તિ થાય જ નહીં. दंसणभट्ठस्स नत्थि निव्वाणं । આ વાત સમજીને સારી રીતે સંયમજીવન જીવવાનું છે.

આજ બસ, આટલું જ.

જ્ઞાનોપાસના કરો.

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विधते ।

આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કાંઈ નથી.

ज्ञानादेव ही संसार विनाशः नैव कर्मणा ।

જ્ઞાનથી જ સંસારનાં બંધન નાશ પામે છે, પ્રયત્નથી નહીં.

क्षमाशिफो धैर्यविगाढमूलश्चारित्रपुष्यः स्मृतिबुद्धिशाखः ।
ज्ञानद्रुमो धर्मफलप्रदाता नोत्पाटनं ह्यर्हति वर्धमानः ॥

ક્ષમા જેની જટા છે, ધૈર્ય જેનું ગહન મૂળ છે, ચારિત્ર જેનાં પુષ્પ છે, સ્મૃતિ ને બુદ્ધિ જેની શાખાઓ છે અને જે ધર્મરૂપી ફળ આપે છે, તેવું આ વર્ધમાન જ્ઞાનવૃક્ષ ઉખેડી નાખવા જેવું નથી.

णाणं णरस्स सारो ।

જ્ઞાન મનુષ્યજીવનનો સાર છે.

णाणं अकुसभूदं मत्तस्स हू चित्त हत्थिस्स ।

મનરૂપી ઉન્મત્ત હાથીને વશ કરવા માટે જ્ઞાન અંકુશ સમાન છે.

हयं नाणं कियाहीणं हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दढ्ढो धावमाणोअ अंधओ ॥

ક્રિયારહિત જ્ઞાન અને જ્ઞાનરહિત ક્રિયા સર્વથા વ્યર્થ થઈ જાય છે. જંગલમાં આગ લાગે ત્યારે ચુપચાપ ઊભેલો લંગડો અને ભાગદોડ કરતો આંધળો - બંને બળી મરે છે.

શ્રમણજીવનમાં બે પાસાં છે. એક આરાધના અને બીજું પ્રભાવના. આપણે શ્રમણજીવન સ્વીકારીએ છીએ એની સાથે જ આરાધનાનો પ્રારંભ થઈ જાય છે. સંયમધર્મની આરાધના માટે કેટલાંક કર્મોનો ક્ષયોપશમ અપેક્ષિત હોય છે. વિશેષ રૂપે મોહનીય કર્મનો ક્ષયોપશમ જરૂરી હોય છે. આપણને વિશુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ગમ્યા અને પામ્યા, એટલે દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ તો થયો જ છે. સાથે સાથે 'ચારિત્રમોહનીય' કર્મનો ક્ષયોપશમ પણ આવશ્યક છે. જો કે કર્મનો ક્ષયોપશમ થવાથી જ આપણને ચારિત્રધર્મની પ્રાપ્તિ થઈ છે. પરંતુ આપણે ખૂબ જ જાગ્રત રહેવું પડે એવું છે. આપણા કષાયો (ચારિત્રમોહનીય) સંજ્વલનથી ઉપર પ્રત્યાખ્યાનાવરણના ન બની જાય, અનંતાનુબંધી ન બની જાય. એટલે કષાયોની ખૂબ મંદતા રહેવી જોઈએ.

* આપણે હંમેશા ક્ષમાશીલ રહેવાનું છે.
* આપણે સદૈવ વિનમ્ર રહેવાનું છે.
* આપણે નિરંતર સરળ રહેવાનું છે.
* આપણે કાયમ નિર્લોભી રહેવાનું છે.

આપણને ક્ષમાશ્રમણ કહેવામાં આવ્યા છે. આપણને લોકો જે વંદના કરે છે, તે વંદનાના સૂત્રમાં 'इच्छामि खमासमणो ।' કહીને વંદના કરે છે. ખમાસમણનો અર્થ જાણો છો ને ? આપણે હંમેશાં ક્ષમા જ રાખવાની છે. આપણા પ્રત્યે પ્રેમ-ભક્તિ રાખનાર પ્રત્યે ક્ષમા, તેવી રીતે આપણા પ્રત્યે દ્વેષ-ધિક્કાર વરસાવનાર પ્રત્યે પણ ક્ષમા રાખવાની છે. આ ક્ષમાનો ગુણ, ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમને અવલંબે છે.

જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ ઓછો હોય તો ચાલે. થોડું મતિજ્ઞાન અને થોડું શ્રુતજ્ઞાન હોય તો ચાલી જાય, કારણ કે ગુરુ જ્ઞાની હોય એટલે શિષ્યને બહુ ચિંતા કરવાની ન રહે. ગુરુની આંગળી પકડીને ચાલવાની

સમજ હોવી જોઈએ. મોહનીયનો ક્ષયોપશમ હોય એટલે સદ્‌ગુરુ ગમે. સદ્‌ગુરુની પ્રેરણાઓ ગમે. જે આત્માનો મોહનીય કર્મનો ક્ષયોપશમ હોય, જેના કષાયો સંજ્વલનના - મંદ કષાયો હોય, તે આત્માને સમ્યગ્‌જ્ઞાન પ્રાપ્ત કરવાનું ગમે. ભલે જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ મંદ હોય, છતાં એ જ્ઞાનપ્રાપ્તિનો પુરુષાર્થ કરતો જ રહે. અને ખરેખર, આપણે ચારિત્રધર્મની સુંદર આરાધના કરવી છે તો જ્ઞાની બનવું જ પડશે. આપણે જ્ઞાનમાં જ આપણી તૃપ્તિ શોધવી પડશે. જ્ઞાનપ્રાપ્તિમાં જ તૃપ્તિના ઓડકાર આવવા જોઈએ. 'જ્ઞાનસાર'માં સાધુ માટે કહ્યું છે ને ? 'ज्ञानतृप्तो निरंजनः ।' કર્મોમાં અંજન વિનાના શ્રમણ, ખમાસમણ, જ્ઞાનમાં જ તૃપ્તિ અનુભવે. કર્મોનાં અંજન વિનાના એટલે મોહનીય કર્મની પ્રબળતા વિનાના - એ અર્થ સમજવાનો છે. અત્યારે ટોટલી આપણે નિરંજન-કર્મરહિત હોઈ ન શકીએ.

તમને કેટલી ગાથાઓ યાદ રહે છે એ મહત્ત્વનું નથી, પણ તમે કેટલા કલાક ગાથા ગોખવાનો પુરુષાર્થ કરો છો, એ મહત્ત્વનું છે. તમે વિનય-નમ્રતાપૂર્વક ગુરુચરણે બેસી જ્ઞાનપ્રાપ્તિનો પુરુષાર્થ કરે જાઓ છો, તો તમે આરાધક છો. એટલે દીક્ષા લેવા માટે તત્પર ભાઈ-બહેનોને પહેલાં પૂછવું જોઈએ કે તમને ભણવાનું ગમશેને ? અહીં તો દિવસ-રાતના ૨૪ કલાકમાં ૧૫ કલાક ભણવાનું છે. જો દીક્ષા લેનાર હા પાડે તો જ દીક્ષા આપવાની. પણ મને એક સાધ્વીજી કહેતાં હતાં કે જો અમે વધુ સમય અભ્યાસ કરીએ એ તો વડીલો કહે છે - આખો દિવસ ભણ-ભણ શું કરે છે ? તારે વ્યાખ્યાન આપવાનું છે ? આ પાતરાં રંગવાના છે, આ ઓઘાની દસીઓ વણવાની છે. આ બધાં કામ કોણ કરશે ? આવું જો કહેવાતું હોય તો કહેનાર જ્ઞાનાવરણ કર્મ બાંધે છે. જ્ઞાનની ઉપેક્ષા એટલે સંયમની ઉપેક્ષા છે. જ્ઞાનપ્રાપ્તિ સિવાય બીજું બધું વ્યર્થ છે. માટે ગુરુઓ હંમેશાં પોતાના શિષ્યોને જ્ઞાનમાર્ગમાં પ્રવર્તાવે. શિષ્યોની યોગ્યતા તપાસે. એમનો ક્ષયોપશમ જુએ. એ જોઈને તે તે સંયમયોગમાં એને પ્રવર્તાવે. એક લાકડીએ બધાને ન હંકારાય. ગુરુ જ્ઞાની જોઈએ. તો જ શિષ્યોનો ચારિત્રધર્મની આરાધનામાં

વિકાસ થાય. અભ્યાસમાં, અધ્યયનમાં પણ શિષ્યને કયા વિષયમાં વિશેષ અભિરુચિ છે, વિશેષ ક્ષયોપશમ છે, તે તપાસીને તે તે વિષયનું અધ્યયન કરાવે.

સંસારમાં આપણે જોઈએ છીએને કે વિદ્યાર્થીને અન્જિનિયરિંગમાં રસ હોય ને એનાં મા-બાપ એને સાયન્સમાં ધકેલે અથવા સાયન્સમાં રસ હોય ને આર્ટ્સમાં મૂકી દે, તો એ વિદ્યાર્થીનો વિકાસ નથી થતો. એનો રસ અને એનો ક્ષયોપશમ જે વિષયમાં હોય, એ વિષયમાં એ અભ્યાસ કરે તો એનો વિકાસ થાય.

બીજી વાત છે વિકથાઓના રસની. વિકથાઓ કરવાનો રસ, જ્ઞાનપ્રાપ્તિના પુરુષાર્થમાં અવરોધક છે. સંસારરસિક લોકોનો વધુ પડતો સંપર્ક, રાગી-દ્વેષી લોકોનો વધુ પરિચય આપણી જ્ઞાનયાત્રામાં બાધક બને છે. એ લોકો વિકથાઓ જ કરવાના. આ વિકથાઓ આપણી જ્ઞાનોપાસનાને ચૂંથી નાખે છે. પણ આપણને જ્ઞાન કરતા ભક્તજનો વધારે પ્રિય છે. એટલે ગમે ત્યારે ભક્ત આવે એટલે બધાં કામ પડતાં મૂકી એની સાથે વાતો કરવાની. એને નારાજ નહીં કરવાનો. ભલે ભણવાનું બગડે કે અટકે.

એક સાધુને એના ગુરુમહારાજ રાત્રે સ્વાધ્યાય કરવાનું કહે તો એને ઊંઘ આવી જાય છે, પણ જો રાત્રે એનો ભક્ત યુવાન આવીને બેસે છે તો દોઢ કલાક ગપ્પાં મારે છે. ઊંઘ નથી આવતી. જો કે વિકથાઓ કરવા કરતાં ઊંઘી જવું વધુ સારું છે. ઊંઘવામાં તમારા એકલાનું અહિત થાય છે, જ્યારે વિકથા કરવામાં બીજાનું પણ અહિત થાય છે.

ખરી વાત તો એ છે કે બધાં સાધુ-સાધ્વીને, સંસારી લોકો સાથે વાતો કરવાની જ નથી. કોઈ લેવડ-દેવડનો વ્યવહાર કરવાનો નથી. એ બધું તમારા ગુરુમહારાજને કરવા દો. તમે તમારા જ્ઞાન-ધ્યાનમાં તત્પર રહો. શાસનપ્રભાવક બનવાની ઉતાવળ ન કરો. પહેલાં આરાધક બનો. આત્માની ઓળખાણ કરી, આત્મભાવમાં રમણતા કરી લો. બધા સાધુઓ પ્રભાવક ન બની શકે. પ્રભાવક બનવા માટે તો પ્રચંડ પુણ્યકર્મોનો ઉદય જોઈએ.

* આદેય નામકર્મનો ઉદય જોઈએ.
* યશકીર્તિ નામકર્મનો ઉદય જોઈએ.
* વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ જોઈએ.
* શાતા-વેદનીય કર્મનો ઉદય જોઈએ.
* સુસ્વર નામકર્મનો ઉદય જોઈએ.

અને આવાં બીજાં પણ પુણ્યકર્મના પ્રભાવક બનવું જોઈએ. તમે જો આવાં કર્મો લઈને જન્મ્યા હશો તો જરૂર પ્રભાવક બની શકશો. અલબત્ત, એ પુણ્યકર્મો એના નિશ્ચિત સમયે જ ઉદયમાં આવતાં હોય છે. એ ઉદયમાં આવે એટલે તમારો યશ ફેલાવાનો. તમારી વાહવાહ થવાની. તમારી પ્રશંસાનાં પુષ્પો વેરાવાનાં. એ વખતે જો તમે આત્મજ્ઞાની નહીં હો, ગુણસંપન્ન નહીં હો, ચારિત્રવંત નહીં હો તો પેલી પ્રશંસા તમને માનકષાયના ઊંડા કૂવામાં ધકેલી દેશે.

માટે સર્વપ્રથમ તમે તમારા ચારિત્રધર્મમાં સ્થિર બનો. એ સ્થિરતા પ્રાપ્ત કરવાનો ઉપાય છે જ્ઞાનોપાસના. વાચના, પૃચ્છના, પરાવર્તના અને અનુપ્રેક્ષા - આ ચાર અંગોની આરાધના કરતા રહો. તત્ત્વોના ચિંતન-મનનમાં જો મજા આવી ગઈ તો ફાવી ગયા સમજો. પવિત્ર આગમગ્રંથોમાં અને પૂર્વાચાર્યોના રચાયેલા અનેક ગ્રંથોમાં અદ્‌ભુત તત્ત્વજ્ઞાન ભરેલું પડેલું છે. તમે એમાંથી જીવનપર્યંત જ્ઞાન મેળવ્યા જ કરો. ચિંતન-મનનનું વલોણું કરતાં જ રહો. તમને અમૃતની પ્રાપ્તિ થશે. પછી તમે એ અમૃત, તત્ત્વામૃત તમારી પાસે આવનારા શ્રોતાઓને આપી શકશો. તમે કંઈક મૌલિક આપી શકશો. તમારી ધર્મકથા પ્રભાવક બનશે.

જો કે વ્યાખ્યાન આપનારે ઘણી વાતોનું ધ્યાન રાખવાનું છે. એમાં સભાનો ખ્યાલ પહેલો હોવો જોઈએ. સામાન્ય બુદ્ધિના લોકો તમારી સામે બેઠા હોય ત્યારે તમારે ઊંડા તત્ત્વજ્ઞાનની વાતો ન કરવી જોઈએ. ભાષા પણ

અલંકારિક ન હોવી જોઈએ. સરળ ભાષામાં માર્ગાનુસારિતાના ગુણોની વાતો કહેવી જોઈએ. સારી બોધક કથા કહેવી જોઈએ. સામાન્ય જનતાની સામે કથાના માધ્યમથી ધર્મતત્ત્વનો બોધ સરળતાથી આપી શકાય છે. એટલે ભગવાન મહાવીરે પોતાના ધર્મોપદેશમાં હજારો કથાઓ કહેલી હતી.

પરંતુ તમારી સામે બુદ્ધિશાળી પ્રબુદ્ધ લોકો બેઠેલા હોય ત્યારે તમારે આત્મજ્ઞાનની વાતો કરવી જોઈએ. આત્મતત્ત્વનું ઊંડું ચિંતન-મનન પ્રગટ કરવું જોઈએ. કર્મોની ફિલોસોફી પણ ઊંડાણથી કહી શકો. વિશ્વવ્યવસ્થાની વાતો પણ વિસ્તારથી કરી શકો.

સામાન્ય કક્ષાના લોકોની સભામાં ધર્મની વ્યાખ્યા તમે 'दुर्गतौ प्रपतत् प्राणिनं धारयति इति धर्मः ।' આવી કરી શકો. એટલે કે દુર્ગતિમાં પડતા જીવને પકડી રાખે. દુર્ગતિમાં પડવા ન દે તેને ધર્મ કહેવાય. પરંતુ પ્રબુદ્ધ લોકોની સભામાં ધર્મની પરિભાષા 'वत्थुसहावो धम्मो' કહી શકાય. વસ્તુનો સ્વભાવ એ ધર્મ. આ વાત વિજ્ઞાનની ભાષામાં તમે સમજાવો તો બુદ્ધિશાળી શ્રોતાઓ સમજી શકે. ગામડાના ખેડૂતો સામે આ વ્યાખ્યાન ન કરાય.

એકની એક વાત નિશ્ચય અને વ્યવહારની ભાષામાં કરી શકાય. કર્મરહિત વિશુદ્ધ આત્મદ્રવ્યની વાતો નિશ્ચયદૃષ્ટિથી કરી શકો. એવી રીતે આઠ કર્મોથી બંધાયેલા અશુદ્ધ આત્મદ્રવ્યની વાતો વ્યવહારદૃષ્ટિથી કરી શકો. તમને નિશ્ચય અને વ્યવહારનું યથાર્થ જ્ઞાન પણ હોવું જોઈએ. એવી રીતે ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગનું જ્ઞાન પણ હોવું જોઈએ. ઉત્સર્ગમાર્ગ એટલે મૂળ માર્ગ. રાજમાર્ગોનું જ્ઞાન જોઈએ એમ ગલીઓનું પણ જ્ઞાન જોઈએ.

આત્મારાધના ભૂલીને ધર્મપ્રભાવના કરવાના ભ્રમમાં ભૂલા ન પડી જતા. મોહનીય કર્મનો ઉદય સતાવી ન જાય. કષાયોનો ઉદય સતાવી ન જાય એનો ખ્યાલ રાખવાનો છે. દિવસ-રાત તમે જ્ઞાનોપાસનામાં લાગી જાઓ. જ્ઞાનોપાસના માટે સર્વપ્રથમ ગુરુવિનય જોઈએ. **'विणयमूलो धम्मो ।'**

ધર્મનું મૂળ વિનય છે. ગુરુજનોનો વિનય કરવાનો છે. શિષ્યની, સાધુની શોભા વિનયથી જ હોય છે. વડીલ સાધુ આવે આપણી પાસે તો કદાચ ઊભા ન થઈએ, પણ કોઈ શ્રીમંત ભક્ત આવે તો ઝટ ઊભા થઈ સામે જાઓ છો ને ? શ્રીમંતોનો, લક્ષ્મીદાસોનો, લક્ષ્મીબહેનોનો વિનય કરવાનો ? એમને પ્રેમથી બોલાવવાના, કારણ કે તેમના દ્વારા તમારે શાસનપ્રભાવનાનાં કાર્યો કરવાનાં હોય છે. આ ભ્રમણાઓ છે. મૃગજળની પાછળ જંગલમાં જેમ મૃગલાં ભટકી ભટકીને મરી જાય છે એમ આપણે પણ આ પ્રભાવનાના મૃગજળની પાછળ ભટકી આપણા ભાવપ્રાણ ખોઈ નાખીએ છીએ. બાહ્ય ભાવોનું ભયાનક વાવાઝોડું આપણા આત્માના નંદનવનને નષ્ટભ્રષ્ટ કરી નાખે છે. આંતરનિરીક્ષણ કરશો તો જ આ વાતો સમજાશે.

આરાધનાના માર્ગમાં જ્ઞાનોપાસના પ્રધાન છે. જ્ઞાનોપાસનાના માર્ગમાં વિનય પ્રધાન છે. ગુરુનો વિનય કરવાનો છે. એ વિનયના મૂળમાં ગુરુપ્રેમ જોઈએ. વિનયગુણને સારી રીતે સમજવા માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું પહેલું અધ્યયન મનનપૂર્વક વાંચી જજો. પણ જ્યારે જ્યારે ગુરુપ્રેમની વાત મને યાદ આવે છે ત્યારે શ્રમણભગવાન મહાવીર દેવના શિષ્યો સુનક્ષત્ર મુનિ અને સર્વાનુભૂતિ મુનિ સ્મૃતિપથમાં આવે છે. એ બે મુનિવરોને કેવો અદ્ભુત ગુરુપ્રેમ હતો, તે તમે જાણો છો ને ? જ્યારે ગોશાલક સમવસરણમાં આવી ભગવાનની સામે ભયંકર ક્રોધમાં જેમ તેમ બકવાસ કરવા લાગ્યો હતો ત્યારે ગૌતમસ્વામી વગેરે તો મૌન રહ્યા હતા, પરંતુ સુનક્ષત્ર મુનિએ અને સર્વાનુભૂતિ મુનિએ ગોશાલકને ચૂપ કરવા પ્રયત્ન કર્યો હતો. ગોશાલકે તે બે મુનિવરો પર તેજોલેશ્યા મૂકી જીવતા બાળી નાખ્યા હતા. જો કે ગોશાલકના આવતા પહેલાં, ભગવાનના કહેવાથી ગૌતમસ્વામીએ બધા જ સાધુઓને કહી દીધું હતું કે કોઈએ ગોશાલકની સાથે વાદ-વિવાદ કરવાનો નથી. પરંતુ ગોશાલકનો ભગવાન સાથેનો અભદ્ર વ્યવહાર સુનક્ષત્ર-સર્વાનુભૂતિ મુનિઓથી સહન ન થયો. ગુરુ પ્રત્યે અગાધ પ્રેમ હોય ત્યાં પછી રોક્યા રોકાય નહીં.

ઉપકારી ગુરુદેવ સામે ક્યારેય અસભ્ય-અભદ્ર શબ્દોનો પ્રયોગ નથી

કરતાને ? ના કરશો. ત્યારે પણ રોષમાં એમ પણ બોલશો કે શું ભણાવી નાખ્યું તમે ? શું ન્યાલ કરી નાખ્યા અમને ? આવું આવું અભદ્ર ન બોલશો. સારા મધુર શબ્દોનો પ્રયોગ કરતાં ન આવડે તો શબ્દો જે જિહ્વામાંથી પ્રગટ ન થતા હોય તે જિહ્વાને ધિક્કાર હો... જે ગુરુએ આપણને ભવસાગરમાંથી બહાર કાઢ્યા, તેમની સાથે જો તોછડો વાણી-વ્યવહાર કર્યો તો ભવાંતરમાં આંખો નહીં મળે. કર્મો કોઈને માફ કરતાં જ નથી. ગુરુના ગુણ જ જોવાના છે. દોષો હોવા છતાં જોવાના નથી. છદ્મસ્થ છીએ એટલે અનંત દોષોથી ભરેલા છીએ. પણ જોવાના ગુણ અને બોલવાના પણ ગુણ.

પ્રશ્ન : ગમે તે વ્યકિતને દીક્ષા આપી દે તે પણ ગુરુ કહેવાય ?

ઉત્તર : શાસ્ત્ર દૃષ્ટિએ જે મનુષ્ય અયોગ્ય હોય તેને દીક્ષા ન અપાય. આપે તો ખોટું છે. પણ આપણે અનુમાન કરીને કેટલાંક કાર્યો કરવાં પડે છે. અને બધાં જ અનુમાન સાચાં પડતાં નથી. એમ કહેવાય છે કે વધુમાં વધુ ૧૦૦ અનુમાનોમાંથી ૪૯ અનુમાનો જ સાચાં પડે છે. ૫૧ અનુમાન ખોટાં પડે છે. આવું કેમ ? મતિજ્ઞાનના કારણે આવું બને છે. અત્યારે આ કાળે વિશિષ્ટ જ્ઞાનીનો વિરહ છે. કોઈ અવધિજ્ઞાની નથી કે પૂર્ણ શ્રુતજ્ઞાની પણ નથી. કોને પૂછવું ? વળી, જરૂરિયાત ઊભી થાય છે પછી તો જેવો શિષ્ય મળે તેવો ચાલે. મરિચીએ કપીલને એ રીતે જ શિષ્ય બનાવ્યો હતો ને ? એને સેવા કરનાર શિષ્યની જરૂર ઊભી થઈ હતી. અને કપીલ સામે ચાલીને આવ્યો હતો. આપી દીધી દીક્ષા ! જે સામે ચાલીને દુ:ખ વહોરે તેને કોણ રોકે ? શિષ્યો વિના પદ મળતું નથી માટે શિષ્યો કરવા જશો તો પ્રપંચમાં ફસાઈ જશો. પદ ને પ્રતિષ્ઠાના વ્યામોહથી દૂર રહેવા જેવું છે.

મસ્તીથી જીવવું હોય તો સંયમની આરાધનાનો ક્રમિક માર્ગ નિશ્ચિત કરો. મોહનીય કર્મનો ક્ષયોપશમ થતો રહેવો જોઈએ. કષાયો મંદ થતા જવા જોઈએ. એ માટે જ્ઞાનોપાસના કરવાની છે. એ માટે વિનયપૂર્વક ગુરુસેવા કરવાની છે. તમે બહિરાત્મદશામાંથી અંતરાત્મદશામાં આગળ વધશો. પછી બીજા બધા ઉધામા, વાદ-વિવાદને ઉન્માદ શાન્ત થઈ જશે. અપેક્ષાઓ ખૂબ

ઓછી થઈ જશે. જીવન જીવવાનો, આધ્યાત્મિક જીવન જીવવાનો આનંદ અનુભવાશે.

વિચારોમાં થોડું પરિવર્તન કરવાનું છે. આપણે જ આપણા મનને સમજાવવાનું છે. 'મારે હવે દુનિયાની વાહવાહ નથી જોઈતી. મારે તો ચિદાનંદની મસ્તી માણવી છે. મેં સંસારત્યાગ દુનિયા માટે નથી કર્યો, મારા આત્માના નિજાનંદને પામવા કર્યો છે.' આ રીતે ભીતરમાં જો યશકીર્તિની આકાંક્ષા પડી હોય તો તેને બહાર ફેંકી દેવાની છે.

યશકીર્તિ માગવાથી નથી મળતી. એ તો પુણ્યકર્મના ઉદયથી જ મળે છે. તમારા આત્મામાં એ કર્મ પડેલું હશે તો એના ઉદયકાળે તે ઉદયમાં આવશે અને તમને યશસ્વી બનાવશે. પુણ્યકર્મોને એમનું કામ કરવા દો. તમારે તો રત્નત્રયીની આરાધના કરતા રહેવાનું છે. એ આરાધનાથી કર્મનિર્જરા થતી રહેશે અને સાથે સાથે પુણ્યકર્મ પણ બંધાતું જશે. પુણ્યકર્મોનો સંચય થવા દો. ભલે એક જન્મ વીતી જાય. તમે કોઈ બીજા જન્મમાં મહાન યશસ્વી, પ્રભાવક મહાપુરુષ બનશો. ઉતાવળા ન બનો.

શ્રી સિદ્ધસેન દિવાકરને રાજા વિક્રમાદિત્ય સહજતાથી મળી ગયા હતા. તેમણે અપૂર્વ શાસનપ્રભાવના કરી હતી.

એવી રીતે શ્રી બપ્પભટ્ટીસૂરિજીને આમરાજા સહજ રીતે મળી ગયા હતા. આમરાજા દ્વારા બપ્પભટ્ટીસૂરિજીએ કેવી અદ્‌ભુત શાસનપ્રભાવના કરી હતી. જીવનપર્યંત જિનશાસનનો જયજયકાર કર્યો હતો.

કાલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી કુમારપાલને શોધવા નહોતા ગયા, પરંતુ એમનું પ્રકૃષ્ટ પુણ્ય કુમારપાલને ખેંચી લાવ્યું હતું. કુમારપાલ દ્વારા હેમચન્દ્રસૂરિજીએ કેવી અનુપમ અને અદ્વિતીય શાસનપ્રભાવના કરી હતી !

આચાર્યદેવશ્રી હીરસૂરીશ્વરજી, બાદશાહ અકબરને બોલાવવા નહોતા ગયા. અકબરે તેમને નિમંત્રણ આપી દિલ્હી બોલાવ્યા હતા. આચાર્યદેવે અકબર દ્વારા દેશમાં અહિંસાધર્મનો પ્રચાર કર્યો હતો. અકબરના હૃદયમાં

જૈનધર્મની પ્રતિષ્ઠા કરી હતી. પોતે દિલ્હીમાં વધુ સમય રહ્યા ન હતા. પોતાના વિદ્વાન ને પ્રભાવક શિષ્યોને મોકલતા રહ્યા હતા. આચાર્યશ્રી સેનસૂરિજીને મોકલ્યા હતા. તે પછી ઉપાધ્યાય શ્રી શાન્તિચન્દ્રજીએ મોકલ્યા હતા. તેમના પછી ઉપાધ્યાયશ્રી ભાનુચન્દ્રજીને મોકલ્યા હતા. ભાનુચન્દ્રજીને તો વરુણદેવ પ્રસન્ન હતા. વરુણદેવની સહાયથી ભાનુચંદ્રજીને અકબરને અનેક ચમત્કારો દેખાડી ગાંડો કરી દીધો હતો. પરમ ભક્ત બની ગયો હતો અકબર ભાનુચન્દ્રજીનો ! જિનશાસનની જબરજસ્ત પ્રભાવના થઈ હતી.

ભલે તમે ગુણવાન હો, જ્ઞાની હો, ચારિત્રવંત હો, પરંતુ જો તમે પુણ્યવંત ન હો, તમને પ્રબળ પુણ્યનો ઉદય ન હોય તો તમે પ્રભાવક ન બની શકો. હા, પ્રભાવક સાધુ કે આચાર્ય ગુણવાન જોઈએ જ. પણ ગુણવાન હોય એ બધા પ્રભાવક ન હોઈ શકે. દરેક સાધુએ પોતાના પુણ્યના ઉદયનો અંદાજ મેળવવો જોઈએ. આપણી ઇચ્છાઓ અને અપેક્ષાઓ તો જ મર્યાદામાં રહેશે.

મહત્ત્વની વાત છે જ્ઞાનોપાસનાની. જ્ઞાનોપાસનામાં એક કામ હતું શાસ્ત્રો હાથે લખવાનું. સારી શ્યાહી બનાવતા જાતે અને સારા ટકાઉ કાગળ પર સુંદર અક્ષરોથી શાસ્ત્રો લખતા. બે બાજુ કે ચારે બાજુ રંગીન ચિત્રકામ પણ કરતા. આજે જ્ઞાનભંડારોમાં તેવી હાથે લખેલી પ્રતો જોવા મળે છે. આ કામમાં, આ જ્ઞાનોપાસનામાં વર્ષો વીતી જતાં હતાં. આ કામ સાધ્વીજી પણ કરતાં હતાં. જ્ઞાનોપાસનાની તમન્ના હોવી જોઈએ, તો બીજી ફાલતુ - કામ વગરની વાતો નહીં થાય. ફાલતુ વાતોમાં આપણો ઘણા સમય વેડફાઈ જતો હોય છે. આપણે જો સમયનો બચાવ કરીએ તો સુંદર જ્ઞાનોપાસના કરી શકીએ. પણ ગૃહસ્થો જેમ પૈસાનો દુર્વ્યય કરે છે, અન્નનો બગાડ કરે છે, તેમ આપણે સમયનો બગાડ કરીએ છીએ. જીવનામાં એ મોટું નુકસાન છે. આત્મનિરીક્ષણ કરશો તો સમજાશે કે મેં સમય બચાવ્યો હોત તો વધુ સારી જ્ઞાનારાધના, સંયમારાધના કરી શક્યો હોત. આપણી એક એક ક્ષણનો સદુપયોગ કરીએ તો ઘણી ઘણી ઉપલબ્ધિ કરી શકીએ.

સંયમ-આરાધનાનું અંતિમ લક્ષ્ય છે મુક્તિ. એ મુક્તિમાં આત્મા અનામી બને છે. અરૂપી બને છે. વિશુદ્ધ બને છે. પ્રબુદ્ધ બને છે. એટલે અત્યારથી જ આપણને અનામીપણું ગમવું જોઈએ. અરૂપી-અવસ્થા ગમવી જોઈએ. આત્માની વિશુદ્ધ અવસ્થા ગમવી જોઈએ. જ્ઞાન-પ્રબુદ્ધતા ગમવી જોઈએ. ન જોઈએ નામનાનો-પ્રસિદ્ધિનો મોહ કે ન જોઈએ રૂપ-સૌંદર્યનો મોહ. પુણ્યકર્મના ઉદયમાં આનંદ નથી માનવાનો કે પાપકર્મોના ઉદયમાં દુ:ખ નથી માનવાનું. આત્માના વિશુદ્ધ સ્વરૂપનું રોજ થોડી થોડી ક્ષણોમાં ધ્યાન કરતા રહો.

હું અનામી છું, હું અરૂપી છું, હું વિશુદ્ધ છું.

આ ત્રણ વાતોનું ચિંતન-સંવેદન કરતા રહો. આત્માના વિશુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરવાથી સચ્ચિદાનંદની પ્રાપ્તિ થાય છે. સહુ જીવો એવો આનંદ પ્રાપ્ત કરો.

આજ બસ, આટલું જ -

વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવો

निर्वेद आशापाशानां पुरुषस्य यथा ह्यसिः ।

આશા-પાશને કાપવા માટે પુરુષના માટે વૈરાગ્ય જ તલવાર છે.

सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडंबियं ।
सव्वे आभरणमारा सव्वे कामा दुहावहा ॥

બધાં ગીત વિલાપ છે. બધાં નૃત્ય વિડંબણા છે, બધાં આભૂષણ ભાર છે, બધાં કામસુખ દુઃખદાયી છે.

विरागा विमुच्यति ।

વિરાગથી જ મુક્તિ મળે છે.

विरागं रूवेहीं गच्छिज्जा,
महया खुड्डएहि य ॥

મહાન હો કે નાનો હો, સારો હો કે નરસો હો, બધા વિષયોના સાધકે વિરક્ત રહેવું જોઈએ.

શ્રમણજીવનની આરાધનામાં જો કોઈ પ્રાણભૂત તત્ત્વ હોય તો તે વૈરાગ્ય છે. ભગવાન ઉમાસ્વાતીજીએ 'પ્રશમરતિ'માં ભારપૂર્વક કહ્યું છે :

दृढतामुपैति वैराग्यभावना येन येन भावेन ।
तस्मिन् तस्मिन कार्यः कायमनोवाग्मिरभ्यासः ।।१६।।

જે જે વિશિષ્ટ અન્તઃકરણના પરિણામથી (જન્મ-જરા-મૃત્યુ-શરીર આદિના આલોચન વગેરેથી) વૈરાગ્યવાસના સ્થિરતા પ્રાપ્ત કરે, તે તે કાર્યમાં મન-વચન-કાયાથી અભ્યાસ કરવો જોઈએ.

પ્રતિદિન એક જ કામ કરો. વૈરાગ્યની ભાવનાને વાસના બનાવી દો. મનથી, વચનથી ને કાયાથી આ એક જ કામ કરી લેવા જેવું છે. વૈરાગ્યની ભાવના વાસનારૂપ બની જાય એટલે વૈરાગ્ય સ્થિર બને. જેમ જેમ વૈરાગ્ય વાસનારૂપ બનતો જશે તેમ તેમ રાગ-દ્વેષની અનાદિકાલીન વાસનાઓ ઢીલી પડતી જશે. મનથી એવું ચિંતન કરો, જબાનથી એવી વાણી બોલો અને પાંચ ઇન્દ્રિયોથી એવી ક્રિયા કરો કે જેથી રાગ-વાસનાનું વિસર્જન થઈ જાય, દ્વેષની ભડભડતી આગ બુઝાઈ જાય.

આ દઢ સંકલ્પ કરો. અવિચલ નિર્ણય કરો. મારે વૈરાગ્યની ભાવનાને વૈરાગ્યની વાસના બનાવી દેવી છે. મારે વૈરાગ્યભાવને સુદઢ બનાવવો છે. જ્યાં સુધી આવો સંકલ્પ નહીં કરો ત્યાં સુધી એ દિશામાં મન-વચન-કાયાથી પુરુષાર્થ નહીં કરી શકો. પુરુષાર્થમાં જોશ, જુસ્સો અને ઝડપ નહીં આવે.

જો તમે રાગદશાને ખતરનાક સમજી ગયા છો, એનાં ભયંકર પરિણામોથી તમે ધ્રૂજી ઊઠ્યા છો, એની વિનાશ-તાંડવલીલા તમે જોઈ લીધી છે, તો પછી શા માટે એ ડાકણ જેવી રાગદશાનાં પડખાં સેવો છો ? શા માટે એના સહારે સુખ લેવા દોડો છો ? ઊભા રહો, અનંત જન્મોથી પીડનારી અને

આત્માનું હીર ચૂસનારી એ રાગદશાનો હવે ખાત્મો બોલાવવો જ પડશે. તે માટે જે કોઈ શસ્ત્ર, જે કોઈ અસ્ત્ર તમારી પાસે હોય, તેનાથી એના પર તૂટી જ પડો. હવે વિચાર કરવાનો સમય નથી. આક્રમણ કરવાની ક્ષણ આવી ગઈ છે ! જે જે સાધનથી, જે જે ઉપાયથી એ રાગદશાને હણી શકાય, તે તે સાધન, તે તે ઉપાય અજમાવવા માંડો.

વૈરાગ્યભાવનાને દૃઢ બનાવવા માટે સંસારમાં આઠ પ્રકારની વિષમતાઓનું દર્શન કરવું જોઈએ. 'પ્રશમરતિ'માં જ એ આઠ વિષમતાઓનું દર્શન કરાવવામાં આવ્યું છે.

देश-कुलदेह-विज्ञानायुर्बल -गोगभूतिवैषम्यम् ।
दृष्टवा कथमिह विदुषां भवसागरे रतिर्भवति ।। १०२ ।।

દેશ, કુળ, શરીર, વિજ્ઞાન, આયુષ્ય, બળ, ભોગ અને વૈભવની વિષમતા જોઈને વિદ્વાનોને આ ભવસાગરમાં કેવી રીતે પ્રીતિ થાય ?

પ્રશ્ન એક છે, શું તમે વિદ્વાન છો ? શું તમે પ્રજ્ઞવંત છો ? જો તમારી પાસે પુનિત પ્રજ્ઞા છે, નિર્મળ બુદ્ધિ છે તો તમે આ સંસારની અપાર વિષમતાઓ જાણી હશે. અપાર અનંત વિષમતાઓથી ભરેલો છે આ સંસાર ! પછી ભલે એ દેવોનો સંસાર હોય, મનષ્યોનો સંસાર હોય, પશુ-પક્ષીઓનો કે નારકોનો સંસાર હોય. સંસાર એટલે વિષમતા.

મનુષ્યની બુદ્ધિ જ્યાં વિષમતાનાં દર્શન કરે છે ત્યાં એનું મન પ્રીતિના તાર નથી બાંધતું. અજાણતાં પ્રીતના માંડવા મંડાઈ ગયા હોય છે તો તે તૂટી પડે છે. જરાય વાર લાગતી નથી. 'પ્રશમરતિ'માં સંસારની આઠ વિષમતાઓનું સ્પષ્ટ દર્શન કરાવેલું છે. જો આપણી બુદ્ધિ નિર્મળ હોય તો તે વિષમતાઓનું મર્મગ્રાહી દર્શન કરી શકીશું અને આપણી પ્રીતિનું વહેણ બદલાઈ જશે.

૧. પહેલી છે દેશની વિષમતા. વિશ્વના દેશો, પ્રદેશો એક સમાન નથી. એક દેશ ધન, ધાન્ય અને સરોવરથી છલકાતો, મલકાતો રમણીય દેશ છે. તો બીજો દેશ દુષ્કાળ, નિર્ધનતા અને પથરાઓથી ઘેરાયેલો, છવાયેલો

દુઃખપૂર્ણ દેશ છે. કોઈ દેશમાં શાન્ત, પ્રસન્ન, ઉદાર અને પ્રેમાળ પ્રજા જીવનને આનંદથી માણે છે તો કોઈ દેશમાં પ્રજા અશાન્તિ, ક્લેશ, સંકીર્ણતા અને વેર-વિરોધની ભડભડતી આગમાં સળગે છે. કેવી વિષમતા છે ધરતીના જુદા જુદા વિભાગોની !

રાજસ્થાન જો કાશ્મીરને જોઈ લે તો ? ઓરિસ્સાની ગરીબાઈ જો ગુજરાતની શ્રીમંતાઈ જોઈ જાય તો ? ક્યાં આફ્રિકા અને ક્યાં સ્વિટ્ઝર્લેંડ ? ક્યાં વિયેટનામ અને ક્યાં જાપાન ને જર્મની ? દેશ-દેશ વચ્ચે કેવી વિષમતાઓ છે. અને જીવાત્માની પસંદગી અનુસાર દેશમાં જન્મ મળતો નથી. જીવાત્માનાં શુભ-અશુભ કર્મો એને સારા-નરસા દેશમાં જન્મ આપતાં હોય છે. આજે ભલે તમે સારા દેશમાં છો, પરંતુ કાયમ તમને સારા દેશમાં જ જન્મ મળતા રહે, એવો નિયમ નથી. ક્યારેક તમારો જન્મ કાશ્મીરમાં થાય તો ક્યારેક આફ્રિકાનાં જંગલોમાં પણ જન્મો. ક્યારેક તમે ભારતની પવિત્ર ધરતી પર જન્મો તો ક્યારેક હિંસા ને ક્રૂરતાથી ભરેલા ઇજિપ્ત-ઇઝરાયલ જેવા દેશોમાં પણ જન્મો. આમ દેશ-દેશ વચ્ચે કોઈ સમાનતા નથી. આ દેશ સારો, આ દેશ ખરાબ, એવા રાગ-દ્વેષ શા માટે કરવાના ?

૨. બીજી વિષમતા છે કુળની વિષમતા. બધા જીવોને સમાન કુળોમાં જન્મ નથી મળતો. કોઈ ઉચ્ચકુળમાં જન્મે છે, કોઈ નીચ કુળમાં જન્મે છે. કોઈ ઉચ્ચ કુળમાં જન્મીને અધમ કૃત્યો આચરે છે તો કોઈ નીચ કુળમાં જન્મીને ઉત્તમ કાર્યો કરે છે. સંસારની આ અપરિહાર્ય વિષમતા છે. આ વિષમતાને સામ્યવાદ પણ મિટાવી શકતો નથી. જાતિ અને કુળની વિષમતા જોઈને પ્રજ્ઞાવંત પુરુષને આ સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય.

૩. ત્રીજી વિષમતા છે દેહની વિષમતા. કોઈની કાયા સુલક્ષણી હોય છે તો કોઈની કાયા અપલક્ષણી હોય છે. કોઈનું શરીર ઘાટીલું અને મનમોહક હોય છે. તો કોઈનું શરીર ઢંગધડા વિનાનું અને અણગમતું હોય છે. શું આ વિષમતા બાવળના કાંટાની જેમ ખૂંચે એવી નથી ? એક મનુષ્ય સુંદર, સુડોળ અને સોહામણો લાગે છે, એક મનુષ્ય કુરૂપ, બેડોળ અને અળખામણો

લાગે છે ! માનવ-માનવ વચ્ચેની આ વિષમતા શું બુદ્ધિમાન માનવીને અકળાવનારી નથી ? આ વિષમતા જોઈને કોના પર રાગ કરવો ને કોના પર દ્વેષ કરવો ? વિષમતાનું દર્શન વૈરાગ્ય જ પેદા કરે.

૪. ચોથી વિષમતા છે વિજ્ઞાનની વિષમતા. એક બુદ્ધિમાન પુરુષ વિશ્વનાં તત્ત્વોનું સૂક્ષ્મ ચિંતન-મનન અને પર્યાલોચન કરી, દુનિયાને નવા નવા ભૌતિક-આધ્યાત્મિક આવિષ્કારોથી આશ્ચર્યચકિત કરી દે છે, તો એક માણસ અજ્ઞાનના ઘોર અંધકારમાં અટવાતો પોતાના પડછાયાને પણ પારખી શકતો નથી. એક મનુષ્ય પોતાની સ્મૃતિ અને ધારણાની અપાર શક્તિથી હજારો ગ્રંથો યાદ રાખી લે છે તો એક માણસ પોતાનું નામ પણ ભૂલી જાય છે. જીવ-જીવ વચ્ચેની આ કેવી અસહ્ય અસમાનતા છે ? કેવી દારુણ વિષમતા છે ?

૫. પાંચમી વિષમતા છે આયુષ્યની વિષમતા. એક જીવાત્માનું દીર્ઘ આયુષ્ય હોય છે, એક જીવનું અલ્પ આયુષ્ય હોય છે. એક સો વર્ષ પૂરાં કરે છે, તો એક માતાના ઉદરમાંથી જ બહાર નીકળી શકતો નથી. એક ઘડપણમાં વર્ષો વિતાવે છે, તો એક ભરજોબનમાં મૃત્યુને ભેટે છે. સર્વ જીવોનો જીવનકાળ સમાન નથી હોતો. આ સંસારમાં બુદ્ધિમાનના કાળજે ખૂંચે એવી આ સંસારની વિષમતા છે. પછી, એવા સંસાર પર હૈયાનાં હેત વરસે ખરાં ? જીવ- જીવ વચ્ચેના જીવનકાળની અસમાનતાનું ચિંતન ભવવૈરાગ્યની જનની છે.

૬. છઠ્ઠી વિષમતા છે બળની વિષમતા. એક માનવી અસાધારણ શારીરિક શક્તિ ધરાવતો હોય છે, તો બીજો માનવી પોતાના શરીરનો ભાર પણ વહન કરી શકતો નથી. એક માનવી સેંકડો-હજારો શત્રુઓ સામે એકલો ઝઝૂમી શકે છે, જ્યારે એક માનવી એકાદ શત્રુને પણ જીતી શકતો નથી.

માનવ-માનવ વચ્ચે બળની અસમાનતા તો છે જ, દેવ અને માનવ, માનવ અને પશુ અને નારક... ચાર ગતિના જીવોના બળ વચ્ચે પણ ઘણી

વિષમતા છે. જીવોની શક્તિ સમાન હોતી નથી. આ અસમાનતા પ્રજ્ઞાવંત પુરુષોને માટે વૈરાગ્યનું નિમિત્ત બની શકે છે.

૭. સાતમી વિષમતા છે ભોગની વિષમતા. માની લો કે બે માણસો પાસે પાંચ ઇન્દ્રિયોનાં વિષયસુખો એકસરખાં છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શના સુખો બંને પાસે સરખાં છે. પરંતુ બંને એ સુખોને સમાન રીતે ભોગવી શકતા નથી. એક મનુષ્ય થાક્યા વિના એ સુખોને ખૂબ ખૂબ ભોગવે છે, જ્યારે બીજો માનવી થોડાંક સુખ ભોગવ્યાં, ન ભોગવ્યાં ને થાકી જાય છે. ઇચ્છા હોવા છતાં અને મનગમતું ભોજન સામે હોવા છતાં ખાઈ શકતો નથી. સામે સ્વર્ગનું રૂપ અને યૌવન હોવા છતાં એને માણી શકતો નથી. સુખોનો ઉપભોગ કરવામાં પણ વિષમતા. એવી રીતે ભોગ સામગ્રીની પ્રાપ્તિમાં પણ વિષમતા. એકની પાસે વિપુલ ભોગસામગ્રી હોય છે તો બીજાની પાસે થોડી પણ ભોગસામગ્રી નથી હોતી. આ વૈષમ્યદર્શન આત્માના વૈરાગ્યનું પ્રગટીકરણ કરી આપે છે.

૮. આઠમી વિષમતા છે વૈભવની વિષમતા. એક મનુષ્ય પાસે હીરા, મોતી, સોનું, રૂપું અને વાડી-ગાડીનો પાર નથી, બીજા મનુષ્ય પાસે ખાવા રોટલો નથી ને સૂવા માટે ઓટલો નથી. એક માનવી મખમલની ગાદી ઉપર આળોટે છે, બીજાને પાથરવા માટે ફાટેલી-તૂટેલી ગોદડી પણ નથી. એકની પાસે ભવ્ય મહેલો છે. તો બીજાની પાસે રહેવા ઘાસની ઝૂંપડી પણ નથી. એકની પાસે પહેરવા માટે સુંદર કીમતી વસ્ત્રોના ઢગલા છે, તો બીજાની પાસે શરીરની લાજ ઢાંકવા પૂરતાં પણ કપડાં નથી. આ છે માનવી-માનવી વચ્ચેની ઘોર વિષમતા.

વિદ્વાનોને આવા સંસાર પ્રત્યે રાગ કેવી રીતે થાય ? માટે પ્રજ્ઞાવંત પુરુષોનાં હૃદય તો સંસાર પ્રત્યેના વૈરાગ્યથી છલકાતાં હોય.

તે છતાં, એ પ્રાપ્ત કરેલા વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવવો સહેલો નથી. ભલે આપણે સર્વવિરતીધર સાધુ હોઈએ, છતાં વૈરાગ્યમાર્ગ પર વિજય પ્રાપ્ત કરવો અઘરો છે. 'પ્રશમરતિ'માં જ કહેલું છે -

तत्प्राप्य विरतिरत्नं विरागमार्गविजयो दुरधिगम्यः।
इन्द्रिय-कषाय-गौरव-परिषह-सपत्नविधुरेण ।। १६४ ।।

સર્વવિરતિમય શ્રમણજીવન સ્વીકાર્યા પછી પણ ઇન્દ્રિયોની સ્વચ્છંદતા, કષાયોની પ્રબળતા, ગારવોની લોલુપતા અને પરિસહો સામેની કાયરતા એવી દૃઢ બનેલી છે કે તેના કારણે વૈરાગ્યની ભાવના સ્થિર જ નથી રહેતી. અલબત્ત, આપણે વૈરાગ્યભાવથી પ્રેરાઈને જ સંસારત્યાગ કર્યો છે, અને શ્રમણજીવન સ્વીકાર્યું છે. પરંતુ એટલા માત્રથી વૈરાગ્યભાવ સ્થાયી બની જતો નથી.

શ્રમણજીવનમાં શ્રમણ-શ્રમણીને પાંચ ઇન્દ્રિયોના અનેક પ્રિય-અપ્રિય વિષયોના સંપર્કમાં આવવું પડે છે ક્યારેક મીઠા શબ્દો સાંભળવા મળે છે તો ક્યારેક કડવા શબ્દો. ક્યારેક સુંદર રૂપ નજરે ચઢે છે તો ક્યારેક કુરુપતા. ક્યારેક મનગમતી ભિક્ષા મળે છે તો ક્યારેક દીઠીય ન ગમે તેવી. ક્યારેક સાનુકૂળ નિવાસસ્થાન મળે છે તો ક્યારેક સાવ પ્રતિકૂળ. ક્યારેક સારાં વસ્ત્ર-પાત્ર મળે છે તો ક્યારેક નરસાં. આ પરિસ્થિતિ દરેક સાધક આત્માની આસપાસ હોય જ છે. એ વખતે રાગ-દ્વેષમાં ન તણાતાં, મનને સ્વસ્થ અને વિરક્ત જ રાખવું કેટલું બધું દુષ્કર છે, એ હું જાણું છું. કારણ કે હું એક શ્રમણ છું.

ક્રોધ થઈ જાય છે. અભિમાન પીડે છે. માયા સતાવે છે. અને લોભદશા મજબૂત છે. હું આ કષાયોને સંજ્વલન કક્ષાના માનીને મન મનાવું છું. 'છઠ્ઠા ગુણસ્થાનકે તો સંજ્વલનના કષાયો રહેવાના' એમ સમજીને અને બીજાઓને સમજાવીને, એ કષાયો કરતો રહું છું. ક્યારેય આત્મચિંતન કરીને નિર્ણય નથી કરતો કે શું હું છઠ્ઠા ગુણસ્થાનકે છું ? માત્ર વ્યવહારથી હું ભલે છઠ્ઠા ગુણસ્થાનકે કહેવાતો હોઉં, નિશ્ચયથી જીવ પહેલાં ગુણસ્થાનકે હોય અને વ્યવહારથી છઠ્ઠા ગુણસ્થાનકે હોય તો એના કષાયો અનન્તાનુબંધી કક્ષાના જ હોવાના.

રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવના ઊંડા કાદવમાં ઊતરતો જાઉં છું. મીઠો અને કડવો, તીખો અને તૂરો બધા રસ મને ગમે છે. ક્યારેક મીઠો રસ ગમે છે તો ક્યારેક કડવો, ક્યારેક તીખો તો ક્યારેક તૂરો. રસોને લઈને કેવા પ્રબળ રાગ-દ્વેષ થાય છે તે હું જાણું છું. આવી રાગ-દ્વેષની પરિણતિમાં વૈરાગ્યભાવ કેવી રીતે ટકે ?

સાધુજીવનની ઋદ્ધિ હોય છે માન-સન્માન અને ભક્તો. મારા આટલા શ્રીમંત ભક્તો છે. મારા ઉપદેશથી આટલાં મંદિરો બંધાયાં છે. આટલા ઉપાશ્રયો બંધાયા છે, આવી મનોદશામાં વૈરાગ્યને સ્થાન કેવી રીતે મળે ?

શાતાગારવ એટલે સુખશીલતા. જેમ ગૃહસ્થવર્ગમાં સુખશીલતા વધતી જાય છે તેમ શ્રમણ સંઘમાં પણ સુખશીલતા વધતી જાય છે. અમારે આવી સગવડતા જોઈએ. અમારે આવી અનુકૂળતા જોઈએ. આવું હવા-અજવાસવાળું મકાન જોઈએ. અમારે વિહારમાં આવી સગવડતા જોઈએ. અમારે આવાં પાત્ર જોઈએ. આવાં જ અનુકૂળ ઉપકરણો જોઈએ. કોઈ પ્રતિકૂળતા સહવી નથી. સુખપૂર્વક જીવવું છે. પછી વૈરાગ્યભાવ ક્યાંથી પુષ્ટ થાય ? રાગ અને દ્વેષ જ પુષ્ટ થાય છે.

પરિસહો સહવા જ નથી. બાવીસ પરિસહોમાંથી એક પણ પરિસહ સહવો નથી. સ્વેચ્છાએ પરિસહો સહવા જતા નથી. અનિચ્છાએ આવી પડે છે કોઈ પરિસહ તો એનાથી દૂર ભાગીએ છીએ. એ સંકટમાંથી બચવા ફાંફાં મારીએ છીએ. પરિસહોને કટ્ટર દુશ્મન માનીએ છીએ.

આમ ઇન્દ્રિયોની પરવશતામાં, કષાયોની ઉદ્વિગ્નતામાં, ગારવોની રસિકતામાં અને પરિસહોને સહવાની કાયરતામાં મન વ્યાકુળ જ રહ્યા કરે છે. ચંચળ અને અસ્થિર રહે છે. કેવી રીતે વૈરાગ્યમાર્ગે પ્રગતિ થાય ? કેવી રીતે વૈરાગ્યની અપૂર્વ મસ્તીમાં ઝૂમી શકાય ?

સર્વવિરતિ કે જે પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે, તે મળ્યા પછી પણ

વૈરાગ્યભાવ પર વિજય મેળવવો ઘણો મુશ્કેલ છે. ઘણું દુષ્કર કાર્ય છે. ઇન્દ્રિયોને જીતવા જતાં કષાયો પ્રબળ બને છે અને કષાયોને દબાવવા જતાં ગારવો ગળચી પકડે છે. એ ગારવો સાથે લડવાં જતાં પરિસહો પછાડી દે છે. કેવી કરુણતા છવાઈ ગઈ છે સાધુજીવનમાં ?

મારે વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવવો છે, આવા દૃઢ સંકલ્પ સાથે તમે સર્વપ્રથમ ઇન્દ્રિયવિજેતા બનો.

૧. ઇન્દ્રિયવિજેતા બનો :

જરા શાન્તિથી વિચારજો. એ ભોળું હરણિયું, એ પાગલ પતંગિયું, એ લાલચુ ભમરો, એ માછલી અને હાથી, કેમ મોતના મુખમાં ધકેલાય છે ? ઇન્દ્રિયોનો વિષયો સાથેનો સંગ વિષયરાગ જીવોને વિષયસંગ કરવા પ્રેરિત કરે છે. એ તિર્યંચો બિચારાં ફસાય છે ને ક્રૂર રીતે મરાય છે.

વિચારજો, આત્માની સાક્ષીએ વિચારજો કે એક એક વિષયની પરવશતાથી એ જીવો મરે છે. મૃત્યુની ઘોર વેદના સહે છે ને ? તો પછી મનુષ્યની શી દશા થાય ? એની કલ્પના કરી છે ક્યારેય ? એ તિર્યંચ જીવો પાસે મનુષ્યના જેવું વિકસિત મન નથી હોતું. ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિચાર એ જીવો કરી શકતા નથી. જ્ઞાની પુરુષોનો ઉપદેશ એ સાંભળી શકતા નથી, સમજી શકતા નથી. પછી એ જીવો કેવી રીતે પોતાના આત્મા ઉપર અનુશાસન કરી શકે ? કેવી રીતે ઇન્દ્રિયનિગ્રહ કરી શકે ? પાંચ-પાંચ ઇન્દ્રિયોને પરવશ માનવી, જો એ પોતાના આત્માને વશ રાખી શકતો નથી, પોતાના મનને ઇન્દ્રિયોના સંગે રમતું નિવારી શકતો નથી, તો કેવો સર્વનાશ થાય, એ શાંત ચિત્તે વિચારવા જેવું છે.

તમારે તૃપ્તિ જોઈએ છે ? તમે શું એમ માનો છો કે ઇન્દ્રિયોને પ્રિય વિષયોના ઉપભોગ મળે તો તૃપ્તિ થાય ? તમે આવું માની લેવા શાથી

પ્રેરાયા, એ બતાવું ? વિષયોના ઉપભોગથી ઇન્દ્રિયોએ તમને તૃપ્તિનો આભાસ બતાવ્યો. ક્ષણિક તૃપ્તિના એ આભાસમાં તમે ભરમાયા. મીઠા-મધુરા શબ્દો સાંભળવા મળ્યા, તમને મજા આવી ગઈ, તમે ઘડી બે ઘડીની મજાને તૃપ્તિ માની લીધી. કોઈ રૂડા રૂપને જોયું, આંખો એના પર ઠરી. તમને મજા આવી ગઈ, તમે એ પવનના સુસવાટા જેવી મજાને તૃપ્તિ માની લીધી. કોઈ હવાના ઘોડે ચઢીને સુવાસ આવી ગઈ, નાકને એ સુવાસમાં મજા આવી ગઈ, તમે એ મજાને તૃપ્તિ માની લીધી. કોઈ મીઠા, તીખા કે કડવા રસના આસ્વાદમાં જીભને મજા આવી ગઈ. તમે એને તૃપ્તિ સમજી લીધી. કોઈ મુલાયમ કાળા ગોરા શરીરને ભેટવાનું મળ્યું. એ સંધ્યાના ક્ષણિક રંગો જેવી મજાને તમે તૃપ્તિ સમજી લીધી.

આ નરી ભ્રમણા છે. મહાનુભાવો ! મહાત્માઓ ! એ તૃપ્તિ નથી. તૃપ્તિ પછી પાછી અતૃપ્તિની આગ લાગે, તેને તૃપ્તિ કહેવાય ખરી ? લાખ રૂપિયા મળ્યા અને થોડા કલાકો પછી લાખ રૂપિયા ચાલ્યા જાય, તો એ લાખ મળ્યા કહેવાય ? રોજ ઇન્દ્રિયોને તૃપ્ત કરો ને રોજ અતૃપ્ત થઈ જાય. આ ઇન્દ્રિયોનો સ્વભાવ જ છે. એ હંમેશાં તરસી રહે. ક્યારેય એની તૃષા શાન્ત ન થાય.

એ ઇન્દ્રિયોની બીજી ખાસિયત જાણો છો ? એને એકનો એક વિષય નથી ગમતો કાયમ. એને બદલાતા વિષયો જોઈએ છે. એકનું એક ગીત એને રોજ સાંભળવું નથી ગમતું. એને નવાં નવાં ગીત સાંભળવા જોઈએ છે. કહો, એ શ્રવણેન્દ્રિયને તૃપ્તિ થાય ખરી ? આંખોને એકનું એક રૂપ જોવું નથી ગમતું. રોજ એને નવાં નવાં રૂપ જોવાં હોય છે. એનો કોઈ અંત જ નહીં. એક, બે કે પાંચ સાત રૂપ જોઈને તૃપ્ત થઈ જાય, બીજાં રૂપ જોવાની ઝંખના ન રહે તો એ જાત ઇન્દ્રિયોની નહીં. ઘ્રાણેન્દ્રિયને એકનું એક ગુલાબનું કે હીનાનું અત્તર નથી ગમતું. એને તો નવાં નવાં સેંટ ને અત્તરો જોઈએ. એ ધરાય જ નહીં. નવી નવી માગણીઓ ઊભેલી જ હોય.

રસનાની તો વાત જ ન કરો. એને નવાં નવાં ભાત ભાતમાં ભોજન જોઈએ. રોજ નવાં નવાં પીણાં જોઈએ. એને તૃપ્તિ થાય જ નહીં.

સ્પર્શનેન્દ્રિયને એકની એક વ્યક્તિનો કે એકની એક વસ્તુનો સ્પર્શ નથી ગમતો. જુદાં જુદાં શરીરોનો સ્પર્શ જોઈએ છે. જુદી જુદી ને નવી નવી વસ્તુઓનો સ્પર્શ જોઈએ છે. એ ધરાય જ નહીં.

અસંખ્ય જડ-ચેતન વિષયોમાં વિસ્તરેલી ઇન્દ્રિયોની લોલુપતા આ રીતે શાન્ત થાય જ નહીં. જો ખરેખર તૃપ્ત બનવું હોય, તૃપ્તિની ખરેખરી ઝંખના જાગી હોય તો તમારે એ ઇન્દ્રિયોને વિષયોના ઉપભોગથી રોકવી જોઈશે. ઇન્દ્રિયોને પરાજિત કરવી પડશે. અલબત્ત ઇન્દ્રિયોને કચરી નાખવાની નથી. એને તમારે એવા વિષયો આપવાના કે એ તમારા અંકુશમાં રહે. જુઓ, એ અંગે તમને થોડું માર્ગદર્શન આપી આજની વાચના પૂર્ણ કરીશ.

શ્રવણેન્દ્રિયને પ્રિય શબ્દો જોઈએ છે. તમે એને રાગપ્રચુર શબ્દો ન આપો. પરમાત્મભક્તિના મધુર શબ્દો આપો. સદ્ગુરુનાં ઉપદેશવચનો આપો. ઉત્તમ પુરુષોના ગુણાનુવાદના શબ્દો આપો.

ચક્ષુરિન્દ્રિયને તમે વિકારોત્તેજક રૂપ ન આપો. તમે એને ભવ્ય જિનમંદિરો, જિનમૂર્તિનું રૂપ આપો. તમે એને શત્રુંજય, ગિરનાર, આબુ જેવા પવિત્ર પહાડોનાં રૂપ દેખાડો. તમે એની દૃષ્ટિને, જોવાની રીતને બદલી નાખો.

ઘ્રાણેન્દ્રિય કોઈ પુષ્પની, કોઈ અત્તરની સુવાસ ભલે લે. તમે એમાં રાગી ન બનતા. કોઈ દુર્ગંધ આવે તો દ્વેષી ન બનતા. ભલે સુગંધ કે દુર્ગંધ ઘ્રાણેન્દ્રિય પાસે આવે, તમારે રાગ-દ્વેષ નહીં કરવાના.

રસનેન્દ્રિયને બને એટલા ઓછા રસ આપજો. શરીરને ટકાવવા ભોજન તો કરવું જ પડશે. આહાર અને પાણી જીભ ઉપરથી પસાર થઈને જ પેટમાં જવાનાં. પ્રિય-અપ્રિય રસોના અનુભવ વખતે તમારે રાગ-દ્વેષથી બચવાની જાગૃતિ રાખવાની.

સ્પર્શનેન્દ્રિયને જડ-ચેતન દ્રવ્યોનો સ્પર્શ તો થવાનો જ. પ્રિય વિષયોનો સ્પર્શ ઓછો આપવાનો. જો કે એને તો ક્યારેક પથ્થરનો સ્પર્શ પણ ગમી જાય છે. છતાં તમારે પ્રિય-અપ્રિય સ્પર્શ વખતે રાગ-દ્વેષી નહીં બનવાનું. તમે જો આ રીતે જાગ્રત રહ્યા તો ઇન્દ્રિયો પર વિજયી બની ગયા સમજો.

મારે ઇન્દ્રિયવિજેતા બનવું છે. આ સંકલ્પ સાથે પુરુષાર્થ શરૂ કરી દો. જેમ જેમ આ પુરુષાર્થ વધતો જશે તેમ તેમ તમને અંતરાત્માના સુખનો અપૂર્વ અનુભવ થતો જશે. ઇન્દ્રિયવિજેતાને આત્મદર્શન જલદી થઈ શકે છે.

આ રીતે આજે આપણે વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવવા માટેનો પહેલો ઉપાય ઇન્દ્રિયવિજય - તેના પર વિચારણા કરી. હવે પછી કષાયવિજય, ગારવવિજય અને પરિસહવિજય અંગે વિચારણા કરીશું.

આજે બસ, આટલું જ.

વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવવાના ઉપાયો

श्रियो दोलालोला विषय जरसा प्रान्तविरसा,
विपद्गेहं देहं महदपि धनं भूरिनिधनम् ।
बृहच्छोको लोकः सततमबलानर्थ बहुला,
तथाप्यस्मिन घोरे पथि बत रता नात्मनि रताः ॥

લક્ષ્મી હિંડોળા જેવી ચંચળ છે. વિષયોનું સુખ અંતે દુઃખદાયી છે. દેહ વિપત્તિઓનું ઘર છે. અત્યાધિક ધન મૃત્યુનું મોટું નિમિત્ત છે. સંસાર ખૂબ જ શોકપૂર્ણ છે. સ્ત્રીઓ અનર્થોનું મૂળ છે. તે છતાં લોકો આ ઘોર સંસારમાર્ગમાં જ રત રહે છે. આત્મામાં નિરત નથી રહેતા.

– પ્રબોધચન્દ્રોદય

भोगे रोगमयं कुले च्युतिमयं वित्ते नृपालाद् भयं,
माने दैन्यमयं बले रिपुमयं रूपे जराया भयम् ।
शास्त्रे वादिमयं गुणे खलमयं काये कृतान्ताद् भयं,
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥

ભોગમાં રોગનો ભય છે, કુલમાં આચારભ્રષ્ટતાનો ભય છે, ધનમાં રાજાનો ભય હોય છે. અભિમાનમાં દીનતાનો ભય અને સામર્થ્યમાં શત્રુનો ભય હોય છે. સૌન્દર્યમાં વૃદ્ધાવસ્થાનો ભય અને શાસ્ત્રજ્ઞાનમાં વાદીનો ભય હોય છે. ગુણોમાં દુષ્ટોનો ભય અને શરીરમાં યમરાજાનો ભય હોય છે. આ સંસારમાં બધી વસ્તુ ભયયુક્ત છે, એક માત્ર વૈરાગ્યમાં અભય છે.

– ભર્તૃહરિ

વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવવા માટે સર્વપ્રથમ ઇન્દ્રિયો પર વિજય મેળવવો જોઈએ. ગઈકાલે એ માટે થોડી વિચારણા કરી હતી. આજે ફરીથી એ અંગે થોડી વિચારણા કર્યા પછી કષાયવિજયની વાત કરીશું.

પાંચ ઇન્દ્રિયોમાં એક માત્ર રસનેન્દ્રિય-જીભ જ એવી છે કે એનાં બે કામ છે. બીજી બધી ઇન્દ્રિયોનું એક એક કામ હોય છે. જીભનાં બે કામ છે. ચાખવાનું અને બોલવાનું. સ્વાદ અને ભાષા જીવનમાં આ બે વાતો ઘણી અગત્યની હોય છે.

જો ખાવા પર સંયમ ન હોય કે બોલવા પર કંટ્રોલ ન હોય તો માણસ ક્યારેક પોતાના પ્રાણ ખોઈ નાખે છે. સંસ્કૃતમાં કહેવાયેલું છે. अतिभुक्तिरतिवोक्ति सद्यः प्राणापहोरिणौ । વધુ ખાવાનું ને વધુ બોલવાનું તત્કાલ પ્રાણ હરી લે છે, માટે આ રસનેન્દ્રિયને ખૂબ નિયંત્રણમાં રાખવાની છે. કુદરતે જીભની આસપાસ ૩૨ દાંતની ચોકી મૂકી દીધી છે. આપણે બે ઉપાયોથી આ ઇન્દ્રિય પર વિજય મેળવવાનો છે.

* એક - મૌન
* બીજો - તપ-ત્યાગ

તમે ઓછું બોલો. આમેય આપણે સાધુ-સાધ્વી છીએ. આપણી ધર્મક્રિયાઓ ઘણી હોય છે. તેમાં તો મૌન પાળવાનું જ છે. સ્વાધ્યાય કરતાંય મૌન પાળી શકાય. એ સિવાય દેરાસરમાં એકાદ કલાક મૌન પાળી શકો. ! રાત્રિના સમયે એકાંતમાં બેઠા હો ત્યારે ૧-૨ કલાક મૌન પાળી શકો. મૌન રહેવાના ઘણા લાભ છે. મૌન મોટો ધર્મ છે.

બીજા નંબરમાં સ્વાદ પર વિજય મેળવવા આયંબિલનો તપ શ્રેષ્ઠ છે. આયંબિલમાંય દ્રવ્યસંક્ષેપ કરી શકાય. ઘણાં સાધુ-સાધ્વી માત્ર બે કે ત્રણ દ્રવ્યોથી આયંબિલ કરે છે. એવી રીતે એકાસણામાં પણ બે કે ત્રણ દ્રવ્ય લઈ શકાય. દાળ-રોટી અને પાણી. પૂનામાં વિ. સ.૨૦૧૧ ના ચાતુર્માસમાં સ્વ. દાદા ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ ચાતુર્માસના ચાર મહિના આ રીતે

ત્રણ દ્રવ્યથી જ એકાસણાં કર્યાં હતાં. આમેય પાંચ દ્રવ્યથી વધારે તો ક્યારેય એમણે દ્રવ્યો વાપર્યાં ન હતાં. એમનો જીભ પરનો સંયમ ગજબનો હતો.

રસેન્દ્રિય-જીભનો બીજો એક દુરુપયોગ છે સ્વપ્રશંસાનો. આપણે આપણી પ્રશંસા કરીને નીચગોત્ર કર્મ તો બાંધીએ જ છીએ. સાથે સાથે જીભનો દુરુપયોગ કરીએ છીએ. અને સ્વપ્રશંસા કરનાર મનુષ્ય પરનિંદા કરવાનો. પરપરિભવ અને પરપરિવાદ કરવામાં એને મજા આવતી હોય છે. પણ એ ન ભૂલો કે બીજા જીવોનો તિરસ્કાર કરવાથી અને અવર્ણવાદ કરવાથી નીચગોત્ર કર્મ બંધાય છે. આ કર્મના ઉદયથી જીવાત્મા હીન જાતિમાં જન્મે છે. મલેચ્છ જાતિમાં... ચંડાળની જાતિમાં પણ જન્મે. કરોડો ભવ સુધી આવાં જઘન્ય જાતિ-કુળમાં જ જનમ્યા કરે. પશુયોનિમાં ગધેડા વગેરેની હીન જાતિમાં જનમ્યા કરે. હીનજાતિમાં સતત અનેક પ્રકારના ભયોના ઓછાયા નીચે એને જીવવાનું. સહુ એને સતાવે. સહુ એને રડાવે. બીજા જીવોનો પરાભવ કરવાનો ને આત્મપ્રશંસા કરવાનો આત્મસંતોષ તો ક્ષણિક હોય છે. પરંતુ એનાથી બંધાતાં કર્મોનો ઉદય જે દુઃખ-ત્રાસ આપે છે તે ક્ષણિક નથી હોતો. એ તો કરોડો વર્ષો સુધી ભોગવવો પડે છે.

જો તમારે ભાવિજીવનોમાં ઉચ્ચજાતિ, ઉચ્ચકુળ અને દિવ્યરૂપ વગેરે મેળવવું છે તો સ્વપ્રશંસા અને પરનિંદાના પાપથી બચો. આપણા મનની સાક્ષીએ આપણે નક્કી કરવાનું છે કે આપણે આગામી જન્મ કેવી યોનિમાં લેવો છે. જો ઉત્તમ મનુષ્યયોનિમાં કે દેવયોનિમાં જન્મ લેવો છે તો સ્વપ્રશંસા અને પરનિંદાની દુષ્ટવૃત્તિનો ખાતમો બોલાવી દો.

આ રીતે ઇન્દ્રિયવિજેતા બનીને, આપણે કષાયવિજેતા બનવાનું છે.

કષાયવિજય :

આમ તો તમારે નથી લડવાનું ઇન્દ્રિયો સામે, નથી લડવાનું ગારવો સાથે કે નથી લડવાનું પરિસહો સાથે. તમારે લડી લેવાનું છે માત્ર કષાયો સાથે. તમે કષાયોને જીતી લીધા એટલે ઇન્દ્રિયો શાન્ત થઈ જશે. અને પરિસહો સહવાની શક્તિનો તમારા તન-મનમાં સંચાર થશે.

તમામ આંતરશત્રુઓના સેનાપતિ છે ચાર કષાયો. ક્રોધ, માન, માયા,

અને લોભ. ક્રોધ, માન, માયા ને લોભ પર વિજય મેળવવા સાત્ત્વિક બનીને સાધકે ઝઝૂમવું જોઈએ. સાધકમાં ધીરતા જોઈએ, સાત્ત્વિકતા જોઈએ. જેને વૈયાવચ્ચમાર્ગ પર નિશ્ચિત અને નિર્ભય બનીને ચાલવું છે, તેણે અધીર બને નહીં ચાલે. તેણે કાયર બને નહીં ચાલે.

કષાયો સામે લડવા પૂર્વે 'આ કષાયો મારા શત્રુ છે. હું મારા શત્રુઓનો ક્યારેય સહારો નહીં લઉં. મારે કષાયોની લોહજાળમાંથી મુક્ત થવું છે.' આવો તમારો દૃઢ સંકલ્પ હોવો આવશ્યક છે. કષાયોનાં પ્રલોભનો જો ક્યારેય લલચાઈ ગયા તો તમે કષાયોને નહીં જીતી શકો. તમે પોતે જિતાઈ જશો. અનંત જન્મોમાં આપણો જીવ કષાયોનો સહારો લેતો રહ્યો છે. કષાયોના શરણે જીવતો રહ્યો છે. એના પ્રગાઢ સંસ્કાર જીવાત્મા પર પડેલા છે. એટલે એમના પર વિજય મેળવવા, એમનો નાશ કરવા ખૂબ જ સાવધાન રહેવું જોઈશે. ખૂબ જ જાગૃતિ રહેવું પડશે. કોઈપણ રૂપે એ કષાયો આવીને તમને પછાડી ન જાય. એની પ્રતિક્ષણ જાગૃતિ રાખવી જોઈશે.

ભગવાન બુદ્ધના સમયની એક રસપ્રદ વાર્તા કહું.

અંકમાલ નામનો એક શ્રીમંત યુવક બુદ્ધ પાસે ગયો અને બોલ્યા : ભગવન્ ! મારી ઇચ્છા દુનિયાની સેવા કરવાની છે. આપ મને જ્યાં મોકલવા ચાહો ત્યાં મોકલો. હું લોકોને ધર્મનો માર્ગ બતાવીશ.'

બુદ્ધે કહ્યું : 'સંસારને આપવા પહેલાં આપણી પાસે કંઈક હોવું જરૂરી છે. પહેલાં પોતાની યોગ્યતા પ્રાપ્ત કરો. પછી સંસારની સેવા કરજો.'

અંકમાલ ચાલ્યો ગયો. ૧૦ વર્ષ સુધી કઠોર અભ્યાસ કર્યો. કલાવિશારદ રૂપે પ્રસિદ્ધ થયો. દુનિયામાં એની ખૂબ પ્રશંસા થવા લાગી. પોતાની પ્રશંસાથી પુલકિત થતો અંકમાલ બુદ્ધ પાસે ગયો અને બોલ્યો : 'ભગવન્ ! હવે હું સંસારના માણસોને કંઈ ને કંઈ આપી શકીશ. હું ૨૪ કલાઓમાં પારંગત થયો છું.'

બુદ્ધના મુખ પર સ્મિત ફરકી ગયું. તેમણે કહ્યું : 'વત્સ, તું કલાઓ શીખીને આવ્યો છે. પરીક્ષા બાકી છે. પરીક્ષામાં પાસ થયા પછી અભિમાન કરજે.'

અંકમાલ ચાલ્યો ગયો. બીજા દિવસે બુદ્ધ વેશપરિવર્તન કરીન અંકમાલ પાસે ગયા. કોઈ કારણ વિના તેને કડવા શબ્દો સંભળાવ્યા. અંકમાલ ક્રોધે ભરાણો. મારવા દોડ્યો. બુદ્ધે સ્મિત વેર્યું ને ચાલ્યા ગયા.

એ જ દિવસે બપોરે બે બૌદ્ધ શ્રમણ વેષ બદલીને અંકમાલ પાસે ગયા, અને કહ્યું હે વીર પુરુષ, સમ્રાટ હર્ષ તમને મંત્રીપદ આપવા ઇચ્છે છે. શું તમે મંત્રીપદ સ્વીકારશો ?' અંકમાલના મનમાં લોભ જાગ્યો. તે બોલી ઊઠ્યો : 'હા, હા, હમણાં જ ચાલો.'

બંને શ્રમણ હસ્યા ને ચાલ્યા ગંયા.

સંધ્યા સમયે બુદ્ધ રૂપગર્વિતા આમ્રપાલી સાથે અંકમાલના ઘરે ગયા. અંકમાલ આમ્રપાલીને રાગદૃષ્ટિથી જોઈ રહ્યો.

બીજા દિવસે બુદ્ધે અંકમાલને બોલાવીને કહ્યું : 'વત્સ, શું તમે ક્રોધ, કામ અને લોભ ઉપર વિજય મેળવવાની કળા પણ શીખી છે ?'

અંકમાલને આગલા દિવસની બધી ઘટનાઓ યાદ આવી ગઈ. એ લજ્જિત થઈ ગયો. બુદ્ધના ચરણોમાં પડી ગયો. એ દિવસથી એ કષાયવિજયની સાધનામાં જોડાઈ ગયો.

તમે ક્ષમા દ્વારા ક્રોધ પર વિજય મેળવી શકશો, નમ્રતા દ્વારા માન પર વિજય પ્રાપ્ત કરી શકશો અને સંતોષ દ્વારા લોભને ભૂશરણ કરી શકશો. આ રીતે ક્ષમા-નમ્રતા-સરળતા અને સંતોષ, - આ ચાર યોદ્ધાઓનો સહારો લઈ લો.

સહારો લેતાં પહેલાં એ ચાર યોદ્ધાઓમાં તમારે સંપૂર્ણ વિશ્વાસ મૂકવો પડશે. પછી, એ ચારની સાથે કાયમ માટે જીવવાની તમારી તૈયારી હોવી જોઈએ. અત્યાર સુધી ક્રોધમાં વિશ્વાસ હતો તેવો જ વિશ્વાસ ક્ષમામાં મૂકવો પડશે. જેવો વિશ્વાસ માનમાં હતો તેવો વિશ્વાસ નમ્રતામાં જોઈશે. અને જેવો વિશ્વાસ લોભમાં મૂકેલો હતો તેવો વિશ્વાસ સંતોષમાં મૂકવો પડશે. તો જ તમે એ ચાર કષાયો પર વિજય મેળવવા શક્તિમાન બની શકશો.

ક્રોધવિજય :

સર્વ પ્રથમ આપણે ક્રોધકષાય પર ચિંતન કરીશું .

તમે તમારા જીવનમાં પ્રીતિનું મૂલ્યાંકન કરો છો ? પ્રીતિને જીવનનું મહામૂલું અમૃત માનો છો ? જીવનનો આનંદ, જીવનની સફળતાનો આધાર 'પ્રીત' છે, આ વાત તમે સ્વીકારો છો ? અન્ય જીવોની પ્રીતિને તમે તમારું અણમોલ ધન સમજો છો ? બીજા મનુષ્યનો તમારા પ્રત્યેનો સ્નેહ, તમારું જીવન છે, આ સત્ય પર તમે ચિંતન કર્યું છે ? જો તમે હા કહેતા હો તો ક્રોધ ક્યારેય ના કરશો. ક્રોધની આગને અંતરમાં પ્રગટવા જ ન દેશો. પ્રિયતમ વ્યક્તિઓ સાથેની પણ પ્રીતિ, ક્રોધના ભીષણ દાવાનળમાં બળીઝળીને રાખ થઈ જશે. અન્ય જીવાત્માઓની પ્રીતિ વિનાનું તમારું જીવન નિરસ બની જશે.

માટે ક્રોધવિજય કરવા, ક્રોધથી ભૂતકાળમાં થયેલાં નુકસાનો તો વર્તમાનમાં થતા ગેરલાભોનો અને ભવિષ્યમાં થનારા અપાયોનો વિચાર કરો. ક્રોધથી તમને નુકસાન થાય છે અને મનને પણ નુકસાન થાય છે એનો વિચાર કરો. એની સામે ક્ષમાની સાધનાથી થતા લાભોનો વિચાર કરો.

જ્યાં તમારું ધાર્યું નથી થતું ત્યાં ક્રોધ આવી જાય છે ને ? તમે જે વ્યક્તિ પાસેથી જે કામની આશા રાખતા હો, એ કામ એ વ્યક્તિ નથી કરતી અથવા જોઈએ તેવું નથી કરતી તો ક્રોધ જન્મે છે ને ? તમે તે વ્યક્તિને નથી ઇચ્છતા, તે વ્યક્તિ તમારે ત્યાં આવી જાય છે તો અણગમો થાય છે ને ? તમે તમારી પ્રિય વ્યક્તિ પાસે કે વિશ્વસનીય વ્યક્તિ પાસે કોઈ વસ્તુ માગો છો. એની પાસે એ વસ્તુ હોવા છતાં તમને આપવાની ના પાડે છે ત્યારે તમને રોષ આવી જાય છે ને ? મહાનુભાવો, આવાં અનેક નિમિત્તો હોય છે. સંસારમાં એવા પ્રસંગોને ટાળો. અથવા એવા પ્રસંગોમાં સ્વસ્થતા જાળવવાના ઉપાયો વિચારો.

માનવિજય : વિનયની મઘમઘ થતી સોડમ તમને ન ગમતી હોય, રંક જીવનને વૈભવશાળી બનાવનારા વિનયની વિશ્વમંગલા વર્ષામાં સ્નાન કરવું ન ગમતું હોય તો ભલે તમે અભિમાનના આધાર હો, આકાશમાં ઊડ્યા કરો. ઉદ્દીપ્ત અભિમાનની પાશવી વૃત્તિઓ વિનયધર્મનો સંહાર કરીને તમારા જીવનને સ્મશાનભૂમિ બનાવીને ભલે નગ્ન નૃત્ય કરે.

જો તમે 'विणयमूलो धम्मो' - ધર્મ વિનયમૂલક છે - આ જિનવચનને

માનતા હો તો માનકષાયનો ક્યારેય સહારો ન લો. માન કરીને તમારે શું જોઈએ છે ? તમારે લોકોનાં સન્માન જોઈએ છે ? ભલે તમે વિનયધર્મને અપનાવો. તમને સાચાં સન્માન મળશે. જે વિનય આપણને મોક્ષ આપી શકે છે તે વિનય શું માન-સન્માન નહીં આપે ? જરૂર આપશે.

માન-અભિમાનની તીવ્ર લાગણીઓ કેવા કેવા અનર્થો સર્જે છે, એનાં ઐતિહાસિક દૃષ્ટાંતો વાંચો. માન-અભિમાનથી તમે તમારાં કેવાં કેવાં માનસિક અને પારિવારિક સુખો ખોયાં એનો ગંભીરતાથી વિચાર કરો. એની સામે નમ્રતાથી તમે કેવી શ્રેષ્ઠ ચિત્તશાન્તિ અનુભવી શકો છો, તેનો અનુભવ કરો.

જ્યારે કોઈ તમારું અપમાન કરે છે અથવા જેમની પાસેથી તમને સન્માનની અપેક્ષા છે તેમના તરફથી સન્માન મળતું નથી ત્યારે તમારું અભિમાન પ્રગટે છે. આ અભિમાનની લાગણીનું મૂળ છે 'અહં'ની ઊંડી લાગણી. 'હું કંઈક છું' આ વિચાર ઘણો ખતરનાક છે. જો મનુષ્ય હુંપણાના ખ્યાલને હૃદયમાંથી ખોદીને બહાર ફેંકી દે તો જ માન-અભિમાનથી બચી શકે. સદૈવ મનુષ્ય નમ્ર બન્યો રહી શકે તો માન-કષાય પર વિજય મેળવી શકે.

માયાવિજય :

તમારા પર કોઈનોય વિશ્વાસ ન હોય, સહુ તમારા પ્રત્યે શંકાની દૃષ્ટિથી જોતા હોય, તો તે તમને ગમશે ? તમારા પર વિશ્વાસ કરવા તૈયાર ન હોય તો પણ તમે આનંદથી જીવન જીવી શકશો ? ના, તો પછી તમે માયા શા માટે કરો છો ? કપટ શા માટે કરો છો ? માયા વિશ્વાસનો ઘાત કરે છે. માયાવી પર કોઈ વિશ્વાસ મૂકતું નથી.

પરિવાર, સમાજ અને નગરનો વિશ્વાસ જ અખંડિત રાખવા ઇચ્છતા હો તો માયા-કપટના ખેલ ખેલવા ત્યજી દો. સરળ બન્યા રહો. ન્યાય-નીતિ અને પ્રામાણિકતાના પથ પર દૃઢ બનીને ચાલતા રહો. ક્યારેય કોઈનો વિશ્વાસભંગ કરવાનું પાપ ન આચરશો.

માયા-કપટ કરવાનું મન ત્યારે થાય છે કે જ્યારે એને મનગમતી વસ્તુ કે વ્યક્તિ સરળતાથી, સુગમતાથી મળતી નથી. એ વસ્તુ કે વ્યક્તિ મેળવવા મનુષ્ય અધીર બની ગયો હોય છે, આતુર બની ગયો હોય છે. એ અધીરતા

ને આતુરતા માયા-કપટ કરવા જીવને પ્રેરે છે. પરદ્રવ્યની તીવ્ર સ્પૃહામાંથી માયા-કપટની વૃત્તિ જન્મે છે અને પુષ્ટ થાય છે. જો મનુષ્ય એ સ્પૃહાથી મુક્ત થવા પ્રયત્ન કરે, પોતાના ભાગ્ય પર ભરોસો રાખીને જીવે તો માયા-કપટ કરવાનો વિચાર ન આવે. માયા કરવાથી બંધાતાં કુટિલ કર્મોના વિપાકોનું ચિંતન કરો.

લોભવિજય :

લોભ ! સર્વગુણોનો નાશ જો પસંદ હોય તો તમને લોભદશા મુબારક હો ! તમારા જીવનબાગમાં ક્ષમાનાં પુષ્પોની સુવાસ જો ચાહો છો, નમ્રતા અને સરળતાનાં આમ્રવૃક્ષોની શીતળ છાયા જો ચાહો છો, સત્ય અને સંતોષનાં મધુર ફળોનો આસ્વાદ જો ચાહો છો, તો તમે લોભ ત્યજી દો.

લોભ તમને અહિંસક નહીં રહેવા દે. લોભ તમને સત્યના છાંયડે નહીં બેસવા દે, લોભ તમને 'પ્રામાણિક પુરુષ' નહીં રહેવા દે. લોભ તમને સદાચારી, બ્રહ્મચારી નહીં રહેવા દે. લોભ તમને દાન દેતાં રોકશે. તપશ્ચર્યાનો માર્ગ રોકશે. શુભ ભાવનાઓને તમારા મનોમંદિરમાં પ્રવેશતાં આંતરશે !

એક પણ ગુણ નહીં રહેવા દે. પછી ? ગુણ વિનાનું જીવન તમને સંતોષ આપશે ? ગુણ વિનાનું જીવન આત્મકલ્યાણનું સાધન બનશે ? તો પછી શા માટે લોભપિશાચને ભગાવતા નથી ?

લોભ થવાનાં અનેક નિમિત્તો છે. અનેક નિમિત્તોનું એક જ નિમિત્ત છે પુદ્‌ગલની આસક્તિ. આત્માનું અજ્ઞાન, આત્મગુણો અને આત્મશક્તિઓ અંગેનું અજ્ઞાન. આ લોભ-કષાય એટલો બધો પ્રબળ કષાય છે કે એને ના થવા દેવા માટે સંતોષનો સંગ એક ક્ષણ પણ છોડાય નહીં. સંતોષથી જ લોભ ડરે છે અને દૂર ભાગે છે.

આ કષાયોને ઉદયમાં આવવાનાં જે જે નિમિત્તો હોય, તે તે નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. મન-વચન-કાયાથી એ નિમિત્તોનો ત્યાગ કરવો જોઈએ. મનમાં આ કષાયો ન ઊઠે. એની સાવધાની રાખવાની છે.

વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવવા સર્વપ્રથમ ઇન્દ્રિયવિજય મેળવવો

પડે, પછી કષાયવિજય પ્રાપ્ત કરવો પડે. આ બે વિજય પ્રાપ્ત થયા પછી પણ ત્રણ ગારવો પર વિજય મેળવવો આવશ્યક હોય છે.

ગારવવિજય :

'પ્રશમરતિ'માં ભગવાન ઉમાસ્વાતીજીએ કહ્યું છે :

सातर्द्धिरसेष्वगुरुः सम्प्राप्य विमतिमसुलभामन्येः।

सक्त प्रशमरतिसुखे, न भजति तस्यां मुनि संगम् ।। २५६ ।।

પ્રિય ભોજનમાં આસક્ત મનુષ્યનું મન જેમ ભોજનમાં જ રમતું રહે છે, પ્રિય વ્યક્તિના પ્રેમમાં આસક્ત મનુષ્યનું મન જેમ પ્રિય જનમાં રમતું રહે છે, પ્રિય રમતમાં આસક્ત મનુષ્યનું મન જેમ રમતમાં જ રમતું રહે છે, તેમ પ્રશમરસના સુખમાં આસક્ત મુનિનું મન પ્રશમરસમાં જ ઝીલતું રહે છે. આત્માનંદની અનુભૂતિમાં ડૂબેલું રહે છે.

આવા મહામુનિના જીવનમાં સુખશીલતા ન હોય. આરામપ્રિયતા ન હોય. એ તો અપ્રમત્ત ભાવે વર્ષોનાં વર્ષો આત્મધ્યાનમાં વિતાવતા હોય છે. શારીરિક સુખ-સુવિધાઓનો વિચાર પણ એમના મનમાં પ્રવેશતો નથી. જનસંપર્કથી દૂર રહેનારા એ મહામુનિને દુનિયાને પોતાની તરફ આકર્ષિત કરવાનો કે લોકોની આંખોમાં વસી જવાનો કોઈ ધખારો હોય જ શી રીતે ? દુનિયાનાં માન-સન્માનનું મૂલ્ય એમને મન ધૂળ બરાબર હોય છે. નથી હોતી એમના મનમાં દુનિયાની પ્રશંસા સાંભળવાની ઝીણી પણ કામના. અલબત્ સકલ જીવસૃષ્ટિ પ્રત્યે એમના હૃદયગિરિમાં વિશુદ્ધ મૈત્રીભાવનું ઝરણું અવશ્ય વહેતું હોય છે. કરુણાથી એમનું હૈયું ભીનું ભીનું જરૂર હોય છે. પરંતુ અંદરથી અને બહારથી તેઓ નિર્બંધન હોય છે. રસનેન્દ્રિયની સૂક્ષ્મ પણ ઉત્તેજના તેમના મનમાં નથી હોતી. રસવૃત્તિ પર તેમણે વિજય મેળવેલો હોય છે. કોઈપણ ઇન્દ્રિયના વિષયની રુચિ શેષ રહેતી નથી.

આવા મહાસાધક આત્મામાં સ્વયંભૂ વિશિષ્ટ શક્તિઓ પ્રગટ થતી હોય છે. તેઓ ઇચ્છે તો આકાશગમન કરી શકે, તેઓ ઇચ્છે તો પોતાનાં અનેક રૂપ કરી શકે. તેઓ ઇચ્છે તો અવકાશમાંથી હીરા-મોતી વરસાવી

શકે. તેઓ ધારે તો આકાશમાં ફૂલો ઉગાડી શકે. તેઓ ધારે તે ચમત્કાર સર્જી શકે. પરંતુ વીતરાગતા તરફ તીવ્ર ગતિએ ધસી જતા મહામુનિ આવું કાંઈ જ ઇચ્છતા નથી કે કરતા નથી, કારણ કે એ શક્તિના પ્રયોગો કરવા માટે સાધકને બહિર્ભાવમાં જવું પડે છે. પ્રશમરસના માનસરોવરમાંથી બહાર નીકળવું પડે છે. તે સાધક ને કેમ પરવડે ? એની તો વૈરાગ્યમાર્ગમાં જ આસક્તિ હોય છે.

ચોથી વાત છે પરિસહવિજયની. વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવવા તમારે પરિસહો પર પણ વિજય મેળવવો પડશે.

પરિસહવિજય :

ક્ષુધા, તૃષા, ઉષ્ણતા, શીત આદિ ૨૨ પરિસહો સહવાના છે આપણે. સ્વેચ્છાથી આ કષ્ટો સહન કરવાનાં છે. સહન કરવાથી કર્મોની નિર્જરા થાય છે. વૈરાગ્યભાવ જાગ્રત રહે છે. ૨૨ પરિસહોમાં બે જાતના પરિસહો આવે છે. પ્રતિકૂળ અને અનુકૂળ પ્રતિકૂળ પરિસહોમાં એક પરિસહ હોય છે વચનપરિસહ. અપ્રિય કટુવચનો સમતાપૂર્વક સાંભળવાનો આ પરિસહ ગૃહસ્થો તરફથી આવે અને સાધુઓ તરફથી પણ આવે. આપણે કોઈને અપ્રિય-કટુવચનો કહેવાનાં નથી. કોઈ આપણને સંભળાવે તો રોષ કે ક્રોધ કરવાનો નથી. મન પર ખૂબ જ સંયમ હોય ત્યારે આ પરિસહ સહી શકાય. ઉપવાસ કરવો સહેલો છે. પણ અણગમતું વચન રોષ વિના સાંભળી લેવું કઠિન હોય છે. ખૂબ જ જ્ઞાનપરિણતિ હોય તો જ આ સહન થાય. ગુરુ મહારાજનાં કટુવચનો સાંભળવાં પણ ગમતાં નથી ને !

વિ. સં. ૨૦૦૮/૯માં અમે મુંબઈ લાલબાગના ઉપાશ્રયમાં રહેલા હતા. પૂજ્ય દાદા ગુરુદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની સાથે અમે ૪૦-૫૦ સાધુઓ હતા. એક યુવકને અમારા એક મુનિરાજે ખાનગીમાં દીક્ષા આપી દીધી હતી. એ યુવકનાં માતા-પિતા ઉપાશ્રયમાં આવી અમારા પૂ. દાદા ગુરુદેવને ન કહેવાના કડવા શબ્દો બોલવા લાગ્યાં. પરંતુ આચાર્યદેવ શાન્ત રહ્યા. હસતા જ રહ્યા. જરાય રોષ ન કર્યો. અમને બધાને કહી દીધેલું કે કોઈએ એ સ્ત્રીપુરુષનો પ્રતિવાદ નહીં કરવાનો. પણ અમારાથી સહન થાય ? અમારા

ગુરુદેવનું અપમાન કેમ સહન થાય ? અમે એ લોકોને સમજાવીને નીચે ઉતારી દીધાં હતાં. પરંતુ આચાર્યદેવ ખૂબ જ સ્વસ્થ હતા.

તેઓએ તો ખરેખર ત્રણે ગારવો પર વિજય મેળવેલો હતો. રસગારવ પર વિજય મેળવેલો હતો. જીવનપર્યંત પાંચ દ્રવ્યો તેઓ વાપરતા હતા. અમારી દીક્ષા પછી તો તેમણે બધી જ મીઠાઈનો ત્યાગ કરી દીધો હતો. મેવો અને ફળનો તો ત્યાગ હતો જ. ક્યારેક તો ચાર-ચાર મહિના બે-ત્રણ દ્રવ્યોથી એકાસણાં કરતા.

ઋદ્ધિગારવ પર પણ વિજય મેળવેલો હતો. ૩૦૦ સાધુઓના ગુરુ હોવા છતાં કોઈ ઠઠારો ન હતો. સિમ્પલ લીવિંગ. બે ઉપર ત્રીજું આસન નહોતા પાથરવા દેતા. ક્યારેય આપવડાઈ કરતા ન હતા. મારે આટલા શિષ્યો છે, એવો ગર્વ ક્યારેય કરતા ન હતા.

શાતાગારવથી દૂર રહેતા હતા. એશઆરામ એમના જીવનમાં ક્યારેય જોવા નહોતો મળતો. સદૈવ અપ્રમત ભાવે જ્ઞાન-ધ્યાનમાં ને સ્વાધ્યાયમાં નિરત રહેતા હતા. જ્યારે જુઓ ત્યારે હાથમાં શાસ્ત્રનું પાનું હોય .

તેઓ ઇન્દ્રિયવિજેતા હતા.

* પરનિંદા અને સ્વપ્રશંસા તેઓ સાંભળતા ન હતા.
* નીચી દૃષ્ટિએ જ હંમેશાં ચાલતા રહેતા હતા.
* પાતરામાં જે આવ્યું તે રાગ-દ્વેષ વિના વાપરી જતા હતા.
* સુગંધ-દુર્ગંધની ચર્ચા ક્યારેય તેમના મુખે સાંભળી નથી.
* સાદાં વસ્ત્રો પહેરતા. પંદર દિવસ પહેલાં એ વસ્ત્રો ધોવાતાં નહોતાં.
* ક્યારેય ઉગ્ર શબ્દોનો પ્રયોગ કરતા ન હતા.

એવી જ રીતે તેઓ કષાયવિજેતા હતા.

અમે વર્ષો સુધી એમના સાંનિધ્યમાં રહેલા છીએ. અમે અમને ક્રોધ કરતા નથી જોયા. અભિમાન કરતા નથી જોયા. માયા-કપટ તો એમના સ્વભાવમાં જ ન હતાં, અને લોભ તો એક પેન કે પેન્સિલનો પણ ન હતો.

વૈરાગ્યવિજય માટેની આ બધી વાતોને એક જ મહાપુરુષના જીવનમાં જોવી હોય તો આપણે સુવ્રત શ્રેષ્ઠિના જીવનમાં જોઈ શકીએ. તમે દૃષ્ટાંત જાણો છો. મૌન એકાદશીની આરાધના સાથે સુવ્રત શ્રેષ્ઠિ જોડાયેલા છે. તેઓએ જેવી રીતે મૌન એકાદશીની આરાધના કરી હતી તેમ તેઓએ વૈરાગ્યમાર્ગ પર વિજય પણ મેળવેલો હતો.

રાત્રિના સમયે તેમની હવેલીમાં ચોરો આવ્યા. ધન-માલનાં પોટલાં બાંધ્યાં. સુવ્રત શેઠ જાગતા હતા. હવેલીમાં જ પોતાની પૌષધશાળામાં પૌષધવ્રત લઈને કાયોત્સર્ગ ધ્યાનમાં હતા. ચોરો પર ક્રોધ-રોષ ન આવ્યો. કરોડો સોનામહોરોનો લોભ ન સતાવી શક્યો. આ ચોરો સોનામહોરો ઉપાડી જાય છે, તેમને રોકું એવો વિચાર ન આવ્યો. આ રીતે રાગ અને દ્વેષ પર તેમણે વિજય મેળવ્યો હતો.

મૌન એકાદશીનો ઉપવાસ હતો. સાથે પૌષધવ્રત હતું. એટલે રસ-ઋદ્ધિ અને શાતાગારવ પર પણ વિજય મેળવેલો હતો. પૌષધમાંય કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા હતા. મન-વચન-કાયાથી બ્રહ્મચારી હતા. ૧૧ પત્નીઓ હાજર હોવા છતાં નિર્વિકાર રહ્યા હતા. તો ક્ષેત્રદેવતા એમના પર પ્રસન્ન થયા હતા. ચોરોને હવેલીના દ્વારે સ્થગિત કરી દીધા હતા.

ચોરોને ધનનાં પોટલાં સાથે જમીન પર ચોંટી ગયેલા જોઈને સુવ્રત રાજી નહોતા થયા. ચોરોની દયા આવી હતી. આ પકડાશે તો રાજા એમને મારી નાખશે. તેમણે એ ચોરો માટે રાજા પાસેથી અભયદાન મેળવેલું. ૧૧ કરોડ સોનામહોરોના વૈભવ પર તેઓ અનાસક્ત હતા, વૈરાગી હતા. એટલે પછી છેવટે સંસારનો ત્યાગ કરી દીક્ષા લીધી હતી.

મોક્ષમાર્ગની આરાધનામાં સર્વવિરતિ અનિવાર્ય છે. અને સર્વવિરતિ-ધર્મ પામ્યા પછી વૈરાગ્યમાર્ગ પર વિજય મેળવવો અનિવાર્ય છે. એ વિજય મેળવવા ઇન્દ્રિયો પર, કષાયો પર, ગારવો પર અને પરિસહો પર વિજય મેળવવો આવશ્યક છે.

આજ બસ, આટલું જ.

વાચના આઠમી

ચારિત્રધર્મ

सम्यक्त्वज्ञानचारित्रसम्पदः साधनानि मोक्षस्य ।
तास्वेकतराऽभावेऽपि मोक्षमार्गोऽप्यसिद्धिकरः ॥२३०॥

- પ્રશમરતિ

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ સંપદાઓ મોક્ષનાં સાધન છે. એમાંથી એકના અભાવમાં મોક્ષમાર્ગની સિદ્ધિ નથી હોતી.

धर्मावश्यकयोगेषु भावितात्मा प्रमादपरिवर्जी ।
सम्यक्त्वज्ञानचारित्राणामाराधको भवति ॥२३२॥

- પ્રશમરતિ

ધર્મોમાં (ક્ષમા આદિ) અને આવશ્યક ક્રિયાઓમાં (પ્રતિક્રમણાદિ) શ્રદ્ધાશીલ તથા અપ્રમાદી આત્મા સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રનો આરાધક બને છે.

આ સંસાર ચાર ગતિરૂપ છે. આપણો આત્મા અનંતકાળથી સંસારની ચાર ગતિમાં ભટકી રહ્યો છે. નિરંતર જન્મ અને મૃત્યુનું ચક્ર ચાલી રહ્યું છે. જન્મ અને મૃત્યુની વચ્ચે સુખ અને દુઃખ, આપત્તિને સંપત્તિ, સંપદા ને વિપદા વગેરે ઘટમાળ અનંતકાળથી ચાલી રહી છે. હવે આ જીવનમાં આપણે નિર્ણય કરવાનો છે કે આ અનાદિકાલીન ઘટમાળને એમ જ ચાલવા દેવી છે કે રોકવી છે. તીર્થંકર પરમાત્માએ પોતાના પૂર્ણ જ્ઞાનના પ્રકાશમાં સંસારની વાસ્તવિકતા જોઈને કહ્યું કે આ સંસારની ચાર ગતિમાં ક્યાંય સુખ નથી. સુખાભાસ છે. જેમ રણપ્રદેશમાં ભટકતા હરણને દૂરદૂર પાણીનો આભાસ થાય છે અને દોડે છે પાણી મેળવવા, પણ એને પાણી મળતું નથી, કારણ કે પાણી નથી હોતું, પાણીનો આભાસ હોય છે, એમ સંસારમાં ખરેખર સુખ છે જ નહીં, સુખનો આભાસ હોય છે. ખરેખર સુખ મેળવવું હોય તો ચાર ગતિમાંથી બહાર નીકળવું પડે, જન્મ-મરણથી મુક્ત બનવું પડે.

પ્રશ્ન : સંસારમાં જન્મ તો લેવો પડે ને ?

ઉત્તર : ના, એકવાર જન્મનો જ નાશ કરી દો. નિર્વાણ થઈ ગયું પછી જન્મ નથી લેવો પડતો. એવું નિર્વાણ પામવા માટે તીર્થંકર પરમાત્માએ મોક્ષમાર્ગની આરાધના બતાવી છે. એ આરાધના આ માનવજીવનમાં જ શક્ય છે. માનવજીવન કેટલું બધું દુર્લભ છે ! અનંત અનંત જીવોની સૃષ્ટિમાં સહુથી થોડા મનુષ્યો છે. તિર્યંચ ગતિના જીવો અનંત ! દેવગતિના જીવો અસંખ્ય અને નારકીના જીવો પણ અસંખ્ય ! મનુષ્યો ગણી શકાય તેટલા જ છે. તેમાં આપણો સમાવેશ થયો છે. મળેલા દુર્લભ જીવનનું ઉચ્ચ મૂલ્યાંકન કરવું જરૂરી છે. મનુષ્ય જે વસ્તુને દુર્લભ સમજે છે તેનું ઉચ્ચ મૂલ્ય આંકે છે અને એનો દુરુપયોગ કરતો નથી. જેને દુર્લભ સમજતો નથી તેનો દુરુપયોગ કરે છે.

એક ખેડૂતને ખેતરમાં ખેતી કરતાં એક કળશ મળ્યો. કળશ ઉપર શ્રીફળ મૂકેલું હતું અને રેશમી વસ્ત્રથી બાંધેલું હતું. ખેડૂતે કળશ ખોલીને

જોયું તો અંદર પથરા હતા. તેની કલ્પના ઊંધી પડી. એની ધારણા હતી સોનાના કે ચાંદીના સિક્કાઓની. તેણે પેલા પથરાઓથી પક્ષીઓને ઉડાવવા માંડ્યા. મધ્યાહ્ન સમયે એનો નાનો પુત્ર ભાત લઈ ખેતરે આવ્યો. તેણે કળશમાં એક પથરો જોયો. પથરો ચળકતો હતો. તેણે તે લઈને રમવા માંડ્યું. રમતો રમતો એ પોતાના ઘરે જવા નીકળ્યો. બજારમાંથી તે પસાર થાય છે. પથરો ઉછાળતો ઉછાળતો તે જાય છે. દુકાને બેઠેલા એક ઝવેરીએ એ પથરો જોયો. તેણે છોકરાને બોલાવીને તે પથરો જોવા માગ્યો. છોકરાએ પથરો આપ્યો. ઝવેરીએ પથરો જોઈને રાખી લીધો અને છોકરાને મીઠાઈ આપીને રાજી કરી દીધો. ઝવેરીએ પથરાની કિંમત સવા લાખ રૂપિયા આંકી. તેણે બીજા દિવસે ખેડૂતના ઘેર જઈને ખેડૂતને પૂછ્યું કે તમારી પાસે આવા બીજા પથરાઓ છે ? ખેડૂતે કહ્યું કે ઘણા હતા. મેં ફેંકી દીધા... જ્યારે ઝવેરીએ ખેડૂતને પચીસ હજાર રૂપિયા આપ્યા ત્યારે ખેડૂત હેબતાઈ ગયો. શું એક પથરાના આટલા બધા રૂપિયા ? હું કેવો મૂર્ખ કે મેં પથરા બધા ફેંકી દીધા ?

ખેડૂતે રત્નોને પથરા માન્યા. રત્નોનું મૂલ્ય ન સમજી શક્યો. મળેલાં રત્નોને ગુમાવી દીધાં. આવી ગંભીર ભૂલ આપણી ન થઈ જાય. નહીંતર પસ્તાવાનો પાર નહીં રહે. માનવજીવનને પરખનારા સર્વજ્ઞ પરમાત્માએ માનવજીવનને અમૂલ્ય રત્ન કહ્યું છે.

મહાત્માઓ આ સત્ય સમજતા હોય છે. તેઓ જીવનમાં વીતેલાં વર્ષો તરફ જુએ છે. તેમાં થયેલી ભૂલો, આચરેલા પ્રમાદો, લાગેલા અતિચારો આ બધું તેમના સાધનાપ્રિય હૃદયને અકળાવે છે. વર્તમાનકાળમાં પણ થઈ જતા સૂક્ષ્મ પ્રમાદો તેમને વ્યથિત કરી દે છે. આ મારો કેવો પ્રમાદ ? હૃદય કાળો કકળાટ કરે છે. મારો આટલો સમય જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધના વિનાનો ગયો. બહુ મોટું નુકસાન તમને લાગે છે.

ગયેલો સમય પાછો મળતો નથી. આ સત્યને સમજેલા મહાપુરુષો સમયના દુરુપયોગને મોટું નુકસાન માનતા હોય છે. અપ્રમત જીવનનો

આદર્શ સામે રાખીને મોક્ષમાર્ગ પર ચાલનારા સાધકોને નાનકડો પણ પ્રમાદ શાને પાલવે ? નિદ્રા, વિકથા અને વિષય-કષાયને કટ્ટર દુશ્મન માનનારા સાધકો, એ દુશ્મનો સાથે ક્ષણવાર પણ બેસવાનું શાના પસંદ કરે ? ક્યારેક રસ્તમાં એ દુશ્મનો મળી જાય અને પૂર્વકાળની મૈત્રી યાદ આવી જાય, તેથી ઘડી - બેઘડી વાતો કરી લીધી. હસી લીધું, રમી લીધું, પરંતુ તરત જ ભાન આવી જાય છે કે આ મિત્ર નહીં, શત્રુ છે અને તુરત રસ્તો પકડી લે પોતાનો. પોતાના આત્મભાવમાં પાછો ફરે. થઈ ગયેલી ભૂલ તેને બેચેન કરી દે. 'कः प्रमादो मे ?' - મારો કેવો પ્રમાદ ?

જે જ્ઞાની છે, જે શાસ્ત્રજ્ઞ છે, એ જાણે છે કે દેવલોકનો દેવેન્દ્ર કેમ ન હોય, એના પણ વીતેલા જીવનની પળો એને પાછી મળતી નથી. ગયેલું રાજ્ય પાછું મળી શકે, ગયેલું આરોગ્ય પાછું મળી શકે, ગયેલી ઇજ્જત પાછી મળી શકે, પરંતુ ગયેલી જીવનની પળો પાછી મળતી નથી. માટે જે પળો એની પાસે હોય છે, એ પળોનો સદુપયોગ કરવા તે જાગ્રત રહે છે. જીવનની એકેએક પળનો એ સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં વિનિયોગ કરતો રહે છે. એ જ્ઞાનદૃષ્ટિવાળા યોગીપુરુષો એ પણ જાણતા હોય છે કે ભૂતકાળ વીતી ગયો છે. ભવિષ્યકાળ આવવાનો છે, હાથમાં છે વર્તમાન. વર્તમાનની પળને તેઓ અતિ મૂલ્યવાન સમજે છે અને તે પળની આરાધના કરતા રહે છે.

જે મનુષ્ય વર્તમાન પળનો આરાધક હોય છે તે જ સમગ્ર માનવજીવનની દુર્લભતા સમજનારો છે. માત્ર ભૂતકાળની ભૂલોને યાદ કરી રુદન કરનારો *અને ભવિષ્યની કલ્પનાઓમાં રાચનારો મનુષ્ય માનવજીવનનું મૂલ્ય સમજતો* નથી. સદૈવ જાગ્રત આત્મા વર્તમાન પળમાં જીવતો હોય છે.

ધર્મપુરુષાર્થની આરાધના માટે જ જીવન જીવતા મહાપુરુષો ધર્મપુરુષાર્થનાં સાધનો તરફ પણ સજાગ હોય છે. તેઓ જાણતા હોય છે કે આરોગ્ય, આયુષ્ય, બળ, વીર્ય અને સાનુકૂળ સંયોગો હોય ત્યાં સુધી જ ધર્મપુરુષાર્થ

થઈ શકે. આ સાધનોની વિનશ્વરતાનું ક્ષણિકતાનું, પણ તેમને પૂરું ભાન હોય છે.

અત્યારે શરીર નીરોગી છે, કોઈ રોગ નથી, પાંચે ઇન્દ્રિયો કાર્યક્ષમ છે, કોઈ ઇન્દ્રિય શિથિલ નથી. ધર્મપુરુષાર્થ કરી લો. તપશ્ચર્યા કરી લો, સેવા ભક્તિ કરી લો. જ્ઞાન અને ધ્યાન કરી લો. શરીરમાં જ્યારે રોગ પેદા થશે, ઇન્દ્રિયો શિથિલ બની જશે. ત્યારે ધર્મપુરુષાર્થ નહીં થઈ શકે. આ યથાર્થતાથી જ્ઞાની પુરુષ પૂર્ણ પરિચિત હોય છે. તેઓની કલ્પનાસૃષ્ટિમાં સનતકુમાર ચક્રવર્તી જેવા પાત્ર વિચરતાં જ હોય. સ્નાન કરતી વખતે શરીરમાં એકેય રોગ નહીં અને રાજસભામાં આવીને સિંહાસન પર બેસે છે કે શરીરમાં એક સાથે સોળ સોળ રોગ પ્રગટી જાય છે. અત્યારે પણ શું આવી રીતે અણધાર્યો હુમલો રોગોનો નથી થતો ? રાત્રે સૂતો હોય ત્યારે સાજો-સારો હોય અને સવારે ઊઠે છે ત્યારે ગળું બંધ. નથી બોલાતું, નથી કંઈ ગળે ઊતરતું. દુકાનથી નીકળીને ઘરે આવવા નીકળે છે ત્યારે નખમાંય રોગ નહીં અને ઘરનાં પગથિયાં ચઢતાં જ ઢળી પડે છે - હાર્ટફેઈલ. ગાડીમાં બેસે છે ત્યારે હસતો ને ખીલતો હોય છે અને ઊતરે છે માત્ર એનું પ્રાણ વિનાનું કલેવર.

આરોગ્ય ચંચળ અને આયુષ્ય પણ ચંચળ છે. ક્યારે કાળનો ઝપાટો લાગે ને આ દેહ છોડી જવો પડે આત્માને, અજ્ઞાની જીવાત્માને ખબર પડતી નથી. એને એટલી ખબર પડી શકે કે મૃત્યુ ગમે ત્યારે અને ગમે ત્યાં આવી શકે છે, તો એ આત્મહિતની સાધનામાં પ્રતિપળ સાવધાન રહે.

જેમ આરોગ્ય અને આયુષ્ય અસ્થિર છે તેમ શરીરની શક્તિઓ પણ અસ્થિર છે. સવારનો બળવાન પુરુષ સાંજે નિર્બળ બની જતો નથી જોયો ? વિશ્વમાં ચેમ્પિયન બનેલા પહેલવાનોને ટાંટિયા ઘસી ઘસીને જિંદગી પૂરી કરતા નથી સાંભળ્યા ? માટે જ્યાં સુધી શરીરમાં બળ છે, શક્તિ છે, ત્યાં સુધી આત્મશુદ્ધિનું કાર્ય કરી લેવા માટે એ મહાત્મા તત્પર હોય છે.

આ બધી વાતોમાં મહત્ત્વપૂર્ણ વાત છે વીર્યોલ્લાસની. આંતરઉત્સાહની.

હૃદયના ઉલ્લાસની. પ્રવર્ધમાન અધ્યવસાયો હોય ત્યારે ધરખમ ધર્મપુરુષાર્થ ખેડી લેવાનો, કારણ કે વીર્યોલ્લાસ પણ ચંચળ હોય છે, કાયમ ટકતો નથી. આરોગ્ય હોય, જીવન હોય, બળ હોય, અને અનુકૂળ સામગ્રી હોય, છતાં જો વીર્યોલ્લાસ ન હોય, આંતરઉત્સાહ ન હોય તો ધરમપુરુષાર્થ નથી થતો. અલબત્, જ્યારે આંતરઉત્સાહ પ્રગટે છે, ત્યારે પ્રમાદ ટકી શકતો નથી અને સહજભાવે જ્ઞાનાદિ ધર્મપુરુષાર્થ થતો હોય છે. કોઈ અવરોધોને અવગણી નાખે છે. વિઘ્નો પર વિજય મેળવે છે અને નિર્ધારિત લક્ષ્યે પહોંચવા જીવને ગતિ આપે છે.

કુમારી સુનંદાના હૃદયમાં ચારિત્રધર્મની આરાધના કરી લેવાનો આંતરઉત્સાહ જાગ્યો છે. અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટ્યો છે. એણે દૃઢ નિર્ણય કર્યો છે ચારિત્રધર્મનો સ્વીકાર કરવાનો, કારણ કે સંસાર અને મોક્ષની વચ્ચેનો પુલ છે ચારિત્રધર્મ. એ પુલ પર ચાલતાં ચાલતાં મોક્ષ સુધી પહોંચી શકાય છે. પણ ચાલવું તો પડે. એના પર ચાલવા માટે જ્ઞાનનો પ્રકાશ જોઈએ. શ્રદ્ધાનું સંબલ જોઈએ ને ચારિત્રની શક્તિ જોઈએ.

જ્ઞાનનો દીપક બુઝાઈ ગયો તો માર્ગ દેખાશે નહીં. શ્રદ્ધાનું સંબલ ખૂટી ગયું તો થાકી જઈશું અને ચારિત્રની શક્તિ ઘટી ગઈ તો આગળ વધી નહીં શકીએ.

સુનંદા દીક્ષા લેશે. તે સાધ્વી બનશે. દીક્ષા શું છે ? સંસારનો ત્યાગ કરી એ મોક્ષ તરફના પુલ પર ચાલવાનું શરૂ કરશે. દીક્ષા એટલે જીવની શિવ તરફથી યાત્રા છે. આત્માની પરમાત્મા તરફની યાત્રા છે. યાત્રા લાંબી છે. કેટલાય જન્મોની છે. એક જન્મમાં આ યાત્રા પૂર્ણ થતી નથી. આ જ જન્મમાં આપણે મોક્ષ સુધી પહોંચી શકવાના નથી. વચ્ચે દેવલોક વગેરે ઉચ્ચયોનિમાં વિશ્રામ લેવો પડશે.

મૃત્યુ એ યાત્રાનો અંત નથી. વિશ્રામ છે. ચારિત્રધર્મનું યથાર્થ પાલન કરનાર આત્મા હજારો લાખો વર્ષ દેવલોકમાં વિતાવે છે. પછી મનુષ્યલોકમાં આવે છે. ફરીથી ચારિત્રધર્મનો પુરુષાર્થ કરે. અને એ રીતે મોક્ષ તરફની

યાત્રા ચાલુ રહે છે. ત્રીજા ભવે, પાંચમા ભવે કે છેવટે આઠમા ભવે તો એ મોક્ષ પામે જ છે.

હિમાલયના એવરેસ્ટ શિખર પર ચડવાની યાત્રા જેટલી રોમાંચક હોય છે, એના કરતાં પણ મોક્ષયાત્રા વધુ રોમાંચક હોય છે. આ યાત્રામાં સદ્ગુરુનો સાથ-સહયોગ આવશ્યક જ નહીં, અનિવાર્ય હોય છે. જ્ઞાનમાર્ગ અને ચારિત્રમાર્ગમાં ગુરુનું સ્થાન અદ્વિતીય હોય છે. જ્ઞાનમાર્ગની સર્વે પ્રવૃત્તિઓમાં ગુરુનું માર્ગદર્શન જરૂરી હોય છે. સૂત્રપાઠના ઉચ્ચારણમાં અને સૂત્રાર્થના અવધારણમાં, શંકાઓના સમાધાનમાં અને તાત્પર્યાર્થના પર્યાલોચનમાં ગુરુ જ પ્રામાણિક હોય છે.

તમારે શાસ્ત્રજ્ઞાન મેળવવું છે. શાસ્ત્રજ્ઞાન વિના આત્મકલ્યાણની મંગલ આરાધના શક્ય નથી. આ વાત તમને જચી ગઈ છે ? આ માનવજીવનમાં મારે આત્મકલ્યાણ સાધી જ લેવું છે, આવો તમારે દૃઢ નિરધાર છે ? તો તમારે એવા ગુરુદેવ શોધવા જોઈએ કે જેઓ તમને શાસ્ત્રજ્ઞાન આપે. શાસ્ત્રોમાં કહેલો મોક્ષમાર્ગ બતાવે. પરંતુ ગુરુ પાસેથી મને શાસ્ત્રો ભણાવો એમ કહેવામાત્રથી શાસ્ત્રજ્ઞાન મળતું નથી. તમારે તમારી યોગ્યતા, પાત્રતા સિદ્ધ કરવી પડશે. ગુરુની દૃષ્ટિમાં તમારે વિનીત બનવું પડશે. ગુરુની દૃષ્ટિમાં તમારે શાન્ત-પ્રશાન્ત-ઉપશાન્ત બનવું પડશે. એવા બન્યા એટલે શાસ્ત્રજ્ઞાન મેળવવા સુયોગ્ય બન્યા, પાત્ર બન્યા.

વિનયગુણ જ્યારે આત્મામાં પ્રગટશે ત્યારે તમે સ્વયં ગુરુની ચરણસેવામાં પ્રવૃત્ત થશો. ગુરુદેવના પુણ્યદેહને કેમ શાન્તિ રહે, સુખાકારિતા રહે, એ રીતે તમે સેવા કરવાના. તેઓ પોતાના આસનેથી ઊભા થશે કે તમે ઊભા થઈ જ જવાના. તેઓ શું ઇચ્છે છે, એ એમની મુખાકૃતિ જોઈને તમે જાણી જવાના. તેઓ નિવાસસ્થાનની બહાર જશે તો તમે સાથે જવાના. તેઓ નિવાસસ્થાનમાં આવશે કે તમે તેમના હાથમાંથી દંડ લઈ લેવાના. તેઓનાં ચરણોનું પ્રક્ષાલન કરવાના. તમે સમજી જવાના કે અત્યારે ગુરુદેવને શયન

કરવું છે. તમે સંસ્તારક પાથરી દેવાના. તમે એમના સહવાસથી જાણી જવાના કે ગુરુદેવની પ્રકૃતિને કયા ભોજ્ય પદાર્થો અનુકૂળ છે અને કયા પદાર્થો પ્રતિકૂળ છે. તે મુજબ તમે ગોચરીની ગવેષણા કરવાના. તમે ગુરુદેવના મિજાજને પણ ઓળખી લેવાના. તેમને અણગમતી પ્રવૃત્તિ તમે નહીં કરવાના. તમે સતત ખ્યાલ રાખવાના કે ગુરુદેવને શું પ્રિય છે, શું અપ્રિય છે. પ્રિય આચરવાના, અપ્રિય નહીં આચરવાના.

વિનય અને બહુમાનના દિવ્ય ગુણો તમારા મતિજ્ઞાનની વૃદ્ધિ કરવાના, બુદ્ધિની વૃદ્ધિ કરવાના. તે બુદ્ધિ તમને ગુરુઆરાધનામાં નિપુણ બનાવશે. ગુરુના મનોગત ભાવોને જાણવામાં વિચક્ષણ બનાવશે. ગુરુ પાસેથી મળતા શાસ્ત્રજ્ઞાનને ગ્રહણ કરવામાં અને સમજવામાં દક્ષ બનાવશે. ગુરુકૃપા તમારા શાસ્ત્રજ્ઞાનમાં નિરંતર વૃદ્ધિ કરશે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવાયું છે કે સંબુદ્ધ પૂર્વસંસ્તુત અને પ્રસન્ન ગુરુ શિષ્યને વિપુલ શ્રુતજ્ઞાન આપે છે. ગુરુ સ્વયં શાસ્ત્રજ્ઞ અને મર્મજ્ઞ હોય છે. તેમની પાસે જ્ઞાનનો ભંડાર હોય છે. તે મેળવવા તમારે એમને પ્રસન્ન કરવા પડે. તે માટે તમારે અહંને ભૂલીને તે પૂજ્યમાં રહેલા વિશિષ્ટ ગુણોની સ્તવના કરવાની. માત્ર અધ્યયન કરતી વખતે જ નહીં, એ પૂર્વે જ્યારે ગુરુ સ્વસ્થ ચિત્તે બેઠા હોય ત્યારે તેઓનાં ચરણોમાં બેસી, તમારા હૃદયમાં રહેલો ભક્તિભાવ શબ્દોમાં વ્યક્ત કરવાનો. ગુરુતત્ત્વની આ રીતની સર્વાંગ સંપૂર્ણ આરાધનાનું પરંપરાએ ફળ મુક્તિ છે. સંકલ્પ કરીને એ આરાધનામાં આત્માર્થીએ લાગી જવું જોઈએ.

હા, ગુરુતત્ત્વની પસંદગીમાં ભૂલથાપ ખાઈ ગયા તો ચારિત્રજીવન એળે જશે. અલબત ગુરુ તો છદ્મસ્થ જ જોઈએ. છદ્મસ્થ ગુરુ જ શિષ્યનું યોગક્ષેમ કરી શકે. શિષ્યોની કાનપટ્ટી પકડી શકે એટલે વીતરાગ આત્માઓ ગુરુ બનતા નથી. વીતરાગ ગુસ્સો ન કરી શકે. જ્યારે ગુરુને તો અવસરે ગુસ્સો કરવોય પડે. ગુરુમાં બે ગુણ હોય છે. ૧. ભીમ અને ૨. કાન્ત. એક આંખમાં

કરુણા, બીજી આંખમાં કડકાઈ. ગુરુને કેવળજ્ઞાન થઈ જાય, વીતરાગ બની જાય, એટલે પોતાના શિષ્યો છદ્મસ્થ એવા સાધુને સોંપી દે.

ચારિત્રધર્મના પાલનમાં મહત્ત્વપૂર્ણ વાત છે. સદ્‌ગુરુના ચરણે સમર્પિત રહેવું. સદ્‌ગુરુના સંરક્ષણમાં રહેવું. તે માટે ગુરુની શક્તિ પર વિશ્વાસ જોઈએ. જે સમયમાં આપણે જીવીએ છીએ એ સમયમાં કોઈ કેવળજ્ઞાની નથી કે કોઈ અવધિજ્ઞાની નથી. કોઈ ચૌદપૂર્વધર નથી કે એક પૂર્વના જ્ઞાનવાળા પણ નથી. 'શાસ્ત્ર ઘણાં મતિ થોડલી' જેવી સમસ્યાઓ છે. એટલે આપણા ગીતાર્થ ગુરુ પર વિશ્વાસ સ્થાપિત કરી તેમને આપણી જીવનનૈયા સોંપી દેવાની. ચારિત્રધર્મનું, મહાવ્રતોનું પાલન કરવા ઘણી જ આંતરશક્તિ અપેક્ષિત હોય છે, એ સદ્‌ગુરુ પાસેથી જ મળી શકે.

ચારિત્રધર્મ સ્વીકાર્યા પછી મુખ્ય પુરુષાર્થ જ્ઞાનપ્રાપ્તિનો જ કરવાનો છે. ૨૪ કલાકમાં ૧૫ કલાક શ્રુતજ્ઞાનની આરાધના-ઉપાસના કરવાની છે. આપણી તત્પરતા ને અભિરુચિ જોઈએ. મારે જ્ઞાન પ્રાપ્ત કરવું છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરવી છે. આત્મસંવેદના મેળવવી છે. પરભાવમાંથી મુક્તિ મેળવી સ્વભાવદશામાં સ્થિરતા પામવી છે. આ આપણી ભાવના હોવી જોઈએ.

જો આપણે ખરેખર ચારિત્રધર્મનું યથાર્થ પાલન કરીએ તો આપણા જેવું દુનિયામાં બીજું કોઈ સુખી નથી. દેખાવમાં ભલે ચારિત્રધર્મ કઠિન લાગે પરંતુ એનો સ્વાદ મધુર છે. એટલે લોકો ગાય છે ને - 'સાધુ તો સુખિયા સદા, દુ:ખિયા નહીં લવલેશ.'

'પ્રશમરતિ'માં કેવા સાધુને સદૈવ સુખી કહ્યા છે, તે જાણી લો -

* જે સાધુ શબ્દાદિ વિષયોના પરિણામને અનિત્ય અને દુ:ખરૂપ જાણે છે,
* જે સાધુ સંસારમાં રાગ-દ્વેષાત્મક દુ:ખોને જાણે છે,
* જાણીને જે પોતાના શરીર પર પણ રાગ નથી કરતા,
* શત્રુ પ્રત્યે પણ દ્વેષ નથી કરતા,

* રોગ-વૃદ્ધત્વ અને મૃત્યુથી વ્યથિત નથી હોતા,

તેઓ સર્વદા સુખી હોય છે.

* ધર્મધ્યાનમાં લીન,
* મનદંડ, વચનદંડ ને કાયદંડથી વિરત,
* ત્રણ ગુપ્તિથી સુરક્ષિત,
* ઇન્દ્રિયવિજેતા,
* પરિસહવિજેતા,
* કષાયવિજેતા એવા

દ્વન્દ્વરહિત મુનિ સદૈવ સુખી હોય છે.

એક ભાઈ સાંજે પ્રતિક્રમણ પૂરું થયા પછી નવકારમંત્રનો છંદ બોલીને પછી બોલ્યા - 'સાધુ તો સુખિયા સદા, દુઃખિયા નહીં લવલેશ.'

મેં એમને કહ્યું તો પછી તમારે સુખી નથી બનવું ? આવી જાઓ અમારી પાસે, સંસાર તો દુઃખરૂપ જ છે. ત્યારે એ ભાઈ બોલ્યા, 'આ તો કોઈએ બનાવેલું કાવ્ય બોલું છું...' બોલવા ખાતર બોલતા હતા. સાધુપણું એમને દુઃખરૂપ લાગતું હતું. કઠણ લાગતું હતું. આ તો રેડીમેડ કાવ્ય બોલી જવાનું હતું.

યાદ રાખો, આપણે મનુષ્ય છીએ. મનુષ્ય જ જીવમાંથી શિવ બની શકે છે. મનુષ્ય જ આત્મામાંથી પરમાત્મા બની શકે છે. શરત એક જ છે કે સદ્ગુરુના સહયોગથી સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની આરાધના કરી લેવાની છે. આ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ભેગાં મળીને મોક્ષમાર્ગ બને છે. એવા મોક્ષમાર્ગ પર ચાલવા તત્પર વ્યક્તિ પર સાચો પ્રેમ હોય તો આપણે એના માર્ગનું અનુસરણ કરીએ ! સુનંદાબહેન દીક્ષા લે છે. સંસારનો ત્યાગ કરે છે ! એમના પ્રત્યે સાચો પ્રેમ ધરાવનારા એમના માર્ગનું અનુસરણ કરશે ને ?

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની પુત્રી પ્રિયદર્શના પ્રભુના ઉપદેશથી વિરક્ત બની દીક્ષા લેવા તૈયાર થઈ હતી ત્યારે એની એક હજાર સખીઓ, કે જેમાં અનેક રાજકુંવરીઓ હતી, દીક્ષા લેવા તૈયાર થઈ હતી. અને પ્રિયદર્શનાની સાથે જ દીક્ષા લીધી હતી. સખી પ્રત્યેના પ્રેમથી સંસારત્યાગ કર્યો હતો.

એવી રીતે પ્રિયદર્શનાના પતિ જમાલી, પ્રભુના ઉપદેશથી વિરક્ત બન્યા હતા, પરંતુ એમના પ્રત્યે અનુરાગી ૫૦૦ રાજકુમારો અનુરાગથી પ્રેરાઈને સાધુ બન્યા હતા.

દ્રાવિડ અને વારિખીલ્લની કથા સાંભળી છે ને ? બે સગા ભાઈઓ હતા. રાજ્યના લોભથી બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયેલું. બંને પક્ષે પાંચ-પાંચ કરોડ સૈનિકો મરાયા હતા. પછી ચાતુર્માસ આવ્યું. યુદ્ધ બંધ થયું. ત્યારે સદ્‌ગુરુના સંયોગથી દ્રાવિડ ને વારિખીલ્લ વૈરાગી બની દીક્ષા લેવા તૈયાર થયા હતા. તે વખતે તેમના પાંચ-પાંચ કરોડ સૈનિકો પણ એમની સાથે દીક્ષા લેવા તૈયાર થયા હતા. સૈનિકોનો પોતાના રાજાઓ પ્રત્યે કેવો પ્રેમ હશે !

તમે સુનંદાનો દીક્ષામહોત્સવ ઊજવવા અહીં આવ્યા છો ને ! તમને સુનંદા પ્રત્યે પ્રેમ છે ને ? બોલો, એમની સાથે દીક્ષા લેવા કોણ કોણ તૈયાર થાય છે ? તમને ચારિત્ર્યનો માર્ગ ગમે છે, એટલે તો તમે દૂર દેશથી અહીં આવ્યા છો. સુનંદાને અભિનંદન આપો છો. તમે ઉટી-કુનુરમાં સુદર અભિનંદન - સમારોહ કર્યા અને શુભ કામનાઓ આપી - 'તારો સંયમમાર્ગ નિર્વિઘ્ન હો, તું પ્રભુના માર્ગે જઈ રહી છે. અમારી શુભ કામનાઓ તારી સાથે છે.'

ખેર, એક વાત ધ્યાનમાં રાખજો. હૃદયમાં જો ચારિત્રધર્મ ગમી ગયો તો આ ભવનાં કે ભવાંતરમાં પણ તમને મળશે જ. માટે ચારિત્રધર્મની અનુમોદના કરતા રહો. આવું ઉત્તમ જીવન જીવવા હું પણ સમર્થ બનું - આવી ભાવના હૃદયમાં ભાવતા રહો.

ચારિત્રધર્મની આરાધનાથી આ મનુષ્યજીવન સફળ કરો, એ જ મંગલકામના -

સંયમપંથ ચાલો

'संयमतो वेरं न चीयति ।'

'સંયમથી વેર વધતું નથી.'

- ઉદાન

अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमा ।

બધા જીવો પ્રત્યે સ્વયંને સયંત રાખવો, એ જ અહિંસાની પૂર્ણ દૃષ્ટિ છે.

- દશવૈકાલિક

विद्वान मनो धारयेताप्रमत्तः

વિદ્વાન તે છે કે જે મનને સાવધાનીપૂર્વક વશ રાખે છે.

- શ્વેતાશ્વતર ઉપનિષદ્

'ज्ञानादेव हि संसारविनाशो, नैव कर्मणा ।'

જ્ઞાનથી જ સંસારબંધનનો નાશ થાય છે, કર્મથી નહીં.

'ज्ञानमेव परं पुंसां श्रेयसामभिवांछितम् ।'

શ્રેષ્ઠતમ પુરુષોને જ્ઞાનની પ્રાપ્તિ જ પરમ અભીષ્ટ હોય છે.

આપણે ત્યાં એવી એક સમજણ પ્રવર્તે છે કે દીક્ષા લીધી એટલે ભવસાગર તરી ગયા. આ સમજણ અધૂરી છે. દીક્ષા લેવી એટલે ભવસાગર તરવા માટે છલાંગ લગાવી. હવે તરવાનું છે. મુક્તિના કિનારા સુધી તરવા જવાનું છે. થાક્યા વિના તરવાનું છે. ભવસાગર તોફાની છે. અનેક ભયાનક જલચર પશુઓથી ભરેલો છે. એમાં તરવાનું છે. આવા ભવસાગરથી પાર કેવી રીતે ઉતરાય ?

તે માટે સદ્‌ગુરુનો સહારો જોઈએ. સદ્‌ગુરુની પ્રેરણા જોઈએ ને માર્ગદર્શન જોઈએ. માટે દીક્ષા લઈને ગુરુકુલવાસમાં રહેવાનું કહેવામાં આવ્યું છે.

કરુણાવંત જ્ઞાની ગુરુદેવ શિષ્યોની માનસિક સ્થિતિનો વિચાર કરીને તેની યોગ્યતા જાણીને એને મોક્ષમાર્ગની આરાધનામાં પ્રેરણા આપતા હોય છે. ખૂબ કોમળ શબ્દોમાં કરુણાભર્યા હૈયે માર્ગદર્શન આપતા હોય છે. પ્રાય: તો સર્વે શિષ્યોનેએ પ્રેરણા-વાણી ગમતી હોય છે. એ માર્ગદર્શન પ્રિય લાગતું હોય છે, પરંતુ જે શિષ્યો ઉપર પ્રમાદનું પ્રભુત્વ છવાયેલું હોય છે. ઇષ્ટ વિષયોનું આકર્ષણ જાગેલું હોય છે, એવા શિષ્યો ગુરુદેવની પ્રેરણા ઝીલી શકતા નથી. તેમના માર્ગદર્શન મુજબ જીવી શકતા નથી. તેઓ પોતાનાં મહાવ્રતો તે પ્રમાદના આચરણથી દૂષિત કરતા હોય છે. આ પરિસ્થિતિ જોઈને ગુરુના હૃદયમાં ગ્લાનિ અને ચિંતા થાય છે. મારા શરણે આવેલો આત્મા આ રીતે સંયમજીવન હારી જશે, માનવજીવન નિષ્ફળ જશે, માટે મારે એને અહિતકારી આચરણથી રોકવો જોઈએ. આ હોય છે ગુરુની કરુણાદૃષ્ટિ, આ દૃષ્ટિથી ગુરુ શિષ્યને પ્રમાદથી દૂર રહેવા પ્રેરણા આપતા હોય છે. તે પ્રેરણામાં વપરાતા શબ્દો મીઠા હોય અને કડવા પણ હોય. આંખોમાં વાત્સલ્ય હોય અને કઠોરતા પણ હોય. સહાનુભૂતિ હોય અને છણકો પણ હોય.

ગુરુકુલવાસમાં બીજા સાધક મુનિવરોના સહવાસમાં જીવવાનું હોય છે.

ત્યાં તમારે બીજાઓના ગુણદોષ જોવાના નથી. તમે તમારાં શાસ્ત્રાધ્યયન-અધ્યાપન-ચિંતન-મનન અને કથનની પ્રવૃત્તિમાં ડૂબેલા રહો. સાથે રહેનારાઓ શું કરે છે અને કેવા છે, એ જાણવા જોવાનું નહીં બને. બીજાઓને સુધારવા માટે જો તમે જીવતા હો તો પછી તમારા માટે આધ્યાત્મિક માર્ગની સફર નથી.

આધ્યાત્મિક માર્ગે સ્વાત્મા સિવાય કોઈનોય વિચાર કરવાનો નથી. અર્થાત્ બીજા જીવાત્માઓના ગુણ-દોષોના વિચાર કરવાના નથી. તો જ તમે આત્મચિંતામાં અને આત્મતત્ત્વના ઊંડા ચિંતનમાં ડૂબી શકવાના.

બીજા જીવોના દોષ જોઈને, એ દોષોને વારંવાર યાદ કરવાથી અવર્ણવાદ કરવાનો થઈ જશે. તમારા મુખેથી એ દોષો પ્રકાશિત થઈ જવાના. કારણ કે મન વારંવાર જે વિચારે છે તે વાતો વાણીથી વ્યક્ત થઈ જતી હોય છે. આ અશુભ મનોયોગથી અને વચનયોગથી પાપકર્મોનો બંધ થતો રહે છે.

મહત્ત્વની અને ગંભીર વાત તો એ છે કે અધ્યાત્મના માર્ગે આવી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ શોભે જ નહીં. આવી પાપવૃત્તિ-પ્રવૃત્તિ ધરાવતા જીવાત્માઓ અધ્યાત્મમાર્ગના યાત્રિકો બની શકે નહીં. આધ્યાત્મિક માર્ગમાં પરદ્રવ્ય તરફ જોવાનું જ નથી. સ્વદ્રવ્ય-આત્મદ્રવ્ય તરફ જ લક્ષ નિર્ધારિત કરવાનું હોય છે.

તમે કદાચ ચોંકી જશો. બીજા જીવોના દોષ જ નહીં જોવાનું જ્ઞાની પુરુષ નથી કહેતા, ગુણ જોવાનો પણ નિષેધ કરે છે. બીજા જીવોના ગુણો જોવાનું પણ કોઈ પ્રયોજન નથી. દોષદર્શનના પાપમાંથી મુક્ત થવા માટે ગુણદર્શન છે, પરંતુ દોષદર્શનમાં પ્રવૃત્ત થતા મનને જો શાસ્ત્રોના અધ્યયન-પરિશીલનમાં અને વિશુદ્ધ આત્મદ્રવ્યના ધ્યાનમાં લીન રાખવામાં આવે તો એના જેવું બીજું કોઈ ઉત્તમ કામ નથી.

ગુણદર્શન કરવું સારું છે, પરંતુ ગુણદર્શન કરવા જતાં દોષદર્શન થઈ

જવું ઘણું સ્વાભાવિક છે. આ મહાનુભાવ ખૂબ સારા વિદ્વાન છે. ધર્મતત્ત્વોના જ્ઞાતા છે. આ આપણે ગુણદર્શન કર્યું, એટલે એ વ્યક્તિ પ્રત્યે સદ્ભાવ જાગ્યો. હવે એના વિચારો આપણા મનમાં આવતા રહેવાના. આ મહાનુભાવ વિદ્વાન તો છે પણ તપશ્ચર્યા નથી કરતા. આ દોષદર્શન એક દિવસ થઈ જવાનું.

પ્રશ્ન : જેવું હોય તેવું જોવામાં દોષ લાગે ?

ઉત્તર : જેવું હોય તેવું જોવું ને જાણવું તે દોષરૂપ નથી, પરંતુ રાગ-દ્વેષ થવા તે દોષરૂપ છે. રાગ-દ્વેષ કર્યા વિના જોવાનું ને જાણવાનું ન આવડે ત્યાં સુધી ગુણ-દોષ જોવા-જાણવાના નથી. દોષ જોવાથી દ્વેષ થાય છે. ગુણ જોવાથી રાગ થાય છે. આ બંને વર્જ્ય છે. તમે જો અધ્યાત્મમાર્ગના યાત્રિક છો, તો આ વાત છે. આત્મચિંતનના અન તત્ત્વચિંતનના અગાધ ઉદધિમાં જો ડૂબકીઓ મારવી છે અને પરમાનંદની અનુભૂતિ કરવી છે, તો આ વાત છે.

આપણે આપણા મનને વિશુદ્ધ ચિંતનમાં કે જે પરલક્ષી ન હોય, તેમાં જોડેલું જ રાખવાનું છે, મને તો હવે કંટાળો આવે છે અધ્યયન કરતાં ! મને તો હવે મજા નથી આવતી અભ્યાસ કરતાં. આવી બધી વાતો ન ચાલે. તમારી આ દિવ્ય સંયમયાત્રામાં. ભૌતિકતામાં રાચનાર માણસો જે પરદ્રવ્ય-પરપુદ્ગલની વાતોમાં રાચે-માચે, તે વાતોમાં તમારાથી રસ ન જ લેવાય. 'જ્ઞાનસાર'માં કહ્યું છે -

परब्रह्मणि मग्नस्य श्लथा पौद्गलिकीकथा ।

પરમબ્રહ્મમાં મગ્ન મનુષ્યને મન પૌદ્ગલિક વાતો નિરસ અને નિરર્થક હોય છે. એને જરાય ગમે નહીં.

તમે શાસ્ત્રોની દુનિયામાં વસી જાઓ. આ દુનિયામાં રહેવા છતાં દુનિયાની ભીડમાંથી નીકળી જાઓ. રાગી અને દ્વેષી એવા ચેપી રોગી

જીવોના સંપર્કમાં રહેવાનું ત્યજી દો. તમારી દુનિયા જોઈએ શાસ્ત્રોની, ધર્મગ્રન્થોની. હા, ધર્મશાસ્ત્રોની પણ એક વિશાળ દુનિયા છે. સુંદર અને સરસ છે એ દુનિયા.

અલબત્ત, નથી દુનિયામાં પ્રવેશ, થોડા સમય માટે રોમાંચક અને અટપટો લાગે ખરો, પણ કાળક્રમે ફાવી જાય છે અને રસાનુભૂતિ થતી રહે છે. આ દુનિયામાં શાસ્ત્રનેતાઓ દિવસ-રાત જિજ્ઞાસુ જીવાત્માઓને શાસ્ત્રોનું અધ્યયન કરાવતા રહે છે. તેઓના હૃદયમાં વાત્સલ્ય અને કરુણાના ઉચ્ચતમ ભાવો ભરેલા હોય છે. અને અધ્યયન કરનારાઓના હૃદયમાં ભક્તિ-વિનય અને વિવેકના ભાવો રમતા હોય છે. ગુરુ-શિષ્યના આ સંબંધો એવા લોકોત્તર સંબંધો હોય છે કે ત્યાં કોઈ સ્વાર્થની ખેંચાખેંચી નથી હોતી કે ગુણ-દોષોના ઝઘડા નથી હોતા. વાણી-વ્યવહાર એવો મીઠો અને સાચો હોય છે કે ક્યારેય કોઈને ઉચાટ કે ઉદ્વેગ જ ન થાય.

'મારે વૈરાગ્યમાર્ગ પર ચાલતા રહેવું છે અને વીતરાગતા પ્રાપ્ત કરવી છે', આ ધ્યેયને અનુસરતાં તમે શાસ્ત્રોનું અભિનવ અધ્યયન કરતા રહો. જે શાસ્ત્રોનું તમે અધ્યયન-ચિંતન કર્યું હોય તે શાસ્ત્રો તમે બીજાઓને ભણાવતા રહો. તમારા સહયોગીઓને તમારું શાસ્ત્રજ્ઞાન આપતા રહો.

અધ્યયન કરતાં જેમ ખેદ, ઉદ્વેગ કે ઉતાવળ ન કરવી જોઈએ તેમ અધ્યાપન કરાવતાં પણ થાકવું ન જોઈએ કે રોષાયમાન ન થવું જોઈએ. કારણ કે અધ્યાત્મમાર્ગે ચાલનારાઓ બધા જ સૂક્ષ્મ પ્રજ્ઞાને ધરાવનારા ન હોય. કોઈ અલ્પ સ્મરણશક્તિવાળા પણ હોય. કોઈ અલ્પ શાસ્ત્રજ્ઞાન લેનાર પણ હોય. તે સહુના પ્રત્યે તમારું વાત્સલ્ય, તમારી કરુણા નિરંતર વહેતી રાખવાની છે.

શાસ્ત્રોનું ચિંતન મનન કરવા માટે, અનુપ્રેક્ષા કરવા માટે સાધકે પોતાની ચિત્તવૃત્તિઓને શાન્ત-પ્રશાન્ત રાખવી જોઈએ. વૈચારિક ઉગ્રતા ત્યજવી જોઈએ. દુરાગ્રહનો ત્યાગ કરવો જોઈએ. એ ચિંતન-મનનના પરિપાકરૂપે જે વિશિષ્ટ

અર્થબોધ પ્રાપ્ત થાય તે અર્થબોધ જિજ્ઞાસુઓની યોગ્યતા અને પાત્રતા મુજબ બીજા સાધકોને આપવો જોઈએ.

શાસ્ત્રોનું ચિંતન-મનન આત્મલક્ષી હોવું જોઈએ. અર્થાત્ માત્ર વિદ્વત્તા માટે શાસ્ત્રાધ્યયન નથી કરવાનું. શાસ્ત્રાધ્યયન આત્મસંશોધન માટે કરવાનું છે. એમ વિચારતા રહેવાનું છે કે આજના દિવસમાં મેં શાસ્ત્રોની આજ્ઞા મુજબ કેટલુ જીવન જીવ્યું અને શાસ્ત્રોની આજ્ઞાઓનું ઉલ્લંઘન કેટલું કર્યું ?

* મનથી શાસ્ત્રોની સ્મૃતિ અને ચિંતન-મનન કરો.

* વચનથી એ ધર્મશાસ્ત્રોનો ઉપદેશ આપો.

* કાયાથી એ ધર્મશાસ્ત્રોને લખો અને જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરો.

આજે વર્તમાનકાળે આપણને જે ધર્મગ્રંથો પ્રાપ્ત થયેલા છે, તે ધર્મગ્રંથ આ જ રીતે પ્રાપ્ત થયેલા છે. મહાપુરુષોએ જીવનપર્યંત શાસ્ત્રોનું અધ્યયન પરિશીલન કર્યું અને એ અનુચિંતનને ટીકાના રૂપે, ભાષ્યના રૂપે કે નિર્યુક્તિના રૂપે લખ્યું. આ ક્રમ ચાલતો રહ્યો છે. આ પરંપરામાં આપણે પણ ગોઠવાઈ જવાનું છે. આ ક્ષેત્રમાં જ આપણને જ્ઞાનાનંદ પ્રાપ્ત થઈ શકે એમ છે.

શાસ્ત્રોના-શાસ્ત્રોક્ત તત્ત્વોના સૂક્ષ્મ અને આત્મસ્પર્શી ચિંતન-મનનમાંથી ક્યારેક આત્માનુભૂતિ થઈ જતી હોય છે અને તે આત્માનુભૂતિ સાચી હોય છે. દંભ અને દર્પથી મુક્ત શાસ્ત્રજ્ઞાની આત્માનુભૂતિ કર્યા વિના ન રહે.

માટે, મન-વચન-કાયાને સતત ધર્મશાસ્ત્રોમાં, અધ્યાત્મશાસ્ત્રોમાં, યોગશાસ્ત્રોમાં, ઓતપ્રોત રાખીને અધ્યાત્મની યાત્રામાં પ્રગતિ કરતા રહેવાનું છે.

આધ્યાત્મિક યાત્રામાં બીજી એક મહત્ત્વની વાત છે વિશુદ્ધ આત્માના ચિંતનની. શુદ્ધ આત્મદ્રવ્યનું ચિંતન રોજ કરવું જોઈએ. 'જ્ઞાનસાર'માં ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે :

शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम ।
नान्योऽहंनममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ।। २ ।।

- अमोहाष्टक

હું શુદ્ધ આત્મદ્રવ્ય છું. કેવળજ્ઞાન મારો ગુણ છે. તેથી હું ભિન્ન નથી. અને બીજા પદાર્થ મારા નથી. આવું ચિંતન એ મોહને હણનારું તીવ્ર શસ્ત્ર છે.

હું શ્રીમંત નથી, રૂપવાન નથી, પિતા નથી, માતા નથી, ગુરુ નથી, શિષ્ય નથી, હું શરીર નથી, હું સત્તાધીશ નથી, વકીલ નથી કે ડૉક્ટર નથી. હું કોણ ? હું શુદ્ધ આત્મદ્રવ્ય છું.

ધન મારું નથી, રૂપ મારું નથી. માતા મારી નથી, પત્ની મારી નથી. સત્તા મારી નથી, સ્વજનો મારાં નથી. શરીર મારું નથી. તો મારું શું ? શુદ્ધ જ્ઞાન-કેવળજ્ઞાન મારું છે. હું એનાથી જુદો નથી. અભિન્ન છું.

આ ચિંતન મોહને ભેદી નાખનારું તીવ્ર શસ્ત્ર છે. એનો અર્થ એ છે કે શુદ્ધ આત્મદ્રવ્ય સાથે પ્રીતિ બાંધવાની છે. એ પ્રીતિ, આત્મદ્રવ્યથી ભિન્ન પુદ્ગલાસ્તિકાય પરની પ્રીતિને તોડવા સમર્થ છે. આત્મતત્ત્વ પર પ્રીતિ બંધાતી જશે તેમ તેમ પુદ્ગલ-પ્રીતિ તૂટતી જશે.

શુદ્ધ આત્મદ્રવ્ય પર પ્રીતિ કરવાની છે એટલે સર્વપ્રથમ તો આપણા પોતાના શુદ્ધ આત્મદ્રવ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તે માટે 'હું શુદ્ધ આત્મદ્રવ્ય છું.' એનો વારંવાર જાપ કરીને પરપર્યાયોમાં કરેલી હુંપણાની બુદ્ધિને ભૂંસી નાખવાની છે. શરીર અને શરીરનાં રૂપરંગ જોઈને રાચવાની વૃત્તિ નાબૂદ કરવાની છે.

મોહને પરાજિત કરવા આપણને શસ્ત્ર અને મંત્ર - બંને મળ્યાં છે. આપણે તે બંનેને લઈ મોહ પર આક્રમણ કરવાનું છે, યુદ્ધ કરવાનું છે. હા,

યુદ્ધમાં તો શત્રુના પ્રહારો પણ સહવા પડે. પણ તેથી કંઈ શત્રુની શરણાગતિ ન સ્વીકારી લેવાય. એનો એક પ્રહાર ને આપણા વળતા દસ પ્રહારો.

એક જ નિશ્ચય કરીને લડી લેવાનું છે. અંતિમ વિજય અમારો છે.

મનુષ્યજીવન, તેમાંય સંયમજીવન યુદ્ધનું મેદાન છે. કે જે મેદાને અનેક નરવીરોને મોહ સામે વિજયી બનાવ્યા છે. મોહવિજયી મંત્ર અને શસ્ત્ર આપણી પાસે છે, પછી ડરવું શા માટે ?

આધ્યાત્મિક યાત્રામાં ત્રીજી મહત્ત્વની વાત છે ક્ષમાભાવની.

ક્ષમાધર્મ માટે 'પ્રશમરતિ'માં ભગવાન ઉમાસ્વામીએ કહ્યું છે -

धर्मस्य दया मूलं, न चाक्षमावाद दया समादत्ते ।
तस्माद्य : क्षान्तिपरः स साधयत्युत्तमं धर्मम् ।। १६८ ।।

ધર્મનું મૂળ દયા છે. જે ક્ષમાશીલ નથી હોતો તે દયા ધારણ નથી કરી શકતો. માટે જે ક્ષમાધર્મમાં તત્પર હોય છે તે ઉત્તમ ધર્મને સાધે છે.

પ્રશ્ન એ છે કે શામાટે ક્રોધી બનવું ? શા માટે કોઈ પણ જીવાત્મા સાથે વેરની ગાંઠ બાંધવી ? આમ કરીને તમે સ્વયં તમારી જાતને નુકસાન પહોંચાડો છે. તમારું મન બેકાબૂ બની જાય છે. તમારું લોહી ગરમ થઈ જાય છે. તેની અસર તમારી વાણી પર પડે છે, અને તમારા વ્યવહાર પર પડે છે. ન બોલવાનું બોલી નાખો છો, ન આચરવાનું આચરી દો છો. આથી તમારી માનવતા લાજે છે. આથી તમારી સાધુતા લાજે છે.

તમે કર્મસિદ્ધાન્તને તો સમજ્યા છો ને ? ક્રોધના આવેશમાં અને વેરની ગાંઠો બાંધવામાં કેવાં કેવાં પાપકર્મ બંધાય છે, એનો તમે સ્વસ્થ મનથી વિચાર કર્યો છે ? બંધાયેલાં એ પાપકર્મ ઉદયમાં આવે છે ત્યારે જીવાત્માને કેવાં ઘોર દુઃખો સહવાં પડે છે એનો વિચાર કર્યો છે ? શા માટે તમે ઉપશાન્ત નથી થતા ? ઇર્ષ્યા, રોષ, પરિવાદ, અવર્ણવાદ વગેરે કરીને તમારે

કયું સુખ મેળવી લેવું છે ? કદાચ તમે કોઈ ક્ષણિક આનંદ મેળવી લેવા ઇચ્છતા હો તો ભલે, પરંતુ તે પછી શું નરી અશાન્તિ અને સંતાપ જ ભોગવવાનો ને ?

ક્ષમાધર્મ આત્મસાત્ કરો. તમારા અપરાધીને પણ ક્ષમા આપો. ક્ષમાની શક્તિ પર વિશ્વાસ રાખો. શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ કેવા કેવા અપરાધીઓને ક્ષમા આપી હતી, એ શું તમે નથી જાણતા ? એવી અદ્ભુત ક્ષમા પ્રાપ્ત કરવા તમને પાંચ વિચાર આપું છું. રોજ વિચારજો.

૧. ક્ષમા ગુણરત્નોની પેટી છે. ક્ષમાની પેટીમાં ગુણરૂપી રત્નો પડેલાં છે. હું એ પેટીને ક્યારેય ખોઈશ નહીં. એ પેટી મારી પાસે જ રાખીશ.

૨. મારા શ્રમણજીવનના બગીચાને લીલોછમ રાખનારી ક્ષમા, એ તો પાણીની નીક છે. એ નીકમાંથી સદૈવ વહી આવતું પાણી મારા શ્રમણજીવનના બગીચાને નવપલ્લવિત રાખે છે.

૩. કોઈ જીવાત્મા મારો શત્રુ નથી. ખરેખર, મારા શત્રુ તો મારાં પોતાનાં કર્મો જ છે. જીવો તો નિમિત્તમાત્ર છે. મારાં પાપકર્મ જ મારું બગાડે છે. એ પાપકર્મોનું ઉપાર્જન કરનાર હું પોતે જ છું.

૪. હું બીજાના દોષો જોઉં છું. બીજા જીવોની ભૂલો જોઉં છું. માટે મને એ જીવો પ્રત્યે દુર્ભાવ, દ્વેષ થાય છે. હવે હું બીજા જીવોના દોષ નહીં જોઉં. એમના ગુણો જોઈશ અને મારા પોતાના દોષ જોઈશ.

૫. હું ક્ષમાધર્મમાં સ્થિર થાઉં છું. ક્ષમા મને પાપકર્મોનાં બંધનથી બચાવશે. મારાં પાપકર્મોની નિર્જરા થશે. ક્ષમાથી હું સર્વ જીવો સાથે મૈત્રીનો સંબંધ બાંધીશ. ક્ષમાની સોડમાં હું સમતામૃતનું પાન કરીશ.

શ્રમણ ભગવાન મહાવીરદેવે કહ્યું છે :

य : उपशाम्यति अस्ति तस्याराधनं, यो नोपशाम्यति नास्ति तस्याराधनं, तस्मादात्मनोपशमितव्यम् ।

જે ક્ષમા આપે છે, જે કષાયોને ઉપશાન્ત કરે છે. તે આરાધક બને છે. જે કષાયોને ઉપશાન્ત નથી કરતો તે આરાધક નથી બની શકતો. માટે મોક્ષમાર્ગના આરાધક બનવા ઉપશાન્ત થાઓ.

એક વાત સતત યાદ રાખજો કે ક્ષમારહિત જીવાત્મા દયાધર્મનું પાલન નથી કરી શકતો, કે જે દયાધર્મ સર્વધર્મનું મૂળ છે. દયા અહિંસા ધર્મનું લક્ષણ છે. ધર્મનું મૂળ છે. ક્ષમાશીલ જીવાત્મા જ સર્વ જીવ-દયાનું પાલન કરવા સમર્થ બને છે.

શ્રમણ તો 'ક્ષમા શ્રમણ' કહેવાય છે. હંમેશાં ક્ષમાની સાધના કરતો રહે તે શ્રમણ કહેવાય . શ્રમણને સંપૂર્ણ દયાધર્મનું પાલન કરવાનું હોય છે. દયાનો આત્મપરિણામ તો જ અખંડ રહે, જો ક્ષમાનો આત્મભાવ અભંગ રહેતો. ચારિત્રધર્મ એ ઉત્તમ ધર્મ છે. શ્રેષ્ઠ ધર્મ છે. એ ધર્મની આરાધના કરવા ક્ષમાશીલ શ્રમણ જ સમર્થ બની શકે છે.

ગમે તેવા સંયોગો ઊભા થાય. ગમે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય, તમે તમારા ક્ષમાભાવને ગુમાવો નહીં. ક્ષમાનો અમૂલ્ય ખજાનો સુરક્ષિત રાખો.

આધ્યાત્મિક યાત્રામાં, રાત્રે સૂતાં પૂર્વે જે થોડું આત્મચિંતન કરવાનું છે, તેના મહત્ત્વપૂર્ણ ચાર/પાંચ શ્લોકો સંભળાવીને આજની વાચના પૂરી કરીશ.

सव्वं मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ।
आसाउ ओसरित्ताणं समहि मणुपालणा ।। २१ ।।

- आउर पच्चक्खाण

'ફરીફરી કહું છું : જગતના કોઈપણ જીવ પ્રત્યે મારા હૃદયમાં એક અંશમાત્ર પણ વેરભાવ નથી અને કોઈ પણ જાતની આશા કે આકાંક્ષા નથી. એટલે એ બધાનો ત્યાગ કરી સમાધિભાવને સ્વીકારું છું.'

ચિત્તની સમાધિ મેળવવા માટે બે મહત્ત્વનાં કામ કરવાનાં છે :

૧. કોઈ જીવ પ્રત્યે વૈરભાવ નથી રાખવાનો.

૨. આશા-અપેક્ષાઓથી મુક્તિ મેળવવાની.

યાદ કરો, આજે સવારથી રાત સુધીમાં કોઈપણ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા કે કોઈ મનુષ્ય સાથે ઝઘડો, ક્લેશ કે બોલાચાલી નથી થઈને ? કોઈનીય સાથે વેરભાવની ગાંઠ નથી બાંધી ને ? જો બાંધી હોય તો 'मिच्छामि दुक्कडं' આપીને એ ગાંઠને ઓગાળી નાખો. ક્ષમાયાચના કરીને સમાધાન કરી લો.

કોઈ વસ્તુની આશા નથીને હૃદયમાં ? કોઈ ક્ષેત્રનું આકર્ષણ નથીને મનમાં ? કોઈ સમયની રાહ તો નથી જોતાને ? કોઈના શુભ-સુંદર ભાવોની અપેક્ષા નથી ને હૃદયમાં ? હોય તો કાઢી નાખજો. અપેક્ષારહિત બનીને તમારે સૂઈ જવાનું છે.

હવે કર્મબંધનાં નિમિત્તોને વોસિરાવવાનાં છે -

रांगं बंधं पओसं च, हरिसं दीण-भावयं ।
उस्सुगत्तं भयं सोगं, रइं अरइं च वोसिरि ।। २ ।।

'રાગ-દ્વેષ, હર્ષ-શોક, દીનતા, ભય, રતિ, અરતિ આદિ કર્મબંધના કારણરૂપ સઘળાંયે નિમિત્તોને હું વોસિરાવું છું.'

દિવસ દરમિયાન આપણે કેટલા બધા રાગ-દ્વેષ કર્યા છે, તે યાદ કરી તેને 'મિચ્છામિ દુક્કડં' દઈને વોસિરાવો. વાતે વાતે રાજી થયા છીએ અને વાતવાતમાં નારાજ થયા છીએ. દીનતા કરી છે... લાભમાં ખુશી મનાવી છે, ગેરલાભમાં અરતિ કરી છે. આ બધું કરીને પાપકર્મ બાંધ્યાં છે. માટે એ બધાં જ નિમિત્તોને મન-વચન-કાયાથી વોસિરાવો. આ રીતે વોસિરાવવાથી રાત્રિમાં કર્મબંધ થતો અટકી જાય છે. તે તે નિમિત્તોથી કર્મબંધ થતો નથી.

છતાં આત્મામાં પડેલા મમત્વના સંસ્કારો ખતરનાક હોય છે માટે તેને પણ વોસિરાવી દેવાનું છે-

ममत्तं परिवज्जामि निम्ममत्तं उवट्ठिओ
आलंबणं च मे आया, अवसेसं च वोसिरे ।। २३ ।।

સર્વ દુઃખોના કારણભૂત મમત્વભાવનો હુ ત્યાગ કરું છું. તથા નિર્મમત્વ બનેલો મારો આત્મા જ મારા આલંબનરૂપ છે. માટે આત્મા સિવાય અન્ય સર્વને હું વોસિરાવું છું.

'शुद्धात्मद्रव्यमेवाहम् ।' હું શુદ્ધ આત્મદ્રવ્ય છું ! એ સિવાય બીજું કંઈ જ નથી. 'ब्रह्म सत्यं जगन्मिथ्या।' આત્મા સિવાય બીજું બધું જ ખોટું છે, અસત્ છે... એના પર મારે મમત્વ નથી કરવું. જે છે જ નહીં, એના પર મમત્વ શા માટે કરવાનું ? હું એટલે શુદ્ધ સ્વરૂપી આત્મા ! મારે મારા આત્મા સાથે જ પ્રેમ કરવાનો છે.

आया हु महं नाणे आयामे दंसणंचरित्ते य ।
आया पच्चक्खाणे, आयामे संजमे जोगे ।। २४ ।।

'તેવી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં તેમ જ પાપવ્યાપારની નિવૃત્તિમાં અને સંયમયોગોની પ્રવૃત્તિમાં કેવળ મારો આત્મા જ મને આલંબનરૂપ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-પચ્ચક્ખાણ અને સંયમરૂપ મારો આત્મા છે.'

દિવસ વીતી ગયો છે. રાત્રિનો પણ પ્રથમ પ્રહર પસાર થઈ ગયો છે. હવે શયન કરવાનું છે. નિદ્રામાં પણ આત્મભાવ નિર્મળ રહે અને શુભકર્મો બંધાતાં રહે, અશુભકર્મો નિર્જરતાં રહે તે માટે આત્માનું આ રીતે સ્મરણ કરો - 'હું જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્મા છું. હું સર્વ પાપપ્રવૃત્તિથી વિરત છું. સંયમભાવમાં સ્થિર છું.' તમારી રાત્રિ પણ આરાધનામય પસાર થશે !

एगो वच्चइ जीवो, एगो चेवुववज्जई ।
एगस्स चेव मरणं एगो सिज्झइ निरओ ।। २५ ।।

'કર્મપરવશ આત્મા એકલો જ જન્મે છે. અને એકલો જ મરણ પામે છે. કર્મમળને દૂર કરી આત્મા એકલો જ નિર્વાણ પામે છે.'

આપણે એકલા જ આવ્યા છીએ ને એકલા જ જવાના છીએ ! મુક્તિ પણ આપણે એકલાએ જ મેળવવાની છે ! તો પછી આ બધી સંબંધોની આળપંપાળ શા માટે જોઈએ ? દિવસ દરમિયાન જો કોઈ સંબંધો બાંધ્યા

હોય તો તે સંબંધોને વોસિરાવી દો. તમે તમારા એકત્વભાવમાં બાંધ્યા હોય તો તે સંબંધોને વોસિરાવી દો. તમે તમારા એકત્વભાવમાં લીન બનો. આ અનંત સૃષ્ટિમાં તમે એકલા જ છો ! તમારે એકલાએ જ મુક્તિની મંઝિલે પહોંચવાનું છે.

एगो मे सासओ अप्पा, नाणदंसण-संजुओ ।
सेसा मे बाहिर भावा, सव्वे संजोगलक्खणा ।। २६ ।।

'જ્ઞાનદર્શનગુણથી યુક્ત મારો આત્મા શાશ્વત સ્વરૂપ છે. તે સિવાયના બધા જ બાહ્ય પદાર્થો સંયોગજન્ય હોવાથી ક્ષણિક અને વિનશ્વર છે.'

'એકમાત્ર આત્મા જ અવિનાશી-શાશ્વત તત્ત્વ છે. એ સિવાય બધું જ ક્ષણિક છે, વિનાશી છે.' આ વિચારને દૃઢ કરી, પુદ્ગલભાવો તરફ વિરક્ત બનીને સૂવાનું છે. જે સંથારા પર સૂવાનું છે, એના પર પણ રાગ નથી રાખવાનો !

संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं सव्व भावेण वोसिरे ।। २७ ।।

'દુઃખની પરંપરાનું કારણ છે સંયોગ સંબંધ ! એ સંબંધના કારણે જ આ જીવ અનંત અનંત દુઃખ ભોગવતો આવ્યો છે અનાદિકાળથી ! માટે હું એ બધા જ સંયોગજન્ય પૌદ્ગલિક સંબંધોને વોસિરાવું છું, ત્યજી દઉં છું.'

સંબંધોની ભૂતાવળથી અળગા બનવા આ ગાથાનું પુનઃપુનઃ ચિંતન મનન કરવા જેવું છે. સંયોગો ને સંબંધો જ આપણાં બધાં દુઃખોનું કારણ છે આ વાત બરાબર સમજી લેવાની છે.

આ રીતે આ ગાથાઓનો પાઠ કરી, અર્થનું ચિંતન કરી, આત્માને ભાવિત કરી નિદ્રાધીન બનજો.

આજે બસ, આટલું જ-

વાચના દશમી

સાધુ નિત્ય સુખી !

परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

- જ્ઞાનસાર

પરપુદ્ગલની સ્પૃહા એ જ મહાદુઃખ છે. નિઃસ્પૃહતામાં મહાસુખ છે. સુખ-દુઃખનું આ સંક્ષિપ્ત લક્ષણ છે. મુનિ જેટલો નિઃસ્પૃહ તેટલો સુખી !

भूशय्या भैक्षमशनं जीर्णं वासो गृहं वनम् ।
तथाऽपि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखम् ॥

- જ્ઞાનસાર

સ્પૃહારહિત મુનિને પૃથ્વીરૂપ શય્યા, ભિક્ષાથી પ્રાપ્ત ભોજન, જૂનું વસ્ત્ર અને અરણ્યરૂપ ઘર હોય તો પણ આશ્ચર્ય છે કે તેમને ચક્રવર્તી રાજાથી પણ અધિક સુખ હોય છે !

अशान्तस्य कुतः सुखम् ?

અશાન્તને સુખ ક્યાંથી હોય ? ન હોય.

- ગીતા

'तत् सुखं यत्र निर्वृत्तिः ।'

ત્યાં સુખ હોય છે, જ્યાં નિવૃત્તિ હોય છે.

સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોઈ તત્ત્વ હોય તો તે જિનશાસન છે ! અને એ જિનશાસન આપણને મળી ગયું છે ! આપણો આ મહાન પુણ્યોદય સમજવો જોઈએ. જિનશાસનની મહત્તા તમે સમજેલા છો. આ જિનશાસનમાં આત્માની વિશુદ્ધિ માટે જે સંયમમાર્ગ, ચારિત્રધર્મ બતાવવામાં આવ્યો છે તે અદ્વિતીય છે. અન્ય કોઈ ધર્મદર્શનમાં આવો સર્વાંગ સંપૂર્ણ સાધનામાર્ગ જોવા નથી મળતો, એવો સંયમધર્મ પામીને જે પુણ્યશાળી આત્મા પ્રબળ પુરુષાર્થ કરે છે. જેનું આત્મવીર્ય ઉલ્લસિત થાય છે તે આત્મા પોતાનાં કર્મોની નિર્જરા કરી પરમ વિશુદ્ધ બને છે.

એક વાત નિશ્ચિતરૂપે સમજજો કે આ જીવનની સફળતા ધન-માલ-મિલ્કતથી નથી. સ્વજન-પરિજનો કે વૈભવ-સત્તાથી નથી. આ બધું છોડીને જવાનું છે અને જે છોડીને જવાનું હોય તે ગમે તેટલું મળે તોય જીવનનું સાફલ્ય એનાથી નથી હોતું. એટલે જે બધું છોડીને જવાનું છે, એની સાથે મમત્વ નથી બાંધવાનું ! મમત્વથી મુક્ત બનવાનું છે. મુસાફરીમાં કોઈકની સાથે દોસ્તી થઈ જાય કે પ્રેમ થઈ જાય અને કોઈકની સાથે ઝઘડોય થઈ જાય ! પણ એ બધું થોડા સમય માટે જ હોય છે.

ટ્રેનમાં બે ભણેલા દેખાતા ભાઈઓ જગાના માટે લડવા લાગ્યા ત્યાં પાસે જ એક અભણ વૃદ્ધ સ્ત્રી બેઠેલી હતી. ભલે એની પાસે સ્કૂલ-કૉલેજનું શિક્ષણ ન હતું પણ ડહાપણ (વીઝડમ) જરૂર હતું. એ સમજદાર હતી. તેણે પેલા બે ભણેલા પુરુષોને પ્રેમથી કહ્યું - ભાઈઓ, જરા મારી વાત સાંભળો. તમે લડો છો શા માટે ? આપણે આપણા-આપણા સ્ટેશને ઊતરી જવાનું છે ! આપણે બધા તો મુસાફર છીએ. જ્યાં અલ્પકાળ માટે સાથે રહેવાનું હોય ત્યાં તો પ્રેમથી રહેવું જોઈએ... લો, હું ઊભી થાઉં છું, તમે બેસી જાઓ !'

પેલા બે ભાઈઓ શરમાઈ ગયા. ઝઘડો શાન્ત થઈ ગયો.

આપણી પાસે જીવનનું મૂલ્ય હોય, જીવનની ફિલસૂફી હોય, જ્ઞાનમૂલક દૃષ્ટિકોણ હોય, એ ખૂબ જરૂરી છે. તો જ આપણે આપણી આસપાસ બનતી ઘટનાઓ જ્ઞાનદૃષ્ટિથી જોઈને મધ્યસ્થ ભાવ ધારણ કરી શકીએ. પરંતુ જ્ઞાનદૃષ્ટિના અભાવમાં આપણે બે જ વાત રાખી છે. ક્યાંક રાગ અને ક્યાંક દ્વેષ !

જ્ઞાનદૃષ્ટિનો પ્રભાવ અપૂર્વ હોય છે ! યુદ્ધના મેદાન પર જ્ઞાનદૃષ્ટિ ખૂલતાં રાજાઓ વૈરાગી બની ગયા છે ! લગ્નની ચોરીમાં લગ્ન કરવા બેઠેલા શ્રેષ્ઠિપુત્રો અને પુત્રીઓ વીતરાગ બની ગયાનાં દૃષ્ટાંતો છે ! વિદ્યાધર રાજકુમારી પ્રભંજનાની કથા તમે જાણો છો ને ? એને વિદ્યાધરની દુનિયામાં કોઈ પતિ પસંદ ન પડ્યો. તે પતિની પસંદગી કરવા, પોતાની સખીઓ સાથે ને રાજ્યના મંત્રીઓ સાથે આ ભરતક્ષેત્રમાં આવી હતી. માર્ગમાં સાધ્વીજી મહારાજ મળી ગયાં. સાધ્વીજીને જોઈ પ્રભંજના રથમાંથી નીચે ઊતરી ગઈ ને સાધ્વીજીને નમસ્કાર કરી કુશળપૃચ્છા કરી.

તમે તમારી મારુતિ કે ફીયાટમાં જતા હો ને માર્ગમાં વિહાર કરતાં સાધુ-સાધ્વી મળે તો ગાડી ઊભી રાખીને વિનયથી વંદન કરી, સુખશાતા પૂછો ખરા ? કામકાજ પૂછો ખરા ? આ તો વિવેક ને પ્રેમની વાત છે !

હા, સામેથી વેવાઈની ગાડી આવી હોય તો ગાડી ઊભી રાખવાના ! નીચે ઊતરવાના ! વેવાઈને ભેટવાના ! ભલે, નવા નવા વેવાઈ હોય ! ત્યાં પ્રેમ હોય છે ને ! એમ સાધુ-સાધ્વી પ્રત્યે ભક્તિભાવ હોય તો જંગલમાં ખાસ ગાડી ઊભી રાખીને સુખશાતા-કામકાજ પૂછવું જોઈએ. ક્યારેક સેવાનો ઉત્તમ લાભ મળી જાય.

રાજકુમારી પ્રભંજના સાધ્વીજીને વંદન કરે છે. સાધ્વીજી એને પૂછે છે 'ક્યાં જાઓ છો ?' પ્રભંજનાએ સરળ ભાવે જવાબ આપ્યો 'પતિની શોધ કરવા નીકળી છું. પતિની પસંદગી કરવી છે !'

ગુરુની આગળ દિલ ખોલીને વાત કરવી જોઈએ. સરળતાથી વાત કરવી જોઈએ. સરળ આત્માની મુક્તિ જલદી થાય છે !

नानार्जवो विशुद्धयति, न धर्ममाराधयत्यशुद्धात्मा ।
धर्माद्दते न मोक्षो मोक्षात्परं सुखं नान्यत् ।।१७०।।

- *પ્રશમરતિ*

ગુરુજનો સમક્ષ, ભવતારક સદ્‌ગુરુ સમક્ષ સરળ બનો. જે સત્પુરુષનું માર્ગદર્શન લઈને તમારે ભવસાગર તરવો છે, આત્માની વિશુદ્ધિ કરવી છે, તેમનાથી તમે તમારી આંતરિક-માનસિક પરિસ્થિતિ છુપાવો નહીં. તમારી શારીરિક પ્રવૃત્તિઓથી, વાચિક પ્રવૃત્તિઓથી તો તેઓને પરિચિત રાખો જ, સાથેસાથે માનસિક વૃત્તિઓથી પણ પરિચિત રાખો.

તમને ભય લાગે છે ને કે 'હું મારી મનની વાતો કહી દઈશ તો ગુરુદેવ મારા માટે કેવો નીચો ખ્યાલ બાંધશે ? મારું ગુપ્ત પાપ પ્રકાશિત થઈ જશે તો ?' આવો ભય તમારે ન રાખવો જોઈએ. તેવા તમારા ગુરુદેવ માટે શ્રદ્ધાવાન રહો કે તમે તેઓની સમક્ષ જે કંઈ આત્મનિવેદન કરશો, તે વાતો તેઓના સાગર શા પેટમાં સમાઈ જવાની છે. તેઓ ક્યારેય તમારી વાત બીજાને નહીં કહે.

એ સત્પુરુષો સદૈવ સરળ-નિર્માયી જીવોને સ્નેહદૃષ્ટિથી જુએ છે. ઉત્તમતાની દૃષ્ટિથી જુએ છે. એટલે 'હું ગુરુજનની દૃષ્ટિમાં અધમ ગણાઈશ, નિમ્ન સ્તરનો ગણાઈશ' આવો ભય તમારે ના રાખવો જોઈએ. જે સાધકો, પોતાના સાધનાપથમાં માર્ગદર્શક એવા સત્પુરુષોને પોતાની મન-વચન-કાયાની એક-એક વૃત્તિ-પ્રવૃત્તિથી પરિચિત રાખે છે, તે સાધકો નિરંતર આંતરપ્રસન્નતા અનુભવતા રહે છે.

નિર્માયી જીવાત્મા જ સાચી શરણાગતિ સ્વીકારી શકે છે. માયાવી જીવાત્મા ગુરુતત્ત્વની કે પરમાત્મતત્ત્વની શરણાગતિ સ્વીકારી શકતો નથી.

શરણાગતિ વિના સમર્પણનો ઉચ્ચતમ ભાવ પ્રગટતો નથી. સમર્પણ વિના ધર્મપુરુષાર્થ થઈ શકતો નથી.

માયા એક મોટી અશુદ્ધિ છે. માયા એક પ્રચંડ આગ છે. માયાની આગમાં બધી આંતરસંપત્તિ બળી જાય છે. સર્વનાશ થઈ જાય છે. આંતર વિકાસનાં દ્વારો જ બંધ થઈ જાય છે. માટે કહ્યું છે -

'न धर्ममाराधयति अशुद्धात्मा ।'

'અશુદ્ધ આત્મા ધર્મ ન આરાધી શકે !'

અશુદ્ધ આત્મા, ભલે બાહ્ય ધર્મક્રિયાઓ કરીને સંતોષ માને કે 'હું ધર્મ કરું છું', પરંતુ વસ્તવમાં એ ધર્મ જ હોતો નથી. ધર્મનો આભાસ માત્ર હોય છે.

મહાપવિત્ર આગમગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે જીવાત્માએ જે રીતે ભૂલ કરી હોય, દોષ સેવ્યો હોય, અપરાધ કર્યો હોય, એ રીતે જ તે વિશિષ્ટ જ્ઞાનીપુરુષ સમક્ષ કહે અને તે જ્ઞાનીપુરુષ જે પ્રાયશ્ચિત્ત આપે તે પ્રાયશ્ચિત્ત સ્વીકારે, તે જીવાત્માને શુદ્ધિ પ્રાપ્ત થાય. જો એકાદ દોષને પણ ઇરાદાપૂર્વક છુપાવી રાખે, ન કહે, તો એની શુદ્ધિ ના થાય. આંતરશુદ્ધિ વિના ધર્મ-આરાધના શક્ય નથી, ધર્મપુરુષાર્થ વિના મોક્ષપ્રાપ્તિ થતી નથી. મોક્ષપ્રાપ્તિ વિન અક્ષય-અનંત સુખની પ્રપ્તિ થતી નથી.

માયા આચરીને, કપટ આચરીને તમે સુખ મેળવવા ઇચ્છો છો ને ? કોઈ ને કોઈ સુખની કલ્પનાથી પ્રેરાઈને તમે માયા કરવા તૈયાર થાઓ છો ને ? મહાત્માઓ, શું એ સુખ અક્ષય હોય છે ? એ સુખ અનંત હોય છે ? નહીં ને ? એ સુખ હોય છે ક્ષણિક કલ્પનાનું ! એ સુખ હોય છે માત્ર બહારનું. માયાવી માનવી ક્યારેય અંતઃકરણનું સુખ નથી મેળવી શકતો. માયાની સાથે અશાન્તિ જડાયેલી જ હોય છે. ચિત્તની ચંચળતા જોડાયેલી જ હોય છે.

માયાવી માનવી કોઈપણ ધર્માનુષ્ઠાનમાં એકાગ્રતા કે તલ્લીનતા નહીં મેળવી શકે. પરમાત્મધ્યાનમાં સ્થિરતા નહીં મેળવી શકે. તમે આ અભિગમથી તમારી જાતને તપાસી જોજો, જો તમે ઇરાદાપૂર્વક કોઈ ભૂલને છુપાવતા હશો તો તમે શાન્તિ નહીં અનુભવતા હો. છૂપો છૂપો પણ કોઈ સંતાપ તમને સતાવતો હશે.

પરમ સુખ જો પામવું છે તો ધર્મપુરુષાર્થ કરવો જ પડશે. ધર્મપુરુષાર્થ કરવા માયારહિત બનવું પડશે.

સાધ્વીજીએ પ્રભંજનાને જે પ્રશ્નો પૂછ્યા તેનો સરળતાથી સાચો ઉત્તર આપ્યો, તો સાધ્વીજીએ એને વરની પસંદગીનો નવો અભિગમ બતાવ્યો. વર રૂપવાન, ગુણવાન, બળવાન, બુદ્ધિમાન હોવો જોઈએ તે સાચી વાત, પણ એવા વરનો ક્યારેય વિયોગ ન થવો જોઈએ! પતિનો ક્ષણિક સંયોગ શું કરવાનો ? શાશ્વત સંયોગવાળો પતિ જોઈએ ! સાધ્વીજીએ પણ પ્રભંજના પ્રત્યેના નિર્ભેળ આત્મસ્નેહથી પ્રેરાઈને આત્મા અને પરમાત્માની વાતો કરી. એવી સરસ વાતો કરી કે પ્રભંજના એ ભાવપ્રવાહમાં વહેવા લાગી. તેને ધર્મધ્યાન લાગી ગયું ! ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાનમાં પ્રવેશ થઈ ગયો ! ત્યાં જંગલમાં ઊભાં ઊભાં પ્રભંજનાને કેવળજ્ઞાન પ્રગટી ગયું ! એ વીતરાગ બની ગઈ !

* વધારે શાસ્ત્રો નહીં ભણો તો ચાલશે,
* વધારે તપ નહીં કરો તો ચાલશે,
* વ્યાખ્યાન-વાચસ્પતિ નહીં બનો તો ચાલશે,

પણ જો સરળ ન બન્યા તો જનમ-જનમ ભટકવું પડશે. માટે સદૈવ સરળ બન્યા રહેજો.

સુનંદાબહેન ! આજે તમે સંયમયાત્રાનો પ્રારંભ કરો છો. ચારિત્રધર્મનો સ્વીકાર કરો છો. ખૂબ કાળજીપૂર્વક વિચરજો આ દુનિયામાં ! દુનિયામાં

પગલે પગલે દોષોના કાંટા પડેલા છે. ખૂબ સાવધાનીથી ચાલજો. એક પણ કાંટો તમારા સંયમ-પગની પાનીને ભેદી ન નાખે. ઠેરઠેર રાગ-દ્વેષના કાદવ જામેલા છે, જોજો, તમારાં ચરણ રાગ-દ્વેષથી ખરડાય નહીં !

આહાર, વસ્ત્ર, પાત્ર, વગેરેની ગવેષણા કરવા તમે ફરશો ત્યારે પાંચે ઇન્દ્રિયોના અનેક લોભામણા વિષયો તમારી સામે આવશે. તે જોઈને તમારે જરાયે લોભાવાનું નથી. પ્રિય વિષયો તરફ જરાય અનુરાગી બનવાનું નથી. અપ્રિય વિષયો તરફ જરાય દ્વેષી બનવાનું નથી. તમારે તો મધ્યસ્થ જ રહેવાનું છે. મધ્યસ્થ આત્મા નવાં કર્મો બાંધતો નથી. જૂનાં બાંધેલાં કર્મોની નિર્જરા કરતો રહે છે. તમારે આ જ કામ કરવાનું છે. નવાં પાપકર્મો બંધાય નહીં એની કાળજી રાખવાની છે અને જૂનાં કર્મોનો ક્ષય કરવાનો છે.

મહાત્માઓ ! તમે આવા મધ્યસ્થ અને નિર્લેપ ત્યારે જ બની શકવાના કે જ્યારે તમે **ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગના જ્ઞાતા હશો.** ઉદ્‌ગમ્, ઉત્પાદન અને એષણાના દોષોનું તમને જ્ઞાન હશે. અને ક્યારે - કેવા સંયોગોમાં અપવાદમાર્ગનું અવલંબન લેવું જોઈએ, એનો બોધ હોય. આ માટે તમારે ઉત્સર્ગમાર્ગના અને અપવાદમાર્ગના આગમગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કરવું પડશે.

તમે સ્વયં જ્ઞાન હો, પરંતુ તમારી સાથેનાં સાધુ (કે સાધ્વી) ભવભીરુ અને સમ્યગ્‌દર્શન- જ્ઞાન-ચારિત્રની આરાધનાના તીવ્ર અભિલાષી ન હોય, તો પણ તમારો માર્ગ કઠિન બની જવાનો. તમારા સહવર્તી મુનિવરો (કે સાધ્વીઓ) ભવભ્રમણથી ડરનારા હોવા જોઈએ. **'જો હું અસંયમ આચરીશ, રત્નત્રયીની વિરાધના કરીશ તો ભવસાગરમાં ડૂબી જઈશ. મારે હવે ભવસાગરમાં ડૂબવું નથી. હવે એવી કોઈપણ પ્રવૃત્તિ નથી કરવી કે જે પ્રવૃત્તિના પરિણામે મારું સંસાર-પરિભ્રમણ વધી જાય.'** આવા દૃઢ સંકલ્પવાળા મુનિઓ (કે સાધ્વીઓ) જો તમારા સાથી હશે તો તેઓ તમારા માર્ગદર્શનને અનુસરનારાં બનશે. એટલું જ નહીં, તમને પણ તેમની શ્રદ્ધા સહાયક

બનશે. કોઈ વિશિષ્ટ પ્રસંગમાં તમે નિર્ણય કરો કે 'કોઈપણ રીતે આપણે આ સંયમની પ્રવૃત્તિ નથી આચરવી. ભલે, ગમે તેવું કષ્ટ આવે.' એ વખતે સંવિગ્ન સાધુઓ તમારા નિર્ણયને વધાવી લેવાના. અસંયમની પ્રવૃત્તિ માટે તમારા પર દબાણ નહીં લાવવાના.

એવી રીતે તમે વિશેષ પરિસ્થિતિમાં, દેખીતી રીતે 'અકલ્પનીય' શાસ્ત્રદૃષ્ટિએ' કલ્પનીય એવો આહારાદિ ગ્રહણ કરવાનો નિર્ણય કર્યો, તો એ વખતે સહવર્તી સંવિગ્ન સાધુઓ તમારા નિર્ણયને આવકારશે. આવા સહાયક સાથી મુનિ તમને ત્યારે મળવાના અને તમારા સહવાસી બનવાના કે જ્યારે તમે ખૂબ વિનીત હશો. તમારા સ્વભાવ સાથે વિનય વણાઈ ગયો હશે.

તમે ક્યારેય કોઈને કટુ-કર્કશ શબ્દો નથી કહેતા. તમે ક્યારેય કોઈનું અપમાન નથી કરતા, તમે ક્યારેય કોઈની સાથે દુર્વ્યવહાર નથી કરતા. તમારી ક્યારેય કોઈ અનુચિત પ્રવૃત્તિ નથી હોતી, તો તમારા સહવાસી મુનિવરો તમારા પ્રત્યે શ્રદ્ધાભાવવાળા બનવાના. તમારી મોક્ષમાર્ગની આરાધનામાં સહાયક બનવાના.

તમે આચાર્ય, ઉપાધ્યાય આદિ વડીલોની ઉચિત સેવાભક્તિમાં ઉજમાળ છો, તમે બાળમુનિ, વૃદ્ધમુનિ, બીમાર મુનિ અને તપસ્વી મુનિની સેવામાં સદૈવ જાગ્રત છો, તમે ચતુર્વિધ સંઘ પ્રત્યેનાં તમારાં કર્તવ્યો તરફ સજાગ છો, તો તમને અનેક સુ-સહાયક મુનિવર મળી જવાના.

અનેક દોષોથી સંપૂર્ણતયા બચીને, રાગ-દ્વેષની તીવ્રતા વિના મુનિએ સંયમયાત્રા કરવાની છે. એ માટે આટલી અને આવી તૈયારી રાખવાની છે. સૌથી મહત્ત્વની વાત છે 'નિરૂપલેપ' રહેવાની. રાગ-દ્વેષના મલિન લેપથી જરાય લેપાવાનું નથી. આહાર, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય આદિનો ઉપયોગ કરવાનો પણ એમાં રાગ-દ્વેષ કરવાના નહીં. આહારાદિ પ્રાપ્ત કરવા સમાજના લોકોના સંપર્કમાં આવવાનું, પણ રાગ-દ્વેષથી જરાય લેપાવાનું નહીં. બાહ્ય

ઉપકરણોના ઉપયોગ-ઉપભોગમાં રાગ-દ્વેષ વિના પ્રવૃત્તિ કરવાની છે. એ માટે શાસ્ત્રજ્ઞાન સાથે સતત આત્મજાગૃતિ હોવી આવશ્યક છે. જો આત્મજાગૃતિ ન હોય તો શાસ્ત્રજ્ઞાન રાગ-દ્વેષથી બચાવી શકતું નથી.

હવે, આજે મારે છેલ્લી મહત્ત્વપર્ણ વાત કહેવી છે. તમે સહુ ધ્યાનપૂર્વક સાંભળજો.

આપણને વંદન કરનારા સુખશાતાની પૃચ્છા કરે છે. પૂછે છે -

'સ્વામી ! શાતા છે જી ? સુખશાતામાં છો ?'

આપણે કહીએ છીએ- "દેવ-ગુરુ પસાય !" અર્થાત્ દેવગુરુની કૃપાથી સુખશાતા છે ! સાધુ હંમેશાં સુખી હોય ! 'પ્રશમરતિ'માં કહેલું છે सः नित्य सुखी । (ગાથા-૨૪૦)

તે સાધુ નિત્ય સુખી હોય છે ! તે એટલે કેવો ?

शब्दादि विषयपरिणाममनित्यं दुःखमेव च ज्ञात्वा !
ज्ञात्ना च रागद्वेषात्मकानि दुःखानि संसारे ।। २३९।।
स्वशरीरेऽपि न रज्यति, शत्रावपि न प्रदोषमुपयाति ।
रोगजरामरण भयैरव्यथितो यः स नित्य सुखी ।। २४० ।।

૧. જે સાધુ શબ્દાદિ વિષયોના પરિણામને અનિત્ય અને દુઃખરૂપ જાણે છે,
૨. સંસારમાં રાગ-દ્વેષાત્મક દુઃખોને જાણે છે,
૩. પોતાના શરીર પર પણ રાગ નથી કરતો,
૪. શત્રુ પ્રત્યે પણ દ્વેષ નથી કરતો,
૫. અને જે રોગ, વૃદ્ધત્વ અને મૃત્યુથી અવ્યથિત હોય છે, તે મુનિ સર્વદા સુખી હોય છે.

વ્યથારહિત મહાત્મા સદૈવ સુખી હોય છે. એ મહાત્માને ન હોય કોઈ રોગની વ્યથા, હોય વૃદ્ધત્વની ચિંતા કે ન હોય મૃત્યુનો ભય. એ રોગોને 'આશાતા-વેદનીય કર્મ'નું ફળ સમજે છે. વૃદ્ધત્વને દેહનો એક પર્યાય માને છે. અને મૃત્યુને જીવનપરિવર્તનનો એક આંચકો માત્ર સમજે છે ! આ સાચી સમજણ એ મહાત્માને વ્યથાથી વ્યાકુળ થવા દેતી નથી.

જે મહાત્માને પોતાના શરીર પર રાગ ન હોય, એ મહાત્માને શારીરિક રોગોની વ્યથા કેમ જ હોય ? એ તો શરીરને આત્માનું પ્રબળ બંધન માનતા હોય છે, અને એ બંધનને તોડવાનો પુરુષાર્થ કરતા હોય છે. ધીર વીર બનીને ઘોર તપશ્ચર્યા કરતા હોય છે. એમના શરીર પર કોઈ પશુ કે માનવી જીવલેણ હુમલો કરે તો પણ એ રોષાયમાન થતા નથી. હુમલો કરનારને શત્રુ માનતા નથી. પેલા મહર્ષિ ખંધક મુનિએ તો એમના શરીરની ચામડી ઉતરડી લેવા આવેલા રાજાના માણસને કહ્યું હતું - "ભાઈ થકી તું ભલેરો !" "તું તો મારા ભાઈ કરતાંય વધારે ભલો છે ! ઉતાર શરીરની ચામડી !'

શરીર પર રાગ હોય તો શરીર પર પ્રહાર કરનાર પર દ્વેષ થાય. શરીર પર રાગ ન હોય તેવા મહાત્માને આ દુનિયામાં કોઈ જ શત્રુ જ શત્રુ ન લાગે ! અને, જે મહાપુરુષોએ શરીરની મમતા ત્યજી દીધી, એ મહાપુરુષોને સ્વજનો-પરિજનો અને વૈભવ-સંપત્તિની મમતા તો હોય જ શાની ?

આધ્યાત્મિક વિકાસયાત્રામાં સર્વપ્રથમ સ્વજન-પરિજનોની મમતા છૂટે છે, પછી વૈભવ-સંપત્તિનું મમત્વ છૂટે છે, અને ત્યારબાદ શરીરનું મમત્વ છૂટી જાય છે. મમત્વ છૂટી ગયા પછી સ્વજન-પરિજન નિમિત્તક રોષ શમી જાય છે. વૈભવ-સંપત્તિવિષયક કષાયો શાન્ત થઈ જાય છે. શરીરનિમિત્તક દ્વેષ ઉપશાન્ત થઈ જાય છે. કોઈ જીવ પ્રત્યે રોષ નહીં, રીસ નહીં, દ્વેષ નહીં. સર્વ જીવો પ્રત્યે મૈત્રી અને કરુણાનો ભાવ ઊભરાય છે.

આત્માને પરપદાર્થોના મમત્વથી મુક્ત કરવા મહાત્માઓ વૈષયિક સુખો

'ખરેખર શું શુખ છે ?' એનું વિશ્લેષણ કરે છે. 'વૈષયિક સુખો અનિત્ય છે' આ નિર્ણય કરે છે. 'એ સુખોનું પરિણામ દુઃખ છે' આ બીજો નિર્ણય કરે છે.

* વિષય તમારી પાસે હોય તો સુખ, વિષયના અભાવમાં દુઃખ !

* વિષય ગમતો હોય તો સુખ, અણગમતો થાય એટલે દુઃખ !

* વિષયભોગ કરતાં સુખ, વિષયભોગની શક્તિ ક્ષીણ થતાં દુઃખ !

વિષયરાગમાંથી દુઃખ જન્મે છે.

વિષયદ્વેષમાંથી દુઃખ જન્મે છે.

મોક્ષમાર્ગનો આરાધક આત્મા, સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં આ નિર્ણય કરી લે છે કે વૈષયિક સુખો અનિત્ય છે, પરિણામે દુઃખદાયી છે. આ નિર્ણય આરાધકને મમત્વરહિત બનાવી દે છે. પછી ઇન્દ્રિયોના ગમે તેવા શ્રેષ્ઠ વિષય એની સામે આવે, છતાં પણ એ લોભાતો નથી. આકર્ષિત થતો નથી, કર્મોથી બંધાતો નથી.

- આવા મમત્વરહિત બની, ચક્રવર્તીની સંપત્તિ ત્યજી ત્યાગમાર્ગે ચાલી નીકળેલા મહર્ષિ સનતકુમાર દેહમાં સોળ-સોળ રોગ પેદા થયા હતા છતાં વ્યથારહિત હતા ! સાતસો વર્ષ સુધી એ રોગ મહર્ષિના દેહમાં રહ્યા હતા, મહર્ષિ નિરાકુલ હતા. પરમાનંદને અનુભવતા હતા. દુઃખની કોઈ કલ્પના જ રહી ન હતી. સદૈવ સુખ જ સુખ અનુભવતા હતા.

- મમત્વરહિત મહાત્માઓ સદૈવ નિર્ભય હોય, એમને કોઈ જ ભય ન હોય. રાત્રે ચારિત્રધર્મ સ્વીકારીને, એ જ રાતે સ્મશાનમાં જઈ, કાયોત્સર્ગ ધ્યાનમાં લીન બનેલા અયવંતી સુકુમાળ મહામુનિ કેવા નિર્ભય હતા ? શિયાળણી પોતાનાં બચ્ચાઓ સાથે એમના પર ત્રાટકી હતી. એમનાં માંસ ખાધાં, લોહી પીધાં, છતાં મહામુનિ નિર્ભય-નિરાકુલ રહ્યા !

- નગરના દરવાજા પાસે ધ્યાન લગાવીને ઊભેલા દૃઢપ્રહારી મુનિની નિર્ભયતા તો એમના મુખારવિંદ પર ઝળકતી હતી. લોકોએ પથ્થર માર્યા, દંડપ્રહાર કર્યા, શિકારી કૂતરાઓ છોડ્યા, છતાં એ મહામુનિના મન પર ભયનો એક લિસાટો પણ પડ્યો નહીં. એમનું આંતરસુખ અકબંધ રહ્યું.

આવા મહાત્માઓ સદૈવ સુખી જ હોય.

એટલે આપણે સાધુ-સાધ્વીએ આપણા મનમાં આ વાત નિશ્ચિત કરી લેવાની છે કે 'હું સર્વજ્ઞ સુખી જ છું ! મને કોઈ જ દુઃખ નથી.' આ વાત મનમાં સ્થિર હશે એટલે હંમેશાં તમારા મુખ પર પ્રસન્નતા પથરાયેલી રહેશે. તમને શ્રમણજીવનો આનંદ અનુભવવા મળશે. તમે ક્યારેય દુઃખની ફરિયાદ નહીં કરો.

આજે સુનંદાબહેન સાધ્વીજી સંયમપૂર્ણાશ્રી બન્યાં તેમની સંયમયાત્રા પ્રારંભાઈ આજે ! આ આત્માની યાત્રા છે. પરમાત્મા સુધી પહોંચવાની-પામવાની યાત્રા છે. આ યાત્રામાં તેઓ નિત્ય સુખી રહે - એવી શુભકામનાઓ આપીએ.

અકષાયી બનો

'अट्ठे परिहायती बहू, अहिगरणं न करेज्ज पंडिए ।'

- सूत्रकृतांग

બુદ્ધિમાન પુરુષે ક્યારેય કોઈની સાથે કલહ ન કરવો જોઈએ. કલહથી ઘણું મોટું નુકસાન થાય છે.

'कसाय सहितो न संजओ होइ ।'

- बृहत्कल्पभाष्य

'કષાયી આત્મા સંયમી નથી હોતો.'

'अकसायं खु चरित्तं ।'

- बृहत्कल्पभाष्य

'અકષાય જ ચારિત્ર છે.'

આત્મવિકાસના મૂળભૂત ગુણોમાં 'વૈરાગ્ય'ને પ્રાથમિકતા આપવામાં આવી છે. વૈરાગ્ય વિના આત્મવિકાસ થઈ શકતો નથી. એટલા માટે આપણે વૈરાગ્યભાવને પુષ્ટ કરવાનો છે. આપણે દીક્ષા વૈરાગ્યભાવથી લીધી છે એટલે વૈરાગી તો છીએ જ ! પરંતુ એ વૈરાગ્યનું સ્થિરીકરણ અને વૃદ્ધીકરણ બહુ જરૂરી છે. જાગેલો વૈરાગ્યભાવ ટકે જ, એવો નિયમ નથી. વૈરાગ્યનું વિસર્જન થવાનં ઘણાં નિમિત્તો છે. આ દુનિયા એવાં બધાં નિમિત્તોથી ભરેલી છે કે પલવારમાં વૈરાગ્યભવ ચાલ્યો જાય !

વૈરાગ્યને પુષ્ટ કરનારાં નિમિત્તો પણ દુનિયામાં ઘણાં છે. દરેક આત્મદ્રવ્યની યોગ્યતા પર એ વાત નિર્ભર કરે છે. કોઈ નિમિત્ત એક આત્માનું પતન કરે છે તો એનું એ નિમિત્ત બીજા આત્માની ઉન્નતિ કરે છે ! આપણી જ્ઞાનદૃષ્ટિ-તત્ત્વદૃષ્ટિ ઉઘાડી રાખીને જીવીએ તો જ આ દુનિયામાં બચી શકાય એમ છે. જ્ઞાનદૃષ્ટિ વિના વૈરાગ્ય ભાવને દૃઢ રાખવો મુશ્કેલ છે.

વૈરાગ્યભાવને પીંખી નાંખનારાં ચાર કુત્સિત તત્ત્વો આપણી આત્મભૂમિ પર રહેલાં છે :

૧. પાંચ ઇન્દ્રિયો

૨. ચાર કષાયો

૩. ત્રણ ગારવો

૪. ૨૨ પરિસહો

આપણા વૈરાગ્યના માર્ગમાં આ તત્ત્વો ગમે ત્યાં ગમે તે રીતે નડતાં હોય છે. અવરોધ પેદા કરતાં હોય છે.

ઇન્દ્રિયો પર વિજય મેળવવા છતાં કષાયો પીછો છોડતા નથી ! કોઈને

કોઈ કષાય નડે છે ! યુદ્ધના મેદાન પર ભયંકર યુદ્ધ કરી રહેલા બાહુબલી વૈરાગી બની ગયા હતા ને ?

બાહુબલિ યમરાજની જેમ ભયંકર મુષ્ટિ ઉગામીને ભરત તરફ દોડ્યા હતા. બાહુબલિ ભરતની નજીક પહોંચ્યા ને સ્થિર થઈ ગયા ! તેમના મનમાં વિચાર આવ્યો - 'અહો, આ ચક્રવર્તીની જેમ હું પણ રાજ્યનો લોભી બનીને મોટા ભાઈનો વધ કરવા તૈયાર થયો છું. તેથી શિકારીથી પણ હું વિશેષ પાપી છું. જેમાં પહેલાં ભાઈ અને ભત્રીજાને મારી નાખવા પડે, તેવાં 'શાકિની મંત્ર'ની જેમ રાજ્ય માટે કોણ પ્રયત્ન કરે ? રાજ્યશ્રી પ્રાપ્ત થાય અને ઇચ્છા પ્રમાણે તેને ભોગવે, તો પણ શરાબી પુરુષને મદિરાથી જેમ તૃપ્તિ નથી થતી તેમ રાજાઓને રાજ્યથી સંતોષ નથી થતો. વળી, રાજ્યલક્ષ્મી ક્ષણવારમાં પરાઙ્મુખી થઈ જઈ શકે છે. અમાવસ્યાની રાત્રિની જેમ એ ઘણા અંધકારવાળી છે. નહીંતર પિતાજી તેનો તૃણની જેમ શા માટે ત્યાગ કરે ? તે પિતાનો હું પુત્ર છું. આ રાજ્યલક્ષ્મી સર્વથા ત્યાગ કરવા યોગ્ય જ છે.'

આવો મનોમન નિર્ણય કરી બાહુબલિએ ભરતને કહ્યું : 'હે ક્ષમાનાથ ! હે વડીલ ભ્રાતા ! ફક્ત રાજ્ય માટે મેં તમને શત્રુની જેમ ખેદ પમાડ્યો છે. મને ક્ષમા કરજો. આ સંસારનાં બંધનરૂપ ભાઈ, પુત્ર, પત્ની અને રાજ્યશ્રીથી હવે મારે સર્યું. હું તો હવે ત્રણ જગતના સ્વામી અને વિશ્વને અભયદાન આપનારા પિતાજીના માર્ગને અનુસરીશ.'

બાહુબલિએ ભરત પર પ્રહાર કરવા ઉગામેલી મુષ્ટિ વડે જ પોતાના કેશનો લોચ કર્યો. પોતાના બે હાથ લાંબા કરી રત્નપ્રતિમાની જેમ ત્યાં જ કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહી ગયા. એક વર્ષ સુધી ઊભા રહ્યા. અનેક ઉપસર્ગો ને પરિસહો ધીર-વીર બનીને સહ્યા. એક વર્ષ સુધી ઉપવાસી રહ્યા.

વર્ષ પૂર્ણ થયા પછી ભગવાન ઋષભદેવે સાધ્વી બ્રાહ્મી અને સાધ્વી સુંદરીને બોલાવીને કહ્યું : હાલમાં બાહુબલિએ પોતાનાં પ્રચુર કર્મો ખપાવી

દીધાં છે. પરંતુ મોહનીય કર્મના અંશરૂપ માનકષાયથી તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. તમે તેની પાસે જાઓ. તમારાં વચનથી તે માનને છોડી દેશે !'

બ્રાહ્મી અને સુંદરી બાહુબલિની પાસે ગઈ. અને વિનયથી મધુર શબ્દોમાં બોલી - 'હે જ્યેષ્ઠાર્ય, ભગવાન એવા આપણા પિતાજી અમારા મુખે તમને કહેવરાવે છે કે હાથીના સ્કંધ પર આરૂઢ થયેલા પુરુષોને કેવળજ્ઞાન થતું નથી.'

આમ કહીને બંને સાધ્વી ચાલી ગઈ.

બાહુબલિ સાધ્વીનાં વચનોથી વિસ્મય પામી વિચારવા લાગ્યા: 'અહો ! સાવદ્યયોગનો ત્યાગ કરનારા અને વૃક્ષની જેમ કાયોત્સર્ગમાં રહેનારા મારે આ જંગલમાં હાથી પર આરોહણ કેવી રીતે ? આ બંને સાધ્વી ભગવાનની શિષ્યાઓ છે. ક્યારે પણ અસત્ય ભાષણ ન કરે. તો મારે શું સમજવું ?'

ઘણો વિચાર કર્યા પછી પ્રકાશ થયો. 'હા હા, વ્રતથી મોટા અને વયથી નાના એવા મારા ભાઈ-મુનિવરોને હું કેમ નમસ્કાર કરું ? એવું જે મને માન છે, તે માન જ હાથી છે ! માનહાથી પર હું નિર્ભયપણે આરૂઢ થયેલો છું. મને વિવેક ઉત્પન્ન થયો નહીં. હવે હમણાં જ ત્યાં જઈને એ ભ્રાતા મહામુનિઓને વંદના કરું.'

એમ વિચારી બાહુબલિએ પગ ઉપાડ્યો તે જ વખતે ઘાતીકર્મ તૂટવા લાગ્યાં. ને એ મહાત્મા સર્વજ્ઞ-વીતરાગ બની ગયા. માનકષાયે તેમને વીતરાગ બનતા અટકાવ્યા હતા ! એક કષાય પણ કેવી રૂકાવટ કરી શકે છે ? એ તો બાહુબલિ પુણ્યશાળી હતા. ભગવાને તેમને પ્રતિબોધવા બહેન-સાધ્વીઓને મોકલી. આપણને પ્રતિબોધવા કોણ આવશે ?

સભામાંથી - વાચના એટલા માટે જ છે ને !

ઉત્તર : આમ તો તમે સહુ ભણેલા છો. શાસ્ત્રોના જ્ઞાતા છો. આ તો

તમારી બલિહારી છે કે હું બોલું છું ને તમે સાંભળો છો ! ખરેખર, આ સંસારવનમાં સર્વત્ર કષાયોની વેલો પથરાયેલી છે. કોઈ ને કોઈ વેલ પગમાં અટવાઈ જાય છે ને આપણે પછડાઈ જઈએ છીએ. દીક્ષા લીધા પહેલાં લાગતું હતું કે દીક્ષા લઈશું એટલે ભવવન પાર કરી ગયા ! ના ભાઈ ના, પૂજ્ય વીરવિજયજી મહારાજે લખ્યું -

'દૂર દીઠું મેં શિવપુર શહેર જો !
મને સંસાર શેરી વિસરી રે લોલ...'

દીક્ષા લીધા પછી, શાસ્ત્રો વાંચ્યા પછી એમ લાગે છે કે આ ભવવન ઘણું વિષમ છે. કષાયોની ભયંકર વિષમતા છે. એમાંય ક્રોધ તો ભસતા કૂતરા જેવો છે એટલે સાવધાન રહેવાય, પણ માન-માયા ને લોભ તો હડકાયા કૂતરા જેવા છે. એ ભસતા નથી, સીધું બચકું જ ભરે છે ! વળગી જ પડે છે... આપણને જલદી ખ્યાલ જ નથી આવતો કે માન ચઢી આવ્યું છે ! માયા વળગી છે ! લોભ ડસ્યો છે !

આત્મસાક્ષીએ રોજ એકાંતમાં વિચારવું જોઈએ કે 'મને કયો કષાય વધારે નડે છે ?' દોષોની આલોચના કરતાં માયા નથી નડતી ને ? જેમની પાસેથી પ્રાયશ્ચિત્ત લેવું છે અને આત્માની શુદ્ધિ કરવી છે, તેમની આગળ જો આપણે આપણા દોષો છુપાવીશું તો શુદ્ધિ કેવી રીતે થશે ? ડૉક્ટરની પાસે તો આપણો રોગ ખુલ્લો કરવો જ પડે. જરૂર પડે બધાં કપડાં ઉતારી નાખવાં પડે ! ગુપ્તાંગો પણ બતાવવાં પડે ! તો જ ઔષધ-ઉપચાર થઈ શકે. તેમ જે સદ્‌ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ થવું છે, તેમને આપણા દોષો, આપણી ભૂલો, આપણાં પાપ યથાર્થ રૂપે કહેવાં જોઈએ, એક પણ પાપ છુપાવ્યા વિના ! પણ માયા-કષાય ત્યાં જીવને છેતરી જાય છે. તેના પર વિજય મેળવવો જોઈએ.

જો તમે થોડા ઊંડાણમાં જઈને વિચારશો તો સમજાશે કે કષાયોના

ઉદયમાં 'ગારવો' મુખ્ય નિમિત્ત હોય છે. ક્યાંક રસગારવ, ક્યાંક ઋદ્ધિગારવ તો ક્યાંક શાતાગારવ !

ગોચરીમાં કોઈ પ્રિય વસ્તુ આવી છે. પણ ગોચરી આપનાર સાધુ મને એ વસ્તુ નથી આપતા, બીજાને આપે છે. મને એમના પ્રત્યે ક્રોધ આવે છે. 'આ પક્ષપાત છે... ગોચરી બરાબર વહેંચતા નથી.' આ અભિગમો એટલે ક્રોધ !

એમાંય, આપણે આપણી જાતને V.I.P માનતા હોઈએ. વિશિષ્ટ વ્યક્તિ સમજતા હોઈએ એટલે મનમાં થાય - 'જે સારામાં સારી વસ્તુ આવે તે મને જ મળવી જોઈએ.' આ અભિમાન છે !

આષાઢાભૂતિ મુનિએ એક લાડવા માટે પોતાની રૂપપરાવર્તન કરવાની લબ્ધિનો ઉપયોગ નહોતો કર્યો ? મંત્ર-તંત્રમાં પારંગત હતા. ઔષધોપચારમાં પ્રવીણ હતા. રાજગૃહી નગરીમાં ગોચરી માટે ગયા હતા. એક નાટકિયાના-એક્ટરના ઘરે જઈ ચઢ્યા. લાડવો વહોર્યો... વહોરીને બહાર આવ્યા. વિચાર આવ્યો - 'આ તો ગુરુ મહારાજને આપવો પડશે...' રૂપપરિવર્તન કરી બીજીવાર ગયા. બીજો લાડવો વહોર્યો. વિચાર્યું - 'આ તો બાલ મુનિને આપવો પડશે..' રૂપપરિવર્તન કરી ત્રીજી વખત વહોરવા ગયા. ત્રીજો લાડવો વહોર્યો. 'આ તો તપસ્વીને આપવો પડશે...' આમ પાંચ વખત રૂપપરિવર્તન કરીને પાંચ લાડવા વહોર્યા ! આ 'રસગારવ' હતો.

આ રસગારવમાં આષાઢાભૂતિ મુનિનું પતન થયું હતું. તમે એ કથા તો જાણો જ છો. રસગારવે એમને માયા-કપટ કરવા પ્રેરિત કર્યા હતા. પરિણામ કેવું દારુણ આવ્યું ?

રસગારવ એટલે ગૃદ્ધિ ! આસક્તિ ! મમ્મણ શેઠના જીવને પૂર્વભવમાં આ ગૃદ્ધિએ જ પછાડ્યા હતા ને ? મુનિરાજને લાડવો વહોરાવી દીધો. ભાવથી વહોરાવ્યો. પછી ખબર પડી કે આ તો સિંહકેસરિયા લાડવો હતો !

મુનિરાજ પાસેથી લાડવો પાછો લેવા દોડ્યો હતો ! કેવી ખેંચાતાણી કરી હતી ? પહેલાં પુણ્યકર્મ બાંધ્યું હતું, પછી પાપકર્મ બાંધ્યું ! મમ્મણના ભવમાં એ પાપકર્મે કેવાં પાપ કરાવ્યાં ? મમ્મણ મરીને નરકમાં ગયો !

રસગારવની જેમ 'ઋદ્ધિગારવ' પણ ખતરનાક છે. ઋદ્ધિ પુણ્યોદયથી મળે. તમે ના પાડો તોય એ ઋદ્ધિ તમારી સાથે ફરે !

તીર્થંકર પરમાત્માની ઋદ્ધિ સાંભળી છે ને ? આઠ પ્રતિહાર્યની કેવી અદ્‌ભુત ઋદ્ધિ હોય છે ? જઘન્યથી એક કરોડ દેવો એમની સેવામાં હોય ! એમના અતિશય કેવા ! છતાં ક્યારેય તીર્થંકરે કહ્યું નથી કે 'મારી સેવામાં કરોડ કરોડ દેવો રહે છે ! મારા પ્રભાવથી રોગ-શોક દૂર થઈ જાય છે ! મારા પ્રભાવથી દેવેન્દ્રો મારા ચરણોમાં નમે છે !'

આપણે તો પાંચ-પચ્ચીસ ચેલા થઈ ગયા તો ગર્વનો પાર નહીં ! જાણએ કે તીર્થંકરની ઋદ્ધિ મળી ગઈ. બોલે છે - 'મારે તો પચ્ચીસ શિષ્યો છે ! હું પચાસ શિષ્યોનો ગુરુ છું !'

એવી રીતે કોઈ શ્રુતધરે ગર્વ કરેલો ખરો કે 'હું ચૌદપૂર્વોમાં પારંગત છું ! હું શ્રુતકેવળી છું !' શું આ બોલવાની - કહેવાની વાત છે ? આપણે તો પૂરાં ૪૫ આગમ પણ ભણ્યા ન હોઈએ અને ગર્વનો પાર નહીં !

ઋદ્ધિ પુણ્ય સાપેક્ષ હોય છે, ને પુણ્યોદય દગાખોર હોય છે ! પુણ્યોદય પર વિશ્વાસ ન કરાય. પુણ્યોદયથી મળતાં સુખો પર મદાર ન બંધાય. એ ગમે ત્યારે જઈ શકે છે ! એટલે પુણ્યોદયથી મળતી ઋદ્ધિ પર ગર્વ નહીં કરવાનો કે આસક્તિ નહીં થવા દેવાની.

એવી રીતે બીજી એક સાવધાની રાખવાની છે.

બીજાઓની ઋદ્ધિ, બીજાઓનો વૈભવ જોઈને તમારા મનમાં ઇર્ષ્યા ન જાગવી જોઈએ. અથવા એના જેવી ઋદ્ધિની, વૈભવની કામના ન જાગવી

જોઈએ. મનમાં એમ ન આવવું જોઈએ કે 'એમના કેટલા બધા શિષ્યો છે ? કેટલા બધા શ્રીમંત ભક્તો છે ? એમના ઉપદેશથી લાખો રૂપિયા ખર્ચાય છે...' ઇર્ષ્યાથી જીવ બળે છે ને ? ઋદ્ધિગારવ જેવી રીતે પતનનું કારણ છે એવી રીતે બીજાની ઋદ્ધિની ઇર્ષ્યા-સ્પર્ધા પણ પતનનું કારણ બને છે.

એક વાત સમજી રાખો. દરેકનો પુણ્યોદય સમાન ન હોય. તેમાં તરતમતા હોય જ. કોઈનો પુણ્યોદય ૯૦ ટકા હોય તો કોઈનો પચાસ ટકા હોય. કોઈનો પચીસ ટકા હોય તો કોઈનો માત્ર પાંચ ટકા જ હોય ! અરે, કોઈનો એક ટકોય પુણ્યોદય ન હોય ! ભલે ન હોય. આધ્યાત્મિક વિકાસયાત્રામાં આવી ઋદ્ધિનું, આવા વૈભવનું કોઈ જ મહત્ત્વ નથી હોતું. હા, કદાચ એ ઋદ્ધિ, એ વૈભવ બાધક બની શકે ! એટલે ઋદ્ધિ-વૈભવની કામના કરવાની નથી. હોય તો મમત્વ-આસક્તિ કરવાની નથી અને બીજાના વૈભવની ઇર્ષ્યા કરવાની નથી,

શાતાગારવ પણ કષાયોનું નિમિત્ત બની જતો હોય છે.

તમે જો સુખશીલ છો, આરામપ્રિય છો અને તમને ગુરુમહારાજ ખરા બપોરે તડકામાં ગોચરી જવાની આજ્ઞા કરે તો ગુરુદેવ પ્રત્યે અણગમો થાય ને ? એ ક્રોધકષાય.

તમારે ગોચરી નથી જવું એટલે તમે કહો છો : મારા પેટમાં દુઃખે છે...' અથવા 'મારું માથું દુઃખે છે... હું ગોચરી નહીં જઈ શકું !' આ માયા થઈ ! મૃષાવાદ થયો !

તમે આરામપ્રિય છો. શાતાગારવ તમને સતાવે છે ! તમને ગુરુદેવ ગ્લાન સાધુની સેવા કરવાનું કહે છે. તમે સેવા કરવા ઇચ્છતા નથી. તમે કોઈ બહાનું કાઢીને ના પાડી દો છો.

એક મુનિરાજની તબિયત ચૌદસના દિવસે જ બગડી જાય ! ક્યારેક માંડલીમાં પક્ખી પ્રતિક્રમણ ન કરે ! બેઠાં બેઠાં આરામથી પ્રતિક્રમણ

કરવાનું ! પણ માંડલીમાં નહીં ! ક્યારેક પ્રતિક્રમણ ભણાવવું પડે ને ! ક્યારેક પક્ખીસૂત્ર બોલવું પડે ને ! એ ભાઈસાહેબ ખૂબ શાતાપ્રિય ! આરામપ્રિય !

એમાંય જો પર્યાયવૃદ્ધ હોય તો એમની અપેક્ષાઓ વધારે હોય છે ! એમના આરામમાં બીજા નાના સાધુઓએ એમની અનુકૂળતા જાળવવાની ! એમની શાતામાં સહાયક બનવાનું ! એમનો શાતાગારવ પુષ્ટ થાય, તેની એમને ચિંતા નથી હોતી, પણ એમની સેવા કરનારા ક્યારેક સેવા ચૂકી જાય તો ક્રોધ કરવાનો ! આક્રોશ કરવાનો ! શાતાગારવ અનેક રીતે જીવને કષાયી બનાવતો હોય છે. માટે શાતાગારવથી બચવું જોઈએ. ઘણા મુનિઓનું આ ગારવના પાપે પતન થયેલું છે.

એવી જ રીતે પરિસહો પણ કષાયોમાં નિમિત્ત બની જાય છે. 'મારે કર્મનિર્જરા કરવા સમતાભાવે પરિસહોને સહવાના છે.' આ વાત આજે ભુલાઈ નથી ગઈ ? કષ્ટો સહન કરવાની વાત, સહર્ષ સહન કરવાની વાત ભૂતકાળની વાત બની ગઈ છે..

ભૂખ લાગી છે. ગોચરી મોડી આવી છે. ગુરુમહારાજ કોઈ મહત્ત્વની વ્યક્તિ સાથે વાર્તાલાપમાં વ્યસ્ત છે. માંડલીમાં ગુરુદેવ ન પધારે ત્યાં સુધી સાધુઓને ગોચરી વહેંચાય નહીં ! એ વખતે પેલા શ્રાવક ઉપર કેવો ગુસ્સો આવે છે ? ગૌચરીના ટાઇમે જ એ ભાઈને વાત કરવાનો સમય મળે છે ? બીજા સમયે ન આવી શકાય ? આને તો ટેવ પડી છે... ગોચરીમાં અંતરાય કરે છે... કોણ એને સતાવે ? આચાર્ય મહારાજનો ખાસ માણસ છે !'

આવા એક શ્રાવકનું મુંબઈમાં અમે "ગોચરી વિલંબક" નામ પાડેલું ! વિ. સં. ૨૦૦૮-૯ની વાત હશે !

અડધો કલાકનો વિલંબ પણ સમતાથી સહન નથી થતો !

એવી રીતે, વિહારમાં કોઈ નાના-મોટા ગામમાં જઈએ, ત્યાં આયંબિલખાતું

કે પાણીખાતું ન હોય. ઉનાળાના દિવસો હોય. તરસ લાગી હોય. પાણી જલદી ન મળે... મળે તો ગરમ ગરમ મળે... ઠારવા માટે પરાતો ન મળે.... ત્યારે સમતા રહે ખરી ? ત્યારે શ્રાવકો પર નારાજ ન થઈએ ને ? એમના પ્રત્યે આક્રોશ ન કરીએ ને ? આપણી સહનશક્તિ રહી જ નથી. અથવા તો હવે સહન કરીને ધર્મ કરવાની વાત ભૂલી ગયા છીએ !

એટલે તો હવે આપણે જ ઉપદેશ આપીને, જે ગામોમાં જૈનોનાં ઘર નથી રહ્યાં ત્યાં રસોડાં ખોલાવીએ છીએ ! રસોડામાં કેટલો આરંભ-સમારંભ થાય છે, એના તરફ ઉપેક્ષા કરીને, સાધુ-સાધ્વીની ગોચરી-પાણીની અનુકૂળતા ઉપર ધ્યાન અપાય છે ! એટલે વિહાર કરીને જતાંની સાથે ત્યાં ઠંડું કરેલું પાણી મળી જાય છે અને નવકારશીમાં ચા-દૂધ ને નાસ્તો મળી જાય છે ! બપોરે સમયસર ગોચરી મળી જાય છે ! ત્યાં પછી ગૌચરીના કોઈ દોષોનો વિચાર નથી કરાતો ! અપવાદમાર્ગનું અવલંબન લેવાય છે ! ત્યાં પછી પરિસહ સહવાની વાત જ ક્યાં રહી ?

એવી રીતે વસતીમાં કોઈ તકલીફ ન પડે એટલે ઉપદેશ આપીને ઉપાશ્રય બનાવરાવીએ છીએ ! શિયાળા-ઉનાળામાં શાતા રહે એ રીતનાં બારી-બારણાં મુકાવીએ છીએ ! શીત અને ઉષ્ણતાના પરિસહો સહવા ન પડે તેની તકેદારી રાખીએ છીએ ! અને જ્યાં અનુકૂળ ઉપાશ્રય નથી હોતા ત્યાં કેવો અણગમો થાય છે ? કેવો કષાય નડે છે ? આપણી આધ્યાત્મિક યાત્રા ખોરવાઈ જાય છે, એનો આપણને ખ્યાલ જ નથી રહેતો !

મચ્છરોથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરીએ છીએ ! કહીએ છીએ - "મચ્છરો મરી ન જાય તે માટે મચ્છરદાની બાંધીએ છીએ !' શું આ વાત સાચી છે ? કે મચ્છરો આપણને શાન્તિથી ઊંઘવા દેતા નથી, માટે આપણે મચ્છરદાની બાંધીએ છીએ ? મચ્છરોનો પરિસહ સહવો નથી ! કોઈ પરિસહ સહવો જ નથી અને મોક્ષ મેળવવો છે આપણે !

કોઈ પ્રતિકૂળતા સહવાની, આનંદથી સહવાની શક્તિ આપણે ગુમાવી

દીધી છે. ઉપસર્ગો તો હવે થતા જ નથી. દેવો ઉપસર્ગો કરવા આવતા નથી. પશુઓના પણ ઉપસર્ગ નહિવત્ થઈ ગયા. મનુષ્યો તરફથી પણ તકલીફો ખૂબ જ ઓછી આવે છે. હા, સહવર્તીઓ તરફથી કોઈ પ્રતિકૂળતાઓ સહવાની આવે ખરી ! પરંતુ સાથેના સાધુઓ તો પંચપરમેષ્ઠિમાં સ્થાન પામેલા છે ! આપણે રોજ ૧૦૮ વાર નમસ્કાર કરીએ છીએ ! એટલે એમનો તિરસ્કાર તો ન જ કરાય. જે નમસ્કાર્ય હોય તે તિરસ્કાર્ય ન હોઈ શકે.

છેલ્લી વાત આજે કરવી છે 'વચનપરિસહ' સહન કરવાની.

આપણે તો પ્રિય-પથ્ય અને સત્ય વચન જ બોલવાનાં છે ! પણ આપણને જ્યારે અપ્રિય, સત્ય ને કઠોર વચન સાંભળવા મળે, ત્યારે અકળાઈ જવાનું નથી ! ત્યારે દિમાગને તંગ કરી દેવાનું નથી. બહુ જ સહજતાથી સાંભળી લેવાનું છે ! છેવટે, આપણે તો સાધુ છીએ ! આપણાં તો નામ પણ બદલાઈ ગયાં છે ! અને નામ તો માત્ર ઓળખાણ પૂરતાં, વ્યવહાર ચાલે તે પૂરતાં છે. બાકી તો આપણે 'અનામી' રૂપે જ જીવવાનું છે ! છેવટે 'અનામી' બનવાનું છે ને !

* કોઈ તમને કડવાં-કઠોર વેણ બોલે, તમે હસી કાઢો.
* કોઈ તમને અપ્રિય-કઠોર શબ્દો બોલે, તમે મૌન રહો.
* તમારાથી મૌન નથી રહેવાતું, ગુસ્સો આવી જાય છે, તો તમે એ સ્થાન છોડી દો. અન્યત્ર ચાલ્યા જાઓ.
* અપ્રિય બોલનાર તરફ દ્વેષભાવ ન રાખો. અપ્રિય શબ્દો ભૂલી જાઓ !
* કહેનારનો આશય શુદ્ધ હોય તો રુક્ષ વચન પણ રુક્ષ ન માનવાં.
* 'अप्रियस्य हि पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ।'

હિતકારી પરંતુ અપ્રિય વચન કહેનાર ને સાંભળનાર દુર્લભ હોય છે !

- अव्याहृतं व्याहृताच्छ्रेय आहुः,

सत्यं वदेत् व्याहृतं व्याहृतं तद् द्वितीयम् ।

प्रियं वदेद् व्या हृतं तत् तृतीयं,

धर्मं वदेद् व्याहृतं तच्चतुर्थम् ।।

વ્યર્થ બોલવા કરતાં મૌન રહેવું, એ વાણીની પહેલી વિશેષતા છે.

સત્ય બોલવું એ વાણીની બીજી વિશેષતા છે.

પ્રિય બોલવું એ વાણીની ત્રીજી વિશેષતા છે.

અને ધર્મની વાતો બોલવી તે વાણીની ચોથી વિશેષતા છે.

* હિતકારી અપ્રિય વચન સ્નેહીનાં હોય છે ! અહિતકારી પ્રિયવચન શત્રુનાં હોય છે !

* 'आनन्दयति सत्वानि यो हि मंगलमंजुवाक् !'

મંગલમયી કોમળ વાણીવાળો મનુષ્ય બીજાઓને આનંદિત કરે છે.'

આજ બસ, આટલું જ.

અધ્યાત્મના કેટલાક ગ્રંથો

વૈજ્ઞાનિક સ્ટીફન હૉકિંગનો
જીવનસંઘર્ષ

मज्जत्यज्ञः किलाज्ञाने विष्टायामिव शूकरः ।
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥

- જ્ઞાનસાર

જેમ ડુક્કર વિષ્ટામાં મગ્ન થાય છે તેમ અજ્ઞાની ખરેખર અજ્ઞાનમાં મગ્ન થાય છે. જેમ હંસ માનસરોવરમાં નિમગ્ન થાય છે. તેમ જ્ઞાનીપુરુષ જ્ઞાનમાં નિમગ્ન થાય છે.

'सज्झायसमो तवो नत्थि ।'

'સ્વાધ્યાયય સમાન બીજો કોઈ તપ નથી.'

આજે એક પત્ર આવ્યો છે.

પત્રો તો રોજેરોજ ઘણા આવે છે, પણ આ એક વિશિષ્ટ પત્ર આવ્યો છે. દૂર દેશથી આવ્યો છે. એક વયોવૃદ્ધ રાજસ્થાની મહાનુભાવનો પત્ર છે. ૭૫થી વધારે વર્ષના હશે. એમણે મને ક્યારેય જોયો નથી. મેં પણ એમને ક્યારેય જોયા નથી. પરંતુ હિન્દી પુસ્તકો અને 'अरिहंत' માસિકના માધ્યમથી એ મને જાણે છે ! છેલ્લાં ૧૦ વર્ષથી પ્રતિવર્ષ એમના ૧-૨ પત્રો આવે છે. આ પત્રમાં તેમણે લખ્યું છે કે 'હું રોજ એક કલાક સ્વાધ્યાય કરું છું. 'પ્રશમરતિ'નું વિવેચન વાંચી લીધું. 'શાન્ત સુધારસ'માં સંવર ભાવના સુધીનું વાંચન થઈ ગયું છે. એટલામાં 'શામ્યશતક', 'પિયો અનુભવ રસ પ્યાલા' હાથમાં આવ્યું. આખું પુસ્તક વાંચી ગયો. મને ખૂબ ગમ્યું છે. વાંચીને એ પુસ્તક તમને મોકલું છું, તમે એ પુસ્તકના પાનેપાને આપના હસ્તાક્ષર કરીને પુસ્તક પાછું મોકલજો.'

એક સમયે મારી એવી કલ્પના હતી, કોરી કલ્પના નહીં પણ અનુભવથી ઘડાયેલી કલ્પના હતી. આપણે રાજસ્થાની ભાઈને પુસ્તક વાંચવાની વાત કરીએ એટલે એનું મોઢું વાંકું થઈ જાય ને પૂછે ચોપડી ? છો પડી !

પરંતુ આ મદુરાઈના શ્રાવક થાનમલજી ભેરાજી કે જેઓ જાલોર બાજુના છે, તેમણે મારી કલ્પનાને ખોટી પાડી ! એ ચોપડીના ચાહક છે ! થાનમલજી 'अरिहंत' માસિકના ચાહક છે. એ પુછાવે છે કે દર વર્ષે 'अरिहंत'ને ખોટ કેટલી આવે છે ? આમેય હું કોઈ શ્રાવકોને પૈસા માટે લખતો નથી કે કહેતો નથી. તેઓ 'अरिहंत'ની ઓફિસે મહેસાણા ૧૦-૧૫ હજાર રૂપિયા દર વર્ષે મોકલે છે !

જેવી એમની જ્ઞાનની અભિરુચિ છે તેવી જ ગુપ્ત દાનની પણ સારી પ્રવૃત્તિ કરે છે. નામ વિના સાધર્મિકોને સહાય કરે છે ! પણ મને એમની

આ વાત ખૂબ ગમી - 'હું રોજ એક કલાક સ્વાધ્યાય કરું છું.' સ્વાધ્યાય પણ તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોનો ! વાંચીને ગદ્ગદ્ થઈ જાય છે. અનિત્યાદિ ભાવનાઓ વાંચીને એમનો મનમયૂર કેવો નાચી ઊઠેલો એ એમની ભાષામાં પત્રમાં લખ્યું છે.

ગઈકાલે પૂજ્ય ગચ્છાધિપતિજી મને કહેતા હતા કે આપણાં સાધુ-સાધ્વીઓને રોજ એક કલાક શાસ્ત્રસ્વાધ્યાય કરવાની પ્રતિજ્ઞા આપો !' એમને આ વાત કરી અને પેલો પત્ર આવ્યો ! એટલે મને સ્વાધ્યાય અંગે વાત કરવાની તક મળી ગઈ !

એક શ્રાવક જો એક કલાક સ્વાધ્યાય કર્યા પછી નવકારશીનું પચ્ચક્ખાણ પાળે છે, તો આપણે તો સાધુ છીએ ! સ્વાધ્યાય એ તો આપણો મુખ્ય વ્યવસાય છે ! કેટલાંક સાધુ-સાધ્વી બચાવ કરતાં કહે છે - 'અમને સમય મળતો નથી !' ખોટી વાત ! મન તમને ખોટા રવાડે ચડાવી દે છે. સમય કેમ ન મળે ? જો ત્રણ ટાઇમ ગોચરી કરવાનો સમય મળી શકે છે, બે ટાઇમ પડિલેહણ-પ્રતિક્રમણ કરવાનો સમય મળે છે, શ્રાવકો સાથે વાતો કરવાનો સમય મળે છે, તો સ્વાધ્યાય માટે સમય કેમ ન મળે ? એ સમય તો કાઢવો જ જોઈએ.

આજે જ્યારે 'સ્વાધ્યાય'ની વાત કરવી છે તો એક તાત્ત્વિક વિષય પર આજે વિચારણા કરીશું, એ વિષય પહેલાં મને બરાબર સમજાયો ન હતો. સમજ્યા પછી ખૂબ આનંદ થયો.

'शाम्यशतक' ગ્રંથમાં 'उन्मनीभाव' શબ્દ આવે છે. 'યોગસાર'માં એનું સ્પષ્ટ નિદર્શન છે :

सहजानन्दता सेयं सैवात्मारामता मता ।

उन्मनीकरणं तद् यद् मुनेः शमरसे लयः ।। ९९ ।।

મુનિનો સમભાવરૂપી રસમાં જે લય થાય, તે જ સહજાનંદતા છે. તે જ

આત્મારામતા છે અને તે જ ઉન્મનીભાવ છે. ઉન્મનીભાવ એટલે મનનો નાશ ! ઉદાસીનતા ! નિત્યાનંદની નિર્મળ કળા ! એ જ અમનસ્કતા.

આ ઉન્મનીભાવ પ્રાપ્ત કરવા માટે સર્વપ્રથમ અનાસક્ત બનવું પડે. તમામ પ્રકારની આસક્તિઓમાંથી મુક્ત થઈ જાય, પછી જ અમનસ્ક ભાવ પ્રગટે. મનને વિષયોમાં અનાસક્ત બનાવવા માટે આ પ્રમાણે ચિંતન કરો :

૧. વિષયો પ્રત્યે મનને જે રાગ-દ્વેષ થાય છે, તે તેના માત્ર વિકલ્પો જ હોય છે. કોઈ વિષય કાયમ માટે ઇષ્ટ નથી હોતો, કે કાયમ માટે અનિષ્ટ નથી હોતો.

૨. આજે જે ઇષ્ટ લાગે છે તે કાલે અનિષ્ટ લાગી શકે છે. આજે જે અનિષ્ટ લાગે છે તે કાલે ઇષ્ટ લાગી શકે છે.

૩. મનની વિકલ્પજાળ મુજબ રાગ-દ્વેષ જન્મે છે. માટે વિકલ્પોનો નાશ થતાં રાગ-દ્વેષનો નાશ થાય છે. વાસ્તવમાં રાગ-દ્વેષ તાત્ત્વિક નથી.

૪. પ્રિય-અપ્રિયની કલ્પનાઓનો ત્યાગ કરો. એટલે ચિત્તમાં સ્થિરતા આવશે. એ સ્થિરતાનું નામ સમતા છે.

'યોગશાસ્ત્ર'માં ઉન્મની ભાવ અંગે સારું સ્પષ્ટીકરણ મળે છે :

बहिरंतश्च समंतात् चिंताचेष्टापरिच्युतो योगी ।
तन्मयभावं प्राप्तः कलयति भृशमुन्मनीभावम् ।।

- प्रकाश - १२

'બાહ્ય અને આંતર સર્વથા ચિંતારહિત અને ચેષ્ટારહિત થયેલા યોગી તન્મયભાવને પ્રાપ્ત કરી, અત્યંત 'ઉન્મનીભાવ'ને ધારણ કરે છે.'

આત્મા મનને પ્રેરણા કરતો નથી, મન ઇન્દ્રિયોને પ્રેરણા કરતું નથી. ત્યારે ઉભય-ભ્રષ્ટ બનેલું મન સ્વયં જ નાશ પામે છે ! આ રીતે મનનો નાશ થવો એનું નામ ઉન્મનીભાવ.

મનનો પ્રેરક ભાવ અને પ્રેર્યભાવ નષ્ટ થઈ જાય, ચિંતા, સ્મૃતિ વગેરે મનોવ્યાપાર વિલય પામે એટલે નિર્વાત સ્થાનમાં રહેલા દીપકની જેમ આત્મામાં તત્ત્વજ્ઞાનનો ઉદય થાય છે.

અતિ ચંચળ, અતિ સૂક્ષ્મ અને તીવ્ર ગતિવાળા મનને, જરાય પ્રમાદ કર્યા વિના, જરાય વિશ્રામ કર્યા વિના, ઉન્મનીભાવથી ભેદી નાખવું જોઈએ. વીંધી નાખવું જોઈએ.

આવો ઉન્મનીભાવ આવે ત્યારે યોગીપુરુષ પોતાના શરીરને જાણે વિખરાઈ ગયું, બળી ગયું, વિલય પામી ગયું... એમ સમજે, અર્થાત્ શરીરરહિત શુદ્ધ આત્માની અનુભૂતિ કરે. આ રીતે ઉન્મની ભાવરૂપ નૂતન અમૃતકુંડમાં મગ્ન થયેલો યોગી અનુપમ અને ઉત્કૃષ્ટ તત્ત્વામૃતનો આસ્વાદ અનુભવે છે. આવો આસ્વાદ અનુભવતો યોગી 'मुक्त इव भाति योगी !' મુક્તાત્માની જેમ શોભે છે. અર્થાત્ મોક્ષલક્ષ્મી જાણે પામ્યા હોય તેવા યોગી શોભે છે ! આવા યોગીપુરુષો કહે છે -

અમારો મોક્ષ થાઓ કે ન થાઓ. પણ ધ્યાનથી પ્રાપ્ત થતો પરમાનંદ તો ખરેખર, અહીં ભોગવીએ છીએ. એ પરમાનંદની આગળ, આ દુનિયાનાં બધાં જ સુખ તૃણવત્ તુચ્છ છે. માત્ર સુખાભાસ છે.'

આત્મા, મન અને ઇન્દ્રિયો. મન, આત્મા અને ઇન્દ્રિયોની વચ્ચે છે. મનને એકલું-અટૂલું પાડી દેવાનું છે ! મનોવર્ગણાના પુદ્ગલોથી બનેલું મન આમ તો જડ છે. આત્મા પ્રેરક છે માટે મન વિચારે છે. જો આત્મા પ્રેરણા આપવાનું બંધ કરે તો મન કંઈ જ વિચારી ના શકે. આત્માએ નક્કી કરવાનું છે કે મારે મનને કોઈ ઓર્ડર નથી કરવો ! મન પાસેથી કોઈ કામ નથી લેવું !' તો મન ધીરે ધીરે મરી જાય. ઉન્મનીભાવ આવતો જાય. આ અભ્યાસથી સાધ્ય છે. આજે ને આજે ઉન્મનીભાવ ન આવી જાય. મહિનાઓ-વર્ષોનો અભ્યાસ જોઈએ. પરંતુ જ્યારે એ ભાવ પ્રગટે ત્યારે અપૂર્વ સુખનો અનુભવ થાય છે. એ સુખ, પ્રિય વ્યક્તિના આલિંગનના

સુખથી ચડિયાતું હોય છે. શીતલ ચંદનના વિલેપનથી પણ વધુ શીતલ અને અનિર્વચનીય હોય છે.

આવી બધી સુંદર સારી વાતો શામ્યશતકમાં, સમાધિશતકમાં ને પુદ્ગલ-ગીતામાં કહેવામાં આવી છે. પણ આપણે ત્યાં આ ગ્રંથો અભ્યાસક્રમમાં જ નથી ! જ્ઞાનસાર, યોગસાર, અધ્યાત્મસાર જેવા ગ્રંથો પણ અભ્યાસક્રમમાં નથી. અભ્યાસક્રમમાં છે માત્ર ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ... કમ્મપયડી ને બીજા બે-ચાર વ્યાખ્યાનમાં ઉપયોગી ગ્રંથો. હવે અમારા મુનિરાજો, કે જેઓ જલદી વ્યાખ્યાતા બની જાય છે, તેઓ આગમોનું અધ્યયન કરતા નથી, યોગ ને અધ્યાત્મ ગ્રંથોનું અધ્યયન કરતા નથી. છાપાંઓનાં કરંટ ટોપીક્સ વાંચીને વ્યાખ્યાનમાં દેશકથા ને રાજકથા કરે છે ! સેક્સની વાતો કરે છે ! આમાં 'ધર્મકથા' ક્યાં આવે ?

પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે 'શામ્યશતક'નો ગુજરાતી દોહરાઓમાં અનુવાદ કરેલો છે ! એમના શિષ્ય હિતવિજયજીના સ્વાધ્યાય માટે અનુવાદ કરેલો છે. બહુ જ રસમય શૈલીમાં રચના થયેલી છે. હકીકતમાં એમ લાગે કે આપણા માટે જ આ અનુવાદ કરાયેલો છે ! મહાપુરુષે ન્યાયદર્શનને લગતા ૧૦૮ ગ્રંથો લખેલા છે, એવા ઉપાધ્યાયજીએ આ અનુવાદ કરેલો છે. એવું મહત્ત્વ સમજાય છે ? જ્ઞાનસાર ને અધ્યાત્મસાર જેવા ગ્રંથોની રચના કરનારા મહાન વિદ્વાન પુરુષ 'શામ્ય શતક'ને ગુજરાતી કાવ્યમાં ઉતારે - એ વાત કેટલી મોટી કહેવાય ?

જ્યાં સુધી આવા અધ્યાત્મના ગ્રંથોનું અધ્યયન - મનન નહીં કરો ત્યાં સુધી આત્માની પરિણતિ સુધરશે નહીં.

'સમાધિશતક'નો પણ ગુજરાતીમાં કાવ્યાનુવાદ પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કરેલો છે. તમે વાંચો. ન સમજાય તો જ્ઞાનીપુરુષોને પૂછીને અર્થ જાણો. તો તમારો અંતરાત્મા આનંદથી તરબોળ બનશે. તમે ખુશીથી નાચી ઊઠશો. સમાધિશતક, સામ્યશતક ને પુદ્ગલગીતાનું પારાયણ

કરતાં કરતાં ચોક્કસ તમારો ભાવોલ્લાસ વૃદ્ધિ પામશે. આ ગ્રંથો મુખપાઠ થઈ જવા જોઈએ. જીવનને જીવવા જેવું બનાવવું હોય. ઉન્નત બનાવવું હોય તો આવું અધ્યયન પણ જરૂરી છે.

મેં એક સાધ્વીજી મહારાજને કહ્યું - રોજ બે કલાક સ્વાધ્યાય કરવાનો નિયમ કરો.' તેમણે કહ્યું : 'મારી તબિયત સારી રહેતી નથી...' 'અરે, તબિયત સારી ન રહેતી હોય ત્યારે તો વધારે સ્વાધ્યાય-અધ્યયન થાય ! બીજાં કામ કરવાનાં ન હોય ને !

અનેક બીમારીઓનો ભોગ બનનાર અને લગભગ કાયમ બીમાર રહેનાર વ્યક્તિઓએ પોતાની માંદગીને વીસરી જઈને કે બાજુ પર હડસેલી દઈને જે અસાધારણ પ્રગતિ કરી બતાવી છે, તેમાંના એક મહાન વૈજ્ઞાનિક 'સ્ટીફન હોકિંગ'ના જીવનની કેટલીક વાતો બતાવું છું. વિશ્વના વૈજ્ઞાનિકોમાં તેઓ મોખરાનું સ્થાન ધરાવે છે. અત્યારે તેઓ ૫૬ વર્ષના છે પરંતુ જ્યારે ડૉક્ટરે એમના રોગનું નિદાન કરીને કહ્યું કે તેઓ માત્ર બે-અઢી વર્ષ જ જીવી શકશે, ત્યારે તેમની ઉંમર માત્ર એકવીશ વર્ષની હતી. ડૉક્ટરોનું નિદાન ખરું હતું. તેમને 'એમ્યોટ્રોફિક લેટરલ સ્કલીરોસીસ' રોગ લાગુ પડેલો હતો. ટૂંકમાં એ રોગને એ.એલ.એસ [ALS] કહેવામાં આવે છે. આ રોગ ભાગ્યે જ કોઈને થાય છે. આ અસાધ્ય રોગ છે. યુવાન સ્ટીફન કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ભણતા હતા. આવા રોગના આઘાતજનક ખબરથી તેઓ હતાશ ને નિરાશ થઈ ગયા હતા. હોસ્ટેલની પોતાની રૂમમાં પુરાઈને રહેવા લાગ્યા હતા. મિત્રો, સંબંધીઓને મળવાનું બિલકુલ ઓછું થઈ ગયું હતું. મૃત્યુ તેમની નજીક જઈ રહ્યું હતું. પરંતુ એકાંતમાં પોતની જાત સાથે વાત કરતાં કરતાં આ બહાદુર માણસે વિચાર કર્યો કે 'ડૉક્ટરનું જ્ઞાન ગમે તે કહે મારે ડરી જઈને જિંદગીથી હાથ શા માટે ધોઈ નાખવા ?' જેટલું પણ જીવન હોય તેટલું સ્વાભાવિક રીતે ને સારી રીતે જીવી જવાનો અને મૃત્યુ સામે લડી લેવાનો તેમણે નિશ્ચય કરી લીધો. પોતાની અદ્ભુત ઇચ્છાશક્તિ અને મનોબળથી તેમણે મનમાં વ્યાપેલી ઉદાસી પર વિજય મેળવી લીધો.

લકવાના અસાધ્ય રોગને એક ખૂણામાં ધકેલી દઈને તેમણે બ્રહ્માંડની ઉત્પત્તિ, તેની રચના વિષે અભ્યાસ કરવા માંડ્યો. સંશોધન કરીને વિશ્વના વૈજ્ઞાનિકોમાં અગત્યનું સ્થાન પામ્યા. વર્ષોના સંશોધન અને મહેનત પછી તેમણે લખેલું પુસ્તક 'અ બ્રીફ હિસ્ટરી ઑફ ટાઇમ' વિશ્વમાં સૌથી વધારે વેચાણ ધરાવતું પુસ્તક છે. તેની એક કરોડથી વધારે નકલો વેચાઈ ગઈ છે. અને હજુ વધુ રેકોર્ડ સ્થાપે તેની શક્યતા છે.

સ્ટીફનને અત્યારે વ્હીલચેરમાં બેસી રહીને જિંદગીના દિવસો પસાર કરવા પડે છે પરંતુ તેઓ અખૂટ શક્તિ ધરાવતા અદ્ભુત માણસ છે !

સ્ટીફન બચપણથી જ ભણવામાં હોશિયાર હતા. ત્રીજા ધોરણમાં ભણતા ત્યારે સ્કૂલ તરફથી અપાતું 'ડીવીનીટી' પ્રાઇઝ જીત્યા હતા. તેઓ ક્લાસિકલ સંગીતના શોખીન હતા અને જીવનોપયોગી સાહિત્ય જ તેઓ વાંચતા. ગણિતમાં તેમને ખૂબ રસ હતો ને ઊંડી સૂઝ હતી. તેઓ ઓછી મહેનતે વધુ માર્ક્સ લાવતા !

એક વખતે, એમના જન્મદિવસે એક નાનકડી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. એ પાર્ટીમાં તેઓ જ્યારે શીશામાંથી પીણું ગ્લાસમાં રેડતા હતા ત્યારે હાથની ધ્રુજારીના કારણે પીણું બહાર ઢળતું હતું. આ જોઈને એમના કુટુંબના લોકોને ચિંતા થઈ. સ્ટીફનના પિતા ડૉક્ટર વધારે રોગની ખાતરી કરવા બીજા ડૉક્ટર પાસે લઈ ગયા. પછી સ્પેશ્યાલિસ્ટ પાસે લઈ ગયા. ત્યાં એમને 'મોટર ન્યુરોન ડીસીઝ'નું નિદાન થયું. રોગના જંતુઓ કરોડરજ્જુમાં મજ્જાતંતુને અસર કરે છે. અને પછી મગજ ઉપર અસર કરે છે. શરીરના કોષ ધીરેધીરે બગડવા લાગે છે. લોહીની નળીઓ સખત થતી જાય છે. શરીર ક્ષીણ થતું જાય છે. અને અંતે આખું શરીર લકવાનો ભોગ બને છે. ડૉક્ટરોના અભિપ્રાય મુજબ હવે બે-અઢી વર્ષથી વધારે જીવવાનું શક્ય ન હતું.

હોકિંગ પોતાની જાતે મજબૂત મનોબળના કારણે હતાશામાંથી બહાર

આવી ગયા હતા, રોજિંદું જીવન જીવવા લાગ્યા હતા, કેટલીક વાર પ્રેમ અને હૂંફ માણસના જીવનમાં નવા પ્રાણ ફૂંકે છે. હોકિંગના જીવનમાં પણ એક એવી યુવતી આવી કે જેણે હોકિંગને પ્રેમ-હૂંફ આપ્યાં. એની ખૂબ જ સંભાળ લીધી. હોકિંગનું મનોબળ વધુ મજબૂત થયું, અને એ રોગ સામે વર્ષો સુધી ટકી શક્યા. એ છોકરીનું નામ હતું જેન વાઇલ્ડ. જેન સાથેના પ્રેમસંબંધ પછી રોગ સામે લડવાનો આત્મવિશ્વાસ હોકિંગમાં વધી ગયો હતો.

થોડો સમય જતાં સ્ટીફનને ચાલવા માટે લાકડીનો ઉપયોગ કરવો પડતો હતો. પીએચ.ડીનો તેમનો અભ્યાસ તો ક્યારનોય ખોરંભે પડી ગયો હતો. પરંતુ પોતાની નાજુક તબિયત હોવા છતાં તેમણે ગોનવિલે તથા કેપસ કૉલેજમાંથી ફેલોશીપ મેળવી હતી. અને એક તંદુરસ્ત માણસની જેમ જ પોતાનું સંશોધન કાર્ય ચાલુ રાખ્યું હતું. જિંદગી જીવવાની હતી અને સારી રીતે જીવવાની હતી. તેમનું આંતરિક મન પણ તેમને કહેતું હતું કે તેઓ ચોક્કસ લાંબુ જીવવાના હતા. અને ડૉક્ટરીના નિદાન મુજબ તરત જ મૃત્યુ પામવાના ન હતા.

મૃત્યુના ઓછાયા નીચે ડરથી જીવવાના બદલે તેમણે સ્વસ્થ, તંદુરસ્ત માણસ જીવે એ રીતે જીવવાનું શરૂ કર્યું હતું. તેમણે બીજા એક વૈજ્ઞાનિક રોજર પેનરોઝ સાથે કામ કરવાનું શરૂ કર્યું, બંને જણાં બ્લેક હોલ્સ બાબત સંશોધન કરવા લાગ્યા.

સ્ટીફનનું દર્દ વધવા માંડ્યું હતું. હવે બોલતી વખતે તેમને ક્યારેક લોચા વળતા હતા. અને હરવા ફરવા માટે ઘોડીનો ઉપયોગ શરૂ કરવો પડ્યો હતો. ઘરની સીડીથી સૂવાના ઓરડા સુધી પહોંચતાં સ્ટીફનને પંદર મિનિટ જેટલો સમય લાગતો હતો અને છતાં દૃઢ મનોબળવાળા સ્ટીફન આવા સમયે પણ કોઈની મદદ લેતા ન હતા.

સ્ટીફનના જીવન પર લખનાર લેખક જ્હોન બોસલો કહે છે કે મને મળેલી વ્યક્તિઓમાં સ્ટીફન સૌથી બહાદુર વ્યક્તિ છે.

ઈ. સ. ૧૯૬૭માં એમને ત્યાં પુત્ર રોબર્ટનો જન્મ થયો. ત્યાર પછી સ્ટીફને તૈયાર કરેલ નિબંધ 'સિંગ્યુલારીટીઝ એન્ડ જ્યોમેટરી ઑફ સ્પેસ ટાઇમ' માટે તેમને એડમ્સ પ્રાઇઝ મળ્યું. 'એડમ્સ પ્રાઇઝ'ની પ્રતિષ્ઠા ઘણી ઊંચી છે. એથી એમનું ઘણું બહુમાન થયું. અને તેમની સરખામણી આઇન્સ્ટાઈન જેવા મહાન વૈજ્ઞાનિક સાથે થવા લાગી.

સ્ટીફન હમેશાં ખુશ રહેતા હતા. આવા ખુશ રહેવાના સ્વભાવને કારણે કદાચ મૃત્યુ તેમને આંબી શકતું ન હતું. તેમણે અને પેનરોઝે આઇન્સ્ટાઈનની 'રીલેટીવીટી'ની 'થિયરી ઉપર સંશોધન કરીને નવી મેથેમેટિકલ ટેકનિકથી કામ કર્યું. પરંતુ એ દરમિયાન બીજા કેટલાક વૈજ્ઞાનિકોએ પણ સંશોધનો કરી પ્રગતિ કરી હતી.

સ્ટીફનની તબિયત કથળતી જતી હતી. તેઓ પોતાની અપંગતાને ધ્યાનમાં લેતા ન હતા. પરંતુ હવે તેમને વ્હીલચેરનો ઉપયોગ શરૂ કરવો પડ્યો હતો. દરમિયાનમાં તેમણે અને પેનરીઝે "મોમેન્ટમ થિયરી" પ્રકાશિત કરી હલચલ મચાવી દીધી હતી. તબિયત બાબત કોઈ ફરિયાદ નહીં ! તેઓ હવે કાગળ, પેન કે ટાઇપ-રાઇટરનો ઉપયોગ કરી શકતા ન હતા. હાથ ઉપરથી પણ હવે તેમનો કાબૂ જઈ રહ્યો હતો. આવા કપરા સમયમાં પણ તેમણે "ધ લાર્જ સ્કેલ સ્ટ્રક્ચર ઓફ સ્પેસ ટાઇમ" નામનું પુસ્તક તૈયાર કર્યું.

જીવલેણ રોગ સામે લડતાં લડતાં સ્ટીફને એક દસકાથી વધુ સમય પસાર કરી દીધો હતો. તેમણે ઓક્સફર્ડમાં વૈજ્ઞાનિકોની એક મીટિંગમાં 'બ્લેક હોલ્સ' વિષે પ્રવચન આપ્યું. પરંતુ તેમના વિચારોને ખાસ આવકાર મળ્યો નહીં. એટલું જ નહીં, ચેરમેન જ્હોન ટેલરે તો તેમના સંશોધનકાર્યનો જ વિરોધ કર્યો.

પરંતુ સ્ટીફને તો જીવનમાં હતાશાને ઘણાં વર્ષો પહેલાંથી જ ખંખેરી નાખી હતી. એટલે વિરોધથી જરાય નિરાશ થયા વિના પોતાનું કામ આગળ

ધપાવ્યું. 'બ્લેક હોલ એક્સપ્લોઇઝન્સ" નામનો લેખ પ્રગટ કર્યો. અને આ વિષયમાં ઓથોરિટી ગણાય તેવા ડૉ. સિઆમાએ એ લેખને ભૌતિકશાસ્ત્રના ઇતિહાસના ઉત્તમ લેખમાંનો એક લેખ છે-' તેમ કહી બિરદાવ્યો.

માત્ર ૩૨ વર્ષની નાની ઉંમરે સ્ટીફનને રોયલ સોસાયટીના સભ્ય બનાવવામાં આવ્યા. આવું માન મેળવનારા એ સૌથી યુવાન વ્યક્તિ હતા.

અમેરિકાની કેલિફોર્નિયા યુનિવર્સિટીએ અભ્યાસ અને સંશોધન કાર્ય માટે સ્ટીફનને આમંત્રણ આપ્યું. અને સંશોધન કાર્ય માટે જરૂરી બધી જ સગવડો આપી. ઈ.સ. ૧૯૭૫માં તેઓ ઇંગ્લેન્ડ પાછા ફર્યા. તેમને ઇલેક્ટ્રિક ચેરનો ઉપયોગ શરૂ કરવો પડ્યો હતો. હવે હલનચલન કરવાનું તકલીફવાળું બની ગયું હતું.

જીવલેણ રોગનું નિદાન થયાને બાર-તેર વર્ષ વીતી ગયાં હતાં.

મૃત્યુ સ્ટીફનને મારી શક્યું ન હતું. તેઓ હતાશ પણ થયા ન હતા. તેમણે અભ્યાસ કર્યો હતો. લગ્ન કર્યાં હતાં. અમેરિકા અભ્યાસ માટે ગયા હતા. અનેક સિદ્ધિઓને પ્રસિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. જિંદગીથી હારી નહોતા ગયા. માત્ર ૧૯૭૫ અને ૧૯૭૬ના બે વર્ષના ગાળામાં જ તેમને છ મહત્ત્વના ઍવોર્ડ્ઝ મળ્યા હતા. તેમ છતાં હજુ ઘણું ઘણું કરવાનું તેમના મનમાં હતું.

એક ગૃહસ્થ, એક વિદેશી ગૃહસ્થ આવી જીવલેણ બીમારીમાં જો આવી અદ્‌ભુત જ્ઞાનોપાસના કરી શકે છે તો આપણે તો સાધુસાધ્વી છીએ ! આપણા પર સંસારની કોઈ જવાબદારીઓ નથી ! રોટી-કપડાં ને મકાનની ચિંતા નથી ! આપણો સંઘ આપણી બધી જ સગવડતાઓ પૂરી પાડે છે. પછી આપણે નાની નાની તકલીફોનાં રોદણાં રોઈને સ્વાધ્યાય - અધ્યયન - જ્ઞાનોપાસના છોડી દઈએ તે કેમ ચાલે ?

આજે મારે તમને ભાષાજ્ઞાન અંગે પણ કહેવું છે. આપણાં મોટા ભાગના સાધુ-સાધ્વી ગુજરાતી ભાષા પણ સારી રીતે તૈયાર કરતા નથી.

'જોડણી કોશ'નું જ્ઞાન નથી હોતું. વાક્યરચનાઓ પણ બરાબર હોતી નથી. એટલે જેવી રીતે સંસ્કૃત-પ્રાકૃતનું વ્યાકરણ ભણવામાં આવે છે તેમ ગુજરાતી ભાષાનું પણ અધ્યયન કરવું જોઈએ. ગુજરાતી ભાષામાં ઘણું ઘણું ધાર્મિક લખાયેલું છે. આધ્યાત્મિક લખાયેલું છે. સાહિત્યના ક્ષેત્રમાં પણ ઘણું લખાયેલું છે, તમે વાંચો તો ખબર પડે.

એવી રીતે હિન્દી ભાષાનું પણ જ્ઞાન હોવું જોઈએ. હિન્દી ભાષા તો લખતાં ને બોલતાં આવડવી જોઈએ. એ આપણી રાષ્ટ્રીય ભાષા છે. વળી, હિન્દુસ્તાનના કોઈપણ રાજ્યમાં તમે જાઓ, તમને હિન્દી બોલતાં-વાંચતાં આવડે તો તમારો વ્યવહાર ચાલે. વળી હિન્દી ભાષા ઘણી સમૃદ્ધ ભાષા છે. હિન્દીમાં ધાર્મિક-આધ્યાત્મિક-યૌગિક ભૌતિક વગેરે અનેક ફેકલ્ટીઓનું સારું સાહિત્ય પ્રકાશિત થયું છે ને થાય છે. તમે વાંચો છો ખરા ?

રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં તમે હિન્દી ભાષામાં વ્યાખ્યાનો આપો તો હજારો શ્રોતાઓ સાંભળે. હિન્દી ભાષા જોમ ને જોશવાળી ભાષા છે.

પછી આવે છે અંગ્રેજી ભાષા.

આપણે ત્યાં જે યુવાન છોકરા-છોકરીઓ દીક્ષા લે છે તેઓ લગભગ ૧૦ કે ૧૨ ધોરણ ભણેલાં તો હોય છે. એટલે અંગ્રેજીનું પ્રાથમિક જ્ઞાન તો તેમને હોય છે, દીક્ષા પછી એ ભાષા લગભગ ભુલાઈ જાય છે ! પણ એ ભાષા અત્યારે દેશમાં ને દુનિયામાં વ્યાપક બની છે. ઠેર ઠેર ઇંગ્લીશ મીડીયમની સ્કૂલો ખૂલેલી છે. આપણા જૈનો પણ બાળકોને ઇંગ્લીશ મીડીયમમાં ભણવવા ઇચ્છે છે.

અંગ્રેજીમાં ઘણું સારું સાહિત્ય પ્રકાશિત થાય છે. ધાર્મિક અને મનોવૈજ્ઞાનિક સાહિત્ય પાર વિનાનું છપાય છે. જીવનોપયોગી સારાં પુસ્તકો ઢગલાબંધ છપાય છે. આપણને અંગ્રેજી વાંચતાં અને બોલતાં આવડવું જોઈએ. હવે તો સ્કૂલ-કૉલેજોમાં વ્યાખ્યાન અંગ્રેજીમાં આપો તો બાળકો સમજે.

અંગ્રેજી ભાષા અઘરી નથી. એકાદ વર્ષમાં તમે શીખી જઈ શકો ને બોલી શકો ! સારાં પુસ્તકો તમે વાંચી શકો.

એવી જ રીતે સંસ્કૃત ભાષા સારી તૈયાર કરવી જોઈએ તમે સંસ્કૃતમાં ગ્રંથો વાંચી શકો અને સંસ્કૃતમાં વ્યાખ્યાન પણ આપી શકો, એવી તૈયારી કરવી જોઈએ.

એક સાચી ઘટના છે, દુઃખદ ઘટના છે.

એક શહેરમાં એક આચાર્ય મહારાજનું વિશાળ શિષ્યપરિવાર સાથે સામૈયું થયું. જૈન-જૈનેતર લોકેને ખબર પડી. ત્યા એક સંસ્કૃત વિદ્યાલય હતું. વિદ્યાલયનો કોઈ વિશિષ્ટ કાર્યક્રમ હતો. એટલે વિદ્યાલયના પ્રિન્સિપાલ અને ટ્રસ્ટીઓ આપણા આચાર્યદેવ પાસે ગયા અને વિદ્યાલયના કાર્યક્રમમાં આશીર્વચન આપવા આવવાનું આમંત્રણ આપ્યું. આમંત્રણ સ્વીકારાયું. આપણા સંઘના આગેવાનોએ પેલા જૈનેતર ટ્રસ્ટીઓ આગળ આચાર્ય મહારાજની ખૂબ પ્રશંસા કરી. પેલા લોકો ખુશ થઈને ગયા.

આચાર્ય મહારાજા આડંબરપૂર્વક વિદ્યાલયમાં પધાર્યા. ત્યાં શિક્ષકોએ ને વિદ્યાર્થીઓએ ભાવભીનું સ્વાગત કર્યું. કાર્યક્રમ શરૂ થયો. પ્રિન્સિપાલે સંસ્કૃત ભાષામાં સ્વાગતભાષણ કર્યું ! આપણા આચાર્યદેવને સંસ્કૃતમાં બોલવાનું આવડતું ન હતું! તેમણે હિન્દીમાં પોતાનું પ્રવચન શરૂ કર્યું અને શરૂઆતમાં જ બોલ્યા : 'मैं संस्कृतमें बोल नहीं सकता । माफ करें, मैं हिन्दी में बोलूंगा !'

એક જૈનાચાર્યને સંસ્કૃતમાં બોલતાં ન આવડે, તે કેવું શરમજનક કહેવાય ? જો નહોતું આવડતું તો એમણે એ કાર્યક્રમમાં જવાનું ટાળવું જોઈતું હતું, જેથી જૈનધર્મની અવહેલના ન થાય. 'જૈનાચાર્ય સંસ્કૃતમાં બોલી શકતા નથી-' આ શરમજનક વાત છે !

એવી રીતે, કેટલાંક વર્ષોથી પરદેશથી કેટલાક સ્કોલરો ભારતમાં જૈનધર્મ અને બીજા ધર્મોનું જ્ઞાન મેળવવા આવે છે. તેમની સાથે અંગ્રેજીમાં જ વાત

કરવી પડે અને એમના પ્રશ્નોના જવાબ આપવા પડે. એટલે અંગ્રેજીનું એટલું જ્ઞાન તો હોવું જોઈએ કે જેથી તમે વાર્તાલાપ કરી શકો.

જે બુદ્ધિશાળી સાધુ-સાધ્વી છે, જેમનો જ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ સારો છે, તેમને હું ભારપૂર્વક કહું છું કે તમે ભાષાજ્ઞાન પ્રાપ્ત કરો. તો તમે જ્ઞાનના વિશાળ સાગરમાં સહેલ કરી શકશો !

'સ્ટીફન હોકિંગ'નું જીવતું-જાગતું દૃષ્ટાંત તમને આપ્યું છે. ઘણું જ પ્રેરણાદાયી છે. આવાં દૃષ્ટાંતો આપણા પ્રમાદને ખંખેરી નાખવા માટે, આપણી નિરાશાઓને ખંખેરી નાખવા માટે ખૂબ ઉપયોગી બની શકે છે.

આજે ઘણી વાતો કરી છે. એના પર ચિંતન-મનન કરજો !

વાચના તેરમી

ઉપાશ્રયનું વાતાવરણ પ્રસન્નતાભર્યું રાખો

'धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावना ।'

ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ મૈત્રી આદિ ભાવનાઓ છે.

मित्रस्यं मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् ।
मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।

'હે દેવ ! સર્વે જીવો મને મિત્રની દૃષ્ટિથી જુઓ : હું પણ સર્વે જીવોને મિત્રની દૃષ્ટિથી જોઉં.'

-यजुर्वेद

The only way to have a friend is to be one.

મિત્ર મેળવવાનો એકમાત્ર ઉપાય છે જાતે મિત્ર બની જવું !

- એમર્સન

આપણે ત્યાં ડાકૂ વંકચુલની કથા આવે છે. એને એક પ્રતિજ્ઞા હતી કે કોઈના ઉપર પ્રહાર કરતા પહેલાં થોડાં ડગલાં પાછાં હટી જવું ! પછી પ્રહાર કરવો. ડાકૂ હતો એટલે મારામારી કરવાની તો આવે જ. પણ સાધુ મુનિરાજે એને સારી પ્રતિજ્ઞાઓ આપી હતી ! તમે જાણો છો કે એ પ્રતિજ્ઞાના પ્રતાપે જ એની પત્ની અને બહેન બચી ગયાં હતાં. કથા તમે સહુ જાણો છો. મારે તો એ કથાનો મર્મ તમને સમજાવવો છે.

માણસ પ્રહાર ક્યારે કરે ? રોષ આવે ત્યારેને ? એ રોષમાં તમે પાંચ-સાત કદમ પાછા હટી જઈને પછી પ્રહાર કરો, તો ઘણા અનર્થોથી બચી શકાય. આપણે સાધુજીવનમાં કોઈ તલવારના, લાકડીના કે છરાના પ્રહાર નથી કરવાના. આપણા પ્રહારો હોય છે શબ્દોના ! કટુ શબ્દોના, કડવાં વેણના !

તમે ગુસ્સામાં હો ત્યારે સામેની વ્યક્તિને તરત જ જવાબ ન આપો. ભલે તમે ત્રણ મિનિટ ન રોકાઈ શકો પણ અડધી મિનિટ તો રોકાઈ શકો. તમે પ્રયોગ કરી જોજો. ચમત્કારિક પરિણામ આવશે. આપણામાં કષાયો તો પડેલા જ છે. પણ એના પર આ રીતે લગામ રાખી શકાય.

તમને એક સરસ પ્રસંગ કહું છું.

તમે ગ્રીક ફિલૉસૉફર સોક્રેટિસનું નામ તો સાંભળ્યું હશે. એકવાર સોક્રેટિસ એમના શિષ્યો સાથે બેઠા હતા. ત્યારે એક સામુદ્રિક શાસ્ત્રી ત્યાં આવી ચડ્યો. તેણે સોક્રેટિસના ચહેરાનું નિરીક્ષણ કરીને કહ્યું : 'આ માણસ અત્યંત ક્રોધી છે...' એ આગળ બોલે એ પહેલાં સોક્રેટિસના શિષ્યો અને ત્યાં હાજર રહેલા લોકો હસી પડ્યા. સામુદ્રિક શાસ્ત્રી સહેજ ખસિયાણો પડી ગયો. સોક્રેટિસના એક શિષ્યે પૂછ્યું :

'તમે જાણો છો આ વ્યક્તિ કોણ છે ?'

પેલાએ માથું ધુણાવીને ના પાડી.

શિષ્યે કહ્યું : 'આ મહાન તત્ત્વજ્ઞાની સોક્રેટિસ છે !'

સોક્રેટિસનું નામ સાંભળતાં જ પેલો શાસ્ત્રી ઓજપાઈ ગયો પરંતુ તેનો સંકોચ દૂર કરવા સોક્રેટિસે તરત જ કહ્યું :

'એની વાત બિલકુલ સાચી છે. પોતાની વિદ્યાના બળે તેણે મારા ચહેરામાં જે જોયું તે તદ્દન સાચું છે. પરંતુ તેણે ઘોડો જોયો, લગામ જોઈ નથી ! મારામાં માત્ર ક્રોધ જ નહીં, બીજા પણ અનેક દુર્ગુણ રહેલા છે, પરંતુ તે બધા ઉપર મેં લગામ ચઢાવી રાખી છે !'

આ વાત છે ! આપણામાં કષાયો તો છે, ને રહેવાના ! પરંતુ લગામ રાખવાની છે. કષાયોથી આપણી આસપાસનું વાતાવરણ કલુષિત થાય છે. આપણા ઉપાશ્રયનું વાતાવરણ મૈત્રીભર્યું હોય અથવા જો ક્લેશમય હોય, તો એમાં કેટલો બધો ફરક પડે ? આપણા ઉપાશ્રયમાં આવનારા, ઉપાશ્રયની પાસેથી પસાર થનારા આપણા વાતાવરણથી પ્રભાવિત થતા હોય છે. આપણા માટે અભિપ્રાય બાંધતા હોય છે.

એક પ્રૌઢ બહેન કૉલેજમાં પ્રોફેસર હતાં. જૈન હતાં. એમની ઇચ્છા 'જૈન સાધ્વી' પર પીએચ.ડી.નો મહાનિબંધ લખવાની હતી. તેમણે શરૂઆત પણ કરી હતી લખવાની. પ્રાયઃ ઇન્દૌરમાં મને મળ્યાં હતાં. તેમને બે-ચાર સાધ્વીજીને પ્રત્યક્ષ મળીને પ્રશ્નો પૂછવા હતા અને સાધ્વીજીવનનાં ઊંડાણમાં પ્રવેશ કરવો હતો. મેં એમને ત્રણ-ચાર નામ-સરનામાં આપ્યાં.

લગભગ એક મહિના પછી એ બહેન વંદન કરવા આવ્યાં ત્યારે મેં પૂછ્યું - "થીસીસનું કામ કેટલું થયું ?'

તેમણે કહ્યું : 'મહારાજ સાહેબ, મેં લખવાનું બંધ રાખ્યું છે.'

'કેમ ? શું થયું ?'

'ત્રણ-ચાર ઉપાશ્રયમાં ગઈ. ત્યાં પરસ્પર સાધ્વીજીમાં પ્રેમભાવ કે મૈત્રીભાવ જોવા ન મળ્યો! ક્લેશમય વાતાવરણ જોયું... અને મારા પ્રશ્નોના ઉત્તર પણ બરાબર ન મળ્યા... નિંદા નથી કરવી, પરંતુ મને મજા ન આવી. જૈન સાધ્વીની મારી કલ્પનાઓ ખોટી પડી...'

હું મૌન રહ્યો.

મને એ વખતે યાકિનીમહત્તરા યાદ આવ્યાં. પ્રભાતના સમયે તેમના ઉપાશ્રય આગળથી પસાર થતા હરિભદ્ર પુરોહિત દેખાયા ! ઉપાશ્રયમાંથી આવતા સ્વાધ્યાયના સ્પષ્ટ શબ્દો તેઓ સાંભળે છે ! અને પછી ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે. પવિત્ર વાતાવરણથી પ્રભાવિત થાય છે.

જો એ ઉપાશ્રયમાં સાધ્વીઓમાં બોલાચાલી થતી હોત, ઝઘડો ચાલતો હોત તો હરિભદ્ર પુરોહિતને 'चक्कीदुगं'વાળી ગાથા સાંભળવા મળત ? તેઓ ઉપાશ્રયમાં જાત ખરા ? કદાચ જાત, તો પણ ત્યાં ક્લેશનું વાતાવરણ જોઈને પાછા ન નીકળી ગયા હોત ? તો યાકિનીમહત્તરાનો પરિચય ન થાત. તો તેઓ પુરોહિતમાંથી જૈનમુનિ બની શકત ખરા ?

ખૂબ ગંભીરતાથી વિચારવાની આ વાત છે.

પહેલી વાત છે સ્વાધ્યાયની. પ્રભાતે નિત્ય ક્રિયાઓથી પરવારી દરેક સાધ્વીએ મધ્યમ સૂરે સ્વાધ્યાય કરવો જોઈએ. બને ત્યાં સુધી ટેકો લીધા વિના, કે સુખાસને બેસીને સ્વાધ્યાય કરવો જોઈએ. સ્વાધ્યાયનો સમય નક્કી કરીને બેસવાનું પછી એ સમયમાં બીજી વાતો નહીં કરવાની કે એ જગાએથી ઊઠવાનું નહીં ! એક માત્ર અપવાદ બીમાર વ્યક્તિનો. બીમાર સાધ્વીના કારણે ઊઠવું પડે તો ઊઠવાનું.

બીજી વાત : તમે શાનો સ્વાધ્યાય કરો છો ? દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રનો સ્વાધ્યાય કરો છો ખરા ? જ્ઞાનસાર, યોગસાર, પ્રશમરતિ, તત્ત્વાર્થસૂત્ર... વગેરેનો સ્વાધ્યાય કરો છો ? શાન્તસુધારસ અને અધ્યાત્મ કલ્પદ્રુમનો સ્વાધ્યાય કરો છો ?

આવો સ્વાધ્યાય કરવામાં સાધ્વીજીઓ તલ્લીન હોય ત્યાં પછી ઘાંટાઘાંટી અને ઝઘડા હોય ખરા ? દાંડાના ખડખડાટ ને પાત્રાં પછાડવાના અવાજ હોય ખરા ? તમે તમારા ઉપાશ્રયમાં જો શાન્તિનું, ને આરાધનાનું વાતાવરણ નથી રાખતા, ક્લેશમય અને કંકાસમય વાતાવરણ ઊભું કરો છો તો બીજા ભદ્રજીવોની બોધિ દુર્લભ કરો છો. સાથે સાથે તમારી બોધિ પણ દુર્લભ થઈ જાય.

પેલાં પ્રોફેસર બહેનને સાધ્વીજી ઉપર જે બહુમાન હતું તે નષ્ટ થઈ ગયું. પૂજ્યભાવ ચાલ્યો ગયો. એ તો મારી પાસે આવ્યાં હતાં એટલે એમના મનનું સમાધાન કરી દુર્ભાવ દૂર કર્યો. જો એ મારી પાસે આવ્યાં જ ન હોત તો ? આપણી ભાષાસમિતિ અને વચનગુપ્તિનું આપણે ખૂબ સારી રીતે પાલન કરવું જોઈએ.

જીભમાં અમૃત અને ઝેર બંને રહેલાં છે. સાંભળનારના કષાયો શમે, જડની વાસના ઘટે અને નિષ્પાપ જીવનનો પક્ષપાત વધે એવું બોલવું એ જીભનું અમૃત છે. એનાથી વિપરીત કષાયો, વાસનાઓ અને પાપવૃત્તિ વધે એવું બોલવું એ જીભનું ઝેર છે. બીજાં ઝેર એક જન્મનો નાશ કરે છે જ્યારે જીભનું ઝેર સ્વ-પરના અનેક જન્મોનો નાશ કરે છે.

મનની દુષ્ટતાથી બહુધા પોતાને હાનિ થાય છે અને દુષ્ટ વચનથી તો બીજા પણ અનેક આત્માઓને નુકસાન થાય છે. એટલે બોલવાની જવાબદારી સમજીને સાધુ-સાધ્વીએ ભાષાનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ. તે માટે શ્રી દશવૈકાલિક સૂત્રનું સાતમું અધ્યયન મનનપૂર્વક વાંચી જવું જોઈએ.

સત્ય કે વ્યવહાર ભાષા પણ મોક્ષમાં બાધક થાય, કર્મબંધનું કારણ બને, તેમ ન બોલાય. આથી 'નગ્ન સત્ય' નામ આપીને બીજાના દોષો પ્રગટ કરવા બોલવું તે અસત્ય - અહિતકારી છે.

શ્રોતાને સર્વજીવો પ્રત્યે મૈત્રી, ગુણોનો રાગ, દ્રવ્ય-ભાવ દુઃખોથી પીડાના

જીવો પર કરુણા અને અયોગ્ય જીવો પ્રત્યે ઉપેક્ષાભાવનો ગુણ પ્રગટે, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે પૂજ્યભાવ પ્રગટે, પોતાના દોષો પ્રત્યે જુગુપ્સા પ્રગટે, તેવું ગુણકારી વચન બોલવા-સાંભળવાથી લાભ થાય છે. માટે નિશ્ચયથી તેને 'સત્ય ભાષા' કહેવાય છે.

સ્વરૂપે સત્ય હોવા છતાં દુર્ભાવથી બોલાય કે સાંભળનારને કર્મબંધના કારણભૂત રાગ-દ્વેષાદિ વધે, પૂજ્ય ભાવો તરફ અનાદર થાય, વિષય-કષાયો વૃદ્ધિ પામે, વગેરે, જેનાથી અહિત થાય તે બધું જ અસત્ય કહેવાય !

કેટલાક સાધુ કહે છે - 'જવાબ તો જડબાતોડ જ આપવાનો હોય ને ! હું તો કોઈની સાડાબારી ન રાખું ! જડબાતોડ જવાબ આપી દઉં !' આ સાડાબારી એટલે શું ? કોઈની પરવા નહીં રાખવાની ? અરે, આપણે તો સાધુ છીએ ! આપણને આપણા ધર્મશાસનની પરવા તો રાખવાની છે ને ? આપણા ગચ્છ-સમુદાયની પરવા તો રાખવાની છે ને ? આપણે વ્યક્તિગત પરવા ન રાખીએ, કદાચ લોકો આપણને ન ઓળખતા હોય કે આ ફલાણા વિજય છે ! પરંતુ આ જૈન સાધુ-સાધ્વી છે, એટલી ઓળખાણ તો છે ને ? આપણે બોલીએ છીએ ત્યારે જૈન સાધુ બોલે છે, જૈન સાધ્વી બોલે છે...' એટલે જિનશાસનની ઇજ્જત જાળવવાની જવાબદારીમાંથી આપણે છટકી શકીએ એમ નથી. આપણા નિમિત્તે જૈનધર્મ વગોવાય, તે પાપ મોટું છે.

આપણી સહનશીલતા ખૂબ ઘટી ગઈ છે. કોઈનો કઠોર શબ્દ, કડવો શબ્દ, ખોટો શબ્દ સાંભળીને ધીરજ રાખી શકતા નથી. તરત જ એનો જવાબ-પ્રતિભાવ આપી દઈએ છીએ. કષાયને પરવશ થઈ જઈએ છીએ.

પરદેશમાં 'લાઇકરગસ'નામનો એક તત્ત્વચિંતક થઈ ગયો. એના જ્ઞાનથી ને ગુણોથી એ ખૂબ લોકપ્રિય બન્યો હતો. અને લોકપ્રિય મનુષ્યના કોઈ ને કોઈ શત્રુ હોય જ ! ઇર્ષ્યાજન્ય શત્રુતા હોય. એવો એક પુરુષ એક દિવસ રસ્તા પર લાઇકરગસને મળી ગયો ! તેણે લાઇકરગસને ઊભો રાખી ગાળો દેવી શરૂ કરી. લાઇકરગસ મૌનપણે સાંભળતા રહ્યા. પાંચેક મિનિટ પછી

પેલા માણસને શાન્તિથી કહ્યું : 'મારા ભાઈ, તું મારા ઘરે ચાલ. ત્યાં શાન્તિથી બેસીને મને મારી જેટલી ભૂલો બતાવવી હોય તેટલી બતાવજે.'

પેલો માણસ લાઇકરગસના ઘરે આવ્યો. લાઇકરગસે કહ્યું : 'મિત્ર, તું મારા ઘરે આવ્યો છે એટલે મારો મહેમાન થયો. આપણે પહેલાં જમી લઈએ, પછી તું તારી વાત શરૂ કરજે.' બંનેએ ભોજન કર્યું. પેલાની શત્રુતાનો પારો નીચે ઊતરી ગયો ! તેને વિચાર આવ્યો : 'મેં આને ઘણી ગાળો આપી છે. ઘણા ખોટા આરોપ મૂક્યા છે. છતાં આ શાન્ત છે ! જરાય અકળાયો નથી. ઉપરથી મને પ્રેમથી જમાડ્યો... ના, ના, આની સાથે શત્રુતા ન રખાય. આને તો મિત્ર બનાવવો જોઈએ !' તેણે લાઇકરગસ સાથે મૈત્રી બાંધી, રાત પડી ગઈ હતી. લાઇકરગસ ફાનસ લઈને એને મુખ્ય સડક સુધી મૂકી આવ્યા.

શત્રુને મિત્ર બનાવવામાં કળા છે. વિશેષતા છે. મિત્રોને શત્રુ બનાવવા તે તો મૂર્ખાઓનું કામ છે.

અમારે પણ આવો એક પ્રસંગ બની ગયો હતો. એક વયસ્ક યુવકને ખાનગીમાં દીક્ષા આપી દીધી હતી. અમે દીક્ષા આપીને પાલનપુર તરફ ગયેલા. ત્યાં એક ગામમાં એ યુવકના ભાઈઓ રોષથી ધમધમતા આવ્યા. આવતાની સાથે જ જોરજોરથી બોલવા લાગ્યા. 'हमारी इजाजतके बिना आपने कैसे हमारे भाई को दीक्षा दे दी ? साधु बना दिया ? आपने अच्छा नहीं किया !' વગેરે. મેં શાન્તિથી સાંભળી લીધું. પછી હસતાં હસતાં કહ્યું- 'आप के भाई को हमने साधु बनाया है न ? डाकू तो नहीं बनाया न ? वैसे आप लोग इजाजत देनेवाले नहीं थे । और आपका भाई दीक्षा लेने तत्पर था । समजदार है । वैसे तो आप लोग भी समजदार हैं !'

ત્યારે મોટો ભાઈ બોલ્યો : 'हमारी इच्छा तो बड़े ठाठमाठ से दीक्षा देने की थी, उत्सव करना था...!'

મેં કહ્યું : 'आप की भावना अच्छी है, पहले आप भोजन करने पधारो, बाद में बात करते हैं । आप को संतोष हो, वैसा करेंगे ।'

મેં ગામમાં એક સારા ઘરે કહેવરાવીને જમવાની વ્યવસ્થા કરી દીધી હતી. નાના ગામમાં લોકોની આતિથ્યભાવના સારી હોય છે. મહેમાનોને સારી રીતે જમાડ્યા. તમે માણસને પ્રેમથી જમાડો એટલે એનો અડધો રોષ તો ઓછો થઈ જ જાય. જમીને એ ભાઈઓ પાછા ઉપાશ્રયમાં આવ્યા ત્યારે મુખ પર પ્રસન્નતા હતી. હાથ જોડીને પછી બેઠા. મેં એમને કહ્યું-

'आप के भाई महाराज की बड़ी दीक्षा अहमदाबाद में करेंगे । वहां दशापोरवाड सोसायटी में हमारा परिचय है । वहां महोत्सव करेंगे । आपको जितने पैसे खर्च करने हो, उदारता से खर्च करना ।'

બહુ જ રાજી થઈને ગયા.

તમારી નિર્મળ પ્રેમભરી દૃષ્ટિ સામેની વ્યક્તિની દૃષ્ટિ સાથે જોડી દો. એક-બે ક્ષણ માટે જોડી દો. ચમત્કાર જોવા મળશે ! સામેની વ્યક્તિનો રોષ ઓગળી જશે. પરંતુ એ માટે તમારો આંતરિક નિર્ણય હોવો જોઈએ કે મારે શત્રુ સામે શત્રુ નથી બનવું. શત્રુને પણ મિત્ર બનાવવા છે.' 'મારે મારા ઉપાશ્રયનું વાતાવરણ મૈત્રીભર્યું - પ્રેમભર્યું રાખવું છે. પરસ્પરનો એવો સરસ વ્યવહાર હોય કે જોનાર વ્યક્તિ ખુશ થઈ જાય. એને સાધુતા પ્રત્યે અહોભાવ જાગે. ઝઘડવાનું તો સંસારમાં ઘેરઘેર હોય છે. ઉપાશ્રયમાં ઝઘડવાનું ન હોય. ઊંચા સ્વરે બોલવાનું ન હોય. સાચી વાત પણ આવેશમાં આવીને નથી કહેવાની !

સભામાંથી - 'સાહેબ, બોલી જવાય છે આવેશમાં...'

ઉત્તર - આપણે સંયમી કહેવાઈએ ને ? આવેશ પર સંયમ રાખવાનો. લગામ રાખવાની ! કષાયો તોફાની ઘોડા છે ! તેના પર લગામ ન રાખો તો એ ઘોડા તમને જમીન પર પછાડી પગ નીચે કચડી નાખે !

'ઉન્મનીભાવ' તમને ઘણી ઊંચી વાત લાગતી હશે, પણ ભાષાસમિતિ અને વચનગુપ્તિ તો સહેલી છે ને ? મને ગઈકાલે એક મહાત્માએ કહ્યું હતું કે 'ઉન્મની ભાવ તો યોગી પુરુષો જ પ્રાપ્ત કરી શકે !' મેં એમને કહ્યું - 'તમે એવા યોગી કેમ ન બની શકો ? સાધુ માટે યોગીકક્ષા પ્રાપ્ત કરવી અઘરી નથી ! પણ વાસ્તવમાં આપણને 'યોગ'માં રસ જ નથી. આપણને પ્રસિદ્ધિમાં રસ છે ! અને અત્યારે પ્રસિદ્ધિનો એક સરળ માર્ગ છે સારા વક્તા બનો ! સારા પ્રવચનકાર બનો !

યોગમાં તો પહેલો જ મૌનનો મહિમા આવે છે ! તમારે વધુમાં વધુ સમય મૌન રહેવું પડે...

સભામાંથી - 'તો પછી બીજા કહે - બોલતા કેમ નથી ? મોંમાં મગ ભર્યા છે ?'

ઉત્તર - બ્રાહ્મણ સંસ્કૃતિમાં મૌનનો અભ્યાસ કરવા મોંમાં એક પથ્થર રાખવામાં આવે છે. એને 'શાલિગ્રામ' કહે છે ! શાલિગ્રામ મોંમાં હોય એટલે મૌન રહેવાય. આપણે રાખવો હોય તો રાખી શકીએ ! પણ જો તમારું મન મક્કમ હોય તો મૌન રહેવું સરળ છે.

બોલવું જ છે તો બોલતાં શીખો.

* ગુરુ મહારાજ સાથે ક્યારે, કેટલું ને કેવી ભાષામાં બોલવું.
* સહવર્તીઓ સાથે કેવી રીતે કેવી ભાષામાં બોલવું.
* વડીલો સાથે ક્યારે ને કેવી ભાષામાં બોલવું.
* ગૃહસ્થો સાથે કેવી ભાષામાં વાત કરવી.
* નોકરો સાથે કેવી રીતે વાત કરવી...

આ શીખવું જરૂરી છે. 'ભાષાસમિતિ'નું પાલન કરવું જ જોઈએ. આપણી ભાષામાં તીખાશ ન જોઈએ. અવિનય કે ઔદ્ધત્ય ન જોઈએ. તમે

બધા જ્ઞાની છો, જાણકાર છો. કર્મગ્રંથ ભણેલા છો. કેવું બોલવાથી કેવાં કર્મો બંધાય છે, તે તમે જાણો છો. તો પણ આક્રોશ કરવાના ? બીજાનાં દિલ દૂભવવાનાં ? બીજાને જીવવું વ્યર્થ લાગે ત્યાં સુધી દુઃખી કરવાના ? 'ક્યાં દીક્ષા લીધી ? દીક્ષા ન લીધી હોત તો સારું હતું...' આવા વિચારો આવી જાય તો કેવું ચારિત્રમોહનીય કર્મ બંધાઈ જાય ? ચારિત્રધર્મ પર અભાવ થઈ જાય એ બહુ મોટું નુકસાન છે. એનો ભવાંતર બગડી જાય, તેમાં તમે નિમિત્ત બનો તો તમારો પણ ભવાંતર બગડે.

મને ઘણીવાર આ બધી વાતો પર વિચાર આવે સ્વ. પરમ ગુરુદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાનાં વચનો યાદ આવે છે. તેઓ ઘણીવાર કહેતા : 'ભૂલેચૂકે અયોગ્ય વ્યક્તિને દીક્ષા ન આપતા.' તેઓની વાત સાચી હતી. અયોગ્ય, સાધુજીવન માટે અયોગ્ય વ્યક્તિઓ દીક્ષા લઈ લે છે, પણ પછી આ જીવનમાં અયોગ્ય આચરણ કરીને સમુદાયનું વાતાવરણ બગાડે છે.

સાધુ-સાધ્વીની સંખ્યા વધી છે ને વધતી જાય છે, પણ એની ક્વોલિટી ઘટતી જાય છે ! અયોગ્ય દીક્ષાઓ ઘણી થવા લાગી. કોઈ નિયંત્રણ તો રહ્યું નથી ! પરીક્ષણ પણ થતું નથી. એટલે પછી સંયમજીવનની આદર્શ વાતો માત્ર શાસ્ત્રોમાં રહી જાય છે. જીવનમાં એ વાતો આવતી નથી.

જે આત્માઓ વૈરાગી અને ભવભીરુ છે, તેમને તો સંયમજીવનની વાતો ગમે છે, તેમને સ્પર્શે છે ને તેઓ જીવનમાં જીવવા પ્રયત્ન પણ કરે છે. છે તેવા મહાત્માઓ આજના કાળે પણ પણ થોડા છે !

ગઈકાલે, વાચનામાં વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગની વાત સાંભળીને એક મહાત્મા ભાવવિભોર થઈ ગયા હતા. મને મળ્યા હતા અને કહેતા હતા - 'એ વૈજ્ઞાનિકના જીવનની બીજી વાતો પણ જાણવા જેવી હોય તે કહો... ખૂબ જ પ્રેરણાદાયી વાતો છે ! શરીરથી તદ્દન લાચાર મનુષ્ય પણ કેવું અદ્ભુત મનોબળ ધરાવીને જ્ઞાનોપાસના કરે છે ! આનંદથી જીવન જીવે છે !'

ચાલો, તો આજે સ્ટીફનની અધૂરી જીવનકથા પૂરી કરીએ.

સ્ટીફનની ખ્યાતિ ઝડપથી ફેલાવા લાગી હતી. અને એમની સિદ્ધિઓમાં પણ વધારો થતો જતો હતો. માત્ર છત્રીસ વર્ષની ઉંમરે ૧૯૭૮માં ફરી એક ઍવોર્ડ 'આલ્બર્ટ આઇન્સ્ટાઈન' વોશિંગ્ટન ખાતે તેમને એનાયત થયો. પ્રતિષ્ઠામાં ઓર વધારો થયો. ઈ. સ. ૧૯૭૯માં ત્રીજા પુત્રની પ્રાપ્તિ થઈ. આ સમય સ્ટીફન-કુટુંબ માટે સુખદ હતો. આ સમયમાં જ કેમ્બ્રિજ યુનિવર્સિટીએ સ્ટીફનની નિમણૂક પ્રોફેસર ઓફ મેથેમિટિક્સ' તરીકે કરી હતી. એક સમયે આ હોદ્દા પર જગતના મહાન વૈજ્ઞાનિક સર આઇઝેક ન્યૂટન હતા ! એક બીમાર, લાચાર, પરવશ માણસ પોતાના મજબૂત મનોબળથી હિંમતપૂર્વક મૃત્યુ સામે ઝઝૂમતાં ઝઝૂમતાં ક્યાં સુધી પહોંચી ગયો ?

લ્યુકેસિઅન પ્રોફેસર બનવાથી સ્ટીફનની પ્રતિષ્ઠામાં ઘણો વધારો થયો. તેમને અનેક જાહેર કાર્યક્રમોમાં આમંત્રણ મળવા લાગ્યાં. પરંતુ બધા સમારંભમાં હાજર રહેવાનું સ્ટીફન માટે હવે શક્ય ન હતું. ખરેખર તો એ એક અપંગ, લાચાર પુરુષ હતા. છતાં પોતાની એ સ્થિતિ માટે ક્યારેય તેઓ કશી ફરિયાદ કરતા ન હતા.

એકવાર જ્યારે તેમના દર્દ વિષે કોઈએ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે પોતાની શારીરિક સ્થિતિના કારણે પોતાનાં બાળકો સાથે એ રમી શકતા નહોતા એ સૌથી દુઃખદ બાબત હતી. સ્ટીફન કહેતા - 'વ્યક્તિએ સમજદાર થવું જોઈએ. જિંદગીમાં માત્ર સુખ જ નથી મળતું. તમે જે સ્થિતિમાં હો એ સ્થિતિમાં વધારે ઉત્તમ હોય તે કરવું જોઈએ.'

જગતની સૌથી વધારે પ્રતિષ્ઠિત ચાર યુનિવર્સિટીએ 'ઓનરરી ડૉક્ટર ઓફ સાયન્સ'ની પદવી આપી. પરંતુ માન, અકરામ ને કીર્તિ વધવાથી બધા પ્રશ્નોનો અંત આવી જતો નથી. પ્રતિષ્ઠા વધવા સાથે ખર્ચા પણ વધ્યા, અને એ પ્રશ્ન સતાવવા લાગ્યો. મોટા ખર્ચા ગમે ત્યારે આવી શકે એમ હતા. ભવિષ્યની પણ ઘણી ચિંતાઓ હતી. ઘણા વખતથી મનમાં ઘોળાતા એક

વિચારનો અમલ કરવાનો તેમણે નિર્ણય કર્યો. વિજ્ઞાનનું લોકપ્રિય થાય તેવું પુસ્તક લખવાનું તેમણે નક્કી કર્યું. પ્રકાશકો સાથે એ બાબતમાં વાતચીત શરૂ કરી. બેન્ટમ પબ્લિશર્સ-ન્યૂયોર્કે એવું પુસ્તક લખવા ૨,૫૦,૦૦૦ ડૉલર્સ એટલે કે રૂપિયા એક કરોડ જેવી માતબર રકમ એમને ઍડ્વાન્સમાં આપી ! પુસ્તકનું નામ- 'બીગ બેન્ગ ટુ બ્લેક હોલ્સ'.

કટોકટી આવે ત્યારે માણસ સ્વસ્થતા ગુમાવી દે છે અને નિષ્ફળતા માટે નશીબને કે બીજાઓને દોષ દે છે. પરંતુ સ્ટીફને તેમના જીવનમાં નિરાશાની જગાએ ઉત્સાહ, ઉમંગ અને આનંદને ભરી દીધાં હતાં. શરીર લકવાગ્રસ્ત હતું અને જીવલેણ બીમારી ધીમે ધીમે આગળ વધતી જતી હતી. પરંતુ એવી સ્થિતિમાં પણ એમણે સંશોધનકાર્ય કરવાનું તો ચાલુ જ રાખ્યું હતું. ઉપરાંત વિશ્વના અનેક દેશોમાં પ્રવાસ કરીને ભાષણો પણ આપતા હતા. એવી સ્થિતિમાં પણ તેઓ પોતાની વ્હીલચેરમાં ચીનની પ્રખ્યાત દીવાલ ઉપર ગયા હતા ! કેવું મનોબળ એમનું !

ન્યૂક્લીઅર સંશોધન અંગે ભાષણો આપવા તેઓ જિનિવા ગયા, પણ ત્યાં સતત દોડધામ અને સખત પરિશ્રમના કારણે એમની તબિયત એકાએક ખરાબ થઈ ગઈ. શ્વાસનળીમાં સોજો આવી ગયો. તેમનો ચહેરો એકદમ કાળો પડી ગયો. તાત્કાલિક તેમને હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા.

એ હોસ્પિટલમાં ડ્યૂટી પર જે ડૉક્ટર હતા તેમણે T.V. ઉપર સ્ટીફનને જોયેલા હતા. સ્ટીફનના દર્દ વિષે જાણતા હતા. તેઓ સ્ટીફનના ચાહક હતા. સ્ટીફનને ઇન્ટેસીવ કેર યુનિટમાં રાખીને તેમણે સમયસર સારવાર કરી અને દર્દને વધતું અટકાવી દીધું. જિંદગી બચાવવા સ્ટીફનની શ્વાસનળીનું ઓપરેશન કરવું ખૂબ જરૂરી હતું. નહીંતર તેમને બચવાની આશા નહિવત્ હતી. પરંતુ જો એ ઓપરેશન થાય તો સ્ટીફને પોતાનો અવાજ હંમેશ માટે ગુમાવી દેવાનો હતો. પરંતુ જીવન બચાવવા અવાજ ગુમવવાનો દુઃખદ નિર્ણય લેવો પડ્યો. ઑપરેશન સફળ થયું. મૃત્યુના મુખમાંથી ઘેર પાછા

આવ્યા. તેમનો અવાજ હંમેશ માટે ચાલ્યો ગયો હતો, પરંતુ તે છતાં સ્ટીફન નિરાશાથી ભાંગી પડ્યા નહીં. કેલિફોર્નિયાના એક કોમ્પ્યુટર નિષ્ણાત એમની મદદે આવ્યા. કૉમ્પ્યુટરની મદદથી વાત કરી શકાય એવું 'ટૉક સિન્થેસાઇઝર' તેમણે સ્ટીફન માટે તૈયાર કરી આપ્યું. વાક્યરચના માટે લગભગ ત્રણ હજાર શબ્દોનો ઉપયોગ થઈ શકે તેવું એ યંત્ર હતું, આ સાધન સ્ટીફનને ખૂબ અનુકૂળ આવી ગયું.

આવી તદ્દન અપંગ સ્થિતિમાં અસાધારણ મનોબળથી સ્ટીફને બેન્ટમ પબ્લિશર્સને આપવાના પોતાના પુસ્તકની હસ્તપ્રત પર કામ કરવાનું શરૂ કરી દીધું ! ૧૯૮૮માં 'એ બ્રીફ હિસ્ટરી ઓફ ટાઇમ' પુસ્તક બજારમાં આવ્યું અને માત્ર ત્રણ જ મહિનાના ટૂંકા ગાળામાં આ પુસ્તક 'બેસ્ટ સેલર'ના લિસ્ટમાં આવી ગયું !

સ્ટીફનને પોતાના દેશ ઇંગ્લેંડનું સર્વોચ્ચ માન મળ્યું. એ વખતે તેમની ઉંમર માત્ર ૪૬ વર્ષની હતી. ઇંગ્લેંડનાં મહારાણીએ 'કમ્પેનીયન ઓફ ઓનર'નો ખિતાબ આપ્યો. પ્રિન્સ ફિલીપે યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે ખાસ સન્માન કર્યું. સ્ટીફનની જીવનકથા જાણનારા સૌ કોઈની આંખોમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. લોકો તેમની હિંમતને સલામ કરતા.

૧૯૯૦માં 'એ બ્રીફ હિસ્ટરી ઓફ ટાઇમ' પુસ્તક પરથી ફિલ્મ તૈયાર થઈ. આ ફિલ્મમાં સ્ટીફનની ઑફિસની નાનામાં નાની બાબતને સમાવી લેવામાં આવી છે. અપંગ સ્ટીફન જે આત્મવિશ્વાસથી પ્રથમ મીટિંગમાં રજૂ થયા, એ જોઈને બધા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા.

પરંતુ ૧૯૯૦ની વસંતઋતુમાં વિચારી ન શકાય એવો એક બનાવ બની ગયો. સ્ટીફન અને જેમ ૨૫ વર્ષના સહજીવન પછી અલગ થઈ ગયાં. આ બનાવ લોકો માટે ખૂબ આઘાતજનક હતો. સ્ટીફનની કારકિર્દી જેમ જેમ નવાં શિખરો સર કરતી ગઈ તેમ તેમ જેન (પત્ની) વધુ ને વધુ એકલતા અનુભવવા લાગી હતી.

સ્ટીફન અને જેન પ્રસંગોપાત્ત મળે છે. સ્ટીફન કોઈ સંત, મહાત્મા કે સુપર હ્યુમન હોવાનો દાવો નથી કરતા. તેઓએ દૃઢ મનોબળથી કામ કરતા રહીને, રોગની યોગ્ય સારવાર લઈને, એક સામાન્ય માણસ જિંદગીમાં કેટલાં મહાન કામ કરી શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મન દૃઢ કરીને, સંકલ્પ કરીને તમે કાર્યનો પ્રારંભ કરો. તમને સફળતા મળશે જ, તમે જ્યાં જે સ્થાનમાં રહો, મૈત્રીભાવની પવિત્ર સુવાસ ફેલાવતા રહો. મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્ય - આ ચાર ભાવનાઓ તો ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે ! એટલે આ ભાવનાઓની ઉપેક્ષા ન કરો. જીવનમાં સ્થાન આપો. તમે આનંદ પામશો, સાથે સાથે સહવર્તીઓને પણ આનંદ આપનારા બનશો. આજે બસ, આટલું જ-

વાચના ચૌદમી

ચરમાવર્ત કાળમાં આવ્યા છીએ ?

दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्य सेवनं चैव सर्वत्रैवाविशेषतः ॥

- योगदृष्टि समुच्चय

ચરમાવર્તકાળમાં આવેલા જીવો

દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયાવાળા હોય.

ગુણવાનો પ્રત્યે દ્વેષ વિનાના હોય.

જીવનનાં દરેક ક્ષેત્રોમાં ઉચિત કર્તવ્યોનું પાલન કરનારા હોય.

આત્માની વિકાસયાત્રામાં જે પાંચ કારણો બતાવવામાં આવ્યાં છે, તેમાં 'કાળ'નું સ્થાન છે. કાળને અનુલક્ષીને જ્ઞાનીપુરુષોએ ઘણી મહત્ત્વની વાતો બતાવી છે. એમ કહેવાયું છે કે કાળ-પરિપાક ન થાય ત્યાં સુધી મોક્ષે ન જવાય ! કાળપરિપાક ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાન ન થાય ! કાળ ના પાકે ત્યાં સુધી અધ્યાત્મનો પ્રેમ ન જાગે !

એ મહત્ત્વપૂર્ણ કાળનું નામ છે 'ચરમાવર્ત કાળ' જીવાત્મા આ ચરમાવર્ત કાળમાં આવે એટલે એની ગુણાત્મક વિકાસયાત્રા શરૂ થાય. મુક્તિ તરફનું પ્રયાણ શરૂ થાય.

પ્રશ્ન : જીવાત્મા ચરમાવર્ત કાળમાં આવ્યો છે, એની ખબર કેવી રીતે પડે ?

ઉત્તર : ગુણોના માધ્યમથી ખબર પડે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથમાં એવા ત્રણ ગુણો બતાવવામાં આવ્યા છે. એ ત્રણ ગુણો જીવમાં પ્રગટ થાય તો સમજવાનું કે એ ચરમાવર્ત કાળમાં આવી ગયો છે.

૧. દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા

૨. ગુણવાનો પ્રત્યે અદ્વેષ

૩. સર્વત્ર ઔચિત્યનું પાલન

તમારા મનમાં જિજ્ઞાસા પ્રગટે કે 'આપણો જીવ ચરમાવર્ત કાળમાં આવ્યો છે કે કેમ ?' તો આ ગુણો તપાસવાના ! જો કે આપણે તો સાધુ-સાધ્વી છીએ એટલે સમકિતદૃષ્ટિ. ને છીએ જ ને ? અને સમકિતદૃષ્ટિ જીવ તો અર્ધપુદ્ગલ પરાવર્તની અંદર આવી ગયો હોય છે ! ત્યાં પણ ગુણાત્મક ભૂમિકાએ આત્માનું નિરીક્ષણ કરવાનું છે કે મારો આત્મા ખરેખર સમ્યગ્દર્શન પામ્યો છે ?' ત્યાં પાંચ લક્ષણો જોવાનાં છે - ૧. શમ, ૨. સંવેગ, ૩. નિર્વેદ,

૪. અનુકંપા અને ૫. આસ્તિક્ય. પણ આજે મારે આ પાંચ લક્ષણોની વાત નથી કરવી, પરંતુ પેલા ત્રણ ગુણોની વાત કરવી છે. એમાં પહેલી વાત છે દુઃખી જનો પ્રત્યે અત્યંત દયા !

બીજા દુઃખી જીવોનાં દુઃખ જોઈને તમારું હૃદય દ્રવી જાય છે ? એનું દુઃખ દૂર કરવાની ઇચ્છા જાગે છે ખરી ? જો ક્રૂરતા ધોવાઈ ગઈ હશે અને કોમળતા હૃદયમાં ખીલી ગઈ હશે તો તમે બીજા જીવોનાં દુઃખ દૂર કરવાના પ્રયત્ન કરવાના જ. સામેના દુઃખી જીવોનાં દુઃખ દૂર થાય કે ન થાય, એ એમનાં કર્મો પર નિર્ભર કરે છે, પણ તમારા હૃદયમાં તો દયાનો સાગર ઘૂઘવતો રહેવાનો ! તમારું સુખ જતું કરીને પણ તમે બીજાનાં દુઃખ દૂર કરવા પ્રયત્નશીલ બનવાના.

બીજી વાત છે ગુણવાનો પ્રત્યે અદ્વેષ. તમારા મનમાં ગુણવાન આત્માઓ પ્રત્યે દ્વેષભાવ ન જાગવો જોઈએ. પરંતુ એ માટે સર્વ પ્રથમ 'ગુણવાન કોણ ?' એનો નિર્ણય તમારા મનમાં હોવો જોઈએ. સ્પષ્ટ નિર્ણય હોવો જોઈએ !

તીર્થંકર પરમાત્મા જે તીર્થને 'નમો તિત્થસ્સ' નમસ્કાર કરીને દેશના આપવા સિંહાસન પર બેસે છે, એ 'તીર્થ' એટલે ચતુર્વિધ સંઘ ! સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચારેને આપણે ગુણવાન માનવાના ને ? તીર્થંકર જેમને નમસ્કાર કરે તે ગુણવાન જ હોય ને ? અર્થાત્ એમને ગુણદૃષ્ટિથી જોવાના ! એમના દોષ નહીં જોવાના. દોષ જોવાથી દ્વેષ થાય.

'અદ્વેષ' એટલે દ્વેષનો અભાવ. એટલે દ્વેષના પર્યાયો ઓળખી લેવા જોઈએ. 'પ્રશમરતિ' ગ્રંથમાં દ્વેષના નવ પર્યાયો બતાવાયા છે.

इर्ष्या रोषो दोषो, द्वेषः परिवादमत्सरासूयाः ।

वैरप्रचण्डनाद्या नैके द्वेषस्य पर्यायाः ।। १९ ।।

'૧. ઇર્ષ્યા, ૨. રોષ, ૩. દોષ, ૪. દ્વેષ, ૫. પરિવાદ ૬. મત્સર,

૭. અસૂયા, ૮. વેર અને ૯. પ્રચંડન વગેરે. બીજા પણ ઘણા દ્વેષના પર્યાયો છે.' સંક્ષેપમાં તમને આ પર્યાયવાચી શબ્દોનો પરિચય કરાવી દઉં !

પહેલી છે ઇર્ષ્યા. તમે જ્યારે બીજા માણસનો વૈભવ, સંપત્તિ, યશ આદિ પુણ્યોદય જુઓ છો ત્યારે તમને કેવો વિચાર આવે છે ? તમે રાજી થાઓ છો કે નારાજ ? શું તમને એમ થાય છે કે 'આની પાસે આટલો બધો વૈભવ ? આનો વૈભવ જતો રહે તો સારું... મારી પાસે જ વૈભવ હોવો જોઈએ...' પછી તમે એના પ્રત્યે દ્વેષભાવ રાખો તે ઇર્ષ્યા છે.

બીજો પર્યાય છે રોષ. રોષ એટલે ક્રોધ. ક્રોધ આવવાનાં ઘણાં નિમિત્તો હોય છે. શ્રીમંતાઈનું અભિમાન હશે તો ગરીબ પ્રત્યે ક્રોધ કરશે ! સત્તાનું અભિમાન હશે તો સામાન્ય માણસ ઉપર ક્રોધ રૂપનો અભિમાની કુરૂપ પ્રત્યે ક્રોધ કરશે ! એવી રીતે પોતાની ઇચ્છા મુજબ કામ નથી થતું તો પણ ક્રોધ આવે છે. અપ્રિય બોલનાર ઉપર ક્રોધ આવે છે ! આવાં અનેક નિમિત્તોથી ક્રોધ-રોષ આવતો હોય છે.

ત્રીજો પર્યાય છે દોષ. બીજાનો દોષ જોવા, એ પણ દ્વેષ જ છે ! દોષદર્શનને તો 'ક્રૂરતા' કહેવામાં આવી છે. તમે બીજા જીવોના દોષ જુઓ એટલે દ્વેષ થવાનો જ.

ચોથો પર્યાય છે દ્વેષ. દ્વેષ એટલે અપ્રીતિ, અણગમો. ભલે બહાર ન દેખાય ! હૃદયમાં દ્વેષ હોય, અપ્રીતિ હોય.

પાંચમો પર્યાય છે પરિવાદ. બીજાના દોષો બોલવા ! બીજાના દોષો પ્રકાશિત કરે. ભલે મીઠી ભાષામાં કરે કે કડવી ભાષામાં કરે ! ખાનગીમાં કરે કે જાહેરમાં કરે. એ દ્વેષ જ કહેવાય. આ પરિવાદનો રસિક જીવ માનવા પણ તૈયાર નથી હોતો કે 'હું આ દ્વેષ કરી રહ્યો છું.'

છઠ્ઠો પર્યાય છે મત્સર. મત્સરવાળો માણસ બીજાનું સારું જોઈ જ ન શકે. ભીતરમાં બળ્યા જ કરે. પછી પોતાની જાત ઉપર જ ધિક્કાર વરસાવે. પોતે જ પોતાનો તિરસ્કાર કરે.

સાતમો પર્યાય છે અસૂયા. દ્વેષનું આ એવું રૂપ છે કે એ કોઈને ક્ષમા જ ન આપવા દે. અસૂયાવાળો જીવ ક્ષમાધર્મનું પાલન ન કરી શકે. એને ક્ષમા ગમે જ નહી.

આઠમો પર્યાય છે વૈર, આ વૈરની વૃત્તિ જન્મે છે પરસ્પરના કલહમાંથી. વૈરની ગાંઠ કેન્સરની ગાંઠ કરતાંય વધુ ખતરનાક છે.

નવમો પર્યાય છે પ્રચંડન. પ્રકૃષ્ટ કોપ એટલે પ્રચંડન. શાન્ત થઈ ગયેલા કોપાગ્નિને પ્રજ્વલિત કરે.

ગુણવાન આત્માઓ પ્રત્યે 'અદ્વેષ'ની વાત આજે મારે વિસ્તારથી કરવી છે. ભલે એ પહેલા ગુણસ્થાનકની વાત હોય, છઠ્ઠા ગુણસ્થાનકે પણ એટલી જ જરૂરી છે. સર્વપ્રથમ તો એ વાત નક્કી કરો કે–

* સાધુઓ ગુણવાન છે.
* સાધ્વીજી ગુણવાન છે.
* શ્રાવકો ગુણવાન છે.
* શ્રાવિકાઓ ગુણવાન છે.

આ ચતુર્વિધ સંઘ છે. એના પ્રત્યે (ચારમાંથી કોઈનાય પ્રત્યે)

* આપણને ઇર્ષ્યા નથી થતી ને ?
* આપણને ક્રોધ-ગુસ્સો નથી આવતો ને ?
* એમના દોષ જોતા નથી ને ?
* દોષો જાહેર કરતા નથી ને ?
* કોઈની ઉન્નતિ - ઉત્કર્ષ જોઈને બળતા નથી ને ?
* વૈરની ગાંઠ બાંધતા નથી ને ?

સાધુ-સાધ્વી ને શ્રાવક-શ્રાવિકા જિનશાસન છે ! જિનશાસનના અવિભાજ્ય

અંગ છે. આ ચારા વિના પ્રભુનો સંઘ ન હોઈ શકે. ચારમાંથી એકેયનું મૂલ્ય ઓછું આંકવાનું નથી. એ ચારેયને ગુણોના માધ્યમથી જોવાના છે.

આચાર્યને ૩૬ ગુણોના માધ્યમથી જોવાના છે.

ઉપાધ્યાયને ૨૫ ગુણોના માધ્યમથી જોવાના છે.

સાધુ-સાધ્વીને ૨૭ ગુણોના માધ્યમથી જોવાનાં છે.

શ્રાવક-શ્રાવિકાને તેમના શ્રદ્ધા-ગુણના માધ્યમથી જોવાનાં છે.

એક વાત યાદ રાખો. દરેક જીવાત્મામાં ગુણો તો હોય જ છે. નિગોદમાં રહેલા જીવોમાં પણ આઠ રૂચક પ્રદેશો (આત્માનો શુદ્ધ પ્રદેશ) ખુલ્લા હોય છે. એટલે ત્યાં પણ શુદ્ધ આત્મસ્વરૂપને જોઈ શકાય છે. એ જોવા માટે આપણી પાસે ગુણદૃષ્ટિ જોઈએ, જ્ઞાનદૃષ્ટિ જોઈએ. જ્યાં ચૈતન્ય હોય ત્યાં ગુણો હોય જ ! यत्र यत्र चैतन्यं तत्र तत्र गुणाः ।

જો આપણે ચૈતન્યના પ્રેમી બનીએ તો ગુણદર્શન સહજ બનશે. દોષદર્શનથી દ્વેષ થાય છે ! 'અદ્વેષ'નો ગુણ ત્યારે સ્થિર બને કે જ્યારે ચૈતન્યમાં દોષદર્શન ન થાય. જો કે અભ્યાસથી આ સ્થિતિ બને. અલબત્, કષાય-મોહનીય કર્મના ઉદયથી કષાયો પેદા થવાના. એ કષાયો દ્વેષ પેદા કરવાના. પરંતુ એ દ્વેષ ટકવો ન જોઈએ. આપણો દ્વેષ તો તણખલાના અગ્નિ જેવો હોય. પ્રગટે ને તરત ઓલવાઈ જાય ! દોષ દેખાઈ જાય, પણ તરત ભુલાઈ જાય ! દોષ બોલાઈ જાય, પણ તરત 'મિચ્છામિ દુક્કડં' બોલી જવાય ! વૈરની ગાંઠ તો ક્યારેય બંધાય જ નહીં.

આપણે ત્યાં તો અન્ય દર્શનોમાં પણ ગુણદર્શન કરવાનું કહેવામાં આવ્યું છે.

'થોડલો પણ ગુણ પર તણો, તેહ અનુમોદવા લાગે રે...'

અમૃતવેલની સજ્ઝાયમાં ઉપાધ્યાયજી મહારાજે કહેલી આ વાત છે !

થોડો-નાનો પણ ગુણ જોઈને રાજી થવાનું છે. તો પછી ઇર્ષ્યા અને નિંદાની તો વાત જ ક્યાં રહે છે ? તમે સાધુ છો, બીજા કોઈ સાધુઓની ઇર્ષ્યા નહીં કરો ને ? નિંદા નહીં કરોને ? સાધુ-સાધ્વી ગુણવાન કહેવાય. ગુણવાનો પ્રત્યે 'અદ્વેષ' રાખવાનો છે ! આ વાત તો, આમ તો પહેલા ગુણસ્થાનકની છે. આપણે તો છઠ્ઠા ગુણસ્થાનક પર છીએ ! આપણે તો અદ્વેષી જ બન્યા રહેવાનું છે.

ઇર્ષ્યા અને નિંદા - આ બે ભયંકર રોગ આપણામાં પ્રવેશી ગયા છે. આપણા ભાવપ્રાણોને કોરી ખાય છે. આપણી જ્ઞાન-ધ્યાનની અને તપ-ત્યાગની આરાધના એળે જાય છે. ઇર્ષ્યાપ્રેરિત નિંદા કરવાના કેટલાક આવા પ્રકારો હોય છે -

'જે આવે છે તેને મુંડે છે. શિષ્યો વધારવાનો મોહ છે. સાચવી તો શકતા નથી. એમના આટલા આટલા શિષ્યો ગુરુથી છૂટા પડ્યા... એમના તો ફલાણા શિષ્યો પ્રિય છે... પક્ષપાતી છે....'

'થોડા શ્રીમંત ભક્તો છે... તેમાં કેવું અભિમાન આવી ગયું છે ? એમના ભક્તો સાથે વાતો કરતા હોય ત્યારે આપણે વંદન કરીએ તો સામે પણ નથી જોતા... 'મત્થએણ વંદામિ' પણ નથી બોલતા...'

'એ પોતાને મોટા બુદ્ધિશાળી માને છે. વાતવાતમાં એમના ગુરુ મહારાજનેય ઉતારી પાડે છે. બીજા સાધુઓને તો મૂર્ખા જ માને છે...'

'એને પોતાની આવડતનું ખૂબ અભિમાન છે. લોકો એમની પ્રશંસા કરે છે. એટલે એ એમ જ માને છે કે એ એકલા જ હોશિયાર છે. કલાકાર છે...!'

'જરા વ્યાખ્યાન આપતાં આવડી ગયું, એમાં તો કેટલું અભિમાન ? જાણે એ જ વ્યાખ્યાન વાચસ્પતિ ! જોકે વ્યાખ્યાનમાં ખાસ દમ નથી...'

'પેલા મહારાજ થોડું ન્યાય-વ્યાકરણ ભણ્યા છે...ને સંસ્કૃતમાં બોલી શકે છે... એટલે જમીનથી અધ્ધર ચાલે છે...!

આ તો અમારા સાધુઓમાં કેવા પ્રકારની પરનિંદા થતી હોય છે એનાં સેમ્પલ બતાવ્યાં ! સાધ્વીજીમાં બીજા પ્રકારે નિંદાઓ થતી હશે. થાય છે. મને ઘણીવાર મનમાં ગ્લાનિ થઈ આવે છે કે આપણાં સાધુ-સાધ્વી આવી ઇર્ષ્યા, નિંદા ન કરે તો જીવી ન શકે ? જીવન નકામું જાય ? નિંદા કરીને, ઇર્ષ્યા કરીને તમે શું મેળવવા માગો છો ? દરેકનું ભાગ્ય દરેકની પાસે હોય છે. તમને તમારા પોતાના ભાગ્ય પર ભરોંસો જોઈએ, તમને તમારા ભાગ્ય મુજબ સુખનાં સાધનો મળવાનાં છે.

પરંતુ સાધુ-સાધ્વીએ તો સુખનાં સાધનોની અપેક્ષા જ નથી રાખવાની ! એ તો એનો ત્યાગ કરનારાં હોય છે. મેં એવું સાંભળ્યું હતું કે આપણા સ્વ. પરમ ગુરુદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા શિષ્યો બનાવવા રાજી ન હતા ! તેઓ દીક્ષાની પ્રેરણા આપતા, પણ પોતાના શિષ્યો નહોતા બનાવતા ! મેં એમને હંમેશાં આડંબરથી રહિત જોયા છે ! ભક્તોની આળપંપાળ કરતા ક્યારેય જોયા નથી ! એમના મુખે ક્યારેય કોઈ આચાર્ય માટે કે મુનિ માટે ઘસાતું સાંભળ્યું નથી ! હા, ઘણીવાર ઘણા સાધુપુરુષોનાં ગુણાનુવાદ સાંભળતા હતા.

જેવી રીતે સાધુ-સાધ્વી પ્રત્યે અદ્વેષભાવ રાખવાનો છે, તેવી રીતે શ્રાવક-શ્રાવિકા પ્રત્યે પણ અદ્વેષભાવ રાખવાનો છે. એમના પ્રત્યે દ્વેષ નથી કરવાનો, કારણ કે એ ગુણવાન છે – પ્રભુશાસનના આધારસ્તંભ છે. આપણાં માતા-પિતા જૈન હતાં, ગુણવાન હતાં, તો આપણે સાધુ-સાધ્વી બની શક્યાં; તો આપણને જન્મથી નવકારમંત્ર મળ્યો; તો આપણને સારા સંસ્કાર મળ્યા.

શ્રાવક-શ્રાવિકાઓની તો બલિહારી છે ! તેઓ આપણા જીવનની સંપૂર્ણ જવાબદારી નિભાવી રહ્યાં છે. રોટી, કપડાં અને મકાન તેઓ પૂરાં પાડે છે.

બીમારીમાં સેવા તેઓ કરે છે. સંકટમાં સહાય તેઓ કરે છે. સાધુ-સાધ્વીના આધાર છે તેઓ એટલે, ભલે તેઓમાં દોષો હોય કે ધર્મક્રિયાઓ ન કરતા હોય, છતાં તેઓ નિંદનીય નથી. તેમની નિંદા ન કરાય. તેમનો તિરસ્કાર કે અનાદર ન કરાય, અને થઈ જાય તિરસ્કાર કે અનાદર, તો 'મિચ્છામિ દુક્કડં' આપવાનું,

સૌરાષ્ટ્રના એક નાના ગામમાં અમે ગયેલા. ૫૦ લગભગ સાધુ હતા. એ ગામમાં શ્રાવકનું એક જ ઘર હતું. શ્રીમંત ન હતા શ્રાવક. મધ્યમ સ્થિતિના હશે, પણ એમણે ખૂબ જ ભક્તિભાવથી ગોચરી-પાણીની સેવા કરી હતી. જોકે અમે જૈનેતર ઘરોમાં ગૌચરી માટે ગયેલા, પણ પેલા શ્રાવક ભાઈએ અમને કહેલું - "ભલે આપ જૈનેતરોનાં ઘરોમાં પધારો... પરંતુ મને તો સંપૂર્ણ લાભ મળવો જ જોઈએ !' ૫૦ ઘડાથી વધારે પાણી તેમણે વહોરાવ્યું હશે. ગોચરીમાં તો સાધુઓમાં પાત્રાં ભરી જ દીધાં હતાં.

આપણે ગમે ત્યાં જઈએ, જૈનનું એક ઘર હોય એટલે આપણને કેટલી નિરાંત રહે છે ! આપણને લાગે છે કે 'આપણી ખબર-અંતર રાખનાર કોઈ છે અહીં !'

કચ્છના એક ગામમાં અમે ગયેલા. જૈનોનાં બે જ ઘર હતાં. અને બે ઘરમાં બે-બે ડોસા-ડોસી જ હતાં ! પરંતુ અમને પ્રેમથી, આદરથી ગોચરી-પાણી વહોરાવેલાં ! તમે કયા ગચ્છના છો કે કયા સમુદાયના છો, એ પણ પૂછ્યું ન હતું ! તેઓ બીજા ગચ્છના હતા, પરંતુ સાધુસેવામાં ગચ્છભેદ ન આવવો જોઈએ કે સમુદાયભેદ પણ ન આવવો જોઈએ ! ત્યાં એમના ગચ્છની કે એમના ગચ્છનાં સાધુ-સાધ્વીની નિંદા ન કરાય. ઘસાતું પણ ન બોલાય. ઉપરથી, તેમની સાધુસેવા વગેરે ગુણોની ઉપબૃહણા કરવી જોઈએ. ત્યાં સુગુરુની કુગુરુની વ્યાખ્યા કરવા ન બેસાય.

બપોરના સમયે એ બે ઘરનાં ચાર ડોસા-ડોસી અમારી પાસે આવ્યાં ને વિનંતી કરી : 'મહારાજ સાહેબ, અમને ધર્મનો ઉપદેશ આપશો ?' મને

ખૂબ આનંદ થયો. એ ચારેને સામાયિક કરાવીને, પોણો કલાક ધર્મોપદેશ આપ્યો ! એ ચારે ખૂબ ખુશ થયાં.

વ્યાખ્યાનોમાં પણ શ્રાવક-શ્રાવિકાઓને ઉતારી ના પાડો. એમની ભૂલો, એમના દોષો પ્રેમથી બતાવો. એ દોષોથી છૂટવાના શક્ય એવા ઉપાયો બતાવો. પણ ભાષાસમિતિનું પાલન કરવાનું ! શ્રાવક-શ્રાવિકા 'ગુણવાન' છે. તેમના પ્રત્યે અદ્વેષનો ભાવ કાયમ રાખવાનો છે. આ વાત ન ભૂલશો.

આપણે બે-ચાર સાધુ કે સાધ્વી ભેગાં થઈએ ત્યારે શું કોઈ તત્ત્વચર્ચા ન કરી શકીએ ? પરનિંદા જ કરવાની ?

સભામાંથી - રીલેક્સ થવા પરનિંદા કરતાં હશે ને ?

ઉત્તર : એવાં તે કેવાં ટેન્શનવાળાં કામ કરવાનાં હોય છે કે તમારે રીલેક્સ થવું પડે ? અને માનો કે રીલેક્સ થવું છે તો તે માટે પરનિંદા કરવી જરૂરી છે ? આખો દિવસ ભણી ભણીને કે બીમારની સેવા કરી કરીને થાકી ગયાં હો ત્યારે થાક ઉતારતાં તમે-

* શ્રી નવકાર મંત્રનો જાપ કરી શકો.
* કોઈ પ્રિય વિષયનું ગમતું પુસ્તક વાંચી શકો.
* કોઈ તત્ત્વચર્ચા ચાલતી હોય, તે સાંભળી શકો.
* સહવર્તી કોઈ ગ્લાન સાધુ હોય તો તેને સ્તવન-સજ્ઝાય સંભળાવી શકો.

પરંતુ આ બધાં પવિત્ર કાર્યોમાં રસ નથી. નિંદા, પરનિંદાનો રસ કેરીના રસ કરતાંય વધારે મધુર લાગે છે. બે જણા એકબીજાના કાનમાં વાત કરતા હોય કે ત્રીજાને કુતૂહલ થાય છે. જઈને પૂછે છે : હેં ? શું વાત છે ?' બીજાઓની ગુપ્ત વાતો, રહસ્યભૂત વાતો જાણવાની વૃત્તિ ઘણી પ્રબળ હોય છે ! કોઈની ભૂલ, કોઈના દોષ જાણવાની અને જણાવવાની વૃત્તિ-પ્રવૃત્તિ પાપ છે, આ વાત વિચારો છો ? કોઈ માણસના રહસ્યનું ઉદ્ઘાટન

કરવું, એ ગૃહસ્થ માટે અતિચાર છે, તો શું સાધુ માટે નથી ? સાધુ બીજાના દોષો જાહેર કરી શકે ? એને એ કરવામાં પાપ ન લાગે ? ભલે તમે બીજાના દોષ, ભૂલો જાણતા હો, છતાં તમારાથી બોલાય નહીં. આવી આડીઅવળી વાતો કરવાનું બંધ કરવું જોઈએ. મોક્ષમાર્ગ સાથે આવી વાતો શોભતી નથી. એટલે જેવી રીતે દ્રવ્યત્યાગ, વિગયત્યાગ વગેરેના અભિગ્રહ લઈએ છીએ, તેમ નિંદા નહીં કરવાનો પણ અભિગ્રહ લેવો જોઈએ. ભૂલેચૂકે પણ ગુણવાનો પ્રત્યે દોષ ન થઈ જવો જોઈએ.

ચરમાવર્ત કાળમાં આવેલા જીવની આ વાત છે ! ત્રીજી વાત છે સર્વત્ર ઔચિત્યના પાલનની.

જીવનનાં તમામ ક્ષેત્રોમાં ઔચિત્યનું પાલન કરવાનું છે. એટલે પહેલાં તો તે તે ક્ષેત્રોનું જ્ઞાન હોવું જોઈએ કે ક્યાં ક્યાં આપણે શું શું કરવાનું છે ! અવશ્ય કરવાનું છે. કર્તવ્યપાલનમાં પ્રમાદ, આળસ કે ઉપેક્ષા નથી કરવાની.

મહત્ત્વપૂર્ણ કર્તવ્યપાલનનાં કેટલાંક સ્થાનો બતાવું છું.

પહેલું કર્તવ્યક્ષેત્ર છે બીમારની સેવા. તમારા ઉપાશ્રયમાં તમારી સાથે રહેનારાં સાધુ-સાધ્વી બીમાર હોય, તેમની તમારે સેવા કરવી જોઈએ. બધાં કામ પડતાં મૂકીને પહેલું કામ સેવા કરવાનું કરવું જોઈએ.

બીજું કર્તવ્યક્ષેત્ર છે ગુરુજનોની સેવા. વસ્ત્ર ધોવાથી માંડી એમના પડિલેહણ આદિ વિવિધ કાર્યો કરવાં.

ત્રીજું કર્તવ્યક્ષેત્ર છે, જો કોઈ નૂતન સાધુ છે, નવી જ દીક્ષા લીધેલી છે, તો તેને દરેક ધર્મક્રિયામાં સહાય કરવી. દરેક કાર્યમાં સમુચિત માર્ગદર્શન આપવું. એનું મન પ્રફુલ્લિત રહે, તેવો વ્યવહાર રાખવો.

ચોથું કર્તવ્યક્ષેત્ર છે ગૃહસ્થવર્ગને ધર્મોપદેશ આપવાનું. જો કે આ કર્તવ્ય બધાં સાધુ-સાધ્વીનું નથી હોતું. મોટા ભાગે જે આચાર્ય હોય છે, ગુરુ હોય છે, તેમનું આ કર્તવ્ય હોય છે. યોગ્ય સમયે ગૃહસ્થોને ધર્મોપદેશ આપવો જોઈએ.

બાકી તો પ્રભાવક, પુણ્યશાલી આચાર્ય, મુનિવરો વગેરેનાં શાસનરક્ષા વગેરેનાં ઘણાં કર્તવ્યો હોય છે, પણ પ્રસ્તુતમાં એ વાતો નથી કરવી. આજે તો મારે સર્વસાધારણ કર્તવ્યોના પાલનની વાતો કરવી છે.

એક સિદ્ધાન્ત છે : આપણી એવી એક અપેક્ષા હોય છે કે બીજાઓ આપણા તરફનાં કર્તવ્યોનું પાલન કરે ! અને જે કરે છે તે આપણને ગમે છે. આપણે એની પ્રશંસા કરીએ છીએ એનો અર્થ એ થયો કે–

* કર્તવ્યપાલનથી માણસ બીજાને પ્રિય બને છે.
* કર્તવ્યપાલનથી માણસની પ્રશંસા થાય છે.

કેટલાંક પારસ્પરિક કર્તવ્યો હોય છે. તમે બીજાઓ પ્રત્યેનાં કર્તવ્યોનું પાલન કરતા રહો, બીજાઓ તમારા પ્રત્યેનાં કર્તવ્યોનું પાલન કરશે ! કદાચ ન પણ કરે, તો મનમાં ઓછું નહીં લાવવાનું. બીજાઓનો સદ્ભાવ મળવો, સેવા મળવી તે પુણ્યસાપેક્ષ વાત છે. એટલે એ વાતને કર્મના ખાનામાં મૂકી દેવાની ! તમે તમારા કર્તવ્યપાલનમાં જાગ્રત રહો. આપણા જીવનને સુંદર અને સુસજ્જ બનાવવા કમર કસો. તે માટે આ ત્રણ ગુણોનો અભ્યાસ બરાબર કરતા રહો.

આજ બસ, આટલું જ –

શ્રદ્ધા-શરણાગતિ-સમર્પણ

श्रद्धावाँल्लभते धर्मान् श्रद्धावानर्थमाप्नुयात् ।
श्रद्धया साध्यते कामः श्रद्धावान् मोक्षमाप्नुयात् ॥

શ્રદ્ધાવાન પુરુષને ધર્મલાભ પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાવાન ધન પ્રાપ્ત કરે છે. શ્રદ્ધાથી ઇચ્છાઓ પૂર્ણ થાય છે અને શ્રદ્ધાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

સાધુ આપણને શરણ્ય ત્યારે લાગવાના જ્યારે સર્વપ્રથમ તેઓ મંગલરૂપ લાગશે ! હા, તેમનાં દર્શન મંગલરૂપ લાગે, તેમનું સ્મરણ મંગલરૂપ લાગે. સાધુજીવન વિશ્વમાં સર્વોત્તમ લાગે !

મોક્ષમાર્ગની આરાધના શ્રદ્ધાથી પ્રારંભાય છે. શરણાગતિથી પ્રગતિ પામે છે અને સમર્પણભાવથી આત્મા ઉન્નતિના ચરમ શિખરે પહોંચે છે. આ ત્રણ ભાવોને ક્રમશ: વિકસિત કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ.

શ્રદ્ધાનાં મુખ્ય ચાર કેન્દ્રો છે :

૧. અરિહંત

૨. સિદ્ધ

૩. સાધુ

૪. ધર્મ

अरिहंत પરમાત્મા પ્રત્યે પ્રીતિ જાગવી જોઈએ. એ પરમાત્મસ્વરૂપ સાથે પ્રેમ થઈ જવો જોઈએ ! પછી જે શ્રદ્ધાનો ભાવ પ્રગટશે તે તમને આનંદથી તરબોળ કરી દેશે. અરિહંત પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગી ગયા પછી, એમની એકેએક વાત, એકેએક પ્રેરણા અને એકેએક ઉપદેશ તમારા મનને ગમશે. તેઓ તમારા આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવશે... તે 'સિદ્ધ સ્વરૂપ' હશે, તમને ખૂબ ગમશે ! 'એવું સિદ્ધાત્મ-સ્વરૂપ પામેલા અનંત આત્માઓનું 'સિદ્ધશિલા' પર અસ્તિત્વ છે', એ જાણ્યા પછી તમે એ સિદ્ધ ભગવંતો પ્રત્યે પણ શ્રદ્ધાવંત બનવાના.

'એવું પરમાનંદમય પરમ સુખમય શુદ્ધાત્મ સ્વરૂપ પામવા માટે સાધુ બનવું પડે !' આવો ઉપદેશ જ્યારે તમે તીર્થંકરની વાણીમાં સાંભળશો ત્યારે સાધુના પ્રત્યે તમારા મનમાં આકર્ષણ જાગશે. તમને સાધુ-પુરુષો ગમશે. તમને એમના પ્રત્યે અપૂર્વ શ્રદ્ધાભાવ જાગશે. તમે તેમની ઉચિત સેવા-ભક્તિ કરવાના. તેઓ તમને ધર્મનું સ્વરૂપ સમજાવશે. તમને એ ધર્મસ્વરૂપ ગમવાનું. ગમવાનું એટલે શ્રદ્ધા થવાની જ ! આ રીતે તમે અરિહંત, સિદ્ધ, સાધુ અને

ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન બનવાના. તમારી શ્રદ્ધા પ્રીતિમૂલા હશે ! તમારી માનસિક દુનિયા પર આ ચાર તત્ત્વો છવાઈ જવાનાં ! તમે ભલે સંસારની પ્રવૃત્તિઓ કરો, પરંતુ તમારું મન વારંવાર એ ચાર તત્ત્વોમાં જવાનું !

શરણાગતિનો પ્રારંભ થાય છે સાધુથી ! કારણ કે અત્યારે આપણી દુનિયામાં તીર્થંકર પરમાત્મા નથી ! સિદ્ધ ભગવંતોનો પરિચય નથી અને ધર્મતત્ત્વની ઓળખાણ નથી. એટલે સર્વપ્રથમ માણસને સાધુનું શરણ અંગીકાર કરવાનું હોય છે. 'साहूसरणं पवज्जामि !' આત્મવિશુદ્ધિ માટે સાધુનું શરણ લીધા વિના ચાલે જ નહીં ! એ શરણાગતિ પણ કોઈ જાતની શરત વિનાની જોઈએ ! અનકંડિશનલ ! બિનશરતી ! જો કે પ્રેમમૂલા શ્રદ્ધા પ્રગટ્યા પછી શરણાગતિ બિનશરતી જ હોય છે.

બિનશરતી શરણાગતિ આવે એટલે સમર્પણભાવ સહજ રીતે પ્રગટે છે. આ ત્રણે વાતો સરળતાથી સમજવા માટે આજે તમને એક વાર્તા કહેવી છે. વાર્તા જૈનેતર પરંપરાની છે, પરંતુ પ્રસ્તુત ત્રણે વાતોને પુષ્ટ કરનારી છે.

રાજા ભર્તૃહરિનું નામ તો તમેં સાંભળ્યું જ હશે. ભર્તૃહરિનું 'વૈરાગ્યશતક' પ્રસિદ્ધ છે. ભર્તૃહરિ સંસાર પ્રત્યે વિરક્ત બને છે અને સંન્યાસ લેવા ગુરુ ગોરખનાથના આશ્રમમાં જાય છે, ગુરુદેવને વિનયથી હાથ જોડી વિનંતી કરી છે. "ગુરુદેવ ! મને સંન્યાસ આપો.' ગોરખનાથ કહે છે : 'હમણાં અહીં રહો, યોગ્ય સમયે સંન્યાસ મળશે' ભર્તૃહરિ રાજા હતા ! વૈરાગી બનેલા હતા ! પરંતુ ગુરુ તરત જ સંન્યાસ નથી આપતા ! બીજા દિવસે સવારે ભર્તૃહરિ ગુરુદેવને વંદન કરવા ગયા. વંદન કરીને ઊભા રહ્યા. ગુરુદેવે આજ્ઞા કરી: 'કુહાડી લઈને સામેના પહાડ ઉપર જાઓ. લાકડાનો ભારો બાંધીને લઈ આવો.' ભર્તૃહરિ ગુર્વાજ્ઞાને માથે ચઢાવી, કુહાડી લઈ પહાડી પર ગયા. લાકડાં કાપી, ભારો બાંધી, માથે મૂકીને પહાડ ઊતરવા લાગ્યા.

રસ્તામાં સામે જ બે સંન્યાસી મળ્યા... ભર્તૃહરિને ભટકાયા. ભર્તૃહરિ ભાર સાથે જમીન પર પડી જાય છે. એમના મુખમાંથી રોષભર્યા શબ્દો સરી

પડે છે : જોઈને ચાલતા નથી ? આંધળા છો ?' પેલા બે સંન્યાસી તો હસતા હસતા ચાલ્યા ગયા. ભર્તૃહરિએ ભારો માથે ચઢાવ્યો ને ધીરે ધીરે આશ્રમમાં પહોંચ્યા. એક બાજુ ભારો પટકીને, એક ખૂણામાં જઈને બેસી ગયા. હૈયામાં રોષ હતો. એટલે ગુરુદેવ પાસે નિવેદન કરવા ન ગયા. રોષમાં વિવેક ચુકી જવાય છે. સાંજે ગુરુદેવ પાસે ગયા. વિનંતી કરી : 'સંન્યાસ આપો.' ગુરુદેવે કહ્યું : 'વાર છે. યોગ્ય સમયે સંન્યાસ મળશે...'

બીજા દિવસે સવારે ગુરુદેવે પાછા ભર્તૃહરિને લાકડાં કાપવા મોકલ્યા. લાકડા કાપ્યાં. ભારો બાંધી માથે ચડાવ્યો અને પહાડ ઊતરવા લાગ્યા. સામે બે સંન્યાસી મળ્યા. અથડાયા ! ભર્તૃહરિ જમીન પર પડી ગયા... પણ ગઈકાલની જેમ એમના મુખમાંથી રોષ ભરેલા શબ્દો ન નીકળ્યા, પરંતુ મુખ પર ગુસ્સો તરી આવ્યો. આંખો લાલ થઈ ગઈ. પેલા બે સંન્યાસી હસતા હસતા ચાલ્યા ગયા. ભર્તૃહરિ ભારો માથે મૂકીને આશ્રમમાં પહોંચ્યા. એક ખૂણામાં ભારો નાખી, રોષમાં ને રોષમાં પોતાની જગા પર જઈને બેસી ગયા. ગુરુ પાસે ન ગયા.

સાંજે ગુરુદેવ પાસે ગયા. વંદન કરીને પ્રાર્થના કરી - 'મને સંન્યાસ આપો.' ગોરખનાથે કહ્યું : 'વાર છે ભાઈ ! યોગ્ય સમયે સંન્યાસ મળશે.' ભર્તૃહરિએ નતમસ્તકે ગુર્વાજ્ઞા સ્વીકારી લીધી. કોઈ પ્રશ્ન નહીં કે કોઈ વાદ-વિવાદ નહીં ! ગોરખનાથ ત્રીજા દિવસે પણ કસોટી કરે છે. લાકડાં કાપવા મોકલ્યા બે દિવસનું પુનરાવર્તન થયું ! સંન્યાસી અથડાયા. ભર્તૃહરિ પડી ગયા, પરંતુ તેમના મુખ પર રોષ ન આવ્યો, ન કડવા શબ્દો નીકળ્યા. ધીરેથી ઊભા થયા. ભારો માથે મૂકીને તેઓ આશ્રમમાં આવ્યા. લાકડાં યોગ્ય જગાએ મૂકી ગુરુદેવ પાસે ગયા ને કહ્યું : 'ગુરુદેવ, લાકડાં કાપીને લઈ આવ્યો છું. હવે આજ્ઞા કરો... શું કરું ?' ગોરખનાથના મુખ પર પ્રસન્નતા છવાઈ. તેમણે કહ્યું : 'રાજન્, આજે તમને સંન્યાસ આપવામાં આવશે !'

ભર્તૃહરિ સંન્યાસી બની ગયા. એમના હૃદયમાં ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધા

હતી, શરણાગતિનો ભાવ હતો. સંપૂર્ણ સમર્પણભાવ હતો ! એટલે જ્યારે ગુરુદેવે એમને કહ્યું : ભર્તૃહરિ, તમારે મરુભૂમિમાં ચાતુર્માસ કરવા જવાનું છે.' ત્યારે ભર્તૃહરિ કોઈ જ આનાકાની કર્યા વિના કે કોઈ પ્રશ્ન પૂછ્યા વિના ગુર્વાજ્ઞા માથે ચઢાવી ચાલી નીકળ્યા.

કોઈ પ્રશ્ન નહીં. 'મને મરુદેશમાં કેમ મોકલો છો ? ત્યાં મારું શું કામ છે ? મને ત્યાં નહીં ફાવે...' આવી કોઈ વાત નહીં ! મારવાડનો રણપ્રદેશ ! ધૂળના ડુંગરા... વૈશાખ-જેઠના તીખા તડકા... બળબળતી હવા... અને ભર્તૃહરિ ચાલ્યા જાય છે... રણપ્રદેશમાં એક ટેકરા પર જઈને બેઠા... ત્યાં થોડીવારે સામેના ટેકરા પર એક વૃક્ષ નીચે ગુરુદેવ ગોરખનાથને બેઠેલા જોયા. ગુરુદેવ ભર્તૃહરિને બોલાવી રહ્યા હતા : 'बेटा भर्तृहरि ! तुम इधर आ जाओ / उधर धूप है, यहां छांव है !'

ભર્તૃહરિ કહે છે : 'गुरुदेव, अब धूप और छाव में मुझे कोई भेद नहीं लगता है !'

આ તો ગોરખનાથની માયાજાળ હતી. ભર્તૃહરિની પરીક્ષા લઈ રહ્યા હતા. ખૂબ ઉચ્ચકોટિના સમર્પણભાવની આ વાર્તા છે. પણ નિઃસ્પૃહ, નિઃસંગ અને વિરક્ત જ્ઞાનીપુરુષ માટે આ કોઈ મુશ્કેલ વાત નથી. તમે મન પર વાત લઈ લો અને એ દિશામાં પ્રયાણ કરો. એક દિવસ તમે તમારી મંઝિલે પહોંચી જશો.

આપણે એમ માનીને આગળ વધીએ છીએ કે આપણે શ્રદ્ધાવાન તો છીએ જ . શ્રદ્ધા પછી વાત આવે છે શરણાગતિની. રોજ આપણે ચાર શરણ સ્વીકારીએ પણ છીએ. રોજ બોલીએ છીએ :

अरिहंते सरणं पवज्जामि

सिद्धे सरणं पवज्जामि

साहू सरणं पवज्जामि

केवलीपन्नत्तं धम्मं सरणं पवज्जामि

આમાં, અરિહંત, સિદ્ધ અને ધર્મનું શરણ સ્વીકારવામાં કોઈ વાંધો આવતો નથી. કારણ કે એમાં પ્રત્યક્ષ વ્યાવહારિક જીવનમાં કોઈ પ્રશ્ન નડતો નથી. પ્રશ્ન નડે છે સાધુની શરણાગતિમાં ! 'સાધુઓ શરણ્ય છે', આ ભાવ સાધુને જોતાં આવે છે ખરો ? જે શરણ્ય હોય, જે પૂજ્ય હોય, તેમની સાથે વ્યવહાર કેવો હોય ?

સાધુપુરુષો ગુણવાન છે, માટે તેઓ શરણ્ય છે. વંદનીય ને પૂજનીય છે. ગુરુસ્થાને છે. ત્યાં શરણાગતિનો ભાવ કેવો દૃઢ હોવો જોઈએ ? પરંતુ આ કામ સહેલું નથી. શરણ્યના દોષ જોવાય ખરા ? આપણે તો ડગલે ને પગલે સાધુઓના ગુણ-દોષ જોઈએ છીએ ! ટેવ પડી ગઈ છે ! અને આમાં જ સંબંધો બને છે ને બગડે છે.

આપણને વિશેષ રૂપે સહવર્તી સાધુ કે સાધ્વીના ગુણ-દોષ જોવા ગમે છે. બોલવા ગમે છે ને સાંભળવા ગમે છે ! આ આપણી મોટી નબળાઈ છે, મોટી ભૂલ છે, મોટું પાપાચરણ છે.

એટલે તો 'પ્રશમરતિ'માં સાધુ-સાધ્વીને ઉપદેશ આપવામાં આવ્યો કે-

यावत् परगुणदोषपरिकीर्तने व्याप्तं मनोभवति ।
तावद्वरं विशुद्धे ध्याने व्यग्रं मनःकर्तुम् ।। १८४ ।।

મહાનુભાવો ! આધ્યાત્મિક માર્ગે આપણા પોતાના આત્મા સિવાય કોઈનોય વિચાર કરવાનો નથી. અર્થાત્ બીજા જીવાત્માઓના ગુણ-દોષોના વિચાર કરવાના નથી. તો જ તમે આત્મતત્ત્વના ઊંડા ચિંતનમાં ડૂબી શકવાના.

આ જ 'પ્રશમરતિ'માં કહેવામાં આવ્યું છે-

स्वगुणाभ्यासरतमतेः परवृत्तान्तान्धमूकबधिरस्य ।
मदमदनमोहमत्सर रोषविषादैरधृष्यस्य ।। २३५ ।।

प्रशमाव्याबाधसुखाभिकांक्षिणः सुस्थितस्य सद्धर्मे ।

तस्य किमौपम्यं स्यात् सदेवमनुजेऽपि लोकेऽस्मिन् ।। २३६ ।।

* જગતને જોવા માટે આંધળા બની જવાનું છે.

* જગતના ગુણ-દોષ બોલવા માટે મૂંગા બની જવાનું છે.

* જગતના પ્રલાપો સાંભળવા બહેરા બની જવાનું છે.

જે મહાત્માની આવી સ્પષ્ટ સમજ હોય છે કે 'વીતેલા અનંતકાળમાં જગતને જ જોયા કર્યું હતું, જગત સાથે જ પ્રલાપો કર્યા હતા અને જગતની વાતો સાંભળી હતી, એના પરિણામે તીવ્ર રાગ-દ્વેષ થતા હતા, હર્ષ-શોક કર્યા હતા, અનન્ત કર્મો બાંધ્યાં હતાં. હવે એ બધું નથી કરવું આ માનવજીવનમાં. આ જીવનમાં તો આત્માની શુદ્ધ સત્તા પામવી છે. અનન્ત આત્મગુણોનો આવિર્ભાવ કરવો છે. અંતરાત્માના પ્રશમસુખને આસ્વાદવું છે.'

આવા દૃઢ નિશ્ચય સાથે મહાત્મા સંયમધર્મની આરાધનામાં ઉજમાળ બને છે. પોતાની આસપાસ રહેનારા બીજા મુનિજનોના ક્રિયાકલાપોને પણ જોતા નથી. એમના ગુણ-દોષોની ચર્ચા કરતા નથી. કોઈનો અવર્ણવાદ સાંભળતા નથી. મનને જરા પણ પરવૃત્તાન્તથી ચંચળ થવા દેતા નથી. વ્યગ્ર બનવા દેતા નથી. એ રમતા રહે છે આત્મગુણોમાં ! સમ્યગ્ દર્શનજ્ઞાન અને ચારિત્રગુણોની આરાધનામાં લીન રહે છે.

* આવા મહાત્માને મદ સ્પર્શી શકતો નથી.

* કામવાસના સતાવી શકતી નથી.

* મોહ ફસાવી શકતો નથી.

* મત્સર અભડાવી શકતો નથી.

* રોષ ભાન ભુલાવી શકતો નથી.

* વિષાદ વ્યાકુળ કરી શકતો નથી.

આપણી વાત ચાલે છે શરણાગતિની. સાધુની શરણાગતિની. સાધુ આપણને શરણ્ય ત્યારે લાગવાના જ્યારે સર્વપ્રથમ તેઓ મંગલરૂપ લાગશે ! હા, તેમનાં દર્શન મંગલરૂપ લાગે ! તેમનું સ્મરણ મંગલરૂપ લાગે ! સાધુજીવન સમગ્ર વિશ્વમાં ઉત્તમ લાગે ! 'દુનિયામાં આ સાધુપુરુષો જ ઉત્તમ છે !' આવા ભાવ સાથે તેમનું શરણ અંગીકાર કરવાનું છે ! એવા કેટલાક મંગલરૂપ, ઉત્તમ અને શરણ્ય મહામુનિઓને યાદ કરીએ.

૧. આત્મગુણોનું પ્રગટીકરણ કરવાની આરાધનામાં લીન એવા મહાત્માનું કોઈ ઘોર અપમાન કરે, તો પણ એમનું અભિમાન ઊછળતું નથી. કૂરગડુમુનિ, કે જેમણે રાજ્ય અને ૩૨ રમણીઓ ત્યજીને સંયમ સ્વીકાર્યું હતું, તેમનું ચાર તપસ્વી મુનિઓએ કેવું ઘોર અપમાન કર્યું હતું ? તેમના આહારના પાત્રમાં થૂંક્યા હતા, છતાં કૂરગડુમુનિ આત્મભાવમાં સ્થિર રહ્યા હતા. અહંકાર તેમને ભરડો દઈ શક્યો ન હતો.

૨. પરમ બ્રહ્મમાં મગ્ન એવા મહાત્માની સામે ગમે તેવી રૂપસુંદરીઓ આવીને ઊભી રહે, ગીત ગાય કે નૃત્ય કરે, છતાં એ મહાત્માના મનમાં કામવિકારનો એક ઝબૂકો પણ થતો નથી. મગધની નૃત્યાંગના કોશાના આવાસમાં વર્ષાકાળ વ્યતીત કરી રહેલા સ્થૂલભદ્ર મહામુનિની સામે પ્રતિદિન કોશા નૃત્યની રમઝટ બોલાવતી હતી, છતાં એ કામવિજેતા મહામુનિ મનથી પણ વિકારી નહોતા બન્યા. કામદેવનું એક પણ બાણ એમને વીંધી શક્યું ન હતું.

૩. આત્મભાવમાં દૃઢપણે સ્થિર રહેલા મહર્ષિને પ્રિયાપ્રિય વિષયમાં રતિ-અરતિ ન હોય, હાસ્ય-ઉદ્વેગ ન હોય, ગોચરી માટે જઈ ચડેલા ઝાંઝરિયા મુનિની સામે એ શ્રીમંત છતાં પતિવિરહથી પીડાતી શ્રેષ્ઠિપત્નીએ ઓછા હાસ્યકટાક્ષ કર્યા હતા ? છતાં મુનિરાજ અવિકારી રહ્યા હતા, અને જ્યારે રાજમાર્ગ પર એ મહામુનિને એ નારીએ બદનામ કર્યા હતા ત્યારે પણ મુનિ ખેદ-ઉદ્વેગથી અલિપ્ત રહ્યા હતા.

૪. મોક્ષમાર્ગની આરાધનામાં નિરત મુનિવરના હૈયે મત્સરનાં જાળાં

બાઝેલાં શાનાં હોય ? હજારો મુનિઓની ઉપસ્થિતિમાં જ્યારે શ્રમણ ભગવાન મહાવીરે ધન્ના અણગારને શ્રેષ્ઠ સાધુ વર્ણવ્યા હતા ત્યારે ઇન્દ્રભૂતિ ગૌતમ આદિ ગણધરો અને મહામુનિઓ પુલકિત થઈ ગયા હતા. એમના ચિત્ત-ચન્દ્રમાને મત્સરનો રાહુ ગ્રસી શક્યો ન હતો.

૫. ક્ષમાધર્મને મુનિજીવનનો પર્યાય માનનારા મહર્ષિને રોષ હોય જ નહીં. સાધુસેવાના ક્ષેત્રે શાસ્ત્રપ્રસિદ્ધ થઈ ગયેલા નંદિષેણ મુનિને રોષાયમાન કરવા પેલા દેવે ઓછા ઉધમાત કર્યા હતા ? નંદિષેણ મુનિએ રોષને દાદ ન આપી તે ન જ આપી !

૬. ધીર-વીર બનીને વિશુદ્ધ આત્મપ્રદેશની પરિશોધમાં નીકળી પડેલા પરાક્રમી મહાત્માઓ, માર્ગમાં ગમે તેવાં વિઘ્નો આવે, સંકટો આવે, ઉપસર્ગો કે પરિસહો આવે, છતાં ખિન્ન ન થાય. ઉત્સાહભગ્ન ન થાય. ભયભીત ન થાય. જીવતાજીવે શરીર પરથી ચામડી ઉતારવા દેનારા ખંધક મુનિ અને હસતા મુખે ઘાણીમાં કૂદી પડતા ખંધકસૂરિજીના પાંચસો શિષ્યો આ વાતના સાક્ષી છે !

આવા મહાત્માઓને મંગલરૂપ માનીને, સર્વોત્તમ માનીને, પરમ શરણ્ય માનીને એમને ભાવપૂર્વક વંદના કરતા રહો. એટલા માટે દરેક સાધુપુરુષને ગુણદૃષ્ટિથી જ જુઓ. એમની માત્ર બાહ્ય ક્રિયાઓ જોશો તો ભૂલા પડી જશો ! માત્ર બાહ્ય ક્રિયા જોઈને વ્યક્તિ અંગે નિર્ણય બાંધવામાં કેવી ભૂલ થઈ જાય છે, તે માટે એક મુસલમાન સંત હસનનું દૃષ્ટાંત તમને કહું છું.

એક દિવસ હસન નદીકિનારા પરથી પસાર થતા હતા. ત્યાં દૂર તેમણે એક દૃશ્ય જોયું. એક યુવાન બેઠો છે. એના ખોળામાં એક સ્ત્રી માથું મૂકીને સૂતી છે. યુવાનના હાથમાં એક બોટલ છે. હસન વિચારે છે - 'આ યુવાન કેવો નિર્લજ્જ છે ? મારા જેવા સંતને જુએ છે છતાં એને શરમ નથી આવતી ? એ એની પ્રેમિકાને શરાબ પીવરાવી રહ્યો છે !'

એટલામાં નદીમાં અચાનક પૂર આવે છે. નદીના પ્રવાહમાં અનેક

માણસો તણાતા જતા હોય છે. તેમની ચિચિયારીઓ સાંભળી પેલો યુવાન નદીમાં કૂદી પડે છે અને અનેક માણસોને બચાવી લે છે. એક માણસ બાકી રહે છે. યુવાન સંત હસનને કહે છે - 'આ માણસને તમે બચાવી લો !' હસન કહે છે : 'ભાઈ, એ મારું કામ નહીં. મારાથી એ નહીં બને.' એ યુવાને એ માણસને બચાવી લીધો.

પછી એ યુવાન પેલી સ્ત્રી સાથે હસન પાસે આવ્યો. હસનને પ્રણામ કરી કહ્યું : 'આ મારી બીમાર માતા છે. હું એને આ બોટલમાંથી પાણી પાતો હતો...'

હસનને, પોતે કરેલી મિથ્યા કલ્પના પર પશ્ચાત્તાપ થયો.

એટલે કહું છું કે આસપાસ જુઓ નહીં, સાંભળો નહીં અને બોલો નહીં ! નહીંતર ભૂલા પડી જશો. લેવાદેવા વિના પાપનાં પોટલાં શા માટે બાંધવાનાં ? હા, જેમના માથે સાધુઓના યોગક્ષેમની જવાબદારી હોય, જેઓ ગુરુસ્થાને હોય, તેમને આશ્રિતોના દોષ-ભૂલો જોવાં પડે અને તે દૂર કરવાના ઉપાય પણ કરવા પડે. એને દોષદર્શન ન કહેવાય પણ દોષોને દૂર કરવાની પ્રક્રિયા કહેવાય. જેમ ડૉક્ટર સોનોગ્રાફી કરીને તમારા દર્દનું નિદાન કરે છે, તે તમને દુઃખી કરવા નહીં, પણ દુઃખ દૂર કરવા કરે છે ને ? તેમ ગુરુ શિષ્યના દોષો બતાવે, તે શિષ્યને સુખી કરવા બતાવે છે. એના આત્માને શુદ્ધ કરવા બતાવે છે.

જ્ઞાની ને પરિણત ગુરુજનો, આશ્રિત શિષ્યોનો દોષ જુએ છે છતાં એમને દ્વેષ થતો નથી ! કરુણાભાવ પ્રગટે છે. એમની આ ભાવના હોય છે કે 'આ મહાત્મા મારા શરણે છે. એના દોષો દૂર કરવા માટે મારે સહાય કરવી જોઈએ. દોષોથી આત્મા મુક્ત થાય તેમ તેમ એનું આંતરસુખ વધતું જાય છે.'

જો તમારે દોષરહિત થવું છે તો દોષ બતાવીને, તે દૂર કરનારા પૂજ્ય ગુરુદેવો પ્રત્યે નારાજ ન થશો ! દોષ બતાવનારા ગુરુદેવોને ઉપકારી માનજો ! માનશો ને ?

સભામાંથી - દોષો ને ભૂલો બતાવે તેવા ગુરુ નથી ગમતા !

ઉત્તર : તો હવે ગુરુ બદલવાની પરંપરા શરૂ કરવી પડશે ! ભૂલો ને દોષો છાવરે તેવા ગુરુ પસંદ કરવાના ! તમારી પ્રશંસા કરતા રહે, તેવા ગુરુ પસંદ કરવાના ! પછી એ ગુરુ તમને કઈ ગતિમાં મોકલશે ?

શી ખબર... સમજાતું નથી... એવો એક વર્ગ ઊભો થઈ રહ્યો છે આપણા સાધુસમુદાયોમાં ! જેને આત્મા સાથે કંઈ જ લેવા-દેવા નથી ! એને દોષો દૂર કરવાની ચિંતા નથી ! એને ગુણોના વિકાસમાં રસ નથી ! એને રસ છે કપડામાં, કામળીમાં, ગોચરીમાં અને સગવડતાઓમાં ! એને કોઈની સેવા કરવી નથી, બીજાઓની સેવા લેવી છે ! ગોચરી સારી જોઈએ છે, પણ ગોચરી લેવા જવું નથી ! પાણી ઠંડું જોઈએ છે પણ પરાતોમાં ઠારવાનું કામ કરવું નથી ! મકાન ચોખ્ખું જોઈએ છે પણ જાતે કાજો લેવો નથી ! કપડાં ચોખ્ખાં ધોયેલાં પહેરવાં છે પણ કાપ જાતે કાઢવો નથી !

આવી થોડીક અયોગ્ય દીક્ષાઓ થઈ ગઈ હોય છે, તેનું પાપ આખા સમુદાયને નડતું હોય છે. ખેર, આવા આત્માઓની ઉપેક્ષા જ કરવાની છે. એમને હિતશિક્ષા પણ નથી આપવાની ! એમના માટે આ બધી શ્રદ્ધા, શરણાગતિ કે સમર્પણની વાતો નથી. આ બધી વાતો તો જેને મોક્ષમાર્ગની આરાધના કરવી છે, જેને આત્માની વિશુદ્ધિ કરવી છે, આત્મગુણોનો વિકાસ કરવો છે, તેમના માટે છે.

સમર્પણની વાત તો ઘણી ઊંડી છે. 'અહં'ને સંપૂર્ણ ભૂલ્યા પછી જ સમર્પણનો ભાવ પ્રગટે છે. 'અહંકાર' સમર્પણમાં બાધક હોય છે.

* શંકાઓથી પર થઈ શ્રદ્ધાવાન બનવાનું છે.
* સ્વાર્થોનો ત્યાગ કરી શરણાગતિ સ્વીકારવાની છે.
* અહંકારને ઓગાળી સમર્પણભાવ પ્રગટ કરવાનો છે.

આ રીતે મોક્ષમાર્ગની આરાધનામાં નિરંતર પ્રગતિ કરતા રહો, એ જ મંગલ કામના.

મનના વિચારો વર્ધમાન રાખો

'तीर्थाणां हृदयं तीर्थं शुचीनां हृदयं शुचि !'

'તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ હૃદય છે. પવિત્ર વસ્તુઓમાં અતિ પવિત્ર પણ હૃદય જ છે.'

'जितं जगत् केन ? मनोहि येन ।'

જગત કોણે જીત્યું ? જેણે મનને જીત્યું !

'मनसि स्वस्थे रम्याणां रमणीयता ।'

મન સ્વસ્થ હોય એટલે રમ્ય વસ્તુઓ રમણીય લાગે !

'तन्मंगलं यत्र मनः प्रसन्नम् !'

'જ્યાં મન પ્રસન્ન છે ત્યા મંગલ છે !'

આજે મનની વાત કરવી છે.

બંધન અને મુક્તિનો આધાર આપણું મન છે. મનના વિચારો, પરિણામો... અધ્યવસાયોના આધારે આપણે બંધાઈએ છીએ અને મુક્ત થઈએ છીએ. આ વિષયમાં બે શાસ્ત્રીય દૃષ્ટાંતો બહુ સારાં મળે છે. એક પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું અને બીજું ભરત ચક્રવર્તીનું. બંને દૃષ્ટાંતો તમે જાણો છો. પ્રસન્નચન્દ્ર રાજર્ષિ સાધુ હતા. એમની બાહ્ય ધર્મક્રિયા અતિ ઉગ્ર હતી, છતાં તેમનું મન નરકે જવાનાં કર્મો બાંધી રહ્યું હતું ! જ્યારે ભરત ચક્રવર્તી રાજા હતા, ગૃહસ્થ હતા, અરીસા ભવનમાં શણગાર સજતા હતા અને એમનું મન કર્મોની નિર્જરા કરતું હતું ! ઘાતી કર્મોનો ક્ષય કર્યો હતો અને કેવળજ્ઞાન પામ્યા હતા ! આ છે મનની કરામત !

મનના પરિણામો ત્રણ પ્રકારના હોય છે :

૧. વર્ધમાન [ચઢતા પરિણામ]

૨. હીયમાન [પડતા પરિણામ]

૩. અવસ્થિત [સ્થિર પરિણામ]

મનના પરિણામોની ચઢ-ઊતરમાં નિમિત્તો કારણભૂત હોય છે. પરંતુ નિમિત્તો કરતાંય આપણી ઉપેક્ષા, મન તરફની ઉપેક્ષા મહત્ત્વનો ભાગ ભજવે છે. 'મન તો ચંચળ છે, સ્થિર રહેતું નથી, મન માંકડા જેવું છે...' આમ વિચારીને મનને છૂટો દોર આપી દઈએ છીએ, બધાં હથિયાર હેઠાં મૂકી દઈએ છીએ, એટલે માનસિક પતન નિશ્ચિત બની જાય છે.

માનસિક પતનના પ્રારંભમાં એક ખતરનાક રોગ જન્મે છે, એનું નામ છે 'ડીપ્રેશન'. લગભગ તો હીયમાન પરિણામોમાંથી આ રોગ જન્મે છે. એની શરૂઆત – 'મને કંઈ ગમતું નથી', 'મને અહીં ફાવતું નથી', આવા

વિચારોથી થાય છે. આવા વિચારો સામાન્ય સાધુ-સાધ્વીને આવે છે, એવું નથી. ખૂબ તપ કરનારને, ખૂબ ભણેલાને અને બુદ્ધિમાનને પણ આવે છે. મૂર્ખને આવા વિચારો આવે એમાં નવાઈ નથી.

થોડાં વર્ષો પૂર્વે એક તપસ્વી અને સંયમી મુનિરાજ મળેલા. બે-ત્રણ શિષ્યોના ગુરુ હતા. અમે રાત્રે પ્રતિક્રમણ કરીને વાતો કરતા બેઠા હતા ત્યારે તેમણે મને કહેલું : 'મહારાજ, તપ કરું છું, શાસ્ત્રો વાંચું છું.... પણ મજા નથી આવતી. જીવન નિરસ લાગે છે. કંઈ ગમતું નથી.. એવો કોઈ ઉપાય બતાવો.. મન ઉલ્લાસિત રહે !' પછી તો ઘણી વાતો કરી. રાત્રે બે વાગ્યા સુધી વાતો કરી. તેમનું મન પ્રફુલ્લિત થયું ! પછી જ્યારે જ્યારે તેઓ મળ્યા ત્યારે હસતા હસતા જ મળ્યા !

શાસ્ત્રોમાં આવાં માનસિક પતનનાં અનેક દૃષ્ટાંતો વાંચવા મળે છે. કંડરિક મુનિ કેવા મહાતપસ્વી હતા ? એવી ઘોર ને ઉગ્ર તપશ્ચર્યા કરી હતી કે શરીરમાં અનેક રોગ ઉત્પન્ન થઈ ગયા હતા. રોગ પણ સહન કરતા હતા... ત્યાં રાજમહેલમાં ભાઈ પુંડરિક રાજાએ તેમનો ઔષધોપચાર કરવા રાખ્યા. ખૂબ સેવા કરી. સારું થયું... શરીર સારું થયું, મન બગડી ગયું ! જે રાજમહેલના ભોગસુખ અસાર સમજી ત્યજી દીધાં હતાં, તે ભોગસુખ સારભૂત લાગ્યાં ! પરિણામ તમે જાણો છો. કંડરિક મુનિનું પતન થયું. દીક્ષા છોડી દીધી ! પુંડરિક સાધુ બની ગયા, કંડરિક રાજા બની ગયા ! રાજા બનીને અધોગામી બન્યા... નરકગામી બન્યા. પુંડરિક ઊર્ધ્વગામી બન્યા.

કંડરિક મુનિના વિકલ્પો આવા જ હતા- 'હવે મને ઘર-ઘરની લુખ્ખી સુક્કી ગોચરી ભાવે નહીં... હવે મને ગામ-ગામ નગર-નગર ફરવું ગમે નહીં. હવે હું રાજમહેલમાં જ રહું. રાજમહેલનું જ ભોજન કરું...' આ વિચારોના પરિણામે તેમનું પતન થયું.

અરણિક મુનિ ઉનાળાના દિવસોમાં મધ્યાહ્‌ને ગોચરી ગયા હતા ને ? તડકામાં પરસેવાથી શરીર તરબોળ થઈ ગયું હતું. મકાનના છાંયડામાં

જઈને ઊભા હતા. મનમાં વલોપાત હતો... 'આવી ગરમીમાં ગોચરી લેવા જવાનું ન ફાવે... ન ગમે...' અને સામેના મકાનમાં વિસામો આપનારી સ્ત્રી મળી ગઈ. તડકાએ અકળાવ્યા. તેથી સંયમજીવન ન ફાવ્યું ! એટલે આરામદાયી ગૃહવાસ ગમી ગયો ! અરણિક મુનિનું પતન થયું.

આનો અર્થ આ છે કે કોઈ નિમિત્ત પામીને 'મને ગમતું નથી, મને ફાવતું નથી.' આ વિચારને વકરવા ન દો. ઘા વકરે એટલે પીડા કરે. ઘાનો તરત ઉપચાર કરો. ઉપચાર કરીને ઘાને મિટાવી શકાય.

વર્તમાન કાળમાં આપણે એવા કોઈ મોટા પરિસહો સહન કરતા નથી. એવા કોઈ માટો ઉપસર્ગો થતા નથી. એટલે આમ તો સાધુજીવનમાં ખાસ કોઈ વાંધો આવતો નથી. એક માત્ર જો સાધુ-સાધ્વી બ્રહ્મચર્ય-વ્રતમાં દૃઢ રહી શકે તો બીજી બધી બાબતોમાં પહોંચી વળાય એમ છે. આપણને કોઈ કહેતું નથી કે તમે માસખમણના પારણે માસખમણ કરો, અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ કરો, કે અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરો ! રોજ નવકારશી કરો તો કોઈ રોકતું નથી કે ટોકતું નથી. વિગયોનો ત્યાગ કરવાનો કોઈ વિશેષ આગ્રહ નથી કે દ્રવ્યોનો સંક્ષેપ કરવાનું અનિવાર્ય નથી. અભ્યંતર તપ કરવા માટે પણ કોઈ ખાસ દબાણ કરતું નથી. આટલી બધી છૂટછાટ હોવા છતાં એક સાધુ મહારાજ કહે છે: 'મને ગમતું નથી, મને ફાવતું નથી !'

ક્યાં વાંધો આવે છે ? સંસારમાં તમે જુઓ છો, મનુષ્યને રોટી, કપડાં ને મકાન માટે કેટલો સંઘર્ષ કરવો પડે છે ! કેટલી મહેનત-મજૂરી કરવી પડે છે ! જ્યારે આપણને આપણો સંઘ આ ત્રણે વસ્તુ પ્રેમથી પૂરી પાડે છે. જોઈએ એટલી ગોચરી મળે છે ! ઢગલાબંધ કપડાં મળે છે અને આલીશાન ઉપાશ્રયો મળે છે ! ગૃહસ્થના ઘરે ત્રણ- ચાર વાર ભિક્ષા લેવા જાઓ તોય ના નથી પાડતા ! અનાદર નથી કરતા. મેડિકલ-ટ્રિટમેંટ- ઔષધોપચાર પણ સારી રીતે થાય છે. મોંઘીદાટ દવાઓ પણ શ્રાવકો લાવી આપે છે. હજારો રૂપિયા ખર્ચીને ઑપરેશન પણ કરાવી આપે છે !

બીજી બાજુ તમે મધ્યમવર્ગને જુઓ... સીમિત કમાણીમાં મોટા ખર્ચા કરવાના આવે છે ત્યારે તે મૂંઝાય છે. એમાંય મોટી બીમારીમાં તો દેવાના ડુંગર નીચે દબાઈ જાય છે ! ડૉક્ટરોની મોટી ફી, બ્લડ ટેસ્ટ, યુરીન ટેસ્ટ... સ્ટુલ ટેસ્ટ... આ બધા ટેસ્ટમાં હજાર-બે હજાર રૂપિયા પૂરા થઈ જાય ! ઍક્સ-રેનો ચાર્જ જુદો ! સોનોગ્રાફીનો ચાર્જ જુદો...

બીજી બાજુ મોંઘવારી કેવી છે ? ૨૦-૨૫ રૂ. કિલોથી સસ્તું કોઈ શાક મળતું નથી. ઘી-દૂધ કેટલાં મોંઘાં ? ખાવા-પીવાની વસ્તુઓ કેટલી મોંઘી થઈ ગઈ છે ? રહેવા માટે ૧૦ x ૧૫ની રૂમ લાખ બે લાખથી સસ્તી મળતી નથી. એવી નાની રૂમમાં ૫-૭ માણસોનો પરિવાર રહે. કેટલી તકલીફો ? તમારે સાધુ-સાધ્વીને આમાંની એકેય તકલીફ છે ખરી ? તો પછી કયું સંસારનું સુખ તમને આકર્ષે છે ? જરા ગંભીરતાથી ને દીર્ઘદૃષ્ટિથી વિચારતાં શીખો. બહુ મોટી કે બહુ ઊંચી અપેક્ષાઓ ન રાખો. સુખો માટે વલખાં ન મારો. સુખ તો તમારાં પુણ્યકર્મોના આધારે જ મળવાનું છે.

એક સાધ્વીજી કહે - મને મારાં ગુરુ મહારાજ ટોક-ટોક કર્યા કરે છે, મને જ ઠપકો આપ્યા કરે છે... માટે મને ફાવતું નથી, મારું મન લાગતું નથી... મારી વાત કોઈ સાંભળતું નથી. ગુરુ મહારાજ પક્ષપાત કરે છે... ફલાણાં સાધ્વીજી બહુ વહાલાં.... અમારી તો કોઈ ગણતરી જ નહીં...'

આ બધા વિચારો ઇર્ષ્યા ને ઉદ્વેગમાંથી જન્મેલા છે. આ વિચારો આવે એટલે વિવેક રહે જ ક્યાંથી ? ઇર્ષ્યા અને અસૂયામાં વિવેક ખોવાઈ જાય છે. કોઈએ અપ્રિય વચનો કીધાં એમાં કયો દુઃખનો ડુંગર તૂટી પડ્યો ? પરણીને સાસરે જનારી છોકરીઓને એમની સાસુઓ ને નણંદો હમેશાં લગ્નનાં ગીતો સંભળાવતી હશે ? પૂછો એ વહુઓને ! કેટલાં ને કેવાં કડવાં વચન સાંભળવાં પડે છે ? ત્યાં તો આર્ત્તધ્યાન કરીને જીવ કર્મ બાંધે છે. આપણે કડવાં વચન સમતાભાવે સાંભળીને કર્મનિર્જરા કરી શકીએ !

અપ્રિય વચનો સાંભળી લેવાની સહનશીલતા કેળવી જ લેવી જોઈએ.

સાથે સાથે, પ્રિય ને પથ્ય વચનો બોલવાનો અભ્યાસ પણ કરી લેવો જોઈએ, તો ખોટા વિચારોથી બચી જવાશે. અધ્યવસાયો શુદ્ધ રહેશે. અધ્યવસાયોની શુદ્ધિ પર જ જીવન જીતવાનું છે. મનને સારું રાખો. સ્વચ્છ રાખો. આડા-અવળા વિચારોને આવવા ન દો. આવે તો તરત જ ફેંકી દો. મનમાં નિર્ણય કરો કે "મારે મારા અધ્યવસાયોને બગડવા દેવા નથી. બીજું બધું બગડી જાય તો ભલે !'

દા.ત. તમારાં પાતરાં રંગાઈને આવ્યાં છે. સુંદર રંગાયાં છે. બાજુવાળા મહાત્માએ હાથમાં લઈ જોવા માંડ્યા... ત્યાં એમના હાથમાંથી એક પાતરું પડી ગયું ને ફૂટી ગયું... તમને શું થશે ? પાતરાની સાથે તમારા સરસ અધ્યવસાય પણ ફૂટી જવાનાને ? ગુસ્સો આવી જવાનો ને ? પાતરું કીમતી કે ચેતન આત્મા કીમતી ? એ વખતે પેલા સાધુનું મૂલ્ય ઘટાડી નાખીએ છીએ... એક પાતરાની ખાતર મંગલભૂત, શ્રેષ્ઠ ને શરણ્ય એવા સાધુપુરુષને ઉતારી પાડીએ છીએ. ન બોલવાના શબ્દો બોલી નાખીએ છીએ.

ગઈ કાલે એક ભાઈ મારી પાસે આવ્યા. વાચના સાંભળી હશે ! સાંભળ્યું હશે કે સાધુ શરણભૂત છે.' મને તેઓ કહે કે 'સાહેબ, હું તો -

અઢી દ્વીપમાં જે અણગાર
અઢાર સહસ શીલાંગરથના ધાર
પાંચ મહાવ્રત સમિતિસાર
પાળે પળાવે પંચાચાર...
બાહ્ય-અભ્યંતર તપ ઉજમાળ
તે મુનિ વંદુ ગુણ મણિમાળ...

મને તો આવા સાધુ ગમે ! અને એમને વંદન કરું !'

મેં તેમને કહ્યું : 'અઢી દ્વીપમાં અમારાં બધાં સાધુ-સાધ્વીનો સમાવેશ

થાય કે નહીં ?' તેમણે કહ્યું : 'થાય !' મેં કહ્યું : 'તમને ખબર છે આ હાડમાંસના ખોળિયામાં ગુરુદેવે સાધુપણાની પ્રાણપ્રતિષ્ઠા કરી છે ? જો પથ્થરની મૂર્તિમાં પરમાત્મતત્ત્વનું અવતરણ-પ્રાણપ્રતિષ્ઠા કરી શકાય તો ચૈતન્યસ્વરૂપ આત્મામાં સાધુતાનું આરોપણ નં થાય ? થાય ! એટલે વર્તમાનમાં પણ જેટલાં સાધુ-સાધ્વી છે તેમને સાધુ-સાધ્વી સાચાં જ માનવાનાં ! એમને મંગલરૂપ માનવાનાં ! એમને લોકોત્તમ માનવાનાં ! એમને શરણ્ય માનવાનાં ! પૂજનીય - વંદનીય માનવાનાં !

પેલા ભાઈ કહે - "સાચી વાત છે આપની, પણ મેં અત્યાર સુધી ભૂલ કરી. વર્તમાનમાં જે સાધુ-સાધ્વી છે તેમને...'

મેં કહ્યું : 'હાથ જોડીને 'मिच्छामि दुक्कडं' આપી દો.'

બે દૃષ્ટિકોણ જુદા જુદા હોય છે. એક વ્યક્તિગત દૃષ્ટિકોણ અને બીજો સમષ્ટિગત દૃષ્ટિકોણ. આપણી જાતને જોવાનો દૃષ્ટિકોણ જુદો છે. બીજાને જોવાનો દૃષ્ટિકોણ જુદો છે. જે દૃષ્ટિકોણથી આપણી જાતને જોવાની છે એ દૃષ્ટિકોણથી બીજાને ન જોવાય ! 'હું તો દોષોથી ભરેલો છું.' આ એક દૃષ્ટિકોણ છે. પણ બીજા સાધુને જોઈને - 'આ તો ગુણવાન છે. ઉત્તમ છે, શરણભૂત છે...' આવો પ્રશસ્ત વિચાર કરવાનો છે.

એક વાત યાદ રાખો. સાધુ પ્રત્યેનો અનુરાગ-ગુણાનુરાગ મહાન પુણ્યકર્મનો બંધ કરાવે છે. ગૃહસ્થોને પુણ્યબંધ કરવા ઘણુંબધું દાન આપવું પડે છે... સત્કાર્યો કરવાં પડે છે... આપણે તો ભાવધર્મના માધ્યમથી અઢળક પુણ્યોપાર્જન કરી શકીએ.

આજે તો મનોવિજ્ઞાન કહે છે કે 'બીજાના માટે તમે સારો વિચાર કરો, તેથી તમારું સ્વાસ્થ્ય સુધરે છે. બીજાના માટે તમે ખરાબ વિચાર કરો, તો તે તમારા સ્વાસ્થ્યને બગાડે છે !'

આપણા જ્ઞાનીપુરુષોએ એટલે કહ્યું છે કે મનને ચાર ભાવનાઓથી

બહાર ન જવા દો ! સર્વ જીવો પ્રત્યે પ્રમોદભાવ રાખો. અને અવિનીત પ્રત્યે માધ્યસ્થ્યભાવ – ઉપેક્ષાભાવ રાખો.

બર્ટ્રેન્ડ રસેલ નામના એક તત્ત્વચિંતક-વૈજ્ઞાનિક થઈ ગયા. તેમને એક જિજ્ઞાસુએ પ્રશ્ન કર્યો - 'આપના જીવન પર કઈ વાતોનું શાસન ચાલે છે ?' રસેલે કહ્યું : ત્રણ વાતાનો મારા પર પ્રભાવ છે :

૧. પ્રેમ. પ્રેમમિલનમાં મને સ્વર્ગનો આનંદ મળે છે.

૨. જ્ઞાન. માનવીના હૃદયને હું સમજું, એમ મને થયા કરે છે.

૩. અમાપ કરુણા. અકાલગ્રસ્ત બાળકો, દુષ્ટોથી પીડાતા મનુષ્યો, પોતાના જ પુત્રોથી ઉપેક્ષિત લાચાર વૃદ્ધ માતા-પિતાઓ...આ બધી બૂરાઈઓ હું દૂર કરવા ચાહું છું. તે કરી શકતો નથી. તેથી એક જાતનું દર્દ ભોગવી રહ્યો છું.'

સભામાંથી : આપણું જ્યાં કોઈ માનતું ન હોય, સંક્લેશ થતો હોય, તે સ્થાન છોડી દેવું જોઈએ ?

ઉત્તર : છોડીને ક્યાં જશો ? તમારું પુણ્ય ઉદયમાં નહીં હોય તો તમારું કોઈ નહીં માને. તમે ગમે ત્યાં જાઓ, તમારા પુણ્યને તમે માપી લો. એ પ્રમાણે જ અપેક્ષાઓ રાખો. પુણ્ય ઓછું હશે ને અપેક્ષાઓ વધારે હશે તો દુઃખી જ થવાના. તમારી ઉપેક્ષા થાય છે ? સહન કરવાની ટેવ પાડો ! સમતાભાવે સહન કરતા રહો. પરમાત્માની ખૂબ ભક્તિ કરતા રહો. પુણ્ય વધતું જશે. મૌન રહીને કર્તવ્યમાર્ગે ચાલતા રહો. સાધુઓની સાથે જ જીવવાનું છે, તો એમને મંગલરૂપ જ માનો. સર્વોત્તમ માનો અને શરણભૂત માનો, પછી એ સાધુ શિષ્યરૂપે હોય, સહયોગી હોય કે ગુરુસ્થાને હોય સાધુ પ્રત્યેનો સદ્ભાવ વર્ધમાન રાખો.

તમે ભલે તપ નથી કરી શકતા, પણ જે સાધુઓ તપ કરે છે તેમના પ્રત્યે પ્રમોદભાવ રાખો. તમે ભલે શાસ્ત્રોનું અધ્યયન નથી કરી શકતા,

પરંતુ જેઓ શાસ્ત્રોનું અધ્યયન કરે છે, તેમના પ્રત્યે પ્રમોદભાવ રાખો, તમે બીજાઓની સેવા-ભક્તિ-વૈયાવચ્ચ નથી કરી શકતા, જે કરે છે, તેમના પ્રત્યે પ્રમોદ ભાવ રાખો. અનુમોદના કરીને તમે મહાન પુણ્યલાભ પ્રાપ્ત કરી શકો છો.

શાસ્ત્રોમાં એમ લખ્યું છે કે એક દિવસનું ચારિત્ર પાળીને પણ સાધુ દેવલોકમાં જાય ! દેવલોકમાં જાય એટલે ઓછામાં ઓછાં ૧૦ હજાર વર્ષનું આયુષ્ય તો હોય જ. અને દેવને અશાતાનો ઉદય જ ન હોય. સતત શાતાવેદનીય ભોગવે. કોઈ વાત નહીં કે કોઈ દર્દ નહીં. આવું જબરજસ્ત પુણ્યકર્મ સાધુજીવનના એક દિવસમાં બાંધી શકાય છે. તમે ષડ્જીવનિકાયની રક્ષા કરો છો, મહાવ્રતો પાળો છો... સમિતિ-ગુપ્તિનું પાલન કરો છો... પંચાચારનું પાલન કરો છો... તો તમે મહાન પુણ્યબંધ કરો છો.

ધન્ના અણગારે નવ મહિના ચારિત્ર પાળ્યું હતું ને ? આઠ મહિના છઠના પારણે આયંબિલ કર્યાં હતાં અને એક મહિનો અનશન કર્યું હતું, કાળધર્મ પામીને અનુત્તર દેવલોકમાં 'સર્વાર્થસિદ્ધ' નામના વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાં ૩ સાગરોપમ વર્ષોનું આયુષ્ય છે ! એટલે અસંખ્ય વર્ષ કહેવાય ! નવ મહિનામાં એમણે એવું પુણ્ય ઉપાર્જન કર્યું કે અસંખ્ય વર્ષો સુધી અશાતાનો ઉદય જ નહીં ! કોઈ ભૌતિક કે માનસિક દુઃખ જ નહીં ! સુખ... સુખ ને સુખ ! નવ મહિનાના સાધુજીવનમાં એવું અપૂર્વ ને અદ્ભુત પુણ્યોપાર્જન થઈ શકે છે.

ધન્ના અણગારે તો નવ મહિના ચારિત્ર પાળ્યું હતું, પરંતુ અયવંતી સુકુમાળે તો માત્ર એક રાતનું ચારિત્ર પાળ્યું હતું ને ? રાત્રે ચારિત્ર લીધું હતું ને એ જ રાત્રે સ્મશાનમાં જઈને કાયોત્સર્ગ ધ્યાને રહ્યા હતા. ત્યાં શિયાળણીએ એમના પર ઉપસર્ગ કર્યો હતો. તેમનો કાળધર્મ થયો હતો. મરીને 'નલિનીગુલ્મ વિમાન'માં દેવલોકમાં ઉત્પન્ન થયા હતા. ત્યાં હજારો-લાખો- કરોડો વર્ષો સુધી અપૂર્વ શાતાનો સતત અનુભવ કરવાનો ! ક્યારેય આશાતાનો ઉદય જ નહીં.

આપણે પણ સાધુ છીએ ને ! આપણે પણ આવું પુણ્યોપાર્જન કરી શકીએ ! પણ પુણ્ય આ જ જનમમાં જોઈએ છે કે આવતા જનમમાં મળે તો ચાલે ? આ જનમમાં તો પુણ્યોદય તો મળે જો પૂર્વજન્મમાં 'ડિપોઝિટ' - જમા કરાવીને આવ્યા હોઈએ ! પણ જો બેલેન્સ 'નીલ' હોય તો કેવી રીતે મળે ? કંઈ જ જમા ન હોય તો શું થાય ? નવું પુણ્ય ઉપાર્જન કરવાના ઉપાય કરવાના. તે માટે મનના શુભ પરિણામ હીયમાન નહીં થવા દેવાના ! હતાસ... નિરાશ બનીને નથી જીવવાનું. આ સાધુજીવનન નિરાશાનું જીવન નથી. ઉલ્લાસ ને ઉત્સાહનું જીવન છે ! એ માટે–

* સત્પુરુષોનો સમાગમ રાખો.
* સદા આગમોનું-શાસ્ત્રોનું વાંચન કરો.
* પરમાત્માની ભક્તિ, જાપ, ધ્યાન કરો.
* સાધુપુરુષોની સેવા-ભક્તિ કરો.

અને એક અગત્યની વાત. જ્યારે જ્યારે મન ખોટા વિકલ્પો કરવા માંડે, ખોટા વિચારોનો વંટોળ ઊઠે ત્યારે એક એવા જ્ઞાનીપુરુષનું માર્ગદર્શન લેવું ! એમની આગળ આપણું મન ખુલ્લું કરી નાખવું ! ત્યાંથી આપણને સાચું માર્ગદર્શન મળે, પ્રેરણા મળે ને પ્રોત્સાહન મળે. સંયમજીવન જીવવાનું નવું બળ મળે. આવું એક સ્થાન તો રાખવું જ જોઈએ. આ મળેલું મોંઘેરું સંયમજીવન ગુમાવવું તો નથી જ. 'મારે પડવું નથી. મારે ઉત્થાન કરવું છે.' આ સંકલ્પ હૃદયમાં રાખવાનો.

નાનકડી જિંદગી છે. સોપક્રમ આયુષ્ય છે ગમે ત્યારે દીવો બુઝાઈ શકે છે. તો પછી, શા માટે એવું કંઈ પ્રાપ્ત ન કરી લેવું કે ભવિષ્યમાં અસંખ્ય વર્ષ સુધી સુખનો અંત જ ન આવે ? થોડું મન મક્કમ કરી લો. દરેક સંયોગ ને દરેક પરિસ્થિતિને અનુકૂળ બની જતાં શીખી લો. 'આપણને બધું જ ફાવે ! બધે જ ફાવે ! બધું જ ગમે !'

નાની શી જિંદગીમાં એવી કોઈ સુંદર આરાધના પકડી લો. એવી

આરાધના પકડો કે જે મુક્તિ સુધી પહોંચાડે. આપણો આત્મા એ આરાધનાના સહારે મુક્તિ તરફ ઉત્સાહથી - ઉમંગથી આગળ વધતો જ રહે.

એ માટે આપણે જ આપણા મનને સમજાવવું પડશે. વારંવાર મનનું સમાધાન કરતા રહેવું પડશે... છેવટે મનને મારીને પણ આત્માની રક્ષા કરી લેવી પડશે !

આજ બસ, આટલું જ–

સ્વભાવ સુધારો
સમભાવ વધારો

'उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ।'

ઉદાર વ્યક્તિઓ માટે સમગ્ર પૃથ્વી કુટુંબ છે.

- *પંચતંત્ર*

गमनगंभीर वचनगंभीर, गंभीर नाभि-कमल,
एहि त्रिगंभीर स्मरणे कृष्ण मिलिय महामंगल ।।

વ્યવહારમાં ગંભીરતા, વચનમાં ગંભીરતા અને ભાવોમાં ગંભીરતા આ ત્રણ ગંભીરતા સાથે પરમાત્માનું સ્મરણ કરે તો મહામંગલ થાય.

- *माधवदेव [असमीया]*

'कः स्नेहः ? सद्भावः ।'

પ્રેમ શું છે ? સદ્ભાવ !

- *હિતોપદેશ*

જો તમે સહનશીલ છો તો તમને
કોઈ વાતની કમી નથી રહેતી !

ભગવાન ઉમાસ્વામીજીએ 'પ્રશમરતિ'માં લખ્યું છે-

निर्जितमदमदनानां वाक्कायमनोविकार रहितानाम् ।
विनिवृत्त पराशानामिहैव मोक्षः सुविहितानाम् ।। २३८ ।।

સુવિહિત આત્માઓ માટે અહીં જ મોક્ષ છે. મોક્ષ એટલે મુક્તિ, પરમાનન્દ, પૂર્ણાનન્દ, સચ્ચિદાનન્દ ! આનંદની એક પરિપૂર્ણ યાત્રા આપણે કરવી હોય તો દૃઢ સંકલ્પ કરી એ યાત્રાનો પ્રારંભ કરવો જોઈએ.

યાત્રાનો પ્રારંભ મનની સ્વસ્થતાથી કરવાનો છે. મનને સ્વસ્થ રાખજો. તે માટે મદ અને મદન પર તમારે વિજય મેળવવો પડશે. મનને અસ્વસ્થ ચંચળ બનાવે છે મદ અને મદન. માન-વાસનાને અને કામવાસનાને આત્મામાંથી ખોદી ખોદીને બહાર ફેંકવી પડશે.

મનોવિકારોને દૂર કરવા પડશે. ઇર્ષ્યા, દ્રોહ, મત્સર, અભિમાન – આ બધા મનોવિકાર છે. સમ્યગ્જ્ઞાનથી તમે આ વિકારોને દૂર કરી શકશો.

વચનના વિકારોને પણ દૂર કરજો. તમારું જીવન જીવહિંસાપ્રેરક ન જોઈએ. તમારી વાણી કઠોર-કડવી ન જોઈએ. તમારું વચન અસત્ય ન જોઈએ. તમારે કરુણાભર્યાં, કોમળ, મધુર અને સત્ય વચન બોલવાનો અભ્યાસ કરવો જોઈએ.

કાયાના વિકારોને દૂર કરજો. તીવ્ર ગતિથી ચાલવું, દોડવું, કૂદવું... આ બધા કાયાના વિકારો છે. નિષ્પ્રયોજન ઊઠવું-બેસવું, હરવું-ફરવું વગેરે પણ કાયાના વિકારો છે. આ વિકારો ત્યજવા જોઈએ.

પારકી આશાઓ ત્યજવી જોઈએ. તમારે ધન-ધાન્ય કે સોના-રૂપાની

આશા તો રાખવાની જ ન હોય. માત્ર ભિક્ષાવૃત્તિથી જીવવાનું છે. ભિક્ષા પણ જિનાજ્ઞા મુજબ ગ્રહણ કરવાની છે. કદાચ શુદ્ધ ભિક્ષા ન મળે તો તમારે અસ્વસ્થ બનવાનું નથી. એટલું મનોબળ તમારે કેળવવાનું છે કે ભિક્ષા વિના પણ થોડા દિવસ તમે સ્વસ્થ રહી શકો અને સંયમધર્મનું પાલન કરી શકો.

બસ, આટલી પાંચ વાતો જો તમારા જીવનમાં વણાઈ ગઈ તો અહીં જ તમને મોક્ષ મળી ગયો, એમ માનજો. આ 'મોક્ષદશા' પ્રાપ્ત થયા પછી લોકાંતે રહેલા મોક્ષને મેળવતાં વાર નહીં લાગે.

પણ આ યાત્રા કરવાની ઇચ્છા થાય છે ખરી ? પાલિતાણાની યાત્રા ૨૦-૨૫ વર્ષથી ન થઈ હોય તો મનમાં થાય કે ૨૦-૨૫ વર્ષથી પાલિતાણા નથી ગયા... તો હવે યાત્રા કરવી છે ! એવી રીતે સમેતશિખરજીની યાત્રા ન કરી હોય તો મનમાં થાય છે કે જીવનમાં એકવાર સમેતશિખરજીની યાત્રા કરી લઈએ. પણ જેના માટે આ ભેખ લીધો છે તે પરમાનંદની મોક્ષાનંદની યાત્રા માટે ઉમંગ જાગતો નથી ! જોશ ઊઠતો નથી ! ઉત્સાહ પ્રગટતો નથી ! ખરેખર તો આપણી યાત્રા સંયમયાત્રા જ છે.

આજે આપણા સ્વભાવ અંગે થોડી વાતો કરવી છે. સારી વાતો છે. અનુભવની વાતો કરવી છે. તમને ગમશે. એમાં પહેલી વાત છે આપણા હૃદયમાં મૈત્રી, પ્રમોદ, કરુણા ને માધ્યસ્થ્ય – આ ચાર ભાવનાઓને સ્થાન આપવાની. આ ચાર સિવાય કોઈ જ બીજો ભાવ જીવો પ્રત્યે ન આવવો જોઈએ. આ અંગે ઘણી વાતો આપણે કરી છે.

બીજા વાત છે સ્વભાવની. મૈત્રી આદિ ચાર ભાવનાઓ આપણા હૃદયમાં સ્વભાવ સુશોભિત – સુંદર બને. સુંદર વસ્તુ બીજાને ગમે છે. આપણો સ્વભાવ સારો હોય તો આપણે બધાને ગમીએ. આપણે એમ ઇચ્છતા હોઈએ છીએ કે આપણે બધાને ગમીએ, પણ આપણા ધંધા એવા હોય છે કે બીજાને ન ગમીએ.

પ્રશ્ન : આપણું અનાદેય નામકર્મ કે દુર્ભાગ્ય નામકર્મ ઉદયમાં હોય તો બીજાઓને ન ગમીએ ને ?

ઉત્તર : નવાં અપયશ – આનાદેય નામકર્મ બાંધવાનું તો બંધ કરીએ. જે કર્મો ઉદયમાં આવે તે સમતાથી ભોગવીને ખતમ કરો. એટલે **પહેલી વાત મારે કહેવી છે સ્વભાવને સહનશીલ બનાવવાની !** થોડાં કષ્ટ સહન કરતાં આવડી જાય તો આપણું જીવનનું ગાડું ચીલે ચીલે ચાલીને મુકામે પહોંચી જાય.

* ગુરુમહારાજનાં બે કઠોર વચન ક્યારેક શાન્તિથી સાંભળી લેવાનાં
* આપણી સાથે રહેલા સાધુઓનું, આપણને ન ગમતું વર્તન ક્યારેક સહન કરી લેવાનું.
* શ્રાવક-શ્રાવિકા તરફથી ક્યારેક આપણી કોઈ આવશ્યકતા પૂરી ન થાય તો સહન કરી લેવાનું. એમના તરફથી આપણને ન ગમે તેવો ઉત્તર મળે તો સહન કરી લેવાનું.

સ્વભાવમાં પહેલી વિશેષતા જોઈએ આ સહનશીલતાની !

સ્વભાવની બીજી વિશેષતા જોઈએ ઉદારતાની

* આપણી પાસે કોઈ સારી વસ્તુ છે. કોઈને ગમી જાય છે, પ્રશંસા કરે છે, તેને એ વસ્તુ માગવી ન પડે, આપણે આપી દેવાની ! એ માગે એ પહેલાં આપી દેવાની ! પછી એ પાતરું હોય, પારકર પેન હોય, સુંદર લેટર હેડ હોય કે સારું ઘડિયાળ હોય ! આપી દેવાનું.
* કોઈ બીમાર છે, વૃદ્ધ છે, બાળમુનિ છે, એમને સારી જગાએ બેસવું છે, પણ બધી જગા ભરાઈ ગઈ છે. ત્યારે એ તમને વિનંતી કરે કે 'મહારાજ સાહેબ, મને બેસવા થોડી જગા આપો

ને !' તો તરત જ કહેવાનું 'આવો મહારાજ, આપણે સાંકડ-માંકડ બેસીશું.' આ જગા આપવાની ઉદારતા જોઈએ. શ્રાવકો જો પોતાના બંગલા આપણા માટે ખોલી આપે છે, તો આપણા સાધુભાઈને બેસવાની બે ફૂટ જગાના આપી શકીએ ? જગા આપણી નથી હોતી. કોઈએ આપેલી હોય છે ! તો પછી આપવામાં ઉદારતા કેમ ન રાખવી ?

* બીજી એક મહત્ત્વપૂર્ણ ઉદારતા જોઈએ છે - બીજાની ભૂલોને ક્ષમા કરવાની ઉદારતા !
* કોઈ સાધુનો ભૂલથી આપણા આસન પર પગ પડી ગયો.
* કોઈના અનુપયોગથી આપણાં કપડાં પર ડાઘ પડી ગયો.
* કોઈ સાધુના હાથે આપણી કોઈ વસ્તુ તૂટી-ફૂટી ગઈ.

આપણે હસીને એમના અપરાધને માફ કરી દેવાના. કહેવાનું કે 'આપનાં પગલાં મારાં આસન પર ક્યાંથી ! ચિંતા ન કરશો. મને ખરાબ નથી લાગ્યું.' એમ ન કહેવાય કે 'ભાન- બાન છે કે નહીં ? મારા આસનને બગાડ્યું...' આક્રોશ નહીં કરવાનો. ગુના માફ કરવાના. અલબત્ત બીજાના ગુના માફ કરવા એ સહેલી વાત નથી. હા, આપણી એવી અપેક્ષા હોય છે ખરી કે આપણી ભૂલ બીજા માફ કરે. આપણે ભૂલોને માફ કરવાની ઉદારતા કેળવીએ તો બીજાઓને પ્રિય બનીએ અને કષાયથી બચીએ !

સ્વભાવની ત્રીજી વિશેષતા જોઈએ ગંભીરતાની

* બીજાં સાધુ-સાધ્વીની તમે રહસ્યભૂત વાતો જાણતા હો, તે વાતો તમારા પેટમાં રહેવી જોઈએ. જીભ પર આવવી ન જોઈએ. બીજાની ભૂલો, ક્ષતિઓ જાહેર કરવાની 'મોનોપોલી' લેવી ન જોઈએ.
* જે બહુ બોલ-બોલ કરે છે તે ગંભીર રહી શકે નહીં, પરંતુ એવાં

સાધુ-સાધ્વી હોય છે કે એમને બોલ્યા વિના ચેન ન પડે ! જરા નવરાં પડ્યાં કે કોઈ સરખા સ્વભાવવાળા પાસે જઈને બેસવાના અને વાતો કરવાના ! 'કેમ, તમે કંઈ સાંભળ્યું ? પેલા સાધુ મહારાજની પોલ ખૂલી ગઈ...' સાચું પણ બધું બોલવાનું નથી. ગંભીર બનવું બહુ જરૂરી છે. શું તમારી કોઈ ગુપ્ત વાત... કોઈ ગંભીર ભૂલ, જાહેર ન થાય તેવું નથી ઇચ્છતાં ? તો પછી તમને બીજાની ગુપ્ત વાત પ્રગટ કરવાનો અધિકાર નથી.

જે સાધુ-સાધ્વીનો સ્વભાવ ગંભીર હોય છે તેઓ વિશ્વસનીય બને છે, શ્રદ્ધેય બને છે. તેમની મોટાઈ શોભે છે.

સ્વભાવની ચોથી વિશેષતા જોઈએ પ્રેમાળતાની

બીજાં સાધુ-સાધ્વી સાથે તમારો વ્યવહાર પ્રેમભર્યો જોઈએ.

* પહેલાં તો, જે નવાં દીક્ષિત હોય તેમને તમારે ભરપૂર વાત્સલ્ય આપવું જોઈએ. આ ઘણી મહત્ત્વની વાત છે. તમને ઘણા શિષ્યો-શિષ્યાઓ જોઈએ છે ને ? તો તમે તમારા હૃદયમાંથી વાત્સલ્યનું ઝરણું વહેતું રાખો. જે વ્યક્તિ માતા-પિતા, ભાઈ-બહેન, સગાં-મિત્રો... બધાને છોડીને તમારા ચરણે ને શરણે આવે છે તેને તમારું વાત્સલ્ય મળવું જ જોઈએ. એને સંરક્ષણ મળવું જોઈએ. એને તમારી હૂંફ મળવી જોઈએ.

તમારી આંખોમાંથી કૃપાની વૃષ્ટિ થતી રહે...
તમારી વાણીમાંથી સમતા વરસતી રહે !

બસ, પછી તમે એમનું ઘડતર કરો. એમને ભણાવો. એમને સંયમજીવન જીવતાં શીખવાડો. એમને માર્ગદર્શન આપતા રહો.

સભામાંથી : ગુરુમહારાજને શિષ્યોને ભણાવવાનો સમય ન મળતો હોય તો ?

ઉત્તર : તો એમણે શિષ્યો ન બનાવવા જોઈએ. શું તમે નથી જાણતા આપણા ગુરુદેવ આપણને નહોતા ભણાવતા ? આપણા દાદા ગુરુદેવ આપણને ભણાવતા હતા. ત્રણસો-ત્રણસો શિષ્યોના ગુરુ હતા ! એમની પાસે ત્રણ-ત્રણ કલાક અમે આગમોની વાચના લીધી હતી ! અને આપણા ગુરુદેવ ભુવન ભાનુસૂરીશ્વરજી મહારાજા ! કેવા મહાન શાસનપ્રભાવક હતા ? મુક્તાવલિ, દિનકરી, વ્યાપ્તિપંચક અને સમ્મતિતર્ક જેવા ન્યાયના ગ્રંથો તેઓ ભણાવતા હતા. ગુરુ ભણાવે ને પંડિત ભણાવે, એમાં ઘણો ફરક પડે. આસમાન-જમીનનો ફરક પડે.

સાધુઓની ભણાવવાની એમની કેવી તમન્ના હતી ! અમદાવાદમાં વિ. સં. ૨૦૧૩ના ચાતુર્માસમાં વ્યાખ્યાનમાં ભગવતી સૂત્ર વાંચતા હતા અને વ્યાખ્યાન પછી તરત જ અમને ૮-૧૦ સાધુઓને 'સમ્મતિતર્ક' ગ્રંથ ભણાવતા હતા. થાકવાની વાત નહીં, આરામની વાત નહીં. અગિયાર વાગી જાય. અમારે ગોચરી લેવા જવાનું હોય, તો કહે ગોચરી મણિપ્રભ વિજયજી લઈ આવશે. આપણે પાઠ ચાલુ રાખીએ !'

હા, મણિપ્રભવિજયજી અમારા ગુરુભાઈ ને તપસ્વી મહાત્મા હતા. સેવા કરવામાં ખડે પગે તૈયાર. ત્રણ વખત ગોચરી લઈ આવે. જરાય કંટાળો નહીં. સમુદાયની ભક્તિ કરવાનો આનંદ વ્યક્ત કરે. વળી પૂરા નિઃસ્પૃહ અને મેલાઘેલા ! મહિને-બે મહિને એમનો કાપ નીકળે ! એ તો વળી અમે એમને પૂછ્યા વિના એમનાં કપડાં સાબુના ફીણમાં નાખી દઈએ. ઝઘડો કરે ! એમની સાથે ઝઘડવાની પણ મજા આવતી. દીક્ષા લીધી ત્યારે આખા દિવસમાં અડધી ગાથા યાદ થતી હતી, પરંતુ ગુરુદેવોની કૃપાથી અને એમની સેવાભક્તિથી જ્ઞાનાવરણનો ક્ષયોપશમ સારો થયો. તેમણે સંસ્કૃતની બે બુક કરી હતી ને 'ધન્ય ચરિત્ર' વાંચતા થઈ ગયા હતા! પછી તો એક જુદું ચાતુર્માસ કરાવેલું... ત્યાં પ્રાયઃ એ વ્યાખ્યાન આપતા હતા !

અમારા ગુરુદેવે અમને સાધુઓને ન્યાયના ગ્રંથો તો ભણાવ્યા હતા,

સાથે સાથે હરિભદ્રસૂરિજીના, યશોવિજયજીના અને ૭૦૦ ઓઘનિર્યુક્તિ, યતિદિનચર્યા, ઉપદેશમાળા જેવા અનેક ગ્રંથોની વાચના આપી હતી. 'મારા સાધુઓ જ્ઞાની બનવા જોઈએ. તપસ્વી ને ત્યાગી બનવા જોઈએ...' આવી એમની ભાવના રહેતી હતી. નિરંતર આ માટે તેઓ પ્રેરણા આપતા રહેતા હતા.

એવી જ રીતે અમારા દાદા ગુરુદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા વૃદ્ધાવસ્થામાં પણ અપ્રમત્તભાવે સાધુઓને ભણાવતા હતા. વિ. સં.૨૦૧૪માં અમને સાત સાધુઓને રોજ ત્રણ કલાક 'બૃહત્કલ્પસૂત્ર' વંચાવતા હતા. ૪૨ હજાર શ્લોકપ્રમાણ આ ગ્રંથ તેમણે સંપૂર્ણ ભણાવ્યો હતો, બીજા બીજા સાધુઓને કમ્મપયડી, કર્મગ્રંથ... ઇત્યાદિ ગ્રંથોનું પણ અધ્યયન કરાવતા હતા. ખૂબ જ પ્રેમથી ને વાત્સલ્યથી અધ્યયન કરાવતા.

સ્વભાવની ચાર વાતો કરી :

૧. સ્વભાવ સહનશીલ જોઈએ.

૨. સ્વભાવ ઉદાર જોઈએ.

૩. સ્વભાવ ગંભીર જોઈએ.

૪. સ્વભાવ પ્રેમાળ જોઈએ.

હવે વાત કરવી છે સમભાવની ! સમતાની ! આપણે આપણા આ જીવનમાં એવો સમતાભાવ કેળવવાનો છે કે અંતિમ સમયે આપણને સહજ રીતે સમતાભાવ પ્રાપ્ત થાય. ગમે તેવા દર્દમાં પણ આપણી સમતા-સમાધિ બરાબર રહે ! જેના હૃદયમાં મૈત્રી આદિ ચાર ભાવના રમતી હોય છે અને સમતાભાવ રહેલો હોય છે, એનાથી કર્મો દૂર ભાગે છે ! આ 'સમતાભાવ'ને મેળવવા અને ટકાવવા માટે ત્રણ સાવધાની રાખવાની છે.

૧. વાદ-વિવાદ ન કરો.

૨. પ્રતિવાદ ન કરો.

૩. ઉન્માદ ન જોઈએ.

નાની નાની અર્થ વિનાની વાતોમાં વાદ-વિવાદ કરનાર શિષ્યો ગુરુને હેરાન કરતા હોય છે. એવા ગૃહસ્થો સાધુઓને પરેશાન કરતા હોય છે. એક સમુદાયના એક મારા પરિચિત આચાર્ય મહારાજને એક શિષ્ય એવો મળ્યો હતો. દરેક વાતમાં વાદ-વિવાદ કરવા માંડે. મેં પણ એને આ ટેવ છોડવા સમજાવેલો, પણ ન સમજ્યો. એના એક ગુરુભાઈને પણ હેરાન કરે. ભણવા ન દે. છેવટે એ સાધુને ભણવા માટે બીજા સમુદાયમાં ગોઠવ્યા. આજે તો એ આચાર્ય મહારાજ નથી, કાળધર્મ થઈ ગયો છે. પણ તેઓના પ્રેમાળ સ્વભાવને ભુલાય નહીં. એમના પેલા માથાફરેલ શિષ્યને પણ ભુલાય નહીં. વાદ-વિવાદથી વાત બગડે છે, સંબંધો પણ બગડે છે. કોઈ સારું પરિણામ આવતું નથી.

આ વાદ-વિવાદ ને ચર્ચાઓ મોટા ભાગે નવરા સાધુઓ કરતા હોય છે. આજે જ સવારે ગચ્છાધિપતિજીએ મને કહ્યું કે 'બધા સાધુઓને કોઈ ને કોઈ કામ સોંપતા જજો. કોઈ નવરા ન રહે. બહુ અગત્યની વાત છે. 'નવરો બેઠો નખ્ખોદ વાળે' કહેવત છે ને !

નવરાશના સમયના ઘણા સદુપયોગ કરી શકાય. એમાં એક ઉપાય છે શાસ્ત્રો લખવાનો ! સારા સુંદર કાગળ પર સુંદર અક્ષરોમાં શાસ્ત્રો લખવાનાં. હા, સાધ્વીજી પણ લખી શકે ! લખવાના કાગળની બોર્ડરો પણ સારી બનાવી શકાય. ચિત્રકામ પણ થઈ શકે.

* એવી રીતે જે જે ગ્રંથનું તમે અધ્યયન કરો, તે તે ગ્રંથની ટૂંકી નોંધ (શોર્ટ નોટ્સ) કરી શકાય. અમે કરતા હતા. ઘણી નોટ્સ લખી હતી. એ બધી નોટ્સ અત્યારે ખૂબ ઉપયોગી બને છે.

* પછી ક્યારેક ક્યારેક એ નોંધો વાંચી જવાની. એ વાંચી જવાથી તે તે ગ્રંથ ઉપસ્થિત થઈ જશે. બોધ સ્પષ્ટ થશે.

* આપણી કરેલી સારી નોટ્સ બીજાં સાધુ-સાધ્વીજીને પણ અભ્યાસમાં ઉપયોગી બને છે. મેં 'અનુયોગદ્વાર સૂત્ર', 'નંદિસૂત્ર-પ્રસ્તાવના' વગેરેની નોટ્સ કરેલી, તે ઘણાં સાધુ- સાધ્વીજીને ઉપયોગી બની હતી. હમણાં જ એક મુનિરાજને 'બૃહત્કલ્પસૂત્ર પીઠિકા'ની નોટ્સ મોકલી હતી. એમને ઉપયોગી બની.

* નવરાશના સમયમાં સંસ્કૃતમાં જે સરળ ચરિત્રગ્રંથો છે તે વાંચો. ગુજરાતી અનુવાદો વાંચો. 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર' ન વાંચ્યું હોય તો સંપૂર્ણ વાંચી જાઓ, આ ચરિત્રગ્રંથ તો દરેક સાધુ-સાધ્વીએ વાંચવો જ જોઈએ એમાં આપણા ચોવીશે તીર્થંકર ભગવંતોનાં ચરિત્રો છે. એની નોંધ કરી લેવી જોઈએ. તીર્થંકરોના જીવનના વિશિષ્ટ પ્રસંગોની નોંધ પણ કરવી જોઈએ.

ખેર, આ તો નવરાશના સમયના સદુપયોગની થોડી વાતો કરી. આપણી મહત્ત્વપૂર્ણ વાત તો છે વાદ-વિવાદ, તર્ક-કુતર્કથી દૂર રહેવાની, 'જ્ઞાનસાર'માં ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે-

'कुतर्ककर्करक्षेपैस्त्यज्यतां बालचापलम् ।'

'કુતર્ક-કુયુક્તિરૂપ કાંકરા નાખવાની બાલ્યાવસ્થાની ચપળતાનો ત્યાગ કરો.' જમાલિની કથા તમે જાણો છો ને ? ભગવાન મહાવીર દેવ સાથે કેવા કુતર્ક કર્યા હતા ? કેવો વાદ-વિવાદ કર્યો હતો ? કુતર્કના કાંકરા ઉછાળ્યા હતા. અસત્ તત્ત્વનો દૃઢ આગ્રહી બની ગયો હતો. છેવટે એ પ્રભુને છોડીને ચાલ્યો ગયો હતો.

'યુક્તિ'ના માટે 'જ્ઞાનસાર'માં સરસ વાત કહી છે ! યુક્તિ ગાય છે.

મધ્યસ્થ પુરુષનું મન વાછરડું છે ! વાછરડું ગાયની પાછળ દોડે છે. જ્યારે દુરાગ્રહી પુરુષનું મન વાંદરા જેવું હોય છે. એ ગાયના પૂંછડાને પકડીને ખેંચે છે !

હારિભદ્રી અષ્ટકમાં કહ્યું છે -

आग्रही बत निनीषति युक्तिं तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेनि निवेशषम् ।।

'આગ્રહી પુરુષનું એ લક્ષણ હોય છે કે જ્યાં એની મતિ હોય છે ત્યાં યુક્તિને લઈ જાય છે. પક્ષપાતરહિત પુરુષ જ્યાં યુક્તિ હોય ત્યાં મતિને લઈ જાય છે.'

યથાર્થ વસ્તુસ્વરૂપનો બોધ કરવા માટે યુક્તિનો સહારો લેવો જોઈએ અને યુક્તિને યથાર્થરૂપે સમજવા યુક્તિની પરિભાષાને પણ સમજવી જોઈએ. અન્યથા મિથ્યા ભ્રમણાઓમાં ભ્રમિત બની જવાય. શિવભૂતિની એ જ દશા થઈ હતી ને ? રથવીરપુર નગરમાં આચાર્યશ્રી આર્યકૃષ્ણનો શિષ્ય શિવભૂતિ, 'જિનકલ્પ'ના શાસ્ત્રીય વિવેચનને પોતાની મતિકલ્પના તરફ ખેંચી ગયો. ગુરુદેવ આર્યકૃષ્ણે અનેક યુક્તિઓ આપી કે જે યથાર્થ હતી, પરંતુ શિવભૂતિના મન-માંકડાએ એ યુક્તિરૂપ ગાયના પૂંછડાને પકડી પોતાના તરફ ખેંચવા પ્રયત્ન કર્યો. વસ્ત્ર ત્યજી દીધાં. નગ્ન બનીને નીકળી પડ્યા. બસ, પછી તો જેટલા તર્ક મળ્યા, તેનાથી પોતાના મતને એકાંગી બનીને સિદ્ધ કરવા લાગ્યા. તેમણે ન કર્યો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનો વિચાર, તેમણે ન કર્યો ઉત્સર્ગ-અપવાદનો વિચાર, તેમણે ન કર્યો સાપેક્ષવાદનો વિચાર ! તેમના એકાંગી આગ્રહે તેમને યથાર્થ વસ્તુસ્વરૂપના બોધથી વંચિત રાખ્યા. માટે, વાદ-વિવાદથી દૂર રહેવાનું છે.

બીજી વાત છે પ્રતિવાદની. કેટલાકને ટેવ હોય છે દરેક વાતનો પ્રતિવાદ

કરવાની. દરેક વાતમાં પોતાનો જ કક્કો ખરો કરવાની આદત. દરેક વાતનો જવાબ તૈયાર. આ વૃત્તિ-પ્રવૃત્તિ સમતાભાવની ઘાતક છે. દરેક વાતનો પ્રતિવાદ ન કરો. દરેક વાતના જવાબ આપવાના ન હોય. એમાં ઉગ્રતા આવે ત્યારે કલહ પેદા થાય. ઉન્માદ પેદા થાય.

ત્રીજી વાત છે ઉન્માદની. દુરાગ્રહી ઉન્માદી બનવાનો જ. ઉન્માદમાં સાધુનું સર્વતોમુખી પતન થાય છે. ઉદાસીન પરિણામનું લક્ષ ભુલાઈ જાય છે. સમત્વ ટકતું નથી. સાધુજીવન હારી જવાય છે. માટે બધી આળપંપાળ છોડીને સમભાવની સાધના કરી લો. તેમાંથી જ પરમાનન્દની પ્રાપ્તિ થશે.

આજ બસ, આટલું જ -

વાચના અઢારમી

વ્યાખ્યાન કેવી રીતે આપશો ?

'जिह्वायाः अग्रे मधु मे जिह्वामूले मधूलकम् ।'

મારી જીભના અગ્રભાગે મધુરતા રહો. મારી જીભના મૂળ ભાગમાં મધુરતા રહો.

- અથર્વવેદ

'ययास्थ वाचा पर उद्विजेत
न नां वदेद् रुशत्ति पापलोक्याम् ॥'

જે કહેવાથી બીજાઓને ઉદ્વેગ થતો હોય, તે રુક્ષતાભરી વાત પાપીજનોના લોકમાં લઈ જનારી હોય છે. માટે એવી વાત ક્યારે પણ ન બોલો.

'हितं मनोहारि च दुर्लभं वचः ।'

હિતકારી અને મનોરમ વાત દુર્લભ હોય છે.

- ભારવિ

શ્રી જિનાગમોમાં 'તીર્થ' શબ્દની બે પરિભાષા આપવામાં આવી છે.

૧. 'चाउवण्णो संघो तित्थं ।' દ્વાદશાંગી (બાર અંગ) તીર્થ છે.

૨. 'द्वादशांगी तित्थं ।' દ્વાદશાંગી [બાર અંગ] તીર્થ છે.

'તીર્થ'ને ધર્મશાસન કહેવામાં આવ્યું છે. તીર્થંકરો ધર્મશાસનની સ્થાપના શા માટે કરે છે, તે આપણે જાણીએ છીએ. સંસારના સર્વે જીવો પરમ સુખ પામે, મુક્તિ પામે તે માટે ધર્મશાસનની સ્થાપના કરે. એટલે કે સર્વ જીવોના ઉદ્ધારની ઉદાત્ત ભાવના, ધર્મશાસનની સ્થાપનામાં સમાયેલી છે.

દ્વાદશાંગીરૂપ ધર્મશાસનની આજે થોડી વિચારણા કરવી છે. વર્તમાનકાળે ૧૨ અંગ-સૂત્રોમાં બારમું સૂત્ર 'દૃષ્ટિવાદ' ઉપલબ્ધ નથી, લુપ્ત થઈ ગયેલું છે. એ સિવાયનાં ૧૧ અંગ-સૂત્રો મળે છે. એની સાથે સાથે ૧૨ ઉપાંગ-સૂત્ર, ૬ છેદ-સૂત્રો, ૪ મૂળ સૂત્રો અને ૧૦ પયન્ના-સૂત્રો પણ મળે છે. આ રીતે ૪૫ આગમ-સૂત્રો કહેવાય છે. [નંદિસૂત્ર અને અનુયોગ દ્વાર-સૂત્ર - એ બે જુદાં ગણ્યાં છે.]

આ આગમગ્રંથોમાં જિનવચનો સંઘરાયેલાં છે. એને અનુસરીને મહાન આચાર્યોએ અન્ય ગ્રંથોનું સર્જન કરેલું છે. એમાં મુખ્ય શ્રી સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિજી, જિનભદ્રગણી, હેમચન્દ્રસૂરિજી, દેવેન્દ્રસૂરિજી, અભયદેવસૂરિજી... ઉપાધ્યાયશ્રી યશોવિજયજી, વિનયવિજયજી આદિ અનેક મહાન પ્રજ્ઞાવંત મહાપુરુષોનો સમાવેશ થાય છે. આગમ-ગ્રંથો બધા જ પ્રાકૃત ભાષામાં છે. એના પર જે ટીકા ને ભાષ્ય લખાયાં છે તે સંસ્કૃતમાં છે. આચાર્યોએ મોટાભાગે સંસ્કૃત ભાષામાં ગ્રંથોની રચના કરેલી છે.

આપણી શ્રદ્ધા જિનવચનો પર છે. આપણે જિનવચનનોની ઉપાદેયતા

સ્વીકારેલી છે. આપણે જિનવચનોનું શરણ સ્વીકારેલું છે. ભવસાગર તરવા માટે આ એક અપૂર્વ આલંબન છે.

આપણે તો જિનવચન પામ્યા છીએ. પણ એ જિનવચનો, સંસારના જીવો પામે, તેમને જિનવચનો પમાડવાં તે આપણું કર્તવ્ય બને છે.

બીજા જીવાત્માઓને જિનવચન પમાડવાનો ઉપાય છે વ્યાખ્યાન-પ્રવચન. બીજા મનુષ્યોના હૃદય સુધી જિનવચન પહોંચાડવાનાં છે. મનુષ્યો જિનવચનો પર શ્રદ્ધાવાન બને... એમને ગમી જાય જિનવચન અને તેઓ પોતાના જીવનમાં એ જિનવચનોને ઉતારવા પ્રયત્ન કરે. એવો એક માનવ-સ્વભાવ છે કે એને જે ગમે, તે કરવા તત્પર બને.

તમે વ્યાખ્યાન એવું આપો કે સાંભળનારાઓને જિનવચનો ગમી જાય ! વિશેષ કરીને ચાતુર્માસ-કાળમાં રોજ નિયમિત વ્યાખ્યાન આપવાની આપણે ત્યાં પદ્ધતિ છે. એ સિવાયના કાળમાં પણ વ્યાખ્યાનો અવારનવાર અપાતાં હોય છે. જાહેર પ્રવચનો અપાય છે. તેમાં જૈનો ઉપરાંત જૈનેતરો પણ સાંભળવા આવે છે.

જોકે આપણે ત્યાં જૈનસંઘમાં એવી કોઈ તાલીમ આપનારી સંસ્થા કે એકેડેમી નથી કે જ્યાં વક્તાઓ તૈયાર થતા હોય, વ્યાખ્યાન આપવાની વ્યવસ્થિત તાલીમ અપાતી હોય. સારા વક્તાઓનાં વ્યાખ્યાનો સાંભળી સાંભળી, એનું અનુકરણ મોટાભાગે કરવામાં આવે છે. અનુકરણ કરવામાં કેટલીક ભૂલો થઈ જતી હોય છે !

એક નવા વક્તા મુનિરાજ એક નાના શહેરમાં મળી ગયા. મેં તેમને જ વ્યાખ્યાન આપવા કહ્યું. અમારા જ સમુદાયના હતા, અમારા ગુરુદેવના પરિવારના હતા. શ્રોતાઓની સંખ્યા સો-સવાસો માણસોની હશે. ઉપાશ્રયનો હૉલ મોટો હતો. તેમણે મોટા અવાજે વ્યાખ્યાન આપવા માંડ્યું. બહુ જોરશોરથી બોલવા લાગ્યા. વ્યાખ્યાન પૂરું થયા પછી એ મારી પાસે આવ્યા.

મેં એમને કહ્યું - તમે એક હજાર માણસ સાંભળી શકે, એટલા મોટા અવાજે બોલતા હતા. માણસ તો સો-સવાસો જ હતું !' તેમણે કહ્યું : મને મોટા અવાજે જ વ્યાખ્યાન આપવાની ટેવ પડી ગઈ છે... ફલાણા મ. સા. ... એ રીતે જ બોલે છે...' આ હતું અનુકરણ ! વાસ્તવમાં જેવડી સભા હોય, અવાજ એ પ્રમાણે નાનો-મોટો રાખવાનો હોય.

ઉપદેશ-પદ્ધતિ ઉપર પ્રાચીન ગ્રંથો લખાયેલા છે. વક્તૃત્વના વિષયમાં વર્તમાનકાળે પણ વિદ્વાનોએ માર્ગદર્શન આપેલું છે. આજે મારે આ વિષયમાં કેટલીક વાતો કરવી છે. કારણ કે હવે જુદા જુદા ગામ-નગરોના સંઘો ચોમાસાની જય બોલાવવા આવશે.

કેટલાક મુનિરાજો તો વર્ષોથી વ્યાખ્યાન આપે છે. તેઓ વિદ્વાન અને અનુભવી છે. એમને મારે કંઈ શીખવવાની જરૂર નથી. પરંતુ જેઓ નવોદિત છે તેમને થોડું માર્ગદર્શન આપવું છે. તેઓ જિનવચનોને શ્રોતાઓના હૃદય સુધી પહોંચાડી શકે.

પહેલી વાત તો એ છે કે જે કોઈ મનુષ્ય સાંભળવા આવે છે, પછી એ જૈન હો કે જૈનેતર હો, કોઈપણ હો, તે જૈન સાધુ પાસે આવે છે ! આપણે ભગવાન મહાવીરસ્વામીના ધર્મશાસનમાં છીએ. લોકો આ જાણે છે. આપણી પાસેથી તેમની કેવી અપેક્ષાઓ હોય, એનો વિચાર કરવો જોઈએ.

જે કોઈ આપણી પાસે આવે, તેના પ્રત્યે આપણા હૃદયમાં ભાવકરુણા જોઈએ. આપણી પાસે જે આવે તેને આંતરિક શાન્તિ મળે, એનું અશાન્ત-ઉદ્વિગ્ન મન પ્રશાન્ત ને પ્રસન્ન બને, આવી ભાવકરુણા રાખવાની છે. સંસાર આધિ-વ્યાધિ ને ઉપાધિથી ભરેલો છે. દરેક જીવો પર કર્મોના સિતમ ગુજરતા હોય છે. તેથી દુનિયા દુઃખી છે. લોકો એમ માને છે કે પૈસાવાળા સુખી હોય છે. ના, સુખ-દુઃખનો આધાર પૈસા નથી. પૈસાવાળો સુખી નથી હોતો, પૈસા પ્રત્યે ઉદાસીન, નિઃસ્પૃહ, અનાસક્ત સુખી હોય છે. આપણે તો શ્રીમંત હોય કે ગરીબ હોય, એમના પ્રત્યે ભાવકરુણા જ

રાખવાની છે. એમની પાસેથી કોઈ અપેક્ષા રાખ્યા વિના એમના આત્માની ઉન્નતિ જ ઇચ્છવાની છે.

બીજી મહત્ત્વની વાત છે વ્યાખ્યાનમાં ગ્રંથવાંચનની પસંદગીની. ચાતુર્માસમાં કોઈ એક-બે ગ્રંથ પર વ્યાખ્યાન આપવાનાં હોય છે. એક ઉપદેશ-ગ્રંથ હોય, બીજો કથા-ગ્રંથ હોય. અત્યારે વ્યાખ્યાનનો સમય ઓછો રહેવાથી મોટાભાગે એક ગ્રંથ જ વાંચવમાં આવે છે. શ્રોતાઓની બૌદ્ધિક યોગ્યતા જોઈને, તેમનો ધાર્મિક-આધ્યાત્મિક વિકાસ જોઈને ગ્રંથની પસંદગી કરવી જોઈએ.

જે ગામ-નગરમાં દર વર્ષે સાધુ-મુનિરાજનાં ચાતુર્માસ થતાં હોય, ત્યાં એ જાણવું જોઈએ કે તમારા પૂર્વે આવેલા સાધુઓએ કયા કયા ગ્રંથો પર વ્યાખ્યાન આપેલાં છે. ગૃહસ્થવર્ગમાં માર્ગાનુસારિતાના ૩૫ ગુણો હોવા પહેલાં જરૂરી છે. તે પછી વ્રત-નિયમો આવશ્યક હોય છે. નવ તત્ત્વોનું જ્ઞાન હોવું પણ જરૂરી હોય છે. ગુણસ્થાનકોની સમજણ હોવી પણ આવશ્યક છે.

હવે તમને વક્તાની ૧૪ વિશેષતાઓ અંગે વાત કરીશ.

वाग्मी व्यास-समासवित् प्रियकथः
प्रस्तावृवित् सत्यवाक् ।
संदेहच्छिद-शेष शास्त्रनिपुणो
नाख्याऽतिव्याक्षेप कृत् ।।
अव्यंगो जनरंजको जितसमो
नाहंकृतो धार्मिकः ।
संतोषी च इमे चतुर्दशगुणा
वक्तुः प्रणीता स्तथा ।।

૧. વક્તામાં પહેલી વિશેષતા જોઈએ વચનશક્તિની :

વચનશક્તિનું પ્રેરક બળ હોય છે 'આદેય-નામકર્મ.' આ કર્મ તમારી વાણીમાં એવો પ્રભાવ પૂરે કે તમારી વાણી શ્રોતાઓ ઝીલી લે ! તમે જે કહો

તે શ્રોતાઓ સ્વીકારી લે. વ્યાખ્યાનનું પ્રયોજન પણ એ જ હોય છે ને ! જિનવચનો શ્રોતાઓના દિલ-દિમાગમાં ઊતરે. વચનશક્તિમાં બીજી મહત્ત્વની વાત છે તમારા શબ્દો અને વાક્યરચનાઓ. તમારી પાસે શબ્દોનો ભંડાર જોઈએ. વાક્યરચનાની કરામત જોઈએ. એથી શ્રોતાઓ પ્રભાવિત થતા હોય છે. અલબત્ શ્રોતાઓ અલ્પજ્ઞ હોય તો સરળ-સાદા શબ્દોમાં બોલવું જોઈએ. શ્રોતાઓ બુદ્ધિમંત હોય તો સાહિત્યની ભાષામાં બોલી શકાય ! તમારી વાણી શક્તિશાળી હોવી જોઈએ, શ્રોતાઓના અંતઃકરણને સ્પર્શી શકે.

૨. બીજી વિશેષતા જોઈએ વિષયનો વિસ્તાર કરવાની આવડત અને વિષયનો સંક્ષેપ કરવાની આવડત :

દા.ત. તમે સાત નયનું સ્વરૂપ સમજાવો છો. તમારે વિસ્તારથી એક-એક નયને સમજાવવો જોઈએ. એટલો વિસ્તાર કરવો જોઈએ કે શ્રોતાઓ નયોના સ્વરૂપને સમજી શકે. પરંતુ તમે કોઈ કથા કહો છો, કથામાં રાજમહેલનું, એના ઉદ્યાનનું, એના કિલ્લાનું વગેરેનું વર્ણન એટલું લાંબું ન કરાય કે સાંભળનારને કંટાળો આવે. વાર્તામાં પ્રસંગો ને ઘટનાઓમાં શ્રોતાઓને રસ હોય છે. તમે એક પછી એક પ્રસંગો કહેતા જાઓ... ઘટનાઓનું વર્ણન કરતા જાઓ, શ્રોતાઓ કથાના પ્રવાહમાં તણાતા જશે. કહેવાનું તાત્પર્ય એ છે કે કઈ વાતનો વિસ્તાર કરવાની શ્રોતાઓને ગમશે ને કઈ વાત સંક્ષેપમાં કહેવાથી ગમશે - તેનો ખ્યાલ વક્તાને હોવો જોઈએ.

આપણે ત્યાં એક એવા પ્રસિદ્ધ વક્તા મુનિરાજ છે કે જેમને સેક્સી વાતનો વિસ્તાર કરવાની ટેવ છે. કામકથા વિસ્તારથી કરે છે... ભલે પછી એમાં એ સ્ત્રીઓની નિંદા કરતા હોય કે વર્તમાનકાલીન T.V. વગેરેની નિંદા કરતા હોય... પણ આવી વાતોનો વિસ્તાર, જ્યાં મોટો વર્ગ શ્રાવિકાઓનો બેઠો હોય, સાધ્વીજી બેઠાં હોય ત્યાં ન કરાય. ગૃહસ્થના બેડરૂમની ગુપ્ત વાતો આપણાથી જાહેરમાં નિંદાના રૂપે પણ ન કરાય.

એક મનોવૈજ્ઞાનિક ડૉક્ટર એ મુનિરાજનું વ્યાખ્યાન સાંભળવા ગયેલા. સાંભળીને તેમણે કૉમેન્ટ કરેલી કે મહારાજ સાહેબનું માનસ સેક્સી વૃત્તિઓથી વિકૃત લાગે છે !

ઠીક છે, તમે મૈથુન સંજ્ઞાની અનર્થકારિતા સમજાવો, પરંતુ એનો વિસ્તાર ન કરાય. સંક્ષેપમાં કહેવાય. એવી રીતે કોઈ કથા છે. સ્થૂલભદ્રજી ને કોશાના પ્રેમસંબંધની વાત હોય... તમારે એનો વિસ્તાર ન કરાય. સંક્ષેપમાં કહેવું જોઈએ.

એવી જ રીતે તત્ત્વજ્ઞાનની વાતો એટલી લાંબી ન કરવી જોઈએ કે તમારું વક્તવ્ય નિરસ બની જાય, શ્રોતાઓના મુખ પર કંટાળો આવી જાય. લોકો બગાસાં ખાવા લાગી જાય ! એક મુનિરાજ જોકે નવા નવા વક્તા હતા, પ્રવચનમાં જીવોના ૫૬૩ ભેદોનું વર્ણન કરવા લાગ્યા... અડધા કલાકમાં લોકો કંટાળી ગયા... વ્યાખ્યાન દોઢ કલાક ચલાવ્યું ! પૂરું થયું ત્યારે માત્ર બે શ્રાવકોને ૧૦ શ્રાવિકાઓ બેઠેલી હતી ! બીજા લોકો ચાલ્યા ગયા હતા ચાલુ વ્યાખ્યાનમાંથી !

એટલે વક્તાએ આ વાતનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ કે કયા વિષયનો વિસ્તાર કરવો, કયા વિષયનો સંક્ષેપ કરવો.

૩. વક્તાની ત્રીજી વિશેષતા છે પ્રિયભાષિતાની :

આમેય આપણે સાધુ-સાધ્વીએ પ્રિય, પથ્ય અને સત્ય બોલવાનું છે. વ્યાખ્યાનની ભાષા એવી મધુર જોઈએ કે શ્રોતાઓના કાનને તો ગમે, મનને પણ ગમી જાય.

'श्रोतृजन श्रोत्रमनः प्रसादजननीं यथा जननीम् ।'

પુત્રવત્સલ માતાનાં વચન જેમ સંતાનોને ગમી જાય, તેમ તમારી વાણી શ્રોતાઓનાં કાનને ને મનને ગમી જાય ! પ્રિય લાગે ! રુચિકર લાગે !

આ વાત ઘણી મહત્ત્વની છે. તમે ગંભીરતાથી આ વાત પર વિચાર કરજો, કારણ કે આપણે ત્યાં વર્ષોથી કેટલાક વક્તાઓએ કડવું અપ્રિય બોલવાનું શરૂ કર્યું છે. તેઓ અસભ્ય શબ્દોનો પણ પ્રયોગ કરે છે અને કહે છે - 'સત્ય તો કડવું જ હોય... વાણિયાઓને ફટકારવા જ જોઈએ... એમની ભૂલો બતાવવી જોઈએ...' વગેરે વગેરે. આ બધી વાતો સમજદારીની નથી. મૂર્ખતાભરી વાતો છે ! કઠોર વચન સત્ય હોય તોય અસત્ય બની જાય છે ! અને જે શ્રાવક-શ્રાવિકાઓ પ્રભુના શાસનના આધારસ્તંભ છે તેમને 'વાણિયા' કહીને ઉતારી પાડવા તે ઉદ્ધતાઈ છે. નફ્ફટાઈ છે. જેનું ખાઓ છો, તેમનું ખોદવું તે હલકાઈ છે. ભૂલો પ્રેમથી બાતવી શકાય. ભૂલો બતાવવા ગાળો બોલવાની ના હોય.

એક વાત હંમેશાં યાદ રાખો કે શ્રાવક-શ્રાવિકાઓ જિનશાસનનાં છે. ચતુર્વિધ સંઘમાં છે. એમની આશાતના સાધુ-સાધ્વીએ પણ નથી કરવાની. ભલે એ શ્રાવક-શ્રાવિકાઓમાં સેંકડો દોષો રહેલા હોય ! એમ તો આપણામાં – સાધુ-સાધ્વીમાં ક્યાં અસંખ્ય દોષો નથી ? આપણે પણ અનંત કર્મોથી બંધાયેલા છીએ. આપણે પણ વિશુદ્ધ ચારિત્રના પાલક નથી. બકુશ ને કુશીલનું ચારિત્ર પાળનારા આપણે, શ્રાવક-શ્રાવિકાઓને ખુલ્લી રીતે વ્યાખ્યાનમાં ઉતારી પાડીએ, એ કેટલું અનુચિત છે ? વિચારજો.

જો તમારે જિનવચનો શ્રોતાઓના મનમાં-હૃદયમાં ઉતારવાં છે તો તમારી વાણી મધ જેવી મધુર જોઈશે, સાકર જેવી મીઠી જોઈશે. તમે જાણો છો ને કે સમવસરણમાં પ્રભુની વાણી 'માલકોશ' રાગમાં વહેતી હોય છે ! એમાં દૈવી સંગીતના સૂરો ભળતા હોય છે ! એની મધુરતા આગળ દુનિયાના બધા મધુર પદાર્થો ફિક્કા પડી જતા હોય છે !

ક્યારે પણ આવેશમાં આવી ન જાઓ. આવેશમાં તમે કઠોર-કર્કશ ભાષાનો પ્રયોગ કરવાના. તે ભાષા શ્રોતાઓનાં મનને દૂભવશે. દુભાયેલાં મન જિનવચનોને ગ્રહણ નહીં કરી શકે. માટે વક્તા પ્રિયભાષી જોઈએ.

૪. વક્તાની ચોથી વિશેષતા અવસરજ્ઞતા છે :

વક્તા અવસરને જાણનાર જોઈએ. અવસરમાં બે વાતો આવે છે. એક આવે છે સમયની અને બીજી વાત હોય છે વિશેષ પ્રસંગની. ક્યારેક થોડા સમયમાં જ વ્યાખ્યાન પૂરું કરવાનું હોય. ક્યારેક કોઈ વિશેષ ધર્મપ્રસંગને અનુલક્ષીને વ્યાખ્યાન આપવાનું હોય; જેમ કે –

* પર્યુષણપર્વમાં જ વ્યાખ્યાનો આપવાનાં હોય.
* ઓળીના દિવસોમાં નવપદજી - સિદ્ધચક્રજીને લગતાં વ્યાખ્યાનો કરાય,
* મૌન એકાદશીના દિવસે એનું ખાસ વ્યાખ્યાન આપવાનું હોય છે.
* જ્ઞાનપંચમીના દિવસે એનું વિશિષ્ટ પ્રવચન કરવાનું હોય છે.

એવી રીતે કોઈ મહાપુરુષોના સ્વર્ગારોહણના પ્રસંગે તે મહાપુરુષના ગુણાનુવાદ કરવાના હોય.

ક્યારેક જૈનેતરોની સભામાં બોલવાનું આવે, તો ત્યાં પણ સ્યાદ્વાદ શૈલીમાં એવું પ્રવચન આપવું જોઈએ કે લોકોને જિનશાસન પ્રત્યે પ્રેમ જાગે. જૈનશાસનનું દૃષ્ટિબિંદુ સાચું લાગે ! પછી ગીતા-જયંતી પ્રસંગે બોલો કે સંત તુલસીદાસ અંગે બોલો ! **અવસરને જાણીને બોલો.**

વિશેષમાં, જ્યાં એક ઉપરાંત અનેક વક્તા બોલવાના હોય ત્યાં તમારે સમયની મર્યાદાનું બરાબર પાલન કરવું જોઈએ.

૫. વક્તાની પાંચમી વિશેષતા છે સત્યવાદિતા :

વક્તા સત્યવાદી જોઈએ. જોકે આમેય આપણે તો સાધુ છીએ. અસત્ય નહીં બોલવાનું આપણને મહાવ્રત હોય છે. એટલે વ્યાખ્યાનમાં સાવધાની રાખવાની કે ભૂલથી પણ કોઈ અસત્ય પ્રતિપાદન ન થઈ જાય, કોઈ સાંભળેલી વાત કહેવી હોગ તો કહેવાનું કે મેં આ વાત અમુક વ્યક્તિના મુખે

સાંભળેલી છે. વાંચેલી વાત કહેવી હોય તો કહેવાનું કે મેં અમુક પુસ્તકમાં આ વાત વાંચેલી છે. જે વાત તમને સાચી ન લાગતી હોય તે વાત બને ત્યાં સુધી ન કહેવી. એવી રીતે કટુસત્ય બોલવાનું પણ ટાળવું.

જૈનેતર ગ્રંથોની વાતો કહેવી હોય તો ચોકસાઈપૂર્વક કહેવી. ભલે પછી તમે ભાગવતની વાત કરો કે ઉપનિષદની વાત કરો. કોઈ એમ ન કહે કે 'આ જૈનમુનિએ સાચું પ્રતિપાદન નથી કર્યું. આ વાત આ ગ્રંથમાં નથી.' જરૂર પડે તો તમે તે ગ્રંથમાંથી એ વાત બતાવી શકો.

એવી રીતે, તત્ત્વોના પ્રતિપાદનમાં પણ અસત્ય પ્રતિપાદન થઈ જાય એની કાળજી રાખવાની. 'અસંખ્ય'ના સ્થાને 'અનંત' અને 'અનંત'ના સ્થાને 'અસંખ્ય'ન બોલાઈ જવું જોઈએ. 'સંવર'ના બદલે 'આશ્રવ' અને 'આશ્રવ'ના સ્થાને 'આશ્રમ' ન બોલાઈ જવું જોઈએ.

કોઈ ગૂઢ-ગહન જિનવચન તમને ન સમજાતું હોય, તેથી 'તે અસત્ય છે,' એવું ન બોલવું. 'મને સમજાતું નથી' એમ સ્વીકારવું.

૬. વક્તાની છઠ્ઠી વિશેષતા છે સંદેહનિવારણની :

વક્તા, શ્રોતાઓના સંદેહોનું - શંકાઓનું સમાધાન કરનાર હોય. ચાલુ વ્યાખ્યાનમાં કોઈ પ્રશ્ન પૂછે તો એનો યોગ્ય ઉત્તર તમારે આપવો જોઈએ. તમને ચાલુ વ્યાખ્યાનમાં ઉત્તર આપવાનું ન ફાવતું હોય તો તમે કહી શકો કે વ્યાખ્યાન પૂર્ણ થયા પછી મને મળજો. તમારા પ્રશ્નોના જવાબ આપવા પ્રયત્ન કરીશ. મારા ક્ષયોપશમ અનુસાર તમારા પ્રશ્નોનું સમાધાન કરીશ.'

પ્રશ્નો ત્રણ પ્રકારના હોઈ શકે - ૧. શાસ્ત્રીય, ૨. બૌદ્ધિક, અને ૩. મનોવૈજ્ઞાનિક. શાસ્ત્રીય પ્રશ્નોના જવાબ શાસ્ત્રજ્ઞાનથી આપી શકાય; જેમ કે 'આ વાત આચારાંગસૂત્રમાં કહેવાયેલી છે કે ભગવતી સૂત્રમાં કહેવાયેલી છે.' તમે સ્થાન બતાવી શકો. પાઠ મોઢે હોય તો પાઠ સંભળાવી શકો.

પ્રશ્ન વૈજ્ઞાનિક હોય તો તમારે તર્કથી જવાબ આપવો પડે. એ માટે

ઔત્પાતિકી બુદ્ધિ જોઈએ ! ઈશ્વરકર્તૃત્વ, સૃષ્ટિસર્જન... ઇત્યાદિ વાતોને તમે અકાટ્ય તર્કોથી સમજાવી શકો. ઈશ્વર કેમ સૃષ્ટિનો કર્તા નથી, અને સૃષ્ટિને કેમ અનાદિ માનવી પડે, તે વાત અનેક તર્કોથી સમજાવી શકાય.

પ્રશ્ન પૂછનાર વ્યક્તિ કોણ છે, તે જોવું જોઈએ. પ્રશ્ન જિજ્ઞાસાથી પૂછે છે કે આપણી પરીક્ષા કરવા પૂછે છે, તે સમજીને જવાબ આપવો જોઈએ. કેટલાક ડાહ્યા માણસો પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવા પણ પ્રશ્નો પૂછતા હોય છે, તો કેટલાક માણસો વક્તાને મૂંઝવવા પણ પ્રશ્નો કરતા હોય છે. પ્રશ્નો સાંભળીને ક્યારેય અકળાઈ ન જવું ! ગુસ્સે ન થવું. ઉત્તર ન આપવો હોય તો હસીને વાત ઉડાવી દેવાની ! 'જવાબ પછી તમને ખાનગીમાં આપીશ' એમ કહીને ટાળી દેવાનો પ્રશ્ન !

વ્યાખ્યાનમાં જે વિષય ચાલતો હોય તે વિષયને અનુરૂપ પ્રશ્ન હોય તો જ જવાબ આપવાનો. વિષયને અનુરૂપ પ્રશ્નો ન હોય તો કહી દેવાનું કે 'તમારો પ્રશ્ન વિષયને સંગત નથી.' બને ત્યાં સુધી વ્યાખ્યાનમાં પ્રશ્નોત્તર ટાળવા જોઈએ, નહીંતર વિષયાન્તર થઈ જવાની સંભાવના રહે છે. વિષયપ્રતિપાદનની ધારા તૂટી જતી હોય છે. બીજા શ્રોતાઓને આવા પ્રશ્નોમાં રસ હોતો નથી. તેઓ ઊભા થઈને જતા રહેતા હોય છે.

૭. વક્તાની સાતમી વિશેષતા હોય છે શાસ્ત્રજ્ઞતાની :

વક્તા સ્વ-પર શાસ્ત્રોનો જ્ઞાતા જોઈએ. સ્વદર્શન અને પરદર્શનોનું એને જ્ઞાન જોઈએ. એટલે કે વક્તાએ માત્ર પોતાના ધર્મના જ ગ્રંથોનું જ્ઞાન મેળવીને સંતોષ નથી કરવાનો. એણે ગીતાય વાંચવાની છે ને બાઇબલ તથા કુરાન પણ વાંચી જવાનાં છે. ભાગવત અને ઉપનિષદો પણ વાંચવાં જોઈએ. તે ઉપરાંત વર્તમાનમાં જે તત્ત્વચિંતકો દુનિયામાં પ્રસિદ્ધ હોય ને જેમનાં પુસ્તકો ઘણાં વંચાતાં હોય, તેમને પણ તમારે વાંચવા જોઈએ. શ્રીમદ્ રાજચન્દ્રજીનાં પુસ્તકો અને કાનજીસ્વામીનો મત પણ જાણવો જોઈએ. સ્થાનકવાસી, તેરાપંથી અને દિગંબરોના મત પણ સમજવા જોઈએ.

તુલનાત્મક અધ્યયન કરવું જોઈએ. વક્તા વિદ્વાન જોઈએ. તેની પાસે વિપુલ શાસ્ત્રજ્ઞાન હોવું જોઈએ. એટલે પાટ ઉપર બેસતાં પહેલાં ૪૫ આગમગ્રંથોનું જ્ઞાન તો મેળવી જ લેવું જોઈએ. થોડા હરિભદ્રસૂરિજીના ગ્રંથો, હેમચન્દ્રસૂરિજીના ગ્રંથો ને ઉપાધ્યાય યશોવિજયજીના ગ્રંથો ભણી લેવા જોઈએ. ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર, સમરાદિત્યચરિત્ર, પાંડવ ચરિત્ર, જૈન રામાયણ જેવા ગ્રંથોનું પણ અધ્યયન કરી લેવું જોઈએ. તમે શાસ્ત્રજ્ઞ હશો તો તમારી વાણી પ્રભાવશાળી બનશે. સુગ્રાહ્ય બનશે. તમે જિનવચનોને શ્રોતાઓના હૃદયમાં ઉતારી શકશો.

પરમતનું ખંડન અને સ્વમતનું મંડન તમે પ્રામાણિક રીતે તો જ કરી શકો, જો તમે સ્વ-પર મતનાં શાસ્ત્રોનું તલસ્પર્શી અધ્યયન કર્યું હોય એટલે, શાસ્ત્રોનું અધ્યયન તો કરતા જ રહેવું જોઈએ.

૮. વક્તાની આઠમી વિશેષતા છે વિષયના વર્ણનમાં વિલંબ નહીં કરવાની :

અર્થાત્ જે વિષય પર તમારે વિવેચન કરવું છે તેમાં વિલંબ ન કરવો જોઈએ. એની પ્રસ્તાવના કરવામાં ઝાઝો સમય ન લેવો જોઈએ બીજી વાતોમાં સમય પસાર કરી ન દેવો જોઈએ; જેમ કે હમણાં અમદાવાદમાં એક ઉપાશ્રયમાં એક સ્વર્ગસ્થ આચાર્યદેવની ગુણાનુવાદની સભા હતી, સભામાં ગુજરાત રાજ્યના ત્રણ મંત્રીઓને બોલાવેલા ને અમદાવાદના મેયરને નિમંત્રેલા. ત્રણ કલાકના કાર્યક્રમમાં અઢી કલાક તો મંત્રીઓના સ્વાગત ને એમનાં ભાષણોમાં ગયા. સ્વ. આચાર્યના ગુણાનુવાદ છેલ્લે અડધા કલાકમાં કર્યા, કે જ્યારે અડધા લોકો ઊઠીને ચાલ્યા ગયા હતા ! આવું ન થવું જોઈએ. ગુણાનુવાદનો કાર્યક્રમ જ મુખ્ય રહેવો જોઈએ.

એવી રીતે, વિષય હોય આત્માના શુદ્ધ સ્વરૂપનો અને તમે આત્માના કર્મસહિત અશુદ્ધ સ્વરૂપનું વર્ણન જ લાંબુ કરી દો, તો તે બરાબર ન કહેવાય. તમારે અશુદ્ધ સ્વરૂપનું વર્ણન થોડા સમયમાં પૂર્ણ કરી શુદ્ધ સ્વરૂપનું વર્ણન શરૂ કરી દેવું જોઈએ.

કહેવાનું તાત્પર્ય આ છે કે જે વિષય પર બોલવાનું હોય, તે વિષય પર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એ વિષયના વિવેચનમાં વિલંબ ન કરવો જોઈએ.

૯. વક્તાની નવમી વિશેષતા છે વ્યંગ નહીં કરવાની :

એક વાત આપણે સમજી રાખવાની કે આપણે પહેલાં સાધુ છીએ, પછી વક્તા છીએ. એટલે આપણી સાધુતાને શોભે એવી ભાષાનો જ પ્રયોગ કરવો જોઈએ. વ્યંગ્ય કરવાની વાત આપણી સાથે બંધબેસતી નથી, શોભતી નથી. એટલે દૃષ્ટાંતો પણ એવાં જ આપવાં જોઈએ કે જે છીછરાં ન હોય, અશ્લીલ ન હોય. આજે છાપાંઓમાં-મેગેઝીનોમાં એવા છીછરા વ્યંગ્ય ઘણા છપાય છે. છીછરાં ને અશ્લીલ દૃષ્ટાંતો પણ છપાય છે. તે આપણાથી વ્યાખ્યાનમાં ન કહેવાય.

શ્રોતાઓના મનના સદ્ભાવોને તોડી નાખે તેવા વ્યંગ્ય ન કરવા જોઈએ. આડકતરી ભાષામાં એ લોકોને ઉતારી ન પાડવા જોઈએ. એ લોકો શરમાઈ જાય એવી વાતો ન કરવી જોઈએ, જેમ કે સ્ત્રીનો મોહ છોડવાની વાત તમારે કરવી છે. ત્યાં તમે કહો કે 'ઓહો ! તમારા ઘરમાં તો રંભા કે ઉર્વશી જેવી દેવીઓ વસતી હશે...! એટલે તમારો મોહ ન છૂટે ને ?'

'તમે તો બહુ મોટા શ્રીમંત છો ! તાતા...બિરલા... ડાલમિયાં છો ને ! તમારી વાત થાય ?'

'તમે તો મોટા બુદ્ધિશાળી છો ! પાલખીવાળા ને સોરાબજી તો તમારી આગળ પાણી ભરે ! ખરું ને ?'

આવા આવા વ્યંગ્ય ન કરવા જોઈએ.

૧૦. વક્તાની દશમી વિશેષતા છે શ્રોતાઓનું મનોરંજન કરવાની :

શ્રોતાઓને જકડી રાખવા, પકડી રાખવા તેમનું મનોરંજન થવું જ જોઈએ. તેમનું મન પ્રસન્નતા અનુભવે, રાજી થાય, આનંદિત થાય, એમના

મુખ પરના ભાવોથી તમને ખ્યાલ આવી જાય કે તેમને વ્યાખ્યાન સાંભળવામાં મજા આવી રહી છે ! કંટાળતા નથી.

સાત્ત્વિક મનોરંજન કરનારી કથાઓ કહેવી જોઈએ. એવી ઘણીબધી પ્રાચીન-અર્વાચીન કથાઓ મળે છે કે જે શ્રોતાઓના મનને આનંદિત કરી દે છે. એટલે પ્રવચનમાં, વિષયને અનુરૂપ નાની નાની મનોરંજક વાર્તાઓ-દૃષ્ટાંતો કહેવાં જોઈએ !

આપણે સાધુ છીએ. આપણી મર્યાદાઓ છે. આપણે લોકોને પાપોથી, વ્યસનોથી મુક્ત કરવા છે, દૂષણોથી બચાવવા છે. એટલે એમના દિલ જીતીને વાતો કરવાની છે. તમે એમના મનને રાજી કરીને તમારી સારી વાત એમના હૃદયમાં ઉતારી શકશો.

હજુ વક્તા માટેની ચાર વાતો બાકી છે. એ વાતો અને બીજી પણ વાતો વ્યાખ્યાન અંગેની કરવાની છે, તે આવતી કાલે. આજે અહીં પૂરું કરીએ.

વક્તાની વિશેષતાઓ

વચન તે છે કે જે સાંભળનારને વશ કરી લે અને ન સાંભળનારમાં સાંભળવાની ઇચ્છા ઉત્પન્ન કરી દે.

— તિરુવલ્લુવર

कतमा च भिक्खवे मिच्छा वाचा ?

मुसावादो, पिसुणा वाचा फरुसा वाचा सम्फप्पलापो ।

ભિક્ષુઓ ! મિથ્યાવચન ક્યાં છે ? અસત્ય, ચાડી-ચુગલી, કઠોર વચન અને બકવાસ મિથ્યાવચન છે.

– *मज्झिमनिकाय*

ऐसी वाणी बोलिए मनका आपा खोई ।
अपना तन शीतल करे, औरन को सुख होई ॥

- *कबीर*

धम्मं भणे, नाधम्मं,
पियं भणे नापियं,
सच्चं भणे नालिकं ।

ધાર્મિક બોલો, અધાર્મિક નહીં, પ્રિય બોલો, અપ્રિય નહીં, સત્ય બોલો, અસત્ય નહીં.

- *संयुत्तनिकाय*

ગઈકાલે આપણે વક્તાની ૧૦ વિશેષતાઓ ઉપર વિવેચન કર્યું. આજે બાકીની ચાર વિશેષતાઓ બતાવવી છે અને તે ઉપરાંત બીજી પણ વાતો કરવી છે.

૧૧. વક્તાની અગિયારમી વિશેષતા છે સભા ઉપર પ્રભુત્વ પામવાની :

સભા પર વક્તા છવાઈ જાય, જાણે કે સભા પર વશીકરણ કરી દીધું હોય ! મધુર વાણીના પ્રવાહમાં શ્રોતાઓ મંત્રમુગ્ધ બનીને તણાતા જાય ! ઉત્તમ વક્તાની, શ્રેષ્ઠ વક્તાની આ વિશેષતા છે. બધા વક્તાઓ આ રીતે સભા પર છવાઈ શકતા નથી.

૧૨. વક્તાની બારમી વિશેષતા છે અહંકારનો અભાવ :

બહુ જ મહત્ત્વની આ વાત છે. પુણ્યશાળી ને પ્રભાવશાળી વક્તાની લોકો ખૂબ પ્રશંસા કરે છે. એ પ્રશંસા સાંભળીને જો વક્તા મુનિરાજ અહંકાર-અભિમાન કરતા થઈ જાય તો તેમનું આધ્યાત્મિક પતન થાય છે. 'હું શ્રેષ્ઠ વક્તા છું. મારા જેવા બીજા કોઈ વક્તા નહીં. મારી સભામાં હજારોની મેદની જમા થાય...' વગેરે અહંકારભર્યાં વચનો એના મુખમાંથી ન નીકળવાં જોઈએ. એના મનમાં પણ સ્વોત્કર્ષની ભાવના જન્મવી ન જોઈએ.

સ્વોત્કર્ષ આવે એટલે પરાપકર્ષ આવે જ. સ્વપ્રશંસા કરનાર પરનિંદા કરવાનો જ. કદાચ જાહેરમાં નહીં કરે તો ખાનગીમાં તો કરવાનો જ. અને આ રોગ જ્યારે વકરે છે ત્યારે ગુરુ-શિષ્યની મર્યાદાનો પણ લોપ થઈ જતો હોય છે.

એક મુનિરાજને એક શ્રીમંત ભક્તે કહ્યું : 'મહારાજ સાહેબ, તમારું વ્યાખ્યાન તમારા ગુરુ મહારાજના વ્યાખ્યાન કરતાંય શ્રેષ્ઠ લાગ્યું !' પછી તો આ વાતનો ખૂબ પ્રચાર થયો. લોકો ગુરુદેવના પ્રવચનમાં ઓછા જવા

લાગ્યા, શિષ્યના પ્રવચનમાં સંખ્યા વધવા લાગી. શિષ્યનો અભિમાનનો પારો વધવા લાગ્યો. છેવટે એક દિવસ એવો આવ્યો કે એ શિષ્ય ગુરુથી જુદા થઈ ગયા. ગુરુના હૃદયમાંથી નીકળી ગયા. ગુરુકૃપા ગુમાવી દીધી.

આવા અહંકારી-અભિમાની વક્તાઓ, એમના સમકક્ષ વક્તાઓના પ્રાયઃ નિંદક હોય છે. તેઓ સમકક્ષ વક્તાઓને સહન કરી શકતા નથી. એમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની તાકમાં રહેતા હોય છે. પ્રસિદ્ધિનું આ એક મોટું ભયસ્થાન છે. એટલે કહેવામાં આવ્યું કે વક્તાએ નિરભિમાની રહેવાનું છે. સ્વપ્રશંસાથી દૂર રહેવાનું છે.

વક્તા નિરભિમાની હોય છે, પ્રભાવશાળી હોય છે, તો વ્યાખ્યાન પછી શ્રોતાઓ નિર્ભયતાથી વક્તા પાસે વ્યક્તિગત રીતે જઈને માર્ગદર્શન મેળવી શકતા હોય છે. ખુલ્લા દિલથી વાતો કરી શકે છે.

૧૩. વક્તાની તેરમી વિશેષતા છે એનું ધર્માચરણ :

એ માત્ર ધર્મનો ઉપદેશ જ આપે, એમ નહીં, એના જીવનમાં પણ એ ધર્મનો આરાધક હોય. જોકે આપણે તો સાધુ છીએ એટલે ધાર્મિક છીએ જ, છતાં આપણી ધાર્મિકતામાં ઢીલાશ ન આવી જાય, પ્રમાદ ન આવી જાય, એની ખાસ કાળજી રાખવાની છે.

એક ગામમાં એક મુનિરાજ મળ્યા હતા. એમની સાથે એમના ગુરુ અને બીજા ૧-૨ સાધુ પણ હતા. પેલા મુનિરાજ સારા વક્તા હતા. એ દિવસે એમણે સવારે, બપોરે ને સાંજે ત્રણ વ્યાખ્યાનો આપ્યાં હતાં. સાંજે તેઓ સૂઈ ગયા હતા. રાત્રે મારી પાસે આવીને બેઠા હતા. એ દિવસે એમણે સાંજે પ્રતિક્રમણ નહોતું કર્યું, કારણ કે તેઓ ત્રણ વ્યાખ્યાન આપીને થાકી ગયા હતા. આ હતો પ્રમાદ ! આ હતી ધર્મક્રિયા પ્રત્યેની અરુચિ !

પ્રતિક્રમણ, પ્રતિલેખન, ગોચરી વગેરે તો આપણી પ્રમુખ ધર્મક્રિયાઓ છે. તેનો ત્યાગ ન કરાય. કદાચ એકાદ પ્રવચન ઓછું આપી શકાય, પણ

ક્રિયાનો ત્યાગ ન કરાય. આપણી ધાર્મિકતાને જરાય આંચ ન આવવી જોઈએ. વક્તાના જીવનમાં જો લોકોને ધર્મનાં દર્શન નહીં થાય તો તેમના પર વક્તાના વચનોનો પ્રભાવ નહીં પડે.

આપણી તો પ્રત્યેક ક્રિયામાં ધાર્મિકતા રહેલી હોય છે. ચાલવામાં, બેસવામાં... બોલવામાં અને ખાવા-પીવામાં... બધામાં ધાર્મિકતા જોઈએ છે. ચાલવામાં ઇર્યાસમિતિનો ધર્મ, બેસવામાં પૂંજવા-પ્રમાર્જનનો ધર્મ, ખાવા-પીવામાં રાગ-દ્વેષ નહીં કરવાનો ધર્મ, બોલવામાં ભાષાસમિતિનો ધર્મ... આમ દરેક ક્રિયામાં ધર્મ રહેલો છે. આપણે ધાર્મિક રહેવાનું છે.

૧૪. વક્તાની ચૌદમી વિશેષતા છે સંતોષ :

તમે વક્તા બન્યા, પ્રસિદ્ધિ મળી, ભક્તો મળ્યા, પછી તમારી અપેક્ષાઓ વધી જવી ન જોઈએ. તમારી આવશ્યકતાઓ વધી જવી ન જોઈએ. તમારે સંતોષથી જીવવાનું છે. યાદ રાખો કે તમે મુનિ છો. 'દશવિધ ધર્મ'માં 'આકિંચન્ય' તમારો દશમો યતિધર્મ છે. તમારે અકિંચન જ રહેવાનું છે ! 'પ્રાપ્ત-અપ્રાપ્ત' વિષયોમાં મૂર્ચ્છાગૃદ્ધિ-આસક્તિ કરવાથી આત્મા બંધાય છે, પાપકર્મોથી બંધાય છે.

આધ્યાત્મિક ભૂમિકાએ 'આ મારું' આ વિચાર જ પરિગ્રહ બની જાય છે. પરદ્રવ્યોમાં અનુરાગ 'આ ઘણું સારું, આ ખૂબ સુંદર... આ મને ખૂબ ગમે...' આવી વૃત્તિઓ તમને સંતોષી નહીં રહેવા દે. તમે જે પાંચમું મહાવ્રત ધારણ કર્યું છે તે મહાવ્રતને યાદ કરજો. 'હું મનથી પણ પરિગ્રહનો ત્યાગ કરું છું.' ત્રિવિધ-ત્રિવિધ પ્રત્યાખ્યાનમાં મનથી પણ પરિગ્રહી ન બનવાની પ્રતિજ્ઞા કરી છે. આ તમે સતત યાદ રાખજો.

તમે ઘરનો ત્યાગ કર્યો પરંતુ જો ઉપાશ્રયનો રાગ બાંધ્યો તો તમે પરિગ્રહી બની ગયા. તમે માતા-પિતા, ભાઈ-બહેન આદિ સ્વજનોનો ત્યાગ કર્યો, પરંતુ શિષ્ય-શિષ્યાઓ અને ભક્ત-ભક્તાણીનો રાગ થયો તો તમે પરિગ્રહી બની ગયા. તમે ગૃહસ્થવેશનો ત્યાગ કર્યો પરંતુ સાધુવેશનો રાગ

થઈ ગયો તો તમે પરિગ્રહી બની ગયા. તમે ધન-સંપત્તિનો ત્યાગ કર્યો પણ ધનવાનોના ઘરની ભિક્ષા જો પ્રિય લાગી ગઈ તો પરિગ્રહી બની ગયા. ભલે, શરીર પર અલંકારો પહેરવાના ત્યજી દીધા, પરંતુ શરીરની સુખશીલતાના જો અનુરાગી બન્યા તો પરિગ્રહી બની ગયા.

'આ તો મારો શિષ્ય છે, એના પ્રત્યે તો મમત્વ રાખવું જોઈએ ને ?' ના, નિશ્ચયનય ના પાડે છે. અધ્યાત્મદૃષ્ટિ ના પાડે છે. કોઈ પરદ્રવ્ય તમારું નથી. દરેક આત્મદ્રવ્ય સ્વતંત્ર છે. જે તમારું નથી તેને તમારું માનો, એ જ મિથ્યાત્વ છે, અને એ જ અજ્ઞાનતા છે, એ જ વ્યામોહ છે.

હા, પ્રસિદ્ધ વક્તા થયા પછી શિષ્યો વધારવાનો મોહ જાગતો હોય છે. એટલે શિષ્યોની અપેક્ષામાંય સંતોષ રાખવાનો છે. કોઈ સુયોગ્ય આત્મા સહજતાથી વિરક્ત બની તમારી પાસે આવે ને તમે તેની યોગ્ય પરીક્ષા કરીને દીક્ષા આપો, તે ઉચિત છે, પણ શિષ્યો મેળવવાનાં ફાંફાં ન મારો. શિષ્યો ખરીદવાના ઉપાય ન કરો. કોઈના શિષ્યો પડાવવાનાં ષડ્યંત્ર ન રચો. સંતોષી રહો.

વક્તાની ૧૪ વિશેષતાઓ તમને બતાવી. હવે કેટલીક બીજી મહત્ત્વપૂર્ણ વાતો કહેવી છે આજે.

તમે વ્યાખ્યાનમાં એવું જ્ઞાન ન ઠાલવો કે જે તમને હાંસીપાત્ર ઠરાવે. એક મુનિરાજે દારૂ-શરાબનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો. ઠીક છે. લોકોને દારૂના વ્યસનથી છોડાવવા જોઈએ. પરંતુ તેમણે કડકડાટ દારૂનાં જુદાં જુદાં દશ નામ ગણાવી દીધાં ! એક કૉન્વેન્ટમાં ભણતા છોકરાએ આ સાંભળ્યું. એણે ઘરે આવીને એના પપ્પાને પૂછ્યું : 'પપ્પા, મહારાજ સાહેબને દારૂનાં આટલાં બધાં નામ ક્યાંથી આવડે ? એ તો દારૂ ન પીવે ને ?' પપ્પા શું જવાબ આપે ?

એક પ્રસિદ્ધ વક્તા મુનિરાજે છાપામાં એક દૃષ્ટાંત વાંચીને, એના પર વિચાર કર્યા વિના વ્યાખ્યાનમાં કહી નાખ્યું ! નામસ્મરણથી ભવસાગર તરી

જવાય છે ! રામના સૈનિકો રાવણને યાદ કરતા હતા માટે તે નરકમાં ગયા ને રાવણના સૈનિકો રામને યાદ કરતા હતા માટે તે સ્વર્ગમાં ગયા !' કેવો છબરડો વાળ્યો ? અરે, ભક્તિભાવથી તમે પરમાત્માના નામનું સ્મરણ કરો તો ભવસાગર તરો ! રાવણના સૈનિકો રામને ભગવાન માનીને ભવસાગર તરવા નામ લેતા હતા ? કે દુશ્મન સમજીને નામ લેતા હતા ? વેરભાવથી, દ્વેષભાવથી ભગવાનનુંય નામ લો, તો એ સદ્‌ગતિ ન આપે. પણ 'કોમનસેન્સ'થી વિચારે તો ને ? આ તો છાપાંમાં જેવું વાંચ્યું તેવું વ્યાખ્યાનમાં કહી દીધું !

એવી રીતે જૈનેતર ગ્રંથોનાં દૃષ્ટાંતો આપવામાં ખૂબ સાવધાની રાખવી જોઈએ. તમને સ્યાદ્વાદ શૈલીથી દૃષ્ટાંતને ઘટાવતાં આવડવું જોઈએ.

બીજી વાત - શ્રોતાઓ પાસેથી જો કંઈ મેળવવાની અપેક્ષા રાખીને તમે ઉપદેશ આપશો તો તમારા વૈરાગ્ય પર ને અધ્યાત્મ પર પાણી ફરી વળશે. એમાંય પૈસાની અપેક્ષા તો રાખશો જ નહીં. તમારા માથે એવાં કાર્યો ન લો કે તમારે પૈસા ભેગા કરવા પડે. એ માટે વ્યાખ્યાનમાં ટીપો કરવી પડે છે. અને આ ટીપો કરવાની પદ્ધતિ બંધ કરવા જેવી છે. શ્રોતાઓને ગમતી વાત નથી. લોકો કંટાળી જાય છે. કેટલાક લોકો તો આ ટીપોના કારણે વ્યાખ્યાનમાં નથી આવતા. ક્યારેક વ્યાખ્યાનસભા તૂટી જાય છે. લોકો ઊભા થઈને જતા રહે છે.

હા, સ્થાનિક સંઘની સંસ્થાઓ માટે અમુક ખાસ દિવસોમાં ફંડ ભેગાં કરવાનાં હોય છે, તે કરી શકાય. પણ તમારે - વક્તાએ વ્યક્તિગત રીતે આવી કોઈ ટીપો ન કરાવવી જોઈએ. તો તમારી કીર્તિ-પ્રતિષ્ઠા ઉજ્જ્વલ રહેશે. અને તમારાં આવશ્યક કાર્યો વગર માંગે થઈ જશે. કોઈ કામ અટકતું નથી.

પ્રશ્ન : દરેકનાં પુણ્યકર્મ જુદાં હોય છે ને ?

ઉત્તર : હા, પુણ્ય નહીં હોય તો માગવા છતાં નહીં મળે અને ઉપરથી બદનામી થશે. આજકાલ પૈસા ભેગા કરવાની, માગવાની પ્રવૃત્તિ વધી ગઈ

છે. નાના સાધુઓ પણ વક્તા બન્યા પછી, પોતાનાં ટ્રસ્ટ બનાવતા થઈ ગયા. આ પ્રવૃત્તિમાં ઘણાં નુકસાનો રહેલાં છે. તમારે દુનિયાને જિનવચનો આપવાનાં છે. તે માટે તમારી અપેક્ષાઓ બધી વિખેરી નાખો. નિરપેક્ષ બનો. પૈસાની અપેક્ષા તો રાખો જ નહીં.

વિ. સં. ૨૦૧૫માં સુરેન્દ્રનગરમાં પૂજ્ય દાદા ગુરુદેવ સાથે અમારું ચોમાસુ હતું. ૫૪ સાધુ હતા. એ વખતની વાત છે. વઢવાણના એક શ્રીમંત શ્રાવક પૂ. મોટા મહારાજ સાહેબ પ્રેમસૂરીશ્વરજી મહારાજાને વળગ્યા. 'સાહેબ, મને લાભ આપો. હું ૪૦ વર્ષથી આપની પાસે આવું છું. આપે ૪૦ પૈસાનું પણ કામ બતાવ્યું નથી. આજે તો કામ બતાવવું જ પડશે...!'

સાહેબજીએ કહ્યું : 'ભાઈ, મારે કોઈ કામ જ નથી. કંઈ ખપ નથી. મેં પૈસાનું કોઈ કામ રાખ્યું જ નથી. મારે તો સાધુઓને ભણાવવાના અને સારા સંયમી બનાવવાના - આ જ કામ છે.' પેલા ભક્તે ઘણો આગ્રહ કર્યો પણ સાહેબજીએ કોઈ કામ ન જ બતાવ્યું. એટલે પેલા ભક્તે બીજા સાથેના એક પ્રસિદ્ધ વક્તા મુનિરાજને પકડ્યા. 'કામ બતાવો !' પેલા મુનિરાજે જ્ઞાનદાનમાં લાભ લેવા કહ્યું. કોઈ પુસ્તક છપાવવામાં લાભ લેવા કહ્યું. લાભ લીધો પેલા ભક્તે. તેણે મોટા મહારાજને વાત કરી, 'મને લાભ મળી ગયો, ખૂબ સારો લાભ મળ્યો.'

મોટા મહારાજે પેલા મુનિરાજને બોલાવીને ઠપકો આપ્યો. મુનિરાજે કહ્યું : 'એ શ્રાવકને મેં ૩-૪ વાર ના પાડી... પણ માન્યા જ નહીં. છેવટે મેં કામ બતાવ્યું.' મોટા મહારાજે કહ્યું : 'મેં એને ૪૦ વાર ના પાડી છે. પૈસાની જંજાળમાં પડશો જ નહીં.'

બીજી વાત - ટુ ધી પોઇન્ટ (To the Point) પ્રવચન આપવું જોઈએ. તે માટે Home Work - પૂર્વતૈયારી કરીને વ્યાખ્યાન આપવું જોઈએ. તમારે જે બોલવાનું હોય તેના મુદ્દા લખીને સાથે રાખવાના, એટલે વિષયાન્તર ન થાય. એક વક્તા મુનિરાજ હતા. સારું બોલતા હતા, પણ વિષયાંતર થઈ જ

જાય. વાત શરૂ કરી હોય કષાયોના વિપાકોની... અને ચાલ્યા જાય દાન-શીલ-તપના વિવેચનમાં ! વાત ચાલતી હોય ઇન્દ્રિયનિરોધની અને ગાડી ચડી જાય મનના નિરોધ પર !

હા, કેટલાક સારા વક્તાઓ કંઈ લખીને લઈ જતા નથી. છતાં તેઓ વિષયાન્તર નથી કરતા. જે વિષય પર બોલવાનું હોય તે જ વિષય પર બોલે છે. આવા વક્તાઓનું નવા વક્તાઓએ અનુકરણ ન કરવું જોઈએ. આજે પણ એક મોટા ગજાના વક્તા મુદ્દાઓ લખીને જ વ્યાખ્યાનમાં જાય છે. તેઓ કહે છે : 'મને મુદ્દાસર બોલવાનું ફાવે છે.'

પૂર્વતૈયારી કરીને વ્યાખ્યાન આપવામાં ઘણી મજા આવે છે. એમાં નવું નવું ચિંતન, નવાં દૃષ્ટાંતો, નવા તર્ક વગેરે આપી શકાય છે. મેં મારા પ્રારંભિક કાળમાં આ જ પદ્ધતિ રાખી હતી. કેટલાય વિષયો પર મુદ્દાઓ લખાઈ ગયા હતા. એમાં શાસ્ત્રપાઠો પણ આપી શકાય છે. ભવિષ્યમાં પણ આ લખેલા મુદ્દાઓ તમને કામ લાગી શકે છે. બીજા વક્તાઓને ઉપયોગી બની શકે.

બીજી એક મહત્ત્વની વાત - વ્યાખ્યાન પૂરું કરતા પહેલાં વ્યાખ્યાનનો ઉપસંહાર કરવો જોઈએ ! જો તમે મુદ્દાસર બોલ્યા હશો તો તમે સરળતાથી ઉપસંહાર કરી શકવાના. કયા કયા વિષય પર તમે બોલ્યા, કયાં દૃષ્ટાંત આપ્યાં... કયા તર્ક આપ્યા - ત્રણ મિનિટમાં કહી દેવાનું ને પછી વ્યાખ્યાન પૂર્ણ કરવાનું. આ ઉપસંહાર કરવાથી શ્રોતાઓ કંઈક જ્ઞાન લઈને જાય છે. તેઓએ શું સાંભળ્યું તે સ્મૃતિમાં લઈને જાય છે.

બીજી એક વાત વચ્ચે કહી દઉં, તે વાત શ્રોતાઓ માટે છે. કેટલાક શ્રોતાઓને વ્યાખ્યાનમાં ઝોકાં આવતાં હોય છે. આવા લોકો ક્યારેક અર્થનો અનર્થ કરી નાખતા હોય છે. એક ગામમાં આચાર્ય મહારાજ ભગવતીસૂત્ર વાંચતા હતા. ભગવતીસૂત્રમાં વારંવાર 'ગોયમા' શબ્દ આવે છે. આચાર્ય મહારાજ 'હે ગોયમા !' જોરથી બોલતા. એક ડોશીમા ઝોકે ચઢેલાં. તે

ગોયમાના બદલે 'ઓયમા' સાંભળતાં હતાં. ઘરે આવ્યા પછી છોકરાઓએ પૂછ્યું : 'દાદી, આજે વ્યાખ્યાનમાં શું સાંભળી આવ્યાં ?' દાદીમા કહે - "આજે મહારાજ સાહેબની તબિયત સારી ન હતી. વારંવાર 'ઓયમા... ઓયમા' કરતા હતા !

આ તો પ્રાસંગિક વાત કરી.

એક વિશેષ વાત - વ્યાખ્યાનમાં પારિભાષિક શબ્દો સારી રીતે સમજાવવા જોઈએ. લોકોને આપણા તત્ત્વજ્ઞાનના પારિભાષિક શબ્દોનું જ્ઞાન પ્રાયઃ નથી હોતું. ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ, પરાવર્તના, ઉદીરણા, સંક્રમકરણ... ગુણસ્થાનક, ક્ષપક શ્રેણી, ઉપશમ શ્રેણી... વગેરે શબ્દો સારી રીતે સમજાવવા જોઈએ. નહીંતર તત્ત્વજ્ઞાનની વાત એમના માથા પરથી એમ જ પસાર થઈ જાય છે, ભેજામાં કંઈ ઊતરતું નથી.

એવી જ રીતે કર્મોની વાત પણ વિસ્તારથી સમજાવવી જોઈએ. જ્ઞાનાવરણ કોને કહેવાય ને અંતરાયકર્મ કોને કહેવાય ! મોહનીય કર્મના કેટલા પ્રકારો ને નામકર્મના કેવા પ્રભાવો છે ! અવારનવાર આ વાતો કરતા રહેવી જોઈએ, કારણ કે કર્મનું તત્ત્વજ્ઞાન મોટાભાગના લોકોને હોતું નથી, કારણ કે તેઓ પાઠશાળામાં જતા નથી હોતા. અને પાઠશાળાઓમાં પણ આવું તત્ત્વજ્ઞાન ઓછું અપાય છે. જ્યારે જિનશાસનમાં તો આ કર્મસિદ્ધાંતની વાત ડગલે ને પગલે થતી હોય છે. જીવનની તમામ પ્રવૃત્તિઓ સાથે કર્મો સંકળાયેલાં હોય છે. એટલે વ્યાખ્યાનમાં કર્મસિદ્ધાંતનું જ્ઞાન થોડું થોડું આપતા રહેવું જોઈએ.

તત્ત્વજ્ઞાનની વાતો જ્યારે સમજાવવાની હોય ત્યારે બહુ ઝડપથી ન બોલવું જોઈએ. એક વાક્ય બે વાર પણ બોલવું પડે. એકની એક વાત જુદા જુદા વાક્યપ્રયોગોથી કહેવી પડે; જેમ કે -

* સંસાર અસાર છે.
* સંસારમાં કોઈ સાર નથી.
* સંસારમાં શોધો તોય સાર નહીં મળે.

પછી, દુનિયા સંસારમાં જે સારભૂત વાતો બતાવે છે ધન-દોલત, સ્ત્રી, બંગલા-બગીચા... વગેરે, તેની અનિત્યતા... ક્ષણિકતા બતાવી શકો. એની અનર્થકારિતા બતાવીને એક-બે દૃષ્ટાંત આપી શકો. દૃષ્ટાંતોથી સંસારની અસારતાને સિદ્ધ કરી શકો. સરળ ભાષામાં, રોચક શૈલીમાં રજૂઆત કરી શકો.

એક વળી નવી વાત કહેવી છે.

આપણે વ્યાખ્યાનના પ્રારંભમાં માંગલિક શ્લોકો બોલીએ છીએ. એમાં સર્વપ્રથમ શ્રી નવકાર મંત્ર બોલીએ છીએ. તમે નવકાર મંત્ર કયા રાગમાં બોલો છો ? હા, રાગમાં બોલવો જોઈએ ! માલકોષ રાગમાં ગાઈ શકાય. જો તમે ગાઈ શકતા હો તો અવશ્ય ગાવો જોઈએ. એનો વિશિષ્ટ પ્રભાવ પડે છે.

થોડાં વર્ષો પૂર્વે, લગભગ વિ. સં. ૨૦૨૬ હશે, અમે ઉદેપુર ચાતુર્માસ કરીને ઘાણેરાવ ગયેલા. ત્યાંથી રાણકપુર તીર્થમાં ગયેલા. નવ દિવસ ત્યાં રોકાવાનું થયેલું. ત્યાં એક અમેરિકન સ્કોલર ઉદેપુરથી સાઇકલ પર રાણકપુર આવેલો. અમને એ દેરાસરમાં જ મળ્યો. એને જૈન ધર્મ, જૈન દેરાસર... તીર્થંકર... વગેરે અંગે સમજવું હતું. અમે એને થોડું તો દેરાસરમાં સમજાવ્યું પછી ઉપાશ્રયમાં આવ્યા. તેણે પહેલો પ્રશ્ન એ કર્યો કે 'જૈનધર્મનો મૂળ મંત્ર કયો છે ?' કારણ કે એ ભાઈ ગાયત્રીમંત્રની એક પરિષદમાં જઈને આવેલો. એણે ગાયત્રીમંત્રનું અને વેદોના મંત્રોનું ગાન સાંભળ્યું હતું. એને અમે માલકોષ રાગમાં શ્રી નવકાર મંત્ર સંભળાવ્યો. એણે એકાગ્રતાથી સાંભળ્યો. ફરીથી સાંભળવાની ઇચ્છા કરી. અમે બીજીવાર સંભળાવ્યો... અમે ગાવા લાગ્યા, એ ઊભો થઈને નાચવા લાગ્યો ! એ હર્ષવિભોર થઈ ગયો. એના રોમરોમ ખીલી ગયા !

આવ્યો હતો માત્ર બે કલાક માટે, અમારી પાસે ત્રણ દિવસ રહ્યો. એને વાંસળી વગાડતાં આવડતી હતી. એણે વાંસળી પર માલકોષ રાગ સેટ

કર્યો ! જંગલમાં - પહાડોમાં જઈને એ નવકાર મંત્ર ગાવા માંડ્યો. પછી તો જતાં પહેલાં આવીને કહે - 'મને મંત્રદીક્ષા આપો ! આજીવન શ્રી નવકાર મંત્રની ઉપાસના કરીશ.' શ્રીનવકાર મંત્રના ૬૮ અક્ષરોનો પ્રભાવ, એનું સ્વરગુંજન... એ મંત્રના પ્રાચીન - અર્વાચીન પ્રભાવો વગેરે વાતો એને કરી હતી. એને શ્રી નવકાર મંત્ર પર પ્રેમ થઈ ગયો. પછી તો એના ૧-૨ પત્રો પણ આવેલા. એ નિયમિત માલકોષ રાગમાં ગાતો હતો.

ભગવાન દેશના માલકોષ રાગમાં આપે છે ને ! એ રાગમાં ઘણું માધુર્ય રહેલું છે. ગાનાર - સાંભળનાર બંને તલ્લીન બની શકે છે. અવશ્ય, ગાઈ શકો તો નવકારને આ રાગમાં ગાજો.

છેલ્લી એક વાત કહીને આજની વાચના પૂર્ણ કરીશ.

આપણે ત્યાં કેટલાંક નિરાશાવાદી સાધુ-સાધ્વી પણ છે. તેઓ કહેતાં હોય છે : 'આ હૂંડા અવસર્પિણી કાળ છે. જીવો ભવી પણ દુર્ભવી જેવા હોય છે. એમને ગમે તેટલા ઉપદેશ આપો, તે સુધરવાના નથી.' માટે બહુ ઉપદેશ આપવાની જરૂર નથી.' વગેરે.

ભગવાન ઉમાસ્વાતીજીએ એટલે જ લખ્યું હશે કે 'वक्तुस्तु एकान्ततो हितम् !' તમે હિતબુદ્ધિથી કરુણાથી પ્રેરાઈને ઉપદેશ આપો છો એટલે તમારું તો નિશ્ચિત કલ્યાણ જ થવાનું છે. શ્રોતાનું હિત થાય કે ન પણ થાય, વક્તાનું હિત અવશ્ય થાય.

'દુનિયાના લોકો જિનવચન પામે, તેમનો આત્મા નિર્મળ બને, તેમને શાન્તિ, સમતા મળે... સદ્ગતિ અને મુક્તિ મળે.' – આવી સુંદર ભાવનાથી તમે ઉપદેશ આપો છો, એટલે તમારું તો હિત થઈ જ ગયું ! એટલે થાક્યા વિના, કંટાળ્યા વિના જિનવચનોનો ઉપદેશ આપ્યા જ કરવાનો છે. થોડા પણ જીવોના હૃદયને જિનવચન સ્પર્શી જશે તો તેમનો આ ભવસાગરમાંથી ઉદ્ધાર થઈ જશે, તેઓ તરી જશે.

જિનવચનોની બલિહારી છે :

* જિનવચન સંસારના સ્વભાવને વાસ્તવિક બતાવનારું છે.
* સર્વ બંધનોથી મુક્ત પૂર્ણ આત્મસ્વભાવને બતાવનારું છે.
* શરણાગત જીવોનું નિષ્પાપ ઉપાયોથી પરિરક્ષણ કરનારું છે.

આવું જિનવચન એટલે દ્વાદશાંગ પ્રવચન !

આવું જિનવચન એટલે સર્વજ્ઞનું વચન !

જેના શ્રવણથી માનવીના હૈયે, ભાવુક જીવોના હૃદયમાં સંસારનાં સુખો પ્રત્યે વૈરાગ્યના ભાવ જાગે, જેના શ્રવણથી શિવ-અચલ-અરુજ-અનંત-અક્ષય-અવ્યાબાધ એવા મોક્ષનું આકર્ષણ જાગે, તેવાં જિનવચનો સંભળાવતા જ રહો.

દુઃખ, ત્રાસ, સંતાપ અને અસંખ્ય વિટંબણાઓથી જિનવચન જ બચાવી શકશે. તેના શરણે જનારને તે બચાવી લે છે...

આજ બસ, આટલું જ-

ઉદાસીન ભાવનો
અનુભવ કરો

ભિન્ન ભિન્ન કર્મે કરી, ભિન્ન ભિન્ન મતિ થાય,
ભિન્ન ભિન્ન સવિજીવને, એહ કર્મનો ન્યાય.
શિષ્યાદિક પરિવાર તે વરતે કદી અનુકૂળ,
કદા કર્મે વ્યાકુળ બને, વરતે તે પ્રતિકૂળ !

કર્મબહુલતાથી ન વિચારે, હિતશિક્ષા હિતકારી રે,
તેહના ઉપર રોષ ન કીજે, મધ્યસ્થ વૃત્તિ ધારી રે...

પુણ્ય વિના સત્પથ ન સૂઝે, ધર્મભાવના નહીં આવે રે,
પાપ-ઉદયના પ્રબલ પ્રતાપે મૂઢપણું પ્રગટાવે રે...

[માધ્યસ્થ્ય ભાવનાની સજ્ઝાય]

આજે આ છેલ્લી વાચના છે. અત્યાર સુધીમાં આપણે આપણા અંગત જીવન અંગે, સહજીવન અંગે અને સમગ્ર જૈનસંઘ સાથેના આપણા સંબંધો અંગે તથા ઉપદેશપદ્ધતિ અંગે થોડી થોડી વાતો કરી. સ્વનું ઉત્થાન કેવી કેવી રીતે કરવું, સહવર્તીઓ સાથે કેવો વ્યવહાર રાખવો, સર્વ જીવો પ્રત્યે કેવી કેવી ભાવનાઓ ભાવવી, એ અંગે થોડું ચિંતન-મનન કર્યું.

અલબત્ત, આ બધી વાતોમાં થોડો સંઘર્ષ તો કરવો જ પડશે. સ્વના ઉત્થાન માટે કે સ્વભાવના પરિવર્તન માટે... સહુ જીવો પ્રત્યેની શુભ ભાવનાઓ માટે આંતરસંઘર્ષ કરવો પડશે. આપણે આપણા મન સાથે ઝઘડવું પડશે. આપણે ભણ્યા છીએ કે આપણો આત્મા અનેકવાર ગ્રંથિભેદ કરવા માટે એ મિથ્યાત્વની દૃઢ ગાંઠ પાસે ગયો... હાર્યો... ગ્રંથિને ભેદી ન શક્યો... પાછો ફર્યો. પરંતુ એ સંઘર્ષ કરતા જ રહ્યા... તો ગ્રંથિભેદ કરીને સમ્યગ્દર્શન પામ્યા ને ? છેવટે વિજયી બન્યા. વારંવાર પ્રયત્ન કરવાથી છેવટે કાર્યસિદ્ધિ થાય જ છે.

મોહની ગ્રંથિ ભેદ્યા પછી પણ સંઘર્ષ તો ચાલુ જ રહે છે. શ્રદ્ધાવાન બન્યા પછી ચારિત્રવાન બનવાનો સંઘર્ષ ચાલુ થાય છે. મનમાં વલોપાત ચાલે કે 'હવે મારું ચારિત્રમોહનીય કર્મ તૂટવું જોઈએ, એનો ક્ષયોપશમ થવો જ જોઈએ.' સમ્યગ્દષ્ટિ જીવ ભીતરમાં વલોવાતો જ હોય છે. એને ચારિત્ર વિના ચેન નથી પડતું. અને પ્રબળ ચારિત્ર મોહનીય કર્મ હોય તો જલદી ચારિત્રગુણ પ્રગટ થતો નથી.

દીર્ઘકાલીન સખત સંઘર્ષના અંતે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થઈ જાય છે. ચારિત્રગુણ પ્રગટે છે. આત્મા પ્રસન્નતાથી નાચી ઊઠે છે... પરંતુ અહીં પણ સંઘર્ષનો અંત નથી આવતો ! સર્વવિરતિમય સંયમધર્મ પામ્યા પછી વિરાગમાર્ગ પર વિજય મેળવવાનો સંઘર્ષ ચાલુ થાય છે. એક દિવસ તમને સમજાવેલી છે આ વાત.

'तत्प्राप्य विरतिरत्नं, विरागमार्गविजयो दुरधिगम्यः ।
इन्द्रिय-कषाय-गौरव-परिसहसपत्नविधुरेण ।।'

હા, સંયમધર્મ પામ્યા પછી વૈરાગ્યભાવને સ્થિર રાખવા, એની વૃદ્ધિ કરવા પુરુષાર્થ ચાલુ રાખવાનો છે. તે માટે ઇન્દ્રિયો, કષાયો, ગારવો અને પરિસહો સાથે સંઘર્ષ કરવો પડશે. આખી જિંદગી સંઘર્ષમાં પસાર કરવાની છે, કારણ કે આ ઇન્દ્રિયો વગેરે શત્રુ જીવનપર્યંત સતાવ્યા કરતા હોય છે, પરંતુ વિશ્વાસ રાખવાનો કે અંતિમ વિજય આપણો જ છે.

નેપોલિયનનું નામ તો તમે સાંભળેલું જ હશે. નેપોલિયન બોનાપાર્ટ વિશ્વવિજય કરવા પોતાની વિશાળ સેના લઈને નીકળ્યો હતો. અનેક દેશો પર વિજય મેળવતો મેળવતો એ આલ્પ્સ પર્વતની તળેટીમાં પહોંચ્યો. સેના થાકી ગઈ હતી. પહાડ ઓળંગવાનો હતો. પહાડ વિરાટ હતો. એ વખતે પોતાની નિરાશ બની ગયેલી સેનાને પ્રોત્સાહિત કરતો નેપોલિયન સંબોધિત કરે છે. તે કહે છે - 'મારા વહાલા સૈનિકો ! તમે થાકી જશો તો કેમ ચાલશે ? આપણે થાકવાનું જ નથી, થાક્યા વિના આગળ વધવાનું છે. અંતિમ વિજય આપણો છે. ચાલો, આ પહાડ પર સહુથી પહેલો હું ચઢીશ. મારી પાછળ પાછળ તમે બધા જ ઉલ્લાસથી ચઢવા માંડશો... ને આપણે થોડા જ સમયમાં પહાડ ઓળંગી જઈશું.'

અને સેના સાથે નેપોલિયને પહાડ ઓળંગીને, ત્યાંના દેશ પર વિજય મેળવી લીધો. લક્ષ્ય વિજયનું રાખવાનું છે. હારની કલ્પના જ કરવાની નથી. ચેનથી બેસી રહેવાનું નથી. આપણી જે મંઝિલ છે, સિદ્ધશિલા પર પહોંચવાની, ત્યાં ન પહોંચીએ ત્યાં સુધી સંઘર્ષ જારી રાખવાનો છે.

છઠ્ઠા ગુણસ્થાનકેથી સાતમા ગુણસ્થાનકે પહોંચવાનો પ્રયત્ન કરતા રહેવાનું છે. 'અપ્રમત્તભાવ' પ્રાપ્ત કરવા અને તેમાં સ્થિર બનવા પ્રયત્નશીલ બનવાનું છે. તે માટે 'ઉદાસીન ભાવ' પ્રાપ્ત કરવાનો છે. હા, અને એ ઉદાસીન ભાવમાં મળતું અપૂર્વ સુખ અનુભવવા જેવું છે! એટલે ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે સોળમી માધ્યસ્થ્ય ભાવનાના ગીતમાં ગાયું છે -

अनुभव विनय ! सदा सुखमनुभव, औदासीन्यमुदारं रे ।
कुशल समागममागमसारं, कामित्तफलमंदारं रे... ।। अनुभव०

'ઓ વિનય, તું ઉદાર અને શ્રેષ્ઠ એવા ઉદાસીનતાના સુખનો સતત અનુભવ કર. ઉદાસીન ભાવ પરમ કલ્યાણની સાથે સંગતિ કરાવનાર છે. સર્વ શાસ્ત્રોના સારભૂત અને મનોવાંછિત ફળ આપનાર ઉદાસીન ભાવનો અનુભવ કર.'

ઉદાસીનતાનો અર્થ 'ઉદાસી' નથી કરવાનો. ઉદાસીનતા એટલે મધ્યસ્થતા. જડ-ચેતન પદાર્થો પ્રત્યે ન રાગ, ન દ્વેષ. રાગ-દ્વેષથી મુક્ત ઉદાસીન ભાવનું પણ એક સુખ છે. એ સુખ પાંચ વિશેષતાઓવાળું છે -

* એ સુખ ઉદાર છે.
* એ સુખ શ્રેષ્ઠ છે.
* એ સુખ પરમ કલ્યાણકારી છે.
* એ સુખ સર્વ શાસ્ત્રોનો સાર છે.
* એ સુખ મનોવાંછિત ફળ આપનાર છે.

આ મનુષ્યજીવનમાં એક જ આ ઉદાસીન ભાવ પ્રાપ્ત કરી આંતર અનુભૂતિ કરવી જ શ્રેયસ્કર છે. કામ નાનું કે સરળ તો નથી જ. એ માટે પ્રબળ પુરુષાર્થ કરવો પડશે. તેમાં પહેલું કામ પરાઈ ચિંતાઓ છોડવાનું કરવાનું છે.

परिहर परचिन्तापरिवारं चिन्तय निजमविकारं रे ।
तव किं कोऽपि चिनोति करीरं चिनुतेऽन्यः सहकारं रे ।। २ ।।

'પારકી ચિંતા, પરાઈ પંચાતની જંજાળને છોડીને તું તારા સ્વયંના અવિકારી આત્મસ્વરૂપનું ચિંતન કર. કોઈ કાંટાળા કેરને એકત્ર કરે યા કોઈ મીઠી મધુર કેરીઓ - આમ્રફળ ભેગાં કરે, કરવા દે ! તારે એમાં શું લેવાદેવા ?'

પરદ્રવ્યના ગુણદોષોનો વિચાર કરશો તો પારકી ચિંતાઓ ચિત્તમાં ઊઠશે જ. શી જરૂર છે પરદ્રવ્યના ગુણદોષોનો વિચાર કરવાની ? આવા ગુણદોષોના વિચારોથી જ મન રાગી અને દ્વેષી બને છે. રાગી-દ્વેષી મન સમભાવનો આસ્વાદ ન લઈ શકે. કોઈપણ સંજોગોમાં આપણા મનને પરદ્રવ્ય તરફ આકર્ષિત થવા દેવું ન જોઈએ. મનને આત્માના અવિકારી સ્વરૂપમાં જ મગ્ન કરી દેવાનું છે.

સદૈવ આત્મભાવમાં તન્મય થવું અને પંચાયતને તિલાંજલિ આપી દેવી. 'સ્વ' પ્રત્યે એકાગ્રચિત્ત બનવું. જ્યાં સુધી પરનો વિચાર હૃદયમાં રાગ-દ્વેષની હોળી સળગાવતો હોય ત્યાં સુધી 'સ્વ'માં લીન થવું કલ્યાણકારી છે.

નિશ્ચયનયથી આત્મા નિર્વિકાર, નિર્મોહ, વીતરાગ અને ચૈતન્યસ્વરૂપ છે, પરંતુ એને જોનારની દૃષ્ટિમાં ક્રોધાદિ વિકારોનો રોગ હોય છે, એટલા માટે ક્રોધાદિ વિકારોથી યુક્ત, અવિવેકી દૃષ્ટિના કારણે એને આત્મામાં કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સરાદિ દોષ દેખાય છે, અને તે બોલતો રહે છે કે 'આત્મા તો ક્રોધી છે, કામી છે, વિકારી છે.'

નિશ્ચયનય આપણને આપણા આત્માના મૂળ સ્વરૂપનું વાસ્તવિક દર્શન કરાવે છે. કર્મોની જુલ્મી સત્તા નીચે દબાયેલા - કચડાયેલા જીવો એના દ્વારા લાદવામાં આવેલા સ્વરૂપને જ પોતાનું વાસ્તવિક સ્વરૂપ માની બેઠા છે. પરિણામસ્વરૂપ દીનતા, હીનતા અને પરાધીનતાની ભાવના એમના રોમરોમમાં વસી ગઈ છે.

પરમ ઉપકારી તીર્થંકર ભગવંત કહે છે - 'જીવાત્માઓ ! આ તમારું વાસ્તવિક સ્વરૂપ નથી. તમે તમારા મૂળ સ્વરૂપમાં તો શુદ્ધ છો, બુદ્ધ છો, નિરંજન છો, નિરાકાર છો. અક્ષય અને અવ્યય છો. અજરામર છો. તમે તમારા મૂળ સ્વરૂપને તો સમજો !'

'અધ્યાત્મસાર'માં કહ્યું છે -

'आत्मज्ञानफलं ध्यानमात्मज्ञानं च मुक्तिदम् ।
आत्मज्ञानाय तन्नित्यं यत्नः कार्यो महात्मना ।।'

આત્મજ્ઞાન માટે નિરંતર પ્રયત્નશીલ રહેવું જોઈએ. માત્ર આત્માને જાણી લો. બાકીનું બધું જાણવાની જરૂર નથી. આત્મજ્ઞાનથી જ મુક્તિ પામશો. આત્મસ્વરૂપની લીનતા પ્રાપ્ત કરો. તે માટે થોડા મનનીય મુદ્દા બતાવું છું -

૧. સર્વે સંસારી જીવો કર્માધીન છે. કોઈને કશું જ ન કહો.

૨. કર્મવશ જીવો નાચે છે, ખેલે છે, યુદ્ધ કરે છે. કોઈ જન્મે છે, કોઈ મરે છે. કોઈ રડે છે... કોઈ દેશ-પરદેશમાં ભટકે છે.

૩. મૂર્ખ મનુષ્ય રેતીને પીસીને તેલની આશા રાખે છે. બાવળ વાવે છે અને કેરીની આશા રાખે છે. શું કહેવું આવા લોકોને ?

૪. કોઈ ભલે તારાથી વેર રાખે, પરંતુ તું એનાથી વેર રાખીશ નહીં. ભલે કોઈ તારાથી સ્નેહ રાખે, તું રાગી બનીશ નહીં. તું તો સમભાવે જીવોને જોજે. અને તો જ મોક્ષ મળશે.

૫. આ જગતમાં આખીય પુદ્ગલ-બાજી જૂઠી છે. માટે પૌદ્ગલિક સુખોમાં ન રાચો. પરલોકમાં તન, ધન, યૌવન સાથે આવવાનાં નથી. માતાપિતા આદિ સ્વજનો પણ સાથે નહીં આવે.

૬. સત્તા અને લક્ષ્મી પણ સાથે નહીં આવે. આખી દુનિયા છોડીને એક દિવસે આ જીવને ચાલ્યા જવાનું છે. મનમાં વિચારજો.

૭. મોટા મોટા લોકો ચાલ્યા ગયા. જઈ રહ્યા છે. મહાકાળની નજર સમગ્ર સંસાર પર છે. જાગતા રહો. ઉદાસીન ભાવમાં રહો.

આ તો થોડા વિચારવાના મુદ્દા બતાવ્યા. 'માધ્યસ્થ્ય ભાવના'માં આગળ વધતાં કહે છે -

योऽपि न सहते हितमुपदेशं तदुपरि मा कुरु कोपं रे ।
निष्फलया किं परजनतप्त्या कुरुषे निजसुखलोपं रे ।।

'કદાચ તેં કહેલી હિતકારી વાતો કોઈ કાને ન ધરે, ન સાંભળે તો તું એના ઉપર નારાજ ન થતો. ગુસ્સો ન કરતો. નિરર્થક પરાઈ ચિંતાઓમાં પડીને તું તારાં સુખ શા માટે વેડફી નાખે છે ? શા માટે દુઃખી થાય છે ?'

મનુષ્યનો એવો સ્વભાવ થઈ ગયો છે કે જે વાતો એને હિતકારી, સુખકારી અને કલ્યાણકારી લાગે છે તે વાતો તે પોતાનાં સ્વજનો, મિત્રો અને પરિજનોને કહેતો રહે છે. ઉપદેશ આપતો રહે છે અને એવો આગ્રહ પણ કરતો રહે છે કે બીજાઓ એની વાતો માને ! પણ આવા ઉપદેશકો પ્રાયઃ જાણતા નથી કે બીજા લોકો તમારી વાત ત્યારે જ માનશે કે જ્યારે તમારું 'આદેય નામકર્મ' ઉદયમાં હશે. 'આદેય નામકર્મ' તમારી હિતકારી યા અહિતકારી વાતો બીજાની પાસે મનાવતું રહે છે !

ક્યારેક તમારા 'અનાદેય નામકર્મ'નો ઉદય થતાં તમારી હિતકારી વાત હોય, સુખકારી વાત હોય, તો પણ બીજા માણસો નહીં માને. એટલા માટે એવો આગ્રહ-દુરાગ્રહ ન રાખવો કે 'મારાં સ્વજનોએ મારી વાત માનવી જ જોઈએ. જો એવો દુરાગ્રહ રાખશો તો હંમેશાં રોષથી, રીસથી અને ક્રોધથી બળતા રહેશો. અશાન્તિ અને ક્લેશ-સંતાપથી દુઃખી થઈ જશો.

'કેટલાક જડબુદ્ધિ અને કદાગ્રહી લોકો શાસ્ત્રોની વાતો છોડી દઈને, ખોટી વાતો કરે છે. શાસ્ત્રોને ખોટાં પાડવા માટે દલીલો કરે છે. વ્યર્થ બકવાસ કરે છે. તો આપણે શું કરીએ ? જો કોઈ દૂધ છોડીને મૂત્ર પીએ, તો આપણે શું કરીએ ?'

શાસ્ત્રોનું મહત્ત્વ જાણવા છતાં પણ કેટલાક મહત્ત્વાકાંક્ષી, બુદ્ધિશાળી, અને અહંકારી લોકો શાસ્ત્રોની વાતોની ઉપેક્ષા કરીને એનાથી પોતાની વિપરીત માન્યતાને સિદ્ધ કરવામાં તત્પર હોય છે. એ સૂત્રથી વિપરીત ઉત્સૂત્ર કથન કરે છે. જો વચનશક્તિ, વક્તૃત્વશક્તિ, તર્કશક્તિ અને પુણ્યબળ હોય છે તો શાસ્ત્રવિરુદ્ધ વાતોને સાંભળનારા, માનનારા લોકો મળી જાય છે ! દૂધ છોડીને મૂત્ર પીનારા લોકો શું આપણે નથી જોયા ? પીવા દો. આપણે શું કરીએ ? જાણી જોઈને જે મૂત્ર પીએ છે, એમને રોકી નથી

શકાતા. ભગવાન મહાવીર જેવા સર્વજ્ઞ વીતરાગ પણ પોતાના શિષ્ય જમાલિને સમજાવી શક્યા ન હતા ને ?

पश्यसि किंन मनःपरिणामं निज निज गत्यनुसारं रे ।
येन जनेन यथा भवितव्यं तद्‌भवता दुर्वारम् रे ।।

'જે જીવની જેવી ગતિ હોય છે એવી એની મતિ હોય છે. મનના વિચારો હોય છે. આ વાત તું કેમ સમજી શકતો નથી ? જે મનુષ્યની જેવી ભવિતવ્યતા હોય છે, એને બદલવી અતિ મુશ્કેલ હોય છે. અશક્ય હોય છે.'

પહેલી વાત છે મનના વિચારોની. પોતપોતાની ગતિ અનુસાર મનુષ્યના વિચારો હોય છે. જે ગતિમાં મનુષ્યને મૃત્યુ પછી જવાનું છે, તે અનુસાર એની વિચારયાત્રા ચાલે છે. "જેવી ગતિ તેવી મતિ" એમ કહેવાય છે. મનુષ્ય મરીને દેવગતિમાં, મનુષ્યગતિમાં, તિર્યંચગતિમાં અને નરકગતિમાં જઈ શકે છે. એના માટે ચારે ગતિનાં દ્વાર ખુલ્લાં હોય છે !

પોતપોતાની ગતિ અનુસાર જ્યારે મનુષ્ય વિચારો કરે છે, ત્યારે તેને શું કહેવાનું ? તમારા ઉપદેશથી પણ તેના વિચારો બદલાશે નહીં. વિચારોનું પરિવર્તન તો માણસ જાતે જ કરી શકે છે. આપણે તો માત્ર માર્ગદર્શન આપી શકીએ. ખરાબ વિચારોને રોકવા અને સારા વિચારો કરવા, એ પણ કર્મોને આધીન છે. ઓછામાં ઓછું બીજા માટે તો આ જ વિચારવું અને ખરાબ વિચારો કરનારાઓ પ્રત્યે ઉપેક્ષાભાવ જ રાખવાનો.

બીજા જીવો પ્રત્યે રજમાત્ર પણ રાગ-દ્વેષ-ઇર્ષ્યા-કલહ આદિ કોઈપણ પ્રકારના દુર્ભાવ ન થાય એટલા માટે આ વિશિષ્ટ તત્ત્વચિંતન બતાવવામાં આવે છે. પ્રાયઃ આપણે આવા પ્રકારનું ચિંતન કરતા નથી ! કહેવાનું તાત્પર્ય એ છે કે જે જીવને જેવા થવાનું નિશ્ચિત છે, તે જ્ઞાનીપુરુષોની દૃષ્ટિમાં એવો બનવાનો જ છે. એમાં પરિવર્તનની કોઈ શક્યતા હોતી નથી. એટલા માટે એવો આગ્રહ ન રાખો, એવી જીદ ન કરો કે –

* હું આને સુધારી દઉં,
* હું આને સાધુ બનાવી દઉં,
* હું આને નિર્વ્યસની બનાવી દઉં,
* હું આને મહાન જ્ઞાની બનાવી દઉં,
* હું આનો પરલોક સુધારી દઉં !

આ સંભવ નથી. તમે આવી પરોપકારી ભાવના ભાવી શકો છો. પરંતુ કર્તવ્યરૂપે કરવા જશો તો પ્રાયઃ સફળ નહીં બનો અને તમારા પ્રયત્નો નિષ્ફળ જશે... ત્યારે તમે નિરાશ થઈ જશો અને એ વ્યક્તિ પ્રત્યે દ્વેષ, તિરસ્કાર પેદા થઈ જશે. તમારી સમતા-શાન્તિ-પ્રસન્નતા નષ્ટ થઈ જશે. એટલે હવે હૃદયમાં સમતારસ, ઉપશમરસ, શાન્તરસ ભરતા રહો !

रमय हृदा हृदयंगम समतां संवृणु मायाजालं रे ।
वृथा वहसि पुद्गलपरवशतामायुः परिमितकालम् रे ।।

'ચિત્તને આહ્‌લાદ અને અહોભાવથી ભરનારી સમતાને દિલમાં વસાવી લો. અને એટલા માટે માયાજાળને સમેટી લો. તમારી જિંદગી ખૂબ જ નાની છે. તમે નકામા પરપુદ્‌ગલની ગુલામી કરી રહ્યા છો !'

ચાર વાતો વિચારવાની છે -

૧. જિંદગી થોડી છે, સીમિત છે, ચંચળ છે.
૨. પરપુદ્‌ગલની પરવશતા છે, એને તોડવાની છે.
૩. વિરાટ માયાજાળમાં ફસાયો છે. એમાંથી બહાર નીકળવાનું છે.
૪. સમતાને, શમને, પ્રશમને હૃદયમાં ભરવાનાં છે.

હવે આપણા આત્માને કહેવાનું છે - 'હે ચેતન, હવે પ્રમાદ ન કર. આયુષ્ય ચંચળ છે. વાયુની લહેર જેવું તરલ છે. ક્યારે આયુષ્ય પૂર્ણ થઈ જશે અને જીવને પરલોકની યાત્રાએ જવું પડશે, એની ખબર નથી. એટલા માટે જે મહત્ત્વપૂર્ણ કાર્યો કરવાનાં છે, એ અવિલંબ કરી લે.

પહેલું મહત્ત્વપૂર્ણ કાર્ય છે પુદ્‌ગલપરવશતાથી મુક્ત થવાનું કરવાનું છે. આત્મા અનાદિકાળથી પુદ્‌ગલને વશ છે. પુદ્‌ગલરાગી છે ! એટલા માટે -

'પુદ્‌ગલથી ન્યારા સદા જે, જાણ અફરસી જીવ,
તાકા અનુભવ ભેદજ્ઞાનથી, ગુરુગમ કરો સદીવ.'

- પુદ્‌ગલગીતા

'આત્મા પુદ્‌ગલથી ભિન્ન આ ભેદજ્ઞાન કરવાનું હોય તો સદ્‌ગુરુનો સદૈવ સમાગમ કરતા રહો. ભેદજ્ઞાનનો અનુભવ થશે.'

બીજું મહત્ત્વપૂર્ણ કાર્ય છે માયાજાળને તોડવાનું. 'હું અનંત દોષોની, અનંત કર્મોની માયાજાળમાં ફસાયેલો છું,' આ વિચાર એ આત્માને આવી શકે કે જે શમભાવમાં, પ્રશમભાવમાં સ્થિર હોય. એના અંતરંગ દોષ ક્રોધ, માન, માયા, લોભ ઇત્યાદિ શાન્ત પડ્યા હોય. ઇન્દ્રિયોની વિષયાનુકૂલ દોડાદોડી ઓછી થઈ ગઈ હોય. મન પ્રશમરસમાં નિમગ્ન હોય. વાણી મૌનમાં પરાવર્તન પામી ચૂકી હોય અને શરીર સ્થિરતા પ્રાપ્ત કરી ચૂક્યું હોય. એને જ અદૃશ્ય માયાજાળની કલ્પના આવી શકે.

ત્રીજું મહત્ત્વપૂર્ણ કાર્ય છે હૃદયથી હૃદયંગમ સમતામાં રમણતા કરવાનું ! બધું કાર્ય હૃદયમાં કરવાનું છે. હાર્ટનું આધ્યાત્મિક ઑપરેશન કરવાનું છે ! હૃદયમાંથી મમતાને હટાવવાની છે અને સુંદર સુદૃઢ સમતાને સ્થિર કરવાની છે.

મહાત્માઓ ! પદાર્થોમાં પ્રિય-અપ્રિયની કલ્પનાને છોડી દો. તમે સમતાની નજીક પહોંચી જશો. પ્રિય-અપ્રિયની કલ્પનાઓ સંકલ્પ-વિકલ્પોમાં જીવને ગૂંથવી નાખે છે. એટલા માટે એ કલ્પનાઓ છોડી દો. સ્વભાવનું આલંબન લો, અને તમે સમતાની વધારે નજીક પહોંચી જશો. ઇષ્ટ-અનિષ્ટની કલ્પના વિરામ પામતાં જ સમતા હૃદયનાં દ્વાર ખખડાવતી આવે છે !

મહાનુભાવો ! વાસ્તવિક સુખ તો તમને આધીન છે. બાહ્ય પદાર્થો

સાથે તમારો કોઈ સંબંધ નથી. 'બાહ્ય પદાર્થોમાં સુખ મળે છે' એવું માનવું તો ભ્રાન્તિ છે. આ ભ્રાન્તિ દૂર થતાં આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે. રાગ-દ્વેષની તીવ્રતા નષ્ટ થશે, અને સમતા હૃદયમાં પ્રવેશશે.

એક વાત માનશો ? માનવી પડશે. હવે શુદ્ધ નયની દૃષ્ટિથી માત્ર વિશુદ્ધ આત્માને જુઓ. 'सच्चिदानन्दपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ।' સચ્ચિદાનંદથી પૂર્ણ બનીને જગતને પૂર્ણ જુઓ ! બસ, સમતા આવી ગઈ સમજો. આ રીતે આત્મસત્તાનું એકત્વ નિશ્ચિત થતાં આત્મગુણોથી અને માધ્યસ્થ્ય ભાવનાથી મન આત્મામાં રમણતા કરતું રહેશે. એ જ શ્રેષ્ઠ સમતા હશે !

સમતાની ત્રણ વિશિષ્ટ સિદ્ધિઓ જાણો છો ? હૃદયમાં સમતા આવતાં નરકપ્રવેશ બંધ ! મોક્ષમાર્ગનો પ્રકાશ અને ગુણરત્નો પ્રાપ્ત કરવા માટે રોહણાચલ !

પહેલાં સમતાસુખનો અનુભવ જાતે કરી લો. એક ક્ષણ માટે ચિત્તને વિષયોમાંથી ખેંચી લો, અને સમતાનો અનુભવ કરો. એવા સુખનો અનુભવ થશે કે વાણીમાં તમે એનું વર્ણન નહીં કરી શકો. યોગીઓનું સમતાસુખ કામી-ભોગી મનુષ્ય સમજી શકતા નથી.

માની લીધું કે તમે શ્રેષ્ઠ વ્યક્તિ છો. ધાર્મિક છો. સંત છો, પણ તમે ઇચ્છાઓથી મુક્ત નથી બન્યા ને ? કોઈ તમારી પ્રશંસા કરે, કોઈ નમસ્કાર કરે, એવી તીવ્ર ઇચ્છાનાં તીર તમારા દિલને વીંધી તો નથી નાખતાં ને ? ચિંતા ના કરો. એ દિલ પર સમતાનું લોહકવચ પહેરી લો. નિર્ભય રહો.

આમેય તમારે ઇચ્છાઓથી મુક્ત થવાનું જ છે, કારણ કે તમારે તો કર્મોનો ક્ષય કરીને મુક્તિ પામવાની છે. પરંતુ કોટિ કોટિ જન્મોમાં ઉપાર્જિત અનંત-અનંત કર્મોનો નાશ કેવી રીતે કરશો ? તમે તીવ્ર-ઉગ્ર તપશ્ચર્યા તો કરી શકવાના નથી ! ચિંતા નહીં, તમે સમતાનો આશ્રય લો. એક ક્ષણમાં સમતા સર્વ કર્મોનો નાશ કરે છે.

આ રીતે નાનકડી જિંદગીમાં સમતાને આત્મસાત્ કરવાની છે. વિરાટ

માયાજાળનો મૂળથી ઉચ્છેદ કરવાનો છે અને પુદ્ગલપરવશતાથી મુક્તિ પામવાની છે. આ બધી વાતો ઉદાસીન ભાવ પર નિર્ભર છે.

अनुपमतीर्थमिदं स्मर चेतन ! अन्तः स्थितमभिरामम् रे ।
विरतिभावविशदपरिणामं लभसे सुखमविरामम् रे ।।

'હે ચેતન, તારી અંદર એક અનુપમ તીર્થ છે, રમણીય છે. તે છે વિરતિભાવનો શ્રેષ્ઠ આવિર્ભાવ ! એટલે યથાખ્યાત ચારિત્ર ! તું એને યાદ કર. તું નિરંતર સુખ પામીશ.'

આત્માના આધ્યાત્મિક ઉત્થાનની પ્રક્રિયા જૈનદર્શનમાં ૧૪ ગુણસ્થાનકના રૂપમાં બતાવવામાં આવી છે. 'યથાખ્યાત ચારિત્ર' ૧૧-૧૨-૧૩-૧૪ ગુણસ્થાનોમાં હોય છે. સંપૂર્ણ મોહના ઉપશમ પછી અથવા ક્ષય પછી જે ચારિત્રગુણ પ્રગટ થાય છે એનું નામ છે યથાખ્યાત ચારિત્ર. યથાખ્યાત ચારિત્રી મહાત્માની આત્મસ્થિતિની વાત પછી કરું છું, પહેલાં છઠ્ઠા ગુણસ્થાનકથી આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનક સુધી પહોંચવાનો આધ્યાત્મિક માર્ગ બતાવું છું. આંતરિક સાધનાનો ક્રમ બતાવું છું, ભીતરી સુખની અનુભૂતિ કરવાની પ્રક્રિયા બતાવું છું –

૧. જિનાજ્ઞાઓનું ચિંતન કરો.
૨. પાપોના અપાયોનું ચિંતન કરો.
૩. કર્મવિપાકોનું ચિંતન કરો.
૪. સંપૂર્ણ લોકાકાશનું ચિંતન કરો.
૫. સંસારથી ભયભીત રહો.
૬. ભવોદ્વેગથી ક્ષમાશીલ બનતા રહો.
૭. નિરભિમાની બનતા જાઓ.
૮. સરળ બનતા જાઓ.
૯. નિર્લોભી બનો.

૧૦. તૃષ્ણાવિજેતા - નિર્મોહી બનો.

૧૧. આત્મરમણતામાં લીન રહો. પરબ્રહ્મની મસ્તીમાં રહો.

૧૨. શાસ્ત્રાધ્યયન-ચિંતન-મનનમાં ડૂબેલા રહો.

૧૩. કાયોત્સર્ગ-ધ્યાનમાં રહો.

૧૪. સંયમયોગોના પાલનમાં અપ્રમત્ત રહો.

૧૫. અધ્યવસાયો વિશુદ્ધ-વિશુદ્ધતર થતા જાય.

૧૬. ચારિત્ર પરમ શુદ્ધ બને.

૧૭. તૃણ-મણિ-સોનું અને માટી સમાન સમજે.

૧૮. એથી એ કલ્યાણમૂર્તિ-ભદ્રમૂર્તિ બને.

૧૯. ઘાતીકર્મોના આંશિક ક્ષયથી પણ આત્મગુણોનું વિપુલ પ્રગટીકરણ થાય.

૨૦. ઘાતીકર્મોના ક્ષયોપશમથી અનેક વિશિષ્ટ લબ્ધિઓ પ્રગટ થાય.

૨૧. અને મહાત્મા 'અપૂર્વકરણ' નામના આઠમા ગુણસ્થાને પહોંચી જાય.

બીજા માટે અપ્રાપ્ય એવી વિભૂતિઓ-લબ્ધિઓ પ્રાપ્ત થવા છતાં પણ એ મહાત્મા તેમાં મમત્વ રાખતા નથી. ત્રણ ગારવોમાં આસક્તિ રાખતા નથી. પ્રશમરસમાં નિમગ્ન રહે છે.

આ રીતે તે મહાત્માઓ પોતાને પ્રાપ્ત થયેલી લબ્ધિઓ પ્રત્યે પૂર્ણતયા નિરપેક્ષ રહે છે. ક્રોધાદિ કષાયો પર પૂર્ણ વિજય પ્રાપ્ત કરે છે. ત્યારે એમને 'યથાખ્યાત ચારિત્ર' નામનો શ્રેષ્ઠ ચારિત્રગુણ પ્રાપ્ત થાય છે. આ જ 'અનુપમ તીર્થ' છે ! પોતાની ભીતર જ આ તીર્થનું સ્મરણ કરો. પોતાની અંદર જ યથાખ્યાત ચારિત્રની કલ્પના કરો. અનુપમ તીર્થની યાત્રા થશે ! આ રીતે ૯૯ વાર યા ૧૦૮ વાર આ ભાવતીર્થની અનુપમ યાત્રા કરતા રહો !

'परब्रह्मपरिणामनिदानं स्फुटकेवलविज्ञानं रे ।'

'પરબ્રહ્મના પરમ સાધનરૂપ ઉદાસીન ભાવ કેવળજ્ઞાનને પ્રગટ કરે છે!'

આપણા મનનું સમાધાન કરવા, ખૂબ સ્વસ્થતા રાખવા માટે 'શાન્ત સુધારસ' ગ્રંથની આ સોળમી ભાવના યાદ કરી લેવા જેવી છે. એના પર ઊંડું ચિંતન-મનન કરવા જેવું છે. મને અનુભવ છે માટે કહું છું.

મન સ્વસ્થ ને નિરાકુલ હશે તો સિદ્ધશિલાનું ધ્યાન કરી શકશો. અનંત સિદ્ધ ભગવંતોનું ક્ષણિક મિલન કરી શકશો ! જ્યાં અનંતકાળ વિતાવવાનો છે, ત્યાંની અવારનવાર મુલાકાત લેવી જોઈએ ને ! લેજો !

આજે આ છેલ્લી વાચના છે.

તમે સહુએ ખૂબ શાન્તિથી ને જિજ્ઞાસાથી ૨૦-૨૦ વાચનાઓ સાંભળી છે. આપણે જ્ઞાનાનંદ મેળવ્યો છે ! વાચના આપતાં એ કાળજી રાખી છે કે કોઈનુંય દિલ દુભાય નહીં, અને જિનવચનો વિપરીત બોલાય નહીં... છતાં છદ્મસ્થ છું... અલ્પજ્ઞ છું એટલે ભૂલો થવાની સંભાવના છે જ. તમે સહુ મારી ભૂલોને માફ કરજો. અને જે કંઈ તમને સારું લાગ્યું હોય તે ગ્રહણ કરજો.

અંતે, તીર્થાધિપતિ ભગવંત કલિકુંડ પાર્શ્વનાથને તથા આપણા ગચ્છાધિપતિ ઉદારચેતા પૂ. આચાર્યદેવશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજને ભાવપૂર્વક વંદના કરું છું.

જય વીતરાગ !

'शिवमस्तु सर्वजगतः'